

# પરમ સદ્ગુરુ

શાસન સમ્રાટ

વિજય કુલચંદ્રસૂરિ

શાસન સમ્રાટ્ સાર્ધ 150 જન્મશતાબ્દી વર્ષ
(વિ.સં.૧૯૨૯-વિ.સં.૨૦૭૯)

શ્રી મહાવીર સ્વામીનો જય જયકાર હોજો.
શ્રી આદીશ્વર ભગવાનનો જય જયકાર વર્તી રહો.

।। શ્રી ગૌતમસ્વામિને નમઃ ।।   ।। શ્રી ૐ ह्रीं क्लीं श्रीं ऐं સરસ્વત્યૈ નમઃ ।।
।। શ્રી મણિ–બુદ્ધિ–વૃદ્ધિ–નેમિ–વિજ્ઞાન–કસ્તૂર–ચન્દ્રોદય–અશોક–સોમચન્દ્રગુરુભ્યો નમઃ ।।

# પરમ સદ્ગુરુ

...ગુર્વાશિષ વરસે નિરંતર..

જિનશાસન શણગાર પ.પૂ.આ. શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા.

સૂરિમંત્ર સમારાધક પ.પૂ.આ. શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.

પ.પૂ.આ. શ્રી વિજય સોમચંદ્રસૂરીશ્વરજી મ.સા.

પ.પૂ. આ. શ્રી વિજય ગચ્છનાયક હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.

પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય શ્રમણચંદ્રસૂરીશ્વરજી મ.સા.

પ.પૂ.આ. શ્રી વિજય નિર્મલચંદ્રસૂરીશ્વરજી મ.સા....

જેઓની અમીધારા, અંતરાશિષ સ્વરૂપે નિરંતર મળતી રહી છે

પૂ.સા. મંજુલાશ્રીજી મ.સા. (મહુવાવાલા) કેસરસૂરિ સમુદાય

પૂ.સા. પુન્યયશા-રાજરત્ના શ્રુતરત્ના-સમ્યગ્રત્નાશ્રીજી

પૂ.સા. મુક્તિરત્નાશ્રીજી (બા.મ.સા.) મ.સા.

સંપાદક... પૂ.આ. વિજયકુલચન્દ્રસૂરિ

પ્રકાશક... મા સરસ્વતી શાસન સમ્રાટ ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ.

ॐ ऐं नमः।



હે સરસ્વતી માતા! તમે મારા મનમાં વસો.
મને સાચું જ્ઞાન આપો. મારા ભવના દુઃખ કાપો.

# પરમ સદ્ગુરુ

## ગુરુ તત્ત્વની વિભાવના અને શાસન સમ્રાટ્

**નિમિત્તમ્**

શાસનસમ્રાટ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજાની સાર્ધ જન્મશતાબ્દી વર્ષ-વિ.સં. ૧૯૨૯-૨૦૭૯

**લેખક**

વિભિન્ન ગચ્છ-સમુદાયના વિદ્વાન્ પૂજ્ય ગુરુ ભગવંતો

**આવૃત્તિ**

૧૦૦૦ નકલ - આસો વદ અમાસ, જામનગર

**મુદ્રણ**

એમ.બી. ગ્રાફિક્સ, પુણે

**ચિત્રકાર**

ધર્મેશ મુંજપુરા

**મૂલ્ય**

પરમ સદ્ગુરુ શ્રી નેમિસૂરિની નૈષ્ઠિક ભક્તિ

**પુસ્તક સંપૂર્ણ લાભાર્થી**

શ્રી ટાણા શ્વે. મૂર્તિ જૈન સંઘ (સૌરાષ્ટ્ર)

**પ્રાપ્તિસ્થાન**

ચંદ્રેશભાઈ શાહ, રિલીફરોડ, અમદાવાદ. મો. : 09426769170

નિશિતભાઈ વોરા, મલાડ (વે) મો. : 09324328983

ચંદ્રેશભાઈ શાહ, ડોંબીવલી (વે) મો. : 09769124049

જિજ્ઞેશભાઈ પી. શાહ, સુરત મો. : 09377477772

મનીષભાઈ શાહ આંબાવાડી, અમદાવાદ. મો. : 099251142814

જિજ્ઞેશભાઈ શાહ કાળુભા રોડ, ભાવનગર. મો. : 09428433906

પરિમલ સી. શાહ, મુંબઈ-અંધેરી. મો. : 09819255222

મુકેશભાઈ (સેવક). મો. : 09636696366

## શ્રી ટાણા મંડન સદૈવ જાગૃત શ્રી ચન્દ્રપ્રભસ્વામિનો જય-વિજય હો



**અહિં દાદાની ભક્તિ સ્વરૂપ ઘી પૂરવાથી આશ્ચર્યકારી લાભ મળે છે.**
**ગ્રંથને આપના કરકમલસુધી પહોંચાડવામાં**
**શાસનસમ્રાટશ્રીની ભક્તિનો લાભ મળવાથી અમે આનંદિત છીએ.**

### શ્રી પ.પૂ. નેમિસૂરિજી દાદાના ગ્રંથ માટેના લાભાર્થી પરિવાર (શ્રી ટાણા જૈન સંઘ)


૧. શ્રી માવજીભાઈ વશરામભાઈ શાહ પરિવાર
૨. શ્રી જાદવજીભાઈ બેચરદાસ શાહ પરિવાર
૩. શ્રી માનચંદભાઈ મેઘજીભાઈ શાહ પરિવાર
૪. શ્રી પરમાણંદદાસ રાયચંદ શાહ પરિવાર
૫. શ્રી જયંતીલાલ કેશવજીભાઈ શાહ પરિવાર
૬. માતુશ્રી સૌભાગ્યબેન હિંમતલાલ શાહ પરિવાર
૭. માતુશ્રી ચંચળબેન ભવાનજી શાહ પરિવાર
૮. માતુશ્રી રસીલાબેન મહીપતરાય શાહ પરિવાર
૯. શ્રીમતી મધુમતી શશીકાંત શાહ પરિવાર
૧૦. શ્રી રામજીભાઈ અમરશી શાહ પરિવાર
૧૧. શ્રી ચુનીલાલ મગનલાલ શાહ પરિવાર
૧૨. શ્રી ઓધવજી તલકચંદ શાહ પરિવાર
૧૩. શ્રી ખાંતીલાલ રતિલાલ શાહ પરિવાર
૧૪. શ્રી હરગોવિંદદાસ મણિલાલ શાહ પરિવાર
૧૫. શ્રી મનસુખલાલ ઠાકરશી શાહ પરિવાર
૧૬. શ્રી રવીન્દ્ર જગજીવનદાસ શાહ પરિવાર
૧૭. શ્રી જાદવજી જીવણલાલ શાહ પરિવાર
૧૮. શ્રી અનંતરાય ઠાકરશી શાહ પરિવાર
૧૯. શ્રી બાવચંદ મૂળચંદ શાહ પરિવાર
૨૦. શ્રી કાળીદાસ વિઠ્ઠલદાસ શાહ પરિવાર
૨૧. શ્રી નાગરદાસ ધરમશી શાહ પરિવાર
૨૨. શ્રી ધનવંતરાય ગોપાળજી સંઘવી પરિવાર

જેઓના જન્મના ૧૫૦ વર્ષ પછીય જાણે જીવંત જાગૃત જ્યોતિસ્વરૂપ,
શાસન સમ્રાટ્, આબાલ બ્રહ્મચારી, અનેકાનેક તીર્થોદ્ધારક, ગ્રન્થોદ્ધારક, શિષ્યોદ્ધારક, તપાગચ્છાધિરાજ,
સર્વતંત્ર સ્વતંત્ર, સૂરિચક્ર ચક્રવર્તી, વિદ્વદ્ શિરોમણી, પ્રખર વ્યાખ્યાન વાચસ્પતિ, ષટ્દર્શન વિશારદ,
તીવ્ર મેધાવી, પ્રચંડ પુણ્યશાલી, વચનસિદ્ધ મહાપુરુષ, શાસ્ત્ર-સિદ્ધાંતનિષ્ઠ, શાસનસંરક્ષક,
જગદ્ગુરુ, પ્રૌઢ પ્રતાપી, પરાઘાતનામ કર્મપ્રકૃતિધારક, અખંડ ચારિત્ર્યસંપન્ન, ક્ષમાદિ સેંકડો ગુણમહોદધિ,
જગદ્વંદનીય, પ્રાતઃ સ્મરણીય, પરમોપકારી પરમપૂજ્ય શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

## શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજાના ચરણોમાં

# સમર્પણમ્

આપનું આપને અર્પીએ.



ત્વદીયં તુભ્યં સમર્પયે

**પરમસદ્ગુરુ પૂજ્યશ્રીના પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ-પ્રેમ-સમર્પણ
રાખનારા આબાલ વૃદ્ધ સર્વ ભક્ત જનોદ્વારા...**

E
પરમ સદ્ગુરુ

# અનુક્રમણિકા


| વિષય | લેખક | પેજ નં. |
|---|---|---|
| પ્રસ્તાવના | આ. શીલચન્દ્રસૂરિ | |
| ગ્રન્થની બારીએથી | વિ. શ્રમણચન્દ્રસૂરિ | |
| સંપાદકીય | વિ. કુલચન્દ્રસૂરિ | |
| ૧. આપણા પરમગુરુ પૂજ્ય શાસનસમ્રાટ્શ્રીજી | આ. વિજય હેમચન્દ્રસૂરિ (દેવ-શિશુ) | ૦૦૨ |
| ૨. ગુરુ નિરન્તર ખેલા | ભક્તિયોગાચાર્ય આ. યશોવિજયસૂરિ | ૦૦૩ |
| ૩. ગુરુત્વં પ્રણિદધ્મહે | આ. વિજયમુનિચન્દ્રસૂરિ | ૦૦૭ |
| ૪. શાસનસમ્રાટ્શ્રીના કલ્યાણકારી વચનામૃતો | વિ. ઈન્દ્રસેનસૂરિ | ૦૧૨ |
| ૫. ડાંગે માર્યા પાણી છૂટા થાય નહિ | આ. હેમચન્દ્રસાગરસૂરિજી | ૦૧૫ |
| ૬. નૈષ્ઠિક બ્રહ્મચારી શાસનસમ્રાટ શ્રી | આ. નંદિઘોષસૂરિજી | ૦૧૯ |
| ૭. શાસનસમ્રાટશ્રીની પ્રભાવકતા ગઈકાલે અને આજે | આચાર્ય વિજયરાજહંસસૂરિ | ૦૨૭ |
| ૮. નિતાંત હિતાર્થી હિતકામી, હિતકારી ગુરુચેતના | આ. શ્રીયશોવિજયસૂરિ (પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાય) | ૦૩૨ |
| ૯. શાસન સમ્રાટ એટલે શાસન શિરતાજ | પૂ. સિદ્ધહસ્તસર્જક આ.ભ.શ્રીરાજરત્નસૂરીશ્વરજી મ.સા. | ૦૩૭ |
| ૧૦. શાસ્ત્રોના પાને આચાર્ય (સદ્ગુરુ) ભગવંતો | વિ. કુલચંદ્રસૂરિ | ૦૪૮ |
| ૧૧. છત્રીસ ૩૬ છત્રીસી | સંકલન | ૦૫૩ |
| ૧૨. ગુરુ મોહી મારે શબદ કી લાઠી | પૂ.આ.શ્રી વિજય ઉદયરત્નસૂરીશ્વરજી મ. | ૦૫૮ |
| ૧૩. સાત્ત્વિક અને તાત્ત્વિક ગુરુ શાસનસમ્રાટ્ | વિજય રત્નકીર્તિસૂરિ. | ૦૬૫ |
| **१४. गुरुतत्त्वम्** | विजयकल्याणहेमसूरिः | ०७४ |
| ૧૫. ગુરુ દીવો, ગુરુ દેવતા | ઉપા. ભુવનચંદ્રજી મ.સા. | ૦૭૮ |
| ૧૬. ગુરુ થા તું જ તારો | શ્રુતરત્ન ગણિવર શ્રીવૈરાગ્યરતિવિજયજી | ૦૮૪ |
| ૧૭. એક મ્યાનમાં, બે તલવાર | પંન્યાસ આગમચન્દ્રસાગર | ૦૯૬ |
| ૧૮. મહાન્ શ્રુતસર્જક શ્રી વિજયનેમિસૂરિદાદા | ત્રૈલોક્યમંડનવિજય ગણિ.મ.સા. | ૧૦૨ |
| ૧૯. ગુરુત્વની ગરિમા | પૂ. પં. લબ્ધિવલ્લભ વિ.મ.સા. | ૧૧૬ |
| ૨૦. ગુરુ દ્રષ્ટિ | વિ. કુલચન્દ્રસૂરિ | ૧૨૦ |
| ૨૧. આત્મબ્રહ્મેશ્વર સૂરિ નેમ | ગણિ યશરત્નવિજય | ૧૨૧ |
| ૨૨. સદ્ગુરુ ચેતના તીર્થ મહુવા | મુનિ પરમયશવિજય | ૧૨૬ |
| ૨૩. યાત્રા...ચૈતન્ય...પ્રયાગની | પ્રિયમ્ | ૧૩૦ |
| ૨૪. જિનશાસનના ગુરુતત્ત્વની વિભાવના | વિ. કુલચન્દ્રસૂરિ | ૧૩૬ |
| ૨૫. ગુરુદેવની આશાતના નવિ કરીએ | વિ. કુલચન્દ્રસૂરિ | ૧૪૦ |
| ૨૬. શાસનસમ્રાટ્ને માણવા જેવા પ્રસંગો | વિ. કુલચન્દ્રસૂરિ | ૧૪૪ |
| ૨૭. 'છો' (૬૬) | વિ. કુલચન્દ્રસૂરિ | ૧૬૪ |
| **२८. श्री नेमिसूरि श्लोकानि...** | वि. कुलचंद्रसूरिः | १६५ |
| **२९. श्री नेमिसूरि गुरुस्तुतिः** | पंन्यास सुयशचन्द्र विजय | १६६ |
| ૩૦. શ્રી નેમિસૂરિ દાદાની જીવંત કરુણાનો સ્પર્શ પામેલા, ચતુર્વિધશ્રી સંઘના સેંકડોમાંથી | | ૧૬૭- |
| ૩૧. અલ્પભાવિકોની પ્રસ્તુતિ અહીં રજૂ કરી શકીએ છીએ. | | ૨૦૪ |
| ૩૨. શાસન સમ્રાટની આછેરી ઝલક | | ૨૦૫ |
| ૩૩. વિશિષ્ટ કક્ષાના સદ્ગુણો | | ૨૦૬ |
| ૩૪. પૂજ્યશ્રીની નિશ્રામાં અંજનશલાકાદિ.. | | ૨૦૭ |
| ૩૫. પૂજ્યશ્રીની નિશ્રામાં નીકળેલા છ'રીપાલિત સંઘો | | ૨૦૮ |
| ૩૬. નેમિ સૂરિ દાદાના મુક્તકો | વિ. કુલચંદ્રસૂરી... | ૨૦૯ |

# પ્રસ્તાવના

## ગુરુતત્ત્વ અને ગુરુવ્યક્તિ
## આપણે તો ગુરુભક્તિ જ

- પૂ.આ.શ્રી વિ.શીલચંદ્રસૂરિ.

જિનશાસન ત્રણ તત્ત્વો ઉપર નિર્ભર છે : દેવ, ગુરુ, ધર્મ.

આ ત્રણ પૈકી એક પણ ઓછુંકે આઘું પાછું હોય તો શાસન ન ચાલે. ત્રણે તત્ત્વોની સમતોલતા જ શાસનને ટકાવે વિકસાવે.

ત્રણમાં ગુરુતત્ત્વને મધ્યમાં સ્થાન મળ્યું છે. તેનું તાત્પર્ય એ છે કે અન્ય બે તત્ત્વોની સમતુલા જાળવવાની જવાબદારી ગુરુતત્ત્વની છે. દેવ તો શાસન-સંઘની સ્થાપના કરીને પોતાનું આયુષ્યકર્મ ક્ષીણ થયે કાલધર્મ પામીને મોક્ષે સંચરે છે. તેમણે પ્રકાશેલ ધર્મ જગતમાં રહી જાય છે. એ ધર્મ દેવાધિદેવનો છે, અને એ ધર્મ થકી જ આત્મકલ્યાણ સંભવે છે, એવું પ્રતિપાદન તથા આચરણ ગુરુ જ કરી શકે; એટલા માટે ગુરુતત્ત્વને મધ્યમાં સ્થાન જ્ઞાનીઓએ બક્ષ્યું છે.

જિનેશ્વરદેવ પોતાના જીવનકાળ દરમ્યાન ધર્મની અપૂર્વ પ્રભાવના અવશ્ય કરે છે, પરંતુ તેમનું શાસન જો હજારો-લાખો વર્ષો સુધી ચાલવાનું હોય તો તે 'ગુરુ'ને આલંબને જ ચાલવાનું છે. પ્રભુવીરનાં ફક્ત ૭૨ વર્ષ, પણ તેમના આરાધક ગુરુઓનાં ૨૧ હજાર વર્ષ ! આથી જ 'ગુરુ'ને મધ્યમાં અથવા કેન્દ્રમાં સ્થાપવામાં આવ્યા છે. બહુ જ હળવી રીતે કહેવું હોય તો, દેવે પ્રરૂપેલા ધર્મના સંવાહક તે 'ગુરુ' એમ કહી શકાય.

વીતેલાં અઢી હજાર વર્ષોમાં પ્રભુવીરનાં 'માર્ગ'નું વહન કરનારા કેટકેટલા ગુરુઓ થયા છે ! અગણિત આચાર્યો, અનેક ઉપાધ્યાયો, અસંખ્ય સાધુ ભગવંતો ! આ બધાનો જ પ્રતાપ છે કે પ્રભુ વીરનું નામ અને તેમનું કલ્યાણકારી શાસન આજે આપણને હાથવગું-હૈયાવગું છે. આ ગુરુઓનો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

ગુરુઓની એક આખી અખંડ પરંપરા છે અને શૃંખલા છે. તેના વાહક એવા મહાપુરુષો અનેક અનેક થયા છે. તેમાં પૂર્વધર ભગવંતો, ક્ષમાશ્રમણો, યુગપ્રધાનો તથા બહુશ્રુત અનેક પૂજ્યોનો સમાવેશ થાય છે. આ પરંપરામાં જ વીસમી સદીમાં જંગમ યુગપ્રધાનકલ્પ એક મહાપુરુષ થયા, તેનું નામ છે શાસનસમ્રાટ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ.

યુગપ્રધાન અને પૂર્વધર-ક્ષમાશ્રમણોની તુલનાએ તો આધુનિક આચાર્યો ક્યાંથી આવી શકે ? પરંતુ પોતાના સમયના જૈન શાસનની રક્ષા, વૃદ્ધિ, આરાધના તથા પ્રભાવના જેમણે સર્વાંગીણ રીતે કે વ્યાપક રીતે

કરી હોય, તેવા સુવિહિત આચાર્યગણમાં સૌથી મોટું તથા અગ્રણી નામ આ મહાપુરુષનું છે, તેમાં કોઈ શંકા નથી અને તેમાં કોઈ શંકા કરે તો તે ચાલી શકે તેમ પણ નથી.

તેમણે તીર્થોના વાસ્તવિક ઉદ્ધારો કરાવ્યા. જૂના દેરાસરો તોડીને નવાં બનાવવાં તથા પુરાતન પ્રભુને ઉત્થાપીને નવા પ્રભુજી બેસાડી દઈને પ્રતિષ્ઠા કરવી, - આ પ્રકારના તીર્થોદ્ધાર તેમણે નથી કરાવ્યાં. તેમણે કરેલા તીર્થોદ્ધારો સમજવાં  હોય તો કદમ્બગિરિ, શેરીસા, કાપરડાજી જેવાં તીર્થોનો ઈતિહાસ સમજવો પડે.

તેમણે જ્ઞાનસાધનાના ક્ષેત્રે મોટાં કાર્યો કર્યાં. સૌ પ્રથમ તો તેઓ સ્વયં ન્યાય, વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, દર્શન, સિધ્ધાંત બધા શાસ્ત્રો ભણ્યા. શિષ્યોને બધા વિષયો ભણાવ્યા. આ રીતે સ્વાધ્યાયની ખોરવાઈ ગયેલી પરિપાટીને તેમણે પુનઃ જોડી, પ્રતિષ્ઠિત કરી. સ્વયં અનેક નવીન ગ્રંથોની રચના કરી. તેમના શિષ્યોએ અનેક ગ્રંથો રચ્યાં. પુરાણાં શાસ્ત્રગ્રંથોનું સર્વ પ્રથમવાર સંપાદન-પ્રકાશન કરાવ્યું. જૈન શાસનમાં બહુ મોડા ચાલુ થયેલ અને વિકાસ પામેલ જ્ઞાનાભ્યાસની પ્રવૃત્તિના મૂળ પ્રેરણાસ્તોત્ર તેઓ જ રહ્યાં છે. કોઈ ઈચ્છે કે  ન ઈચ્છે, પણ આ ઐતિહાસિક તથ્ય છે.

તેમણે જીવદયાનાં અપાર અને અજોડ કાર્યો કર્યાં. તેમણે શાસનની સાચા અર્થમાં પ્રભાવના થાય તેવા યાત્રાસંઘો કઢાવ્યા. તેમણે વિદ્વાન શિષ્યોની એક ઉજ્જ્વલ હરોળ ઊભી કરી. એક ગુરુ તરીકે તેઓ સંપૂર્ણતયા સફળ નીવડ્યાં.

ગુરુ શું કામ કરે છે ? અથવા ગુરુકૃપા શું કામ કરે છે ? તે સમજવું હોય તો શાસનસમ્રાટના શિષ્યો પાસે જવું જોઈએ. એમણે ગુરુપદની જવાબદારી નિભાવીને શિષ્યોને તૈયાર કર્યા, તો એમના શિષ્યોએ ગુરુને એવા સેવ્યા અને માન્યા કે એમના પર એ ગુરુની કૃપા અનરાધાર વરસતી રહી અને તેઓ ઉન્નતિ સાધતા જ ગયાં.

જેમ ધર્મની ઉન્નતિ દેવને આધીન હોય, તેમ શિષ્યની ઉન્નતિ ગુરુને આધીન હોય છે. 'ગુરુ' શબ્દથી અહીં બે અર્થ ફલિત થાય છે. ગુરુતત્ત્વ અને ગુરુ વ્યક્તિ, તત્ત્વ હંમેશા વ્યક્તિને આધીન અથવા વ્યક્તિ ઉપર નિર્ભર હોય છે. એ સિધ્ધાંત ભૂલવો ન જોઈએ. અનેક 'જિનેશ્વરો દેવ' થયા, તો તેમને સહુને એક શબ્દ વડે અભિન્નપણે ઓળખાવવા માટે પ્રયોજાયેલો શબ્દ છે. 'દેવતત્ત્વ'. - તેમ અસંખ્ય ગુરુ ભગવંતો થયા, તેમનો અદ્વૈત - ભાવે પરિચય આપતો શબ્દ છે' ગુરુતત્ત્વ.'

અમુક અધૂરા લોકો, ક્રાંતિકારી, હોવાના ભ્રમમાં કે ઉન્માદમાં એવું પ્રતિપાદન કરતાં જોવા મળે છે કે આપણે ગુરુ-વ્યક્તિને છોડી દેવા જોઈએ, ''ગુરુ-તત્ત્વને પકડવાનું છે.'' આવા લોકો માટે ઉપર વર્ણવેલાં સિધ્ધાંત ખાસ સમજવા યોગ્ય ગણાય.

એક નોંધપાત્ર બાબત એ પણ લાગી કે જેઓ ગુરુ-વ્યકિતને બદલે ગુરુ-તત્ત્વને સ્વીકારીને ચાલે છે તેઓ પણ પોતાની સ્વાર્થ સિદ્ધિ કરવાની હોય તો, ગુરુ-વ્યક્તિનું નામ વટાવી ખાય અને સ્વાર્થ સરે એટલે ગુરુ-વ્યક્તિને ડિલિટ કરી નાખે, તેવું પણ જોવા

મળે છે. આવા માણસોને ગુરુદ્રોહી સિવાય કઈ રીતે ઓળખાવી શકાય ? વળી, આવા આત્માઓ, જ્યારે પોતાનો સંદર્ભ ટાંકવાની કે નોંધવાની વેળા આવે ત્યારે પોતાને ગુરુ' તરીકે,ગુરુ-પરંપરાના એક વાહક' તરીકે જ ટાંકશે; અને પોતાનો મહિમા ગુરુ' તરીકે વધે તેવી ચેષ્ટા પણ કરશે; ત્યાં ગુરુ-તત્ત્વ યાદ નહિ આવે !

ભલે- એવા આત્માઓની વાત એમને મુબારક. આપણી મૂળ વાત છે આપણા પ્રભુ-શાસનની અખંડ ગુરુ પરંપરાના વીસમી સદીના સંવાહક એવા પૂજ્ય શાસનસમ્રાટની. એમણે આ પરંપરાની એક ગુરુ-વ્યક્તિ તરીકે ગુરુ-તત્ત્વનું માહાત્મ્ય એવું તો વિસ્તાર્યું છે કે એનું વર્ણન કરતાં કે સાંભળતા પણ આપણે ધન્ય ધન્ય બની જઈએ.

આવા ગુરુ ભગવંતના જન્મના દોઢસો વર્ષના નિમિત્તે શાસનસમ્રાટ સમુદાયના વિવિધ શ્રમણ-શ્રમણીઓ યથામતિ, યથાશકિત ગુરુભકિતનાં નાના મોટાં અનુષ્ઠાનોનું આયોજન કરી રહ્યાં છે. દાદાગુરુ માટેની આંતરિક ભક્તિ આવાં આયોજનો પાછળનું પ્રેરકબળ છે.

આવું જ એક સુંદર આયોજન, પ્રસ્તુત પુસ્તકના રૂપમાં, આ. શ્રી વિજય કુલચંદ્રસૂરિ મહારાજ દ્વારા થઈ રહ્યું છે, તે આનંદ ઉપજાવે તેવું છે. તેમણે વિવિધ પૂજ્યો તથા અન્ય લેખકોની પાસે ગુરુપદને કેન્દ્રમાં રાખી લેખો લખાવ્યા છે,

તે બધા લેખોમાં ક્યાંક ગુરુ' તત્ત્વનો મહિમા થયો છે તો ક્યાંક ગુરુ-વ્યક્તિનો- શાસનસમ્રાટશ્રીનો પણ થયો છે. આ બધા લેખો મનનીય જણાયા છે, અમુક લેખમાંની વાતોમાં વિગતદોષ જણાયા છે, પરંતુ તે વિષે વાત કે સ્પષ્ટતા કરવાની અહીં જરૂર લાગતી નથી. અવસરે તે થશે. આ પુસ્તકની વાત જ હમણાં કરીએ. વિષય એક જ હોય, પણ તેને સમજવાની, વર્ણવવાની તથા તેની ઉપાસના કરવાની પદ્ધતિઓ તથા વિદ્યાઓ કેટલી બધી વિવિધ હોય છે ! તેનો અંદાજ આ પુસ્તક જોતાં આવી શકે છે. એક જ ગુરુ મહારાજ , તેમને પ્રમાણવાના નોખા નોખા કેટલા અંદાજ !

આવાં આયોજનો અને પ્રયત્નોનો સાર એક જ : આપણા ચિત્તમાં ગુરુપદની અને ગુરુભક્તિની પ્રતિષ્ઠા થાય અને એ રીતે આપણે દેવ અને ધર્મ એ બે તત્ત્વોની અનુભૂતિ પામવા સુધી પહોંચી શકીએ.

આ. શ્રી કુલચંદ્રસૂરિજીના આ સુંદર પ્રયાસની અનુમોદના કરું છું. તેમના દ્વારા નિર્માયેલા આ પુસ્તકનું સ્વાગત કરું છું.

(તા.૩-૯-૨૩, ખંભાત)
લિ. શીલચંદ્રવિજય





# ગ્રંથની બારીએથી

**દરવેશ ! અમારી દર્દગલી ડોલાવી ધૂન મચાવી જા...**

- ગુરુતત્ત્વ ચરણે વિજય શ્રમણચંદ્રસૂરિ

જૈનેતર પરંપરાના કો'ક ભક્તે કરેલી આ હૃદયસ્પર્શી પ્રાર્થના છે. દરવેશ એટલે એક અર્થમાં સંત, ગુરુ, એને કહે છે કે આવ, અમારી ભીતર દર્દભરી, પીડા અને આહભરી ગલી=શેરી છે... તારી અલખધૂનથી એને ડોલાવ... અમારા સૂનકારમાં, એકલતાનાં ભીષણ ભેંકારમાં એક મસ્ત ધૂન જગાવી જા. આવ, અમારી સ્વચ્છંદ અવરજવરમાં પ્રવેશ કર, પ્રેમ કર, અમારી આવન-જાવનને આનંદ આપ, દિશા આપ, ગતિ આપ, મતિ આપ, સ્થિતિ આપ, ભીતરનાં તારથી આમંત્રણ આપું છું મારા ગુરુવર ! મને જરૂર છે તારી, તારા વિનાં ય જીવી તો જવાશે,પણ એમાં જીવવા કરતા જીરવવાનું ઝાઝું હશે, માટે કહું છું કે આવો, અહીં આસન સ્થાપો, અધિકાર સ્થાપો.

**દરવેશ ! અમારી દર્દગલી, ડોલાવી ધૂન મચાવી જા.**

**મસ્તાની ચાલે મોજ ચલી, તું પાગલ નાચ નચાવી જા.**

**આ હીબકતી દુનિયા ઓ પ્યારે, હેતે આજ હસાવી જા.**

**મનની સૂની મહેલાતો આ, મ્હેકાવી ફેર વસાવી જા. દરવેશ ! અમારી દર્દગલી..."**

આમ તો ગુરુને કહેવું ન પડે કે તમારી જરૂર છે, પણ માણસને એની પીડા વ્યક્ત કર્યાથી એક હળવાશ મળતી હોય છે... માટે અહીં ગુરુ સમક્ષ આર્તનાદ ગવાયો છે. આવી તો સેંકડો પ્રકારની હજારો-લાખો ગુરુપ્રાર્થનાઓ વિશ્વસાહિત્યમાં-ધર્મગ્રંથોમાં સામાજીક પરંપરાઓમાં સચવાયેલી છે. જે સચવાઈ નથી તે બધી જૂદી અને દરેક હૃદયમાં જાગીને એમાં જ શાંત થઈ જતી કરોડો-અબજો પ્રાર્થનાઓનો તો કોઈ હિસાબ જ નથી.

આ બધાનું કારણ છે પરમગુરુતત્ત્વ'.

એની અણચિંતવી શક્તિઓ, સામર્થ્ય અને ગૂઢ રહસ્યો પામવા કઠીન છે. આ તત્ત્વને સમજવું અઘરું છે, સેવવું સહેલું છે. ગુરુતત્ત્વ સેવાનાં જ એક નમ્ર પ્રયાસરૂપે આ સંપાદન છે.

શાસનસમ્રાટ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં ૧૫૦માં જન્મવર્ષનું આલંબન મળ્યું એટલે આચાર્ય શ્રી વિજય કુલચંદ્રસૂરિજીને શાસનસમ્રાટ ગુરુ તથા ગુરુતત્ત્વ એમ બંને વિષે સંઘ સમક્ષ કશુંક ધરવાની ભાવના થઈ. સંઘ-સમુદાયના જુદા જુદા શ્રમણ વિશેષોને એમાં આમંત્ર્યા. સહુનો ઉમળકો ભળ્યો. વ્યક્તિપરક અને શક્તિપરક એમ બંને રીતે ગુરુતત્ત્વ' પોતે જ ક્ષયોપશમરૂપે આવતું હોય તેમ દરેક સાધુની કલમમાંથી જુદો જુદો દષ્ટિકોણ વહી આવ્યો.

શ્રીસંઘના પ્રબુદ્ધ આચાર્યોથી માંડીને અનુપ્રેક્ષા સ્વાધ્યાયના રસીયા મુનિવરો સુધીનાં પૂજ્યો,ગુરુતત્ત્વનાં રહસ્યોને કેવા ઉઘાડે છે ! કેટલાંક લેખો વાંચતા તો થાય કે બસ, વાંચો અને નાચો ! શક્યતઃ લેખોનો એક નાનકડો સ્વાધ્યાય કરી લઈએ.

- શાસનસમ્રાટ સમુદાયના વડીલ પૂજ્ય હેમચંદ્રસૂરિજી મહારાજસાહેબ ગુરુ મહિમાની નાની પણ માર્મિક વાત કરે છે.

- ભક્તિયોગાચાર્ય પૂજ્ય યશોવિજયસૂરિજી

મહારાજ સાહેબ આસપાસ રચાતા સેંકડો કાર્યો-ઘટનાઓમાં પણ સદ્‌ગુરુઓની જાગૃતિ કેવી સૂક્ષ્મ-સ્પષ્ટ હોય છે, એનું સુરસાળ આલેખન કરે છે.

પૂજ્ય શીલચંદ્રસૂરિજી મહારાજસાહેબની વાતમાં કેટલીક બાબતો ધ્યાનાર્હ છે. જેમ કે ગુરુતત્ત્વ, સદ્‌ગુરુ જેવા શબ્દોનું ઓઠું લઈને સામે બેસેલા ગુરુને ઉપેક્ષિત કરી દેવાનો જે ચીલો હમણાં ચાલ્યો છે... તે તરફ થોડું પણ થડ જેવું મજબૂત તેઓએ લખ્યું છે. શાસનસમ્રાટશ્રી પ્રત્યેનો તેઓનો અહોભાવ તો છલકાય જ છે...

- શાસનસમ્રાટશ્રીનાં જૂનાં સ્મરણો, જે વડીલોની વાતોમાં વર્ષો સુધી વહી આવ્યા'તા... એની વાતો પૂજ્ય ઈન્દ્રસેનસૂરિજી મહારાજની કલમમાં છેઅને કાઠિયાવાડના ગામડાંઓમાં વસતા વૃદ્ધોની સાંભરણમાં નેમિસૂરિદાદાનો મહિમા આજેય કેવો છે એની વાતો આચાર્ય શ્રી રાજહંસસૂરિજી લઈ આવ્યા છે.

આચાર્યશ્રી રાજરત્નસૂરિજી... શાસનસમ્રાટ શ્રીની બહુમુખી પ્રતિભાને ૧, આરાધક, ૨, પ્રભાવક, ૩, હિતચિંતક અને ૪, સમર્થ નાયકના સદ્‌ગુણો વગેરેને સરસ રીતે સમજાવે છે તથા પ્રચંડ પુણ્ય પ્રભાવ અને દીર્ઘદ્રષ્ટિ વગેરેના સરસ દાખલાઓ આપે છે.

- પૂજ્ય મુનિચંદ્રસૂરિજી મહારાજે ગુરુવેણ નિઃશંકપણે પાળવાની પ્રેરણા કરતી દ્રોણ એકલવ્યના દ્દષ્ટાંતથી શાસ્ત્રકથાનો ઉલ્લેખ આપ્યો છે.

- વિદ્વાન આચાર્ય શ્રી યશોવિજયસૂરિજી સાવ નાના- વ્યવહારુ દ્દષ્ટાંતોથી સામાન્ય માણસની સમજણને પણ સ્પર્શે તે રીતે ગુરુતત્ત્વનો મહિમા ગાય છે.

- કવિ હ્રદય આચાર્ય શ્રી ઉદયરત્નસૂરિજીનો લેખ અનેક બાબતોને આવરી લે છે. શાસ્ત્રપાઠ, ગુરુ બહુમાન, શિષ્યત્વની વર્તમાનસ્થિતિ, ગુરુપૂજાનો અતિરેક ... આ બધું એક નાનકડાં લેખમાં, ઓછા શબ્દોમાં અર્થસભર રીતે સમાવ્યું છે. સંપાદનમાં જે કેટલાંક લેખો પહેલી નજરે આકર્ષી લે છેતેમાંનો આ એક છે.

- પૂજ્ય નંદીઘોષસૂરિજી મહારાજે જૈનશાસનમાં ગુરુનું સ્થાન કેવું અર્થસભર છે ? તેની સરળ સમજણ આપી છે. અભ્યાસલેખની શૈલીમાં કરેલું આ લેખન કોઈ અણજાણ માણસને પણ જૈનધર્મની સમજણ આપી શકે તેવું છે.

- આચાર્ય શ્રી રત્નકીર્તિસૂરિજીએ 'ગુરુ'ને માત્ર પથદર્શક નહીં પણ માર્ગનો સથવારો કહ્યા છે, કેટલી સરસ વિચારણા ! ગુરુની ઓળખાણ માત્ર પ્રભાવકતાથી નહીં પણ આત્માનુભૂતિથી છે.' એ વાત તેઓએ સરસ ખોલી છે... શાસનસમ્રાટશ્રીની પ્રત્યેક ઘટનાઓ પાછળ વર્તાતું તેઓનું સમર્થ ગુરુત્વ આચાર્યશ્રીના લેખમાં સુરેખ રીતે કંડારાયું છે.

આચાર્ય કલ્યાણહેમસૂરી, જેમની સંસ્કૃતમાં હથોટી સારી છે, તેમને પણ ગુરુતત્ત્વની ગંભીર વાતો, સંસ્કૃત સરળ ભાષામાં ઉતારીને સરસ રજૂઆત કરી છે.

- પાર્શ્વચંદ્રગચ્છનાં વડીલ ઉપાધ્યાયજી શ્રી ભુવનચંદ્રજી મહારાજે પ્રભુ અને ગુરુનાં કર્તવ્ય અને સ્વરૂપનું જે પૃથક્કરણ કર્યું છે તે મન હરી લે તેવું છે... ઊંડુ વિચારી શકે અને એ ઊંડાણને સરળ રીતે આલેખી શકે એવા જે જૂજ વિદ્વાનો છે તેમાનાં એક છે ઉપાધ્યાયજી ભુવનચંદ્રજી. જેઓએ ઓછું વાંચવું હોય તેઓએ પણ એમનો લેખ અવશ્ય વાંચવો.

- પં.પરમયશવિજયજી ગુરુ વ્યકિત/ ગુરુચેતનાનાં ભેદે મહત્ત્વપૂર્ણ વાત માંડે છે. ભાષા ચોક્કસ અઘરી છે પણ તેઓએ જે વાત લખી છે તે સાધનાજગતમાં બહુ તથ્યપૂર્ણ છે. ગુરુશક્તિની સાથે તીવ્ર મુમુક્ષુતાની શક્તિ પણ તેઓએ નોંધી છે. ભાષા અઘરી લાગે તો લેખ બે વાર વાંચવો પડે, સાધકોને ચોક્કસ ગમશે.

- પં.આગમચન્દ્રસાગરજીએ શાસન સમ્રાટની તથા આગમોદ્ધારકશ્રીના સંયુક્ત જીવન તથા કાર્યોની વાતોને સંભાળી છે અને એ રીતે બંને ગુરુ પરંપરાનું ગૌરવ કર્યું છે.

-બૌદ્ધિક માણસને પણ ગુરુનું સ્વરૂપ, ગુરુની જીવનમાં આવશ્યક્તા શીરાની જેમ ગળે ઉતારી દે છે. ગણિવર શ્રી વૈરાગ્યરતિવિજયજી સાધકના લક્ષ્યને ઊંડાણ સુધી પહોંચવાની દિશા ખૂબ સરસ રીતે તેઓએ બતાવી છે. પંખીનું રૂપક અને એ રૂપકના વિવેચનરૂપે થયેલું આલેખન આખા પુસ્તકમાં તદ્દન જુદી ભાત પાડે છે. ઉપા. યશોવિજયજી મ.ની ત્રણ પંક્તિઓનું તબક્કાવાર થયેલું અર્થઘટન, જૈનદર્શનની

મૂળ માન્યતાઓ વિગેરે નાના-નાના પદાર્થો આપણા મનને પ્રમોદથી ભરી દે છે.

- પ્રિયમ્'નાં ઉપનામે શ્રી જિનપ્રેમવિજયજી મહારાજે સંદર્ભબહુલ લેખ આપ્યો છે. પૂજ્યશ્રીના ધૈર્યબળ-આજ્ઞાબળને સુંદર રીતે આલેખતા તેઓએ એક ચોટદાર વાત મૂકી છે કે આપણને વાસ્તવમાં ગુરુ જોઈતા જ નથી, એક આજ્ઞાંકિત શિષ્ય જોઈએ છે. આ વાતને સરસ રીતે મૂકવા બદલ ખરેખર તેઓનો આભાર માનવો જોઈએ.

- ગણિ શ્રી યશરત્નવિજયજીના શબ્દોમાં અધ્યાત્મનો આંતરિક સ્પર્શ અનુભવાય છે. તેઓના કેટલાંક વાક્યો ખૂબ ધ્યાનાર્હ છે. જેમ કે પોતાની અપ્રભાવિતતાથી લોકો પ્રભાવિત થાય એ શાસનપ્રભાવનાનો આધ્યાત્મિક-પારમાર્થિક પ્રકાર છે.' પૂજ્યશ્રી શાસનસમ્રાટ હતા એની પાછળ છૂપાયેલું ગર્ભિતબીજ એ હતું કે પૂજ્યશ્રી સ્વસમ્રાટ હતા.' કેટલા ગર્ભદીપ વચનો છે!

- ગણિ શ્રી ત્રૈલોક્યમંડનવિજયજીએ શાસન સમ્રાટશ્રી રચિતગ્રંથોની પ્રાપ્તિ, એ ગ્રંથોના વિષયવસ્તુ રચનાવૈવિધ્ય,પૂજ્યશ્રીનાં શિષ્યોનો શ્રુતપરિશ્રમ... એ ગ્રંથો વાંચતા આવેલો અઢળક આનંદ. આ બધી બાબતોનું વિગતપ્રચુર અને આહ્લાદ ભરપૂર વર્ણન કર્યું છે.

- આ સિવાય સંપાદક શ્રી સ્વયં બે લેખ મૂકી રહયાં છે. સંપાદકશ્રી પોતે ગુરુતત્ત્વની અભિવ્યક્તિમાં અનેકવિધ ઉપમાઓ તથા ગુણ સમૃદ્ધિનો ઉલ્લેખ કરે છે. 'ઘર' શબ્દ બોલતાની સાથે ઉભું થતું માનસચિત્ર અને તે જ રીતે 'ગુરુ' શબ્દ બોલતાની સાથે પ્રગટતું માનસચિત્ર સરસ રીતે આલેખાયું છે. આ લેખની શબ્દ ગોઠવણ થોડી અઘરી છે પણ, વચ્ચે વચ્ચે સાવ તથા સરળતાથી સુંદર પદાર્થો આપે છે.

૧) વિધવિધ ઉપમાઓ અને અનેક જાતના પૃથક્કરણપૂર્વક લખાયેલો ગુરુતત્ત્વ' વિશેનો લેખ.

૨) આલંબનભૂત ગુરુજન શ્રીનેમિસૂરીશ્વરજી મહારાજનાં છૂટક જીવનપ્રસંગો. એમાં કેટલાંક સાવ નવા છે. કેટલાંક પ્રસિદ્ધ છે.પ્રસંગવર્ણન ક્યાંક સંપાદકશ્રીના પુરોગામી લેખકો કરતા જુદું પડે છે. સંક્ષેપરૂચિ તથા કથારૂચિવાળા વાચકોને સીધી કથા તથા તેમાં વણાયેલ સંક્ષિપ્ત તત્ત્વ વર્તુળ મળી રહે તેવા આશયથી આ લખાયેલું જણાય છે. આ સંપાદનના પાને-પાને ગુરુતત્ત્વની યાત્રા, ઉપાસના, અનુભૂતિનો પંથ મળશે. તથા ચતુર્વિધ શ્રીસંઘે પોતાના અંગત અનુભવોનું બયાન કર્યું છે. કોઈના અનુભવમાં ધર્મ પ્રાપ્તિ છે, કોઈની અનુભૂતિમાં વિઘ્નનિવારક પ્રસંગ છે, કોઈની વાત તમને સાચી લાગશે, કોઈને અનુભવ ન થયો હોય એવું માની લેવું તે પણ બુદ્ધિની અંધશ્રદ્ધા છે. હંમેશા યાદ રાખજો, દિવ્યતત્ત્વો ખૂબ ગહન છે... એ કોને ? ક્યારે ? કઈ રીતે ? વિકસાવે તે અકલ્પ્ય છે.

જેમ જેમ આપણી પાત્રતાનો વિકાસ થાય તેમ તેમ આપણી ભૂમિકાને અનુરૂપ ગુરુજનો સમયે સમયે અને ભવે ભવે મળતા રહે છે. એ દેવ-ગુરુતત્ત્વનાં પ્રભાવે જોઈતા અન્ય નિમિત્તો પણ આપણી સમીપ આવતા જ રહે છે. એ સારા પણ હોય અને મોળા પણ હોય... પણ, તમારા વિકાસ માટે આવશ્યક હોય. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ જણાવે છે તેમ શુભૌ નિમિત્ત संयोगौ जायतेऽवञ्चकोदयात्। (યોગદષ્ટિ સમુચ્ચય) ગુરુપ્રદત્ત જ્ઞાન જ ફલદાયી કહેવાયું, ગુરુવચનને આમ્નાય' કહેવામાં આવ્યો.

ગુરુવચને સાધના અને પુણ્યનો ઉઘાડ સેંકડો જીવો અનુભવી ચૂક્યા છે.

આ સંપાદનના નિમિત્તે વિદ્વજ્જનોનો સ્વાધ્યાય સંચિત થયો એ સંઘનું પુણ્ય છે. થોડાં વર્ષો પૂર્વે એક સરસ સંપાદન થયેલું. મારા ગુરુ મહારાજ !'(સંપાદક-શ્રી ઉદયરત્નવિજયજી) માત્ર વ્યક્તિગત ગુરુ વિશે જ લખવાનું... ગુરુ મહિમા, ગુરુ તત્ત્વ, શાસ્ત્રપાઠો વિગેરે કશું નહીં લેવાનું એવી શરત સાથેનું એ સંપાદન હતું, એવું સ્મરણમાં છે. આ એનાથી તદ્દન જૂદું પ્રકાશન છે. અહીં વ્યક્તિગુરુની વાત આવી ગઈ છે તે અલગ બાબત છે- બાકી પ્રકાશનનો મુખ્ય હેતુ ગુરુ તત્ત્વ છે.

આવા પ્રકાશનો અનેક જીવો માટે પથદર્શક કે પથવિસામો બની જતા હોય છે. આની પાછળ થયેલો બધાનો બધો શ્રમ સાર્થક છે. આવી સાર્થકતા સહુને વારંવાર મળો, દર્દ ગલીમાં ઉલ્લાસની ધૂન મચાવનારો દરવેશ પ્રત્યેકને પ્રાપ્ત થાઓ.

# સંપાદકીય

**વિજય કુલચન્દ્રસૂરિ...**

પુષ્પ !

સેંકડો જાતના હોય, સુગંધી હોય, સુગંધ વગર (પ્લાસ્ટિક) ના રૂપાળા હોય. ઝીણા હોય, મોટા હોય, સૂરજમુખી હોય, ચંદ્રમુખી હોય, ગુલાબના હોય કે મોગરાના હોય અંતે દરેક પુષ્પ, માનવી અને ધરતીના સુશોભનથી લઈને છેક પરમાત્માના મસ્તક સુધીની યાત્રા બની જાય તેવી આખી પુષ્પયાત્રા આપણને અનેરો સંદેશ આપી જાય છે.

જન્મથી છેલ્લા શ્વાસ સુધી ખુલવાનું, ખીલવાનું, ખરી પડવાનું, ચગદાવાનું, મસળાવાનું, પીસાવાનું, છેલ્લે નામશેષ થઇને અત્તર બનીને પાછું સર્વત્ર સુગંધ વહેંચતા રહેવાનું. ગજબના પરિવર્તનોની પર્યાયમાંથી જ પસાર થવા છતાં, જાત (જાતિ)થી ક્યારે વિખુટા નહીં રહેવાનું, છૂટા નહીં પડવાનું... કેવો કુદરતનો કરિશ્મા...

સુગંધી પુષ્પ જેવી જ પ્રકૃતિ, પરમ(સદ્)ગુરુની હોય છે.

જે પરમગુરુ, માત્ર આપવાનું જ કામ કરે છે. આત્માની કે પ્રભુ શાસનની હિતકર પ્રસાદી આપવાની, વહેંચવાની અને વિસ્તારવાની જ ભાષા જાણે છે.

જેમ પુષ્પની પરિભાષામાં ક્યાંય કોઈ પ્રત્યે યાદ-ફરિયાદને સ્થાન મળતું નથી પરંતુ પુષ્પના અસ્તિત્વના અણુ અણુમાં માત્રને માત્ર ખુલવું, ખીલવું, વહેંચવું, મહેકવું, શોભવું અને સમય જતા સહજતાથી ખરી જવું સહજ હોય છે. વળી કોઇપણ અવસ્થામાં, કોઇ પણ કાળે, કોઇપણ પ્રદેશમાં, કોઇપણ વ્યક્તિને બસ આપ્યાં જ કરવું, આપ્યાં જ કરવું... સ્વયંની નોંધ લેનારા હોય કે ના હોય તો પણ, પોતાના એક પણ ગુણધર્મની બાદબાકી વિના આપ્યા જ કરવું...

જન્મગત સંસ્કારોની સુગંધને કોઈ જ અપેક્ષા વિના આપ્યાં જ કરવું... સુગંધ એ જ અસ્તિત્વ. સુગંધ એ જ વ્યક્તિત્વ. તેના જેવો સ્વભાવ આ સદ્ગુરુ-પરમગુરુનો હોય છે. તેની જેમ જ બધી જ ફરજો, કર્તવ્યો, સાધનાઓ, જવાબદારીઓ, પ્રભુશાસનની બજાવ્યા જ કરવાની અને તેમ છતાં કર્તૃત્વના ભાર વિના સહજતાથી સરી જવું, એ માત્ર ને માત્ર જિન શાસનના પરમ ગુરુની અવસ્થાએ પહોંચેલા સમર્થ ગુરુ ભગવંતોમાં જોવા મળે છે.

કારણ કે ગુરુની પ્રત્યેક આદાન-પ્રદાનની ક્રિયા, સમ્યગજ્ઞાન, ધ્યાન, સાધના, ત્યાગ, તપ, સંયમ, વૈરાગ્ય, અંતર્મુખવૃત્તિ, અધ્યાત્મ વગેરેની સાધના પુષ્પ દીક્ષાને પામેલા હોય છે. જે સ્વ - પર - સર્વને મહેકતા શોભતાં અને મસ્તીમાં રાખતાં હોય છે.

ગુરુ ભગવંતો આ પ્રભુ શાસનના બગીચાને તથા બગીચાના માળી બનીને સુગંધની જ વાવણી વળતર અને વિસ્તાર કરવાની જીવનભર પ્રવૃત્તિ કરતા હોય છે. ત્યારે વિચાર કરતા લાગે



છેકે માત્ર બીજાને આપી શકે, કશી જ આશા અપેક્ષા કે ગણતરી વિના, યાદ-ફરિયાદ વિના, સ્વયંની ક્ષમતા અને સમતાપૂર્વક આપે છે. નિરંતર આપે છે, તે જ સદ્ગુરુ - પરમગુરુની કક્ષાએ રહેલાં છે.

પ્રભુશાસનમાં ગુરુ અને શિષ્ય, સદ્ગુરુ અને શ્રી સંઘ તથા પરમગુરુ અને જિનશાસનની જવાબદારીઓ અભિન્નપણે વણલખી આલેખાયેલી હોય છે.

પરમાત્માની ગેરહાજરીમાં આ જગતમાં સૌથી ઊંચુ અને સાચું પદ, ગુરુપદ છે. ૩૬ x ૩૬ = ૧૨૯૬ ગુણોથી પરિપૂર્ણ તૃતીય પદ પ્રભુએ બતાવ્યું છે. એકદમ મૌલિક, લોકોત્તર અને અમૂલ્ય છે.

ખરેખર ગુરુભગવંતો, વ્યવહાર અને સમાજની દ્રષ્ટિએ ભૌતિક ચીજવસ્તુના આશીર્વાદ આપતા નથી, કે સાક્ષાત્ તમે કશું કર્યા વગર તમારો ઉદ્ધાર કરી આપે તેવી કોઈ વાત હોતી નથી. કારણ કે - ગુરુભગવંત તમને અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય, પરંતુ ઝળહળવાનું તો તમારે પોતાને હોય છે. ગુરુ તમને સાચો રસ્તો બતાવે, પરંતુ ચાલવાનું તો તમારે જ હોય છે. એ માર્ગદર્શક બનીને તમારા જીવનમાં સતત પ્રેરણા કરે, મંઝિલ સુધી તો તમારે જ પહોંચવાનું હોય છે. તમને જ્ઞાન આપે પરંતુ ચિંતન, મનન કરીને રહસ્ય તમારે પકડવાનું હોય છે. એ તમને મંત્ર આપે, પરંતુ જાપ કરીને તમારું મન તમારે શુદ્ધ કરવાનું છે.

એ સતત બતાવે છેકે તમે સ્વયં સુખરુપ અને પૂર્ણ સ્વરૂપ છો. માત્ર અજ્ઞાનને કારણે તમે સમજી શકતા નથી કે ચિદાનંદ સ્વરૂપ આનંદ તમારી અંદર જ રહેલો છે. તારો ઉદ્ધાર તારે જ કરવાનો છે, હું તો ફક્ત તને પ્રેરક માર્ગદર્શક બની શકું છું. તારી અંદર રહેલોં ગુણો,સાત્વિકતા, સત્યતા, વૈરાગ્ય, સત્ત્વશીલતા, સમર્પણ, પ્રેમ, કરુણા, અહિંસા અને જ્ઞાન વગેરે જેમ જેમ પ્રગટતા જશે તેમ તેમ તારો ઉદ્ધાર થતો જશે. ન મને તારી પાસેથી કાંઈ જોવે છેકે ન હું તને કશું બીજુંકંઈ આપી શકું તેમ છું.

તેથી આપણે બંને મોક્ષમાર્ગની યાત્રામાં ઉચિત ભૂમિકાએ રહેલા છીએ, પરંતુ પરમાત્માની કૃપા થાય તો જ સાચું ગુરુપણું, અને સાચુ શિષ્યપણું, જીવનમાં આવી કે લાવી શકાય છે.તથા અધિકાર ભાવ વગરના જ ઉભયના સંબંધો અકબંધ રહેતા હોય છે.અને તે બંને પક્ષે ઉદારતા કે અનેકાન્ત દ્રષ્ટિના ઉપયોગ વગર રહેતાં નથી.

યથાર્થ ગુરુપણું સાત ભાવોની પ્રાપ્તિથી આવતું હોય એવું સંભવે છે?

તેમાં સર્વપ્રથમ ગુણ(પ્રેમ)મય દ્રષ્ટિ, પ્રભુમાર્ગની યથાર્થ (ગીતાર્થ) સમજણ, સાધનાશીલ સ્વભાવ, ગંભીરતાદિ ગુણોની પ્રાપ્તિ, અંતરની ઉદાર ભાવના, વિશુદ્ધ આશય અને મોક્ષનું લક્ષ્ય કેન્દ્રમાં હોય ત્યારે સ્વતઃ ગુરુપણાની યોગ્યતા પાત્રતા બની જતી હોય છે. પરિણામે શાસ્ત્રોના પાને લખાયેલી પંક્તિ કે સૂત્રો અનુસાર ગુરુઓ ગીતાર્થ, ભવભીરુ, અશઠ અને સંવિજ્ઞ બનતાં હોય છે, મળતા હોય છે. ગુરુપણાની મહત્તા, શાસન, અને આત્મત્વના વિકાસ સાથે જોડાયેલી છે. આવું ગુરુતત્ત્વ આપણને સમજાય તો દરેક ગુરુમાં રહેલી આરાધકતા, પ્રભાવકતા અને વિશિષ્ટતા જોવાની માનસિકતા કેળવાય. ગુણ ગ્રાહકતા અને દોષ અગ્રાહકતાનો વિવેક જળવાય.

ગુરુતત્ત્વના મૂળમાં જિનશાસનની જવાબદારી અને આત્મત્વ પામવાની ભાવના તથા શિષ્યત્વ પામેલા જીવો પોતાની ભૂમિકાએ વધુ આગળ વધે, તે અંગે દરેક ગુરુભગવંતોએ ઘણી જ મહેનત, વ્યસ્ત સમય વચ્ચે પણ અનુપ્રેક્ષા કરવા દ્વારા જે નવનીત આપ્યું છે, મળ્યું છે, તે ખૂબ જ મનઃ પ્રસાદને આપનારું છે. આંખ ઉઘાડનારું છે. તે દરેક સૂરિ ભગવંતો, પદવીધરો અને ગુરુ ભગવંતોએ, આ ગ્રંથમાં અમૂલ્ય પ્રાણ ઉમેર્યા છે.

ખાસ કરીને ભક્તિ યોગાચાર્ય શ્રી યશોવિજય સૂરિજી મ.સા., આચાર્ય મુનિચંદ્ર સૂરિજી મ.સા., પૂ.આ. શ્રી રાજરત્નસૂરિજી મ.સા., ઉપાધ્યાય ભુવનચંદ્રજી મહારાજ, ગણી શ્રી વૈરાગ્યરતિ વિ.મ.સા., પંન્યાસ શ્રી લબ્ધિવલ્લભ વિ.મ.સા. વગેરે ઘણા બધા લેખકોના લેખો ખરેખર વાગોળવા જેવા છે.
શ્રી નેમિસૂરિદાદાના ચરિત્રગ્રંથો અને પ્રસંગો જગપ્રસિદ્ધ છે જ, તેઓ અંગે ઘણું બધું ઘણાં પ્રકારે લખાયું, સંભળાયું, બોલાયું છે છતાંય તેઓના સમગ્ર જીવન દરમિયાન જે ઔચિત્ય, વિનય, વિવેક, સાહસ, પરાક્રમ, શૌર્ય, જ્ઞાન, અભ્યાસ વગેરે ગુણોને કારણે જે જે સેવા, ભક્તિ, બ્રહ્મચર્ય, સમર્પણ અને નિષ્ઠાનું તત્ત્વ દરેક પ્રસંગોમાં જે જોવા મળે છે અને સંઘ - શાસનના દરેક ક્ષેત્રો અને કાર્યોને જે રીતે પોતે સમગ્ર શક્તિથી સિદ્ધિની કક્ષાએ લઈ ગયા છે, ત્યારે વિચાર આવે કે તેઓનું શું આત્મબળ ?, મનોબળ ?, પુણ્યબળ, ગુરુકૃપાનું ક્યું બળ ? પ્રધાનતાએ કામ કરશું હશે ? તે સમજ બહારની વાત લાગે...

અમે ભલે આંખોથી જોયાં જાણ્યાં કે માણ્યાં નથી, છતાં તેઓની અદ્ભુત વાતો, તીર્થોદ્ધાર, જ્ઞાનોદ્ધાર, ક્રિયોદ્ધાર, શિષ્યોદ્ધાર કે સંઘોદ્ધારના પ્રસંગો સાંભળીએ એ માકુભાઈ શેઠના અમદાવાદથી ગિરનાર થઈને પાલીતાણા સુધીના ૪૫ દિવસ સુધી ચાલનારા છ'રી પાલિત સંઘના ૧૩૦૦૦ યાત્રિકોને ભવોભવનું ભાથું બંધાવવું, અનેક રાજા-મહારાજાઓને પણ પૂજ્યશ્રીની પ્રતિભાથી અંજાવું.

તે સિવાય ૧૯૮૧ થી ૮૩ સુધીમાં શત્રુંજયના અસહકાર આંદોલનમાં મુંડકા વેરાના વિરુદ્ધમાં સકલ જૈન સંઘોએ પૂજ્યશ્રીનું એક એલાન, એક આદેશ, અભૂતપૂર્વ એક્તાથી સ્વીકારી લેવું અને કાયમ માટે મુંડકાવેરો રદબાતલ કરવો. પછી ૧૯૯૦ ની સાલમાં અમદાવાદની અંદર સમગ્ર સાધુ સમુદાયોનું સંમેલન સફળ બનાવવું... વિચાર આવે કે કેટ કેટલી દૈવીય શક્તિઓ, દીર્ઘદ્રષ્ટિ, પ્રચંડ પુણ્યાઈ અને અથાગ પુરુષાર્થ વિના શે સંભવી શકે ? એઓના સંઘ, શાસન અને સમુદાય ઉપર રહેલાં અમાપ ઉપકારો. તેઓનું ઋણ તો શી રીતે વાળી શકાય ?

આથી કરીને તેઓના ઋણ સ્વીકાર સ્વરૂપે ગુરુતત્ત્વની વિભાવના, કેટલાક પ્રેરણાદાયક પ્રસંગો, શાસન સમ્રાટની જ જીવંત કરુણાના સ્પર્શ પામેલા વર્તમાન પ્રસંગો અને પેન્સિલ ચિત્રોથી પૂજ્યશ્રીની વિવિધ ભાવભંગી ચિત્રમાળા અને સંક્ષિપ્ત તેજતવારીખ મૂકવાનો અહીં અલ્પ પ્રયાસ થયો છે.

ખરેખર આ અંગે વિદ્વદ્વલ્લભ,સમુદાય શ્રેષ્ઠ, પ. પૂ. આચાર્ય શ્રી વિજય શીલચંદ્રસૂરીશ્વરજી મ.સા. અત્યંત ઉદારતા કેળવી ગુરુતત્ત્વ અંગેની માર્મિક બોધ વાળી પ્રસ્તાવના લખી આપી છે તે ઉપકારનો બદલો

વાળી શકાય તેમ નથી. તથા અમારા પરિવારના જ પૂજ્ય આચાર્યશ્રી શ્રમણચંદ્રસૂરીજીના શિષ્યરત્ન અભિનવચિંતક,મર્મગ્રાહી ગણિ. શ્રી સંયમચંદ્ર વિજયજી મ.સા.એ આ ગ્રંથની સારભૂત વાતો અને સંદેશાને આગવી શૈલીમાં લખી આપી ગ્રંથની ગરિમામાં ઘણો વધારો કરી આપ્યો છે

ગ્રંથના પ્રૂફ જોવામાં, પૂજ્ય આ.શ્રી વિમલકીર્તિસૂરિ મહારાજ તથા સંસ્કૃત શ્લોકોમાં યથાયોગ્ય સુધારો પંન્યાસ શ્રી સુયશચંદ્ર વિજય મ.સા. ખૂબ આત્મીયતા રાખી ઉપકાર કર્યો છે

તથા સમગ્રકાર્યોમાં સદૈવ તત્પર, સેવાભાવી પૂ. મુનિપ્રવર ઋષભચંદ્રવિજયજી અને મુનિશ્રીશાસનચન્દ્ર વિ. નો હાર્દિક સહયોગ મળવાથી આ કાર્ય શક્ય બન્યું છે. તે મારા બંને શિષ્યોની તથા મુકેશભાઇનો સહાયકતા અને સેવાભાવ અનુમોદનીય છે.

તદ્દન નવા બનાવેલા લગભગ ૫૦ જેટલા નવા પેન્સિલ ચિત્રો ચિત્રકાર ધર્મેશભાઈએ દિલ રેડીને દાદાને ખડા કરવામાં કોઈ ક્યાશ રાખી નથી તેઓ વિશિષ્ટ ધન્યવાદના આભારી છે તથા ગામે ગામ રહેલી દાદાની મૂર્તિના ફોટાઓ મેળવી પહોંચાડવાના દાદાના ગુરુભક્તોએ જે સહકાર આપ્યો છે તે પણ અનુમોદનીય છે આ ગ્રંથને સરસ મજાનું તૈયાર કરી આપવામાં એમ.બી. પ્રિન્ટર્સવાળા દીપકભાઈ, ભૂષણભાઈ, પિન્ટુભાઈએ ઘણી સરસ મહેનત કરી છે તે પણ નોંધનીય અને પ્રશંસનીય છે

પ્રસ્તુત ગ્રંથમાં ‘દાદા’ અંગેની વિગતો પ્રસંગો વગેરે ‘શાસનસમ્રાટ’ તથા નેમિસૌરભ ભાગ ૧ - ૨ ના આધારે નોંધો ઉતારી છે. તેમજ પુસ્તકમાં જે કાંઇપણ સારું લાગે તો તે બધું સહુના વહાલા શાસન સમ્રાટ દાદાનું છેઅને વિગત દોષ કે કોઈ પણ પ્રકારની ક્ષતિ હોય તો મારા કારણે છે તે જાણીને મને ક્ષમા કરશો.

પ્રાન્તે સૌ જીવો પ્રભુ શાસનને પામી, ગુરુને આરાધી, આત્મત્વની અનુભૂતિ કરે અને કલ્યાણ સાધે એવી મારી નમ્ર ભાવના છે



શ્રી સમ્મેતશિખરજી તીર્થ

# गुरू आणाए मुक्खो



શ્રી નેમિસૂરિ દાદાના
ગુરુમહારાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ

ગુરુ ગીતારથ મારગ જાતા, મંઝીલ ઢૂંકડી પહોતાં....

# આપણા પરમગુરૂ પૂજ્ય શાસનસમ્રાટ્શ્રીજી

આ. વિજય હેમચન્દ્રસૂરિ (દેવ-શિશુ)

વીસમી સદીનાં સમર્થ શાસન પ્રભાવક પુરુષ હતાં. અનેકવિધ વિશિષ્ટતાઓથી ભર્યું ભર્યું તેઓનું જીવન ખરેખર અનુપમ અને અજોડ હતું. અને તેઓશ્રીએ પોતાનાં જીવનમાં કરેલા તીર્થોનાં ઉદ્ધારની શ્રેણિમાં કદંબગિરિ અને કાપરડાજીનાં ઉદ્ધારનું કાર્ય બેનમૂન ગણાય તેવું હતું.

સં. ૧૯૬૪ થી ૧૯૯૭ સુધી ૩૩ વર્ષનો ગાળો તેઓશ્રીનાં જીવનનો સુવર્ણકાળ હતો. સં.૧૯૯૦ માં રાજનગરમાં થયેલું મુનિ સંમેલન અને સં. ૧૯૯૧માં તેઓશ્રીની નિશ્રામાં શેઠ માકુભાઈ દ્વારા કાઢવામાં આવેલ શ્રીગિરનાર તથા શ્રીશત્રુંજય ગિરિરાજનો ઐતિહાસિક ૧૩૦૦૦ (હજાર) માણસોનો છ'રી પાલિત સંઘ. એ બે કાર્યો ચિરસ્મરણીય અને અપૂર્વ હતાં, એમાં શેઠ માકુભાઈનો સંઘ તો શ્રીવસ્તુપાલ મહામંત્રીશ્રીએ કાઢેલ સંઘની યાદ અપાવે તેવો હતો.

જામનગરના વતની શેઠ પોપટલાલ ધારશીભાઈ ગર્ભશ્રીમંત, પૂજ્ય આગમોદ્ધારક સાગરજીમ.નાં પરમ ભક્ત અને સમર્પિત સુશ્રાવક હતાં. સં. ૧૯૯૩ માં એમને તીર્થાધિરાજ શ્રીશત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢવાનો ભાવ પૂ. સાગરજી મ. આગળ વ્યક્ત કર્યો. પૂ. સાગરજી મ. એ કહ્યું કે ભાઈ! તારે એ સંઘ યાદગાર બનાવવો હોય તો તું પૂ. નેમિસૂરિજીમ. ને વિનંતિ કર, અને તેઓશ્રીની નિશ્રામાં સંઘ કાઢ, અમે પણ એ સંઘમાં સાથે આવીશું. પોપટભાઈ શેઠે, એ વાતને માન્ય કરી, પૂ. શાસનસમ્રાટ્ શ્રીને વિનંતિ કરી. તેઓશ્રી સપરિવારને જામનગર ચાતુર્માસ કરાવ્યું. સાગરજી મ. પોતે પણ સાથે ચાતુર્માસ રહ્યાં. આખું ચાતુર્માસ બન્નેની શુભ નિશ્રામાં શાસન પ્રભાવનામય પસાર થયું.

ચાતુર્માસ પસાર થયા પછી સંઘ પ્રયાણ નિમિત્તે ભવ્ય અટ્ઠાઈ મહોત્સવ કર્યો અને શાનદાર રીતે શુભમુહૂર્તે છ'રી પાલિત સંઘનું પ્રયાણ થયું.

સંઘમાં નિયમિત રીતે પૂ.પા.આ. શ્રીવિજયોદયસૂરીશ્વરજી મહારાજા વ્યાખ્યાન તથા પ્રેરણા કરતા.

ન ધારેલાં ઉલ્લાસ ઉમંગથી શ્રી સંઘ જામનગરથી ધીરે ધીરે તીર્થાધિરાજ શ્રીશત્રુંજય મહાતીર્થ પહોચ્યોં. સંઘવી પરિવારને તથા સંઘમાં આવેલ પૂ. સાધુ-સાધ્વીજી મ. તથા શ્રાવક શ્રાવિકા સમુદાયને અપૂર્વ ઉલ્લાસ આવ્યો. સૌ કોઈ ધન્ય ધન્ય બની ગયા.

યાત્રામાં આવવાનું સદ્ભાગ્ય અને સૌભાગ્ય પોતાને મળ્યું. બધા એને યાદ કરતાં થાકતાં ન હતાં. પૂ. સાગરજી મ. જેવા સમર્થપુરુષ પણ પોતાનાં ભક્તને પૂ. શાસનસમ્રાટશ્રીની પાસે મોકલે, તે જાય. વિનંતિ કરે. પૂજ્યશ્રી પધારે. શાસનસમ્રાટશ્રી અને આગમોદ્ધારશ્રીની નિશ્રામાં હેમખેમ છ'રી પાલિત સંઘ નીકળે. આ બધું વિચારતાં એમ લાગે કે **ન ભૂતો ન ભવિષ્યતિ।**

# ગુરૂ નિરન્તર ખેલા

ભક્તિયોગાચાર્ય આ. યશોવિજયસૂરિ

**'તરુવર એક પંછી દોઉ બેઠે, એક ગુરુ એક ચેલા;**
**ચેલેને જુગ ચુન ચુન ખાયા, ગુરુ નિરન્તર ખેલા...'**

પૂજ્યપાદ આનંદઘનજી મહારાજે ઔપનિષદિક એક મન્ત્રનો આપણી ભાષામાં કરેલ અનુવાદ યાદ આવે: શિષ્યની પ્રારંભિક સાધનામાં કર્તૃત્વ હોઈ શકે છે. પરંતુ સદ્‌ગુરુ તો નિરંતર ખેલની અનુભૂતિમાં હોય છે. કર્તૃત્વનો ભાર સહેજે ત્યાં હોતો નથી. સહજને કિનારે યાત્રા ચાલી જતી હોય છે.

પૂજ્યપાદ, મહાન શાસન પ્રભાવક આચાર્ય ભગવંતશ્રીજીનું દર્શન કરતાં જ લાગતું કે સહજ દશામાં તેઓશ્રીજીની જીવનયાત્રા ચાલી રહી હતી.

શાસન પ્રભાવનાનાં અનેક કાર્યો તેઓ શ્રીમદ્‌ના સાન્નિધ્યમાં ચાલી રહ્યા હતાં... તીર્થોદ્ધારનાં કાર્યો, શ્રુતોદ્ધારનાં કાર્યો; કાર્યો ઘણાં હતાં, પણ કર્તૃત્વ... એ ક્યાં હતું?

આવા જ મહાન પ્રભાવક એક ગુરુદેવને પૂછવામાં આવેલું કે આટલી વ્યસ્તતા વચ્ચે આપ આટલા પ્રફુલ્લ, નિશ્ચિંત કઈ રીતે છો?

ત્યારે એમણે કહેલું : પરમ ચેતના પરમ સક્રિય છે. ગુરુચેતના તરીકે હું તો નિષ્ક્રિય છું. મારે મારી ઈચ્છાથી કશું જ કરવાનું નથી. એની - મારા પ્રભુની આજ્ઞાપ્રમાણે જ એક એક ડગ મારે ભરવાનું છે. કર્તૃત્વ 'એ'નું છે. તો, થાક મને કેમ હોય?

તેમણે વાતને આગળ લંબાવેલી : હું સતત પ્રવચનો/વાચનાઓ આપું છું. ઘણીવાર એના એ ચહેરાઓ હોય સામે; એમનામાં પરિવર્તન ન પણ દેખાતું હોય; પણ મને થાક નથી લાગતો. કારણકે હું મારા પ્રભુની આજ્ઞાથી બોલું છું. મારા પ્રભુએ કહ્યું છે કે તને સિદ્ધિ મળી છે, તો તારે તે વહેંચવી જોઈએ. વિનિયોગ થવો જોઈએ.


આ જ વાતને આજના યુગના એક મહાપુરુષે આ રીતે કહેલી: મારા પ્રભુ અને મારા સદ્‌ગુરુએ મને જ્ઞાન શરતી(કન્ડિસનલી) આપ્યું છે, હું એ જ્ઞાન બીજાઓને ન આપું તો હું પ્રભુ, સદ્‌ગુરુનો અપરાધી ઠરું.

પ્રભુની આજ્ઞા પ્રમાણેનું કાર્ય...ત્યાં કાર્ય રહે છે, કર્તૃત્વ નથી રહેતું.


પ્રવચન આપીને હું જ્યારે સુધર્માપીઠને છોડું છું, ત્યારે મારી આંખો ભીની હોય છે. આંખોની એ ભીનાશ પ્રભુને કહેતી હોય છે કે પ્રભુ! તારી પાસે તો અગણિત સાઉન્ડસિસ્ટમ્સ હતી; છતાં તેં મારા જેવા નાચીજ માણસની સાઉન્ડ સિસ્ટમ વાપરી. પ્રભુ! હું તારો ઋણી છું.

પૂજ્યપાદશ્રીજીના સાંનિધ્યમાં કેટલા બધા તીર્થોદ્ધાર આદિનાં કાર્યો થયાં; પણ પૂજ્યશ્રીજીના મુખ પર કર્તૃત્વની નાની શી રેખા પણ શોધવી મુશ્કેલ લાગે.

तो सेविज्ज गुरुं चिय, मुक्खत्थी मुक्खकारणं पढमं



ઉઘડતે પાને ગુરુવર દીઠાં, કરુણા-આશીષ લાગે મીઠાં!


ગુરુનેમિસૂરીદાદા
ચમકી રહ્યો છે જિન શાસનમાં તેજ ભર્યો સિતારો
ભરતક્ષેત્રને દ્વારે આવ્યો સહુનો તારણહારો...

અહીં જ, પૂર્વે પશ્ચિમને આપેલ અનૂઠો શબ્દ યાદ આવે : નિમિત્ત, 'પ્રભુ તમને નિમિત્ત બનાવે.' એ સમયે એ કાર્ય થવાનું જ હોય પણ પ્રભુ તમને નિમિત્ત રૂપે પસંદ કરે.

સાધકના સ્તર પર જોઈએ તો પણ, તે સમયે તે કાર્ય થવાનું જ હતું. અને આ વિભાવના નિમિત્ત બનવાની ક્ષણોમાં પણ તમને અહંકારથી અસ્પૃષ્ટ રાખે.

કાર્યો થતાં હોય બહારની ભૂમિકા પર અને ભીતરની ભૂમિકામાં ઊંડે જવાતું હોય એવી ક્ષણોની વાત પૂજ્ય પદ્મવિજય મહારાજે નવપદ પૂજામાં કરી છે.

સારણાદિક ગચ્છમાંહિ કરતા, પણ<br>રમતા નિજ ઘર હો!

સદ્‌ગુરુનું શિષ્યો પર કાર્ય ચાલું હોય અને એની સાથે તેમની આત્મરમણતા ચાલું હોય.

પૂજ્યપાદશ્રીજીએ પોતાના શિષ્યોને કેવા તો ઘડ્યા! પૂજ્ય ઉદયસૂરિ દાદા, પૂજ્ય નંદનસૂરિ મહારાજા, પૂજ્ય લાવણ્યસૂરિ મહારાજા...ચુનંદા શિષ્યોનું એક વૃન્દ રચ્યું પૂજ્યપાદશ્રીજીએ.

પણ, આ બહારી પ્રક્રિયાને સમાંતર ભીતરી પ્રક્રિયા પણ ચાલુ હતીઃ આત્મસ્થ દશાની, વાસ્તવમાં એ દશાની શક્તિ જ બહારનાં કાર્યોને અનાયાસે આગળ ધપાવતી હતી.

કદમ્બગિરિ તીર્થમાં જવાનું થયું ત્યારે અદ્‌ભુત જિનાલયો, મનોહર પરમાત્મા આદિને નિહાળીને પૂજ્યપાદશ્રીજીની તીર્થોદ્ધારાદિઅંગેની સૂઝ/Vision જોઈ પ્રસન્ન થવાયું. અને ત્યાંજ જિનાલયમાં બિરાજમાન તેઓશ્રીની મૂર્તિમાં રહેલ આત્મસ્થદશાનું દર્શન પેલી પ્રસન્નતાને બે ગુણી-ચારગુણી કરી ગયું.

स्तुवे त्वामहं श्री गुरुं नेमिसूरिम् ।।

# ગુરુત્વં પ્રણિદધ્મહે

**આ. વિજયમુનિચન્દ્રસૂરિ**

ગુરુ વ્યક્તિ છે. પણ ગુરુતત્ત્વ સમષ્ટિ છે. એટલે ગુરુવ્યક્તિને પણ સામાન્ય વ્યક્તિ સમજનાર શિષ્ય મોટી ગરબડ કરે છે. વાસ્તવમાં ગુરુ સમક્ષ શિષ્યે પોતાની બુદ્ધિ ચલાવવાની નથી. ગુરુની વાતને વિકલ્પ કર્યા વિના તહત્તિ કરવાની છે. આ શ્લોક વાંચો–

**प्रतिमासु शिलाबुद्धिं, मन्त्रे चाक्षरतामतिम्।**
**गुरौ मानुषीं बुद्धिं, कुर्वाणो नरकं व्रजेत्।।**

પ્રતિમામાં પત્થરની બુદ્ધિ કે ગુરુમાં સામાન્ય મનુષ્યની બુધ્ધિ ન જ કરાય.

ગુરુની આજ્ઞામાં વિચાર કરવા રોકાય તે શિષ્યત્વની ક્યાશ છે.

આજ્ઞા ગુરુણાં હ્યવિચારણીયા।

શાસ્ત્રમાં આવતી પ્રસિદ્ધ કથા સંક્ષેપમાં આ પ્રમાણે છેઃ ગોચરી વહોરવા જતાં શિષ્યને ગુરુ કહેઃ એક ચપ્પુ લેતો આવજે. લાવીને આપ્યું. રાત્રે ગુરુ શિષ્યની છાતી પર ચડી ચપ્પુથી ગળાની નસ ખોલી લોહી કાઢે છે. ફરી નસ બંધ કરે છે.

સવારે પૂછે છે કે રાત્રે તું જાગતો હતો. હા, ગુરુદેવ, મેં આપને જોયા એટલે પછી વિચાર્યું આપ જે કરતા હશો તે બરાબર હશે. એટલે ચૂપચાપ પડ્યો રહ્યો. આવા સમર્પિત શિષ્ય બનવાનું છે.

આ. ભ. ઉદયસૂરિ મ. પણ આવા સમર્પિત શિષ્ય હતાં.

શાસનસમ્રાટશ્રીને કંઈ પણ કામ હોય તો એમના મુખમાંથી 'ઉદય' શબ્દ નીકળે. અને આ.ભ. ઉદયસૂરિ મ. તરત હાજર થાય.

એક વાર ઉંઘમાં શાસનસમ્રાટશ્રીના મુખેથી 'ઉદય' શબ્દ નીકળ્યો અને આ.શ્રીઉદયસૂરિ મ. તરત ઉઠીને ગુરુદેવના સંથારા પાસે ઉભા રહ્યા.

આપણા જેવા હોય'તો સાહેબ નિદ્રામાં છે. સમજી પાછા જતા રહે. પણ, આ સમર્પિત શિષ્ય રાતના બારથી સવારના ચાર સુધી વિનયાવનત મુદ્રામાં ઉભા રહ્યા. સવારે ગુરુદેવ જાગ્યા. કેમ ઉદય, અહીં ઉભો છે?

ગુરુદેવ, આપે મને યાદ કર્યો હતો. ક્યારનો ઉભો છે. ચાર કલાકથી, ઓહ! આવા સમર્પિત શિષ્યનું સ્થાન ગુરુદેવના હૃદયમાં હોય જ.


અને ધર્મદાસગણીએ આવા શિષ્યોનું સ્થાન ગુરુના હૃદયમાં હોય તેઓને
'ધન્નાણ વિ ધન્ના' ધન્યાતિધન્ય કહ્યાં છે.

સમર્પણ એ શિષ્યનો મહત્ત્વનો ગુણ છે. આવા ગુણના પ્રભાવે માસતુષ
મુનિ જેવા મંદક્ષયોપશમવાળા કેવળજ્ઞાન પામી જાય છે.

ગુરુનું વચન યોગ્ય જ હોય. આપણી બુદ્ધિમાં ક્યારેક ન ઉતરે. આપણને અયોગ્ય લાગે તો પણ ગુરુ તીર્થતુલ્ય છે. એમનું વચન સ્વીકારવાથી ફાયદો જ છે. ધર્માચાર્ય બહુમાનમાં આ વાત સ્પષ્ટપણે જણાવતાં કહ્યું છે કે.

|| ગુરુ વિ મોહંધયારહરો ||

# તેજ તું, તત્વતું, તારણહાર તું....



**जुत्तं चिय गुरुवयणं, अहवा अजुत्तं पि हुज्ज दइवाओ।**
**तहवि हु इमं तित्थं, जं हुज्जा तं पि कल्लाणं।।**

જ્યોતિષ શાસ્ત્રમાં ગુરુગ્રહનો મહિમા બતાવ્યો છે. ગુરુની દૃષ્ટિ પડતાં ગ્રહની પીડા મટી જાય.

અધ્યાત્મશાસ્ત્ર એમ કહે છે કે - ગુરુદેવની નજર શિષ્ય પર પડે તો એના દોષો હટી જાય. શિષ્યનું જીવન ગુરુથી શરુ થાય છે અને ગુરુથી જ પુરું થાય છે. ગુરુ વિના બધું અધુરું છે.

વર્તમાનકાળમાં જીવતું જાગતું અને બોલતું તત્ત્વ ગુરુ છે.

દેવ-ગુરુ ધર્મ આ તત્ત્વત્રિવેણીમાં ગુરુનું સ્થાન મધ્યમાં છે. આ માટે દેહલી દીપક ન્યાયનું ઉદાહરણ અપાય છે. જેમ દીપકને ઉંબરા ઉપર મુક્યો હોય તો ઓરડામાં અને ઓસરીમાં પ્રકાશ રેલાય છે.

ગીતાર્થ ગુરુભગવંતોએ પોતાની આગવી સૂઝ સમજથી ઘણાં અટપટા પ્રસંગોને સરળતાથી ઉકેલી દીધા છે.

બુટ-બીડી તરીકે પ્રસિદ્ધ થયેલ પ્રસંગમાં દાદાના દરબારમાં બીડી પીવાની ગુસ્તાખી કરનાર પાલીતાણાના રાજાની સાન ઠેકાણે લાવવા શાસનસમ્રાટશ્રીએ લીધેલા પગલાં, આનું નેત્રદીપક ઉદાહરણ કહી શકાય.

કેટલીક્વાર તાત્કાલિક નિર્ણયો લેવાની જરૂર પડે છે. ત્યારે પણ ગીતાર્થ ગુરુભગવંતો તાત્કાલિક પગલાં લેવડાવી શાસનને અસાધારણ લાભ કરાવી આપતા હોય છે.

શેરિસાતીર્થની સ્થાપનાનો ઈતિહાસ જુઓ. શાસનસમ્રાટશ્રીએ તાત્કાલિક જગ્યા ભાડે લેવડાવી, પ્રતિમાજીઓને એમાં પધરાવી દેવાના નિર્ણયના કારણે જ શેરીસા તીર્થ બની શક્યું.

ગીતાર્થ ગુરુભગવંતો માત્ર આજને જ નહીં આવતી કાલને પણ નજરમાં રાખીને પગલાં લેતા હોય છે.

કદંબગિરિની જગ્યા ત્યાંના દરબારો ભેટ આપતા હતાં પણ શાસનસમ્રાટશ્રીએ રોકડ રકમના વેચાણથી જ લેવાનો આગ્રહ રાખ્યો. એના કારણે જે તે જગ્યાનો પાકો દસ્તાવેજ તીર્થની પેઢીને નામે થઈ શક્યો. આ શત્રુંજયની ટુંક સરીખું તીર્થ આપણા હાથમાં છે.

ગુરુવ્યક્તિ કરતાં ગુરુશક્તિ ઘણી વ્યાપક અને બલવત્તર હોય છે.

અર્જુનને ચિન્મય-જીવંત દ્રોણ ગુરુ મળેલા. એકલવ્યને મૃણ્મય-માટીના ગુરુ મળેલા.

પણ, પરિણામ વધુ એકલવ્યને મળ્યું તે જાણીતી વાત છે.

અહીં શિષ્ય તરીકે કેટલીક વાતો સમજવા જેવી છે.

એકલવ્યને જાણવા મળ્યું કે ધનુર્વિદ્યા માટે શ્રેષ્ઠ ગુરુ દ્રોણાચાર્ય છે. એણે મનથી નક્કી કર્યું કે દ્રોણાચાર્ય મારા ગુરુ.

દ્રોણાચાર્યે જ્યારે ધનુર્વિદ્યા શીખવવાની ના પાડી. માત્ર ક્ષત્રિય રાજકુમારોને જ એમની પાઠશાલામાં પ્રવેશ મળી શકે એમ કહી એકલવ્યને અયોગ્ય ગણ્યો. ના પાડી ભણાવવાની. છતાં એકલવ્યે પોતાના મનમાં દ્રોણાચાર્યની ગુરુ તરીકે પ્રતિષ્ઠા કરેલી તેમાં કશો ફેરફાર ન કર્યો. જીવંત ગુરુ નહીં તો એમની

સ્થાપના, એમની પ્રતિમા પાસે અધ્યયન કરીશ, પણ ગુરુ તો મારા દ્રોણ જ.

એકલવ્ય કોઈ કુશળ શિલ્પી ન હતો. એને બનાવેલું માટીનું પૂતળું દ્રોણને હુબહુ મળે એવું બન્યું હશે એવું પણ ન કહી શકાય. પણ એ માટીના પૂતળામાં એણે સાક્ષાત્ દ્રોણને ધારી લીધા.


અને સ્થાપના નિક્ષેપામાં પણ ભાવનિક્ષેપા જેવી શક્તિ હોય જ છે. જિનપ્રતિમા જિનસારિખી આ ઉક્તિ જાણીતી છે.

એકલવ્ય દ્રોણની પ્રતિમા દ્વારા જે ધનુર્વિદ્યાના પાઠો ભણ્યો તે, અર્જુન જીવંત દ્રોણ પાસેથી ન ભણી શક્યો.

અર્જુનને દ્રોણાચાર્ય પોતાનો પ્રિય શિષ્ય માનતા હતા. અને એમણે કહ્યું પણ ખરું કે તું મારો શ્રેષ્ઠ વિદ્યાર્થી છે.

જ્યારે એકલવ્યે કહ્યું મારા ગુરુ દ્રોણાચાર્ય છે. ત્યારે અર્જુન અકળાયેલો. દ્રોણાચાર્ય જોડે ઝગડો પણ કર્યો. આક્ષેપ પણ કર્યો કે તમે ખાનગીમાં એકલવ્યને ભણાવો છો! વગેરે...

અહીં અર્જુનના સમર્પણની ક્યાશ દેખાય છે.




જ્યારે એકલવ્યના આંગણે દ્રોણ આવ્યા ત્યારે એ પગમાં પડી ગયો. પોતે દ્રોણના જે પૂતળાથી ભણ્યો તે પૂતળું પણ બતાવ્યું.

દ્રોણાચાર્યે અંગૂઠો માંગ્યો તો કાપીને આપી દેતાં ક્ષણનો વિલંબ ન કર્યો.

એકલવ્ય એ ગુરુસમર્પણનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ગુરુભગવંત હયાત ન હોય તો પણ સમર્પિત શિષ્ય પામી જાય છે. ગુરુથી સવાયો પણ બની શકે છે.

એક વિદ્વાન્ આચાર્યશ્રીએ મને કહ્યું છે- હું જે ગ્રંથનો અભ્યાસ કરતો હોઉં તે ગ્રંથના ગ્રંથકારને માનસપટમાં લાવી એમને વંદન કરીને પછી ગ્રંથ વાંચુ છું.


રોજ એ ગ્રંથકારના નામની એક માળા ગણું છું. અને જ્યારે પણ કંઈ ન સમજાય એવો પાઠ આવે ત્યારે એ ગ્રંથકારશ્રીનું સ્મરણ કરું છું અને મોટાભાગે એ પાઠ સમજાઈ જાય છે.

આપણે ત્યાં સિદ્ધચક્રપૂજન વગેરેમાં ''અનન્તાનન્તગુરુપાદુકાભ્યો નમઃ'' એ મંત્રપૂર્વક ગુરુપાદુકાનું પૂજન કરવામાં આવે છે. આમાં ગુરુપાદુકામાં અનન્ત ગુરુભગવંતોની કલ્પના કરવામાં આવે છે. અને આમ ગણો તો આ ગુરુ તત્ત્વની ઉપાસના છે.

શ્રીનમસ્કાર મહામંત્રમાં પણ કોઈ વ્યક્તિનો ઉલ્લેખ નથી. એટલે 'નમો આયરિયાણં' નમો ઉવજ્ઝાયાણં' 'નમો લોએ સવ્વસાહૂણં' આ પદો પણ થ ગુરુતત્ત્વની ઉપાસનાના મંત્રો ગણી શકાય.

ગુરુતત્ત્વનો મહિમા અપરંપાર છે. આપણું સમર્પણ જેટલું વિશિષ્ટ, એટલો લાભ પણ વિશિષ્ટ મળે.ગુરુતત્ત્વની ઉપાસના દિલ દઈને કરીએ.

# गुरुशुश्रूषाफलं श्रुतज्ञानम्।



## મોહી લાગી લગન ગુરુ ચરનન કી.....

# શાસનસમ્રાટ્શ્રીના કલ્યાણકારી વચનામૃતો

વિ. ઈન્દ્રસેનસૂરિ

## "શબ્દમાં સમાય નહી, એવો તું મહાન, કેમ કરી ગાઉં ગુરુ, તારા ગુણગાન..."

ગુરુદેવના મુખેથી પરમ ગુરુની ઘણી વાતો ઘણીવાર સાંભળી...હા એક પરમવાક્ય કાયમ અવસરે અવસરે સારા પ્રસંગે શાસનસમ્રાટ્શ્રીને યાદ કરતાં બોલતા..."મને જો નેમિસૂરિ ના મળ્યાં હોત તો હું આ સ્થાને ન હોત" આટલું બોલતાં બોલતાં જ ચક્ષુના પ્રદેશોમાં આંસુની ભરતી આવી જતી, ગુરુનો પ્રેમ આંખની પાયલીમાંથી છલકાઈને બહાર આવી જતો.

કેટલા અહોભાગ્ય એમના કે દાદાની સાથે રહેવા મળ્યું, દાદાગુરુનો સાથ મળ્યો, માથે દાદાગુરુનો હાથ ફર્યો અને અમે પણ સદ્ભાગી કે જેના માથે દાદાનો હાથ ફર્યો એમનો જ હાથ અમારા માથે પણ ફર્યો. એમના મુખે જ્યારે જ્યારે પ્રસંગો સાંભળતા ત્યારે એ પ્રસંગો જાણે દૃશ્ય બનીને આંખોમાં રમતાં હોય એવી વિશિષ્ટ અનુભૂતિ થતી.

સિંહગર્જનાના સ્વામી ઘણા છે, પણ સિંહની શૂરવીરતાના સ્વામી એક જ છે!

તે છે શાસનસમ્રાટ્શ્રી...સાચું કહેવામાં ડર નહી અને જુઠ્ઠાનો પક્ષ નહી. અમારા પૂજ્ય ગુરુભગવંતના મુખેથી સાંભળેલ પૂજ્ય શાસનસમ્રાટ્શ્રીના હિતકારી કલ્યાણકારી વચનામૃતો.

પ્રસંગ ૧ : મહુવા ગામની વાત છે. જેઓના હૃદયમાં શાસનસમ્રાટ્ પૂજ્ય ગુરુભગવંતનો વાસ છે એવા બે ચાર શ્રાવકો બપોરના સમયે શાસનસમ્રાટ્શ્રી પાસે જઈ વંદન કરીને હાથ જોડીને બેઠા અને વિનંતિના શબ્દોમાં બોલ્યા...ગુરુદેવ! આપ સાધુઓને ભલે તેમના હિત માટે મારો છો, પણ આ રીતે મારશો તો સાધુઓ ભાગી જશે...ત્યારે શાસનસમ્રાટ્શ્રી વીરતાભર્યા શબ્દોમાં બોલ્યા...મારો વાસક્ષેપ જેના માથે પડ્યો છે તે સાધુ મૂર્ખ ન રહેવો જોઈએ, કાલે જતો હોય તો ભલે આજે જાય...પણ ભણવું તો પડશે. આ છે શાસનસમ્રાટ્શ્રીની શૂરવીરતા!

પ્રસંગ ૨ : હું (આચાર્ય વિ. મેરુપ્રભસૂરિજી મ.) અને દેવવિજયજી (આ. દેવસૂરિજી) અમે બંને બિકાનેર ઉદયપુર જેસલમેર જેવા દૂરના તીર્થોની ઘણું કષ્ટ વેઠીને યાત્રા કરેલ, તે સમયે શાસનસમ્રાટશ્રીએ જણાવેલ કે તમો યાત્રા કરવા નીકળ્યા છો, પણ તીર્થયાત્રા કરતા સંયમયાત્રાનું મહત્ત્વ વધારે છે. તીર્થયાત્રા ભલે કરો પણ સંયમયાત્રામાં ઢીલાશ ન આવવી જોઈએ. લાંબા વિહારમાં પણ પ્રતિક્રમણ જેવી આવશ્યક ક્રિયાઓ ઊભા ઊભા કરતાં...

આજ શાસનસમ્રાટશ્રીની દૂર રહેલ શિષ્યો પ્રત્યેની સંયમની કાળજી બતાવે છે.

પ્રસંગ ૩ : સાલ વિ.સં. ૧૯૯૨માં પ્રથમવાર મુનિ વલ્લભવિજયજી સાથે અમારા પૂજ્ય ગુરુદેવને (મેરુવિજયજીને) શાસનસમ્રાટ્શ્રીની આજ્ઞાથી ડભોઈ ચોમાસા માટે જ્યારે જવાનું થાય છે, ત્યારે






શાસનસમ્રાટ્શ્રીએ એક જ શિખામણ એવી આપી કે જેમાં ૧૦૦ શિખામણનો સમાવેશ થઈ જાય. તમો ચોમાસુ કરવા જઈ રહ્યાં છો... તો કોઈને ધર્મ પમાડશો તો મને આનંદ થશે, પણ અધર્મ નહિ પમાડો તો વિશેષ આનંદ થશે. અને જીવનમાં સોય જેવા કાર્ય થાય તો બહુ સારું પણ કાતર જેવા કાર્યો કદાપિ ન કરતાં. કોઈના મારગમાં ગુલાબ

SARASWATI

# સરસ્વતી દેવીના કૃપાયાત્ર

*Nemisuri*



પ્રભુવીરના વચનો બધાં, કરુણા જલે વરસાવતાં...

પાથરી ના શકો તો કાંઈ નહી પણ કંટક તો ક્યારેય ન પાથરતા... આ છે શાસનસમ્રાટ્શ્રીજીની શિખામણ.

શાસનસમ્રાટ્શ્રી કહેતા કે... ભૂખે મારું ભોંય સુવાડું, માથે પાડું ટાલ;
એમ કરતા નવિ ચૂકે તો, પછી કરી દઉં ન્યાલ.



''નમો નમઃ શ્રીગુરુ નેમિસૂરયે'' આ નામમંત્રથી કઠીન કાર્યો પણ સરળ બને છે, અધૂરા કાર્યો પૂરા થાય છે અને વિચારો નિર્મળતર બને છે. આ પ્રત્યક્ષ અનુભવની વાત છે.

વધારે કદાચ નહી બોલાય કે લખાય, પણ ફક્ત ચાર લાઈનમાં એમના ગુણોની માત્રામાં આંશિક સુવાસ ઉમેરવાનો એક નાનો પ્રયત્ન કર્યો છે...


શાસનસમ્રાટ્ બીરુદ તમારું, તપગચ્છના છો નાયક,
કદમ્બગિરિને શેરિસાદિ, અનેક તીર્થોદ્ધારક,
મહાજ્ઞાનીને બાળ બ્રહ્મચારી, સૂરિમંત્ર સમારાધક,
ગુરુવર શ્રી નેમિસૂરિજી ચરણે, ઈન્દ્ર કરે નિત વંદન.

આ વંદના ખાસ બધા સ્વીકારી એકવાર અવશ્ય બોલશો? તો આનંદ આવશે.

સરસ્વતીદેવીના કૃપાપાત્ર આચાર્ય કુલચંદ્રસૂરિ મહારાજને પૂજ્ય શાસનસમ્રાટ્શ્રીના સાર્ધશતાબ્દી જન્મ વર્ષે ગુરુતત્ત્વની વિભાવના અને પૂજ્યશ્રીના પ્રેરણાદાયક વિવિધ પ્રસંગો, ચિત્રો પ્રગટ્ કરવાનો ભાવ જાગ્યો તે ખરેખર અનુમોદનીય છે.

## ગુરુ આપણને સ્વાર્થમાંથી પરમાર્થ તરફ લઈ જાય છે.

ગુરુ પામરતાથી પરમાત્મા તરફ, વિભાવમાંથી સ્વભાવ તરફ,
રાગમાંથી વિરાગ તરફ, અશુદ્ધિથી શુદ્ધિ તરફ, અપૂર્ણતાથી પૂર્ણતા તરફ,
દુર્ભાવથી સદ્ભાવ તરફ, અંધકારમાથી
પ્રકાશ તરફ, મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વ તરફ, આત્મવિસ્મરણથી
સ્વરુપ સ્મરણ અને બંધનમાંથી મુક્તિ તરફ લઈ જવાનું
મહત્તમ કાર્ય '**ગુરુ સદ્ગુરુ**' જ કરી શકે છે.



# ડાંગે માર્યા પાણી છૂટા થાય નહિ

**આ. હેમચન્દ્રસાગરસૂરિજી**

એમ કહેવાય છે કે, મોટા તંત મૂકે નહિ. પરંતુ એ કહેવત રાજતંત્રમાં કદાચ સાચી લેખાતી હશે, ધર્મતંત્રમાં નહિ. ત્યાં તો કષાયની પૂંછડી આમળતો એ જ નિયમ કે **'કષાયમુક્તિ ખલુ મુક્તિરેવ...'** કષાયથી મુક્ત થવા તંત તો શું ગમે તેવો ખંત ખેડવો પડે એ મંજૂર છે.

શાસનસમ્રાટ્ પૂજ્ય નેમિસૂરીશ્વરજી મ. અને આગમ સમ્રાટ પૂ. આનંદસાગર સૂરીશ્વરજી મ. બંને દિલોજાન દોસ્ત! અને દોસ્તી હોય ત્યાં ખટમીઠી ઘટનાઓ ઘટતી જ હોય ને? તો જ ખટાશ અને મીઠાશની મજા...

આ બંને મહાપુરુષો સહાધ્યાયી હતાં. છાણી ગામમાં સ્થિરતા કરી વડોદરાના પંડિતજી રોજ ઘોડાગાડીમાં આવન જાવન કરે. અઘરા વિષયનો પાઠ લે અને બંને સાથે જ સ્વાધ્યાય ને પુનરાવર્તન કરે.



આગળ વધતાં બંનેનો શિષ્ય-પ્રશિષ્ય પરિવાર વધ્યો... અલગ-અલગ વિચરણ કરે...


એક સમયની વાત છે. એ સંવત હતી ઓગણીસો નેવુ (૧૯૯૦)ની... તે વખતે અમદાવાદમાં મુનિ સંમેલન યોજાએલું...લગભગ તમામ સમુદાયના પૂજ્યો અમદાવાદ પધારી રહ્યા હતાં.

પૂ.આ.શ્રીનેમિસૂરિ મ. ખુશાલ ભવન બિરાજમાન હતાં. અને પૂ.આ.શ્રીઆનંદસાગરસૂરિ મ. સુરતથી અમદાવાદ પધારી રહ્યા હતાં. પૂ. સાગરજી મ.નું કોઈ ક્ષેત્ર કે ઉપાશ્રય અમદાવાદ ખાતે હતો નહિ. એટલે ગમે તે ઉપાશ્રયમાં ઉતરવાનું રહેતું.

હવે આ બાજું આ બે દોસ્તારો વચ્ચે કોઈ બાબતને લઈ ઝીણી મડાંગાંઠ ઉભી થએલી. એથી બંને વચ્ચે રસીલા રિસામણા જેવું થએલું. જેથી બંને એકબીજા સાથે બોલે નહિ.


હવે, આટલું મોટું સંમેલન, બધા સમુદાયના બધા પૂજ્યો પધારવાના હતાં.


# नेमिसूरिः शरणं मम।
# नेमि गुरुः शरणं मम।।










જીવંત છો મારા હૃદયમાં
ઓ ગુરુ સારયે કહું...
દાદા તમે મારા તમે
રગરગ વસ્યા મનથી રહું...




ખુમારી–ખમીરી–ફકીરી સઘળી, નજરે નજરમાં નિરખું

પૂ.આ.શ્રીનેમિસૂરિ મ. ખુશાલ ભુવન બિરાજમાન હતાં. અને પૂ.આનંદસાગરસૂરિ મ. પણ અમદાવાદ પધારી રહ્યા હતાં. અમદાવાદ નજીક પધાર્યા ત્યારે સુશ્રાવક મોહનલાલ છોટાલાલ વંદનાર્થે ગયા. સુખશાતાદિ પૂછ્યા બાદ પૂ. સાગરજી મ.ને પૂછ્યું સાહેબજી! પધારો અમારા સંઘમાં...

મોહનભાઈ! હજી અમદાવાદ આવતાં બે દિવસ લાગશે. ક્યાં ઉતરવું

હજી નક્કી નથી...

'તો સાહેબ! પધારો ને અમારે ત્યાં જ.

'જેવી ક્ષેત્ર સ્પર્શના'.

બીજે દિ' પૂ. સાગરજી મહારાજે અમદાવાદમાં પ્રવેશ કર્યો અને પૂ.આ.શ્રીઉદયસૂરિ મ., પૂ.આ.શ્રીનન્દનસૂરિ મ. આદિ સાત ઠાણા સામે લેવા આવેલા. બધા ભેગા થયાં... મત્થએણ વંદામિ, સામ સામી-ઔપચારિક્તા નિભાવી પછી પૂ. ઉદયસૂરિ મ.જે કહ્યું, 'સાહેબ! પૂ. ગુરુદેવ નેમિસૂરિ મ.સાહેબે જ અમને મોકલ્યા છે ને કહેવડાવ્યું છે, 'અમદાવાદમાં આપે ખુશાલભુવન જ પધારવાનું છે. ગુરુદેવશ્રીએ અમને એ માટે મોકલ્યા છે.'

'બહું સરસ, હું ત્યાં જ આવું છું...'

પૂ. સાગરજી મ. પધાર્યા. પૂ. નેમિસૂરિ મહારાજે આવકાર આપ્યો. મળ્યા અને સાથેની જ પાટ પર બિરાજ્યા, પરંતુ બંને પૂજ્યો એકબીજાની સાથે બોલતા નથી...બોલવા માટેનું જાણે કોઈ બહાનું શોધી રહ્યા છે...

એવામાં પૂ. સાગરજી મહારાજે છીંકણીની ડબ્બી કાઢી. એમાંથી થોડી છીંકણી લીધી ને જોરથી બંને નાકે સુંઘી...ને વધી તે સંથારામાં પડી... સંથારો બગડેલો જોઈ પૂ. નેમિસૂરિ મ.ના એક બાલમુનિ પૂ. સાગરજી મ.ને ઉદ્દેશીને બોલ્યા, હં..કેવી છીંકણી સૂંઘે છે? કેટલી બધી વેરી...સંથારો ય બગડી ગયો...

બાલમુનિ આટલું બોલ્યા ને નેમિસૂરિ મહારાજ...પેલા મુનિને તમાચો મારતાં બોલ્યાં... 'એય ગાંડા બોલવામાં ભાન રાખ, કોને બોલે છે?'

ત્યાં પૂ. સાગરજી મ. બોલ્યા... અરે નેમિસૂરિજી! એ તો બાળક છે... એ તો બોલે, આમ નાનાને મરાતું હશે?

બસ, આ બહાને બંનેના અબોલા છૂટ્યા... પછી તો પાછા સગાભાઈની જેમ વર્ત્યા. આખા સંમેલનમાં બંને દોસ્તારોએ સાથે બેસી ભાગ લીધો અને જિનશાસનનો ડંકો વગાડ્યો.

# નૈષ્ઠિક બ્રહ્મચારી

**શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરિજી**

**પૂ. ડો. આચાર્ય શ્રીવિજયનંદિઘોષસૂરિજી (માનદ્ ડો. ઑફ લિટ્)**

પૂજ્ય શાસનસમ્રાટ્ આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજે સાધુ-જીવનમાં આરાધના અંગેના ઘણાં ગુણો આત્મસાત્ કર્યા હતા પરંતુ તેમાંના ફક્ત બે જ ગુણની અહીં વાત કરવી છે. એક તેમના નૈષ્ઠિક બ્રહ્મચર્યનો પ્રભાવ અને બીજા તેમના મૃષાવાદવિરમણ વ્રતનું અખંડ પાલન, અર્થાત્ સત્યસાધનાનો પ્રભાવ.

अक्खाणं रसना, कम्माणं मोहनीयं, महव्वयाणं बंभवयं।
गुत्तिसु मणगुत्ति, चउरो दुक्खेण जिप्पंति।।

આ ગાથામાં શાસ્ત્રકાર ભગવંતોએ ચાર ચીજને અત્યંત દુર્જેય બતાવી છે. ૧) ઈન્દ્રિયોમાં રસનેન્દ્રિય ૨) કર્મોમાં મોહનીય કર્મ ૩) વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત, અને ૪) ત્રણ ગુપ્તિમાં મનોગુપ્તિ. પાંચેય ઈન્દ્રિયમાં અત્યંત દુર્જેય ઈન્દ્રિય રસનેન્દ્રિય છે. જો રસનેન્દ્રિય જિતાય જાય તો બાકીની ચારેય ઈન્દ્રિય ઉપર વિજય મેળવવો સરળ બની જાય છે.

તે જ રીતે આઠ પ્રકારનાં કર્મોમાં મોહનીય કર્મ અત્યંત દુર્જેય છે. એક વખત મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થઈ જાય પછી કોઈપણ કર્મ ટકી શકે નહિ. મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય દશમા ગુણસ્થાનકે થાય એટલે તુરત તે જીવ બારમા ગુણસ્થાનકે આવી જાય અને માત્ર અંતર્મુહૂર્તમાં બીજાં ત્રણ ઘાતિકર્મ-જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનો ક્ષય થતાં જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને જીવ તેરમા ગુણસ્થાનકે આવી જાય છે અને આયુષ્ય કર્મ પૂર્ણ થવાની થોડી ક્ષણો પૂર્વ સુધી તેરમા ગુણસ્થાનકે રહે છે અને તે પછી ચૌદમા ગુણસ્થાનકે આવી નિર્વાણ પામે છે અને મોક્ષે જાય છે.

મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિમાં મનગુપ્તિ અત્યંત કઠિન છે. મનને સ્થિર કરવું અશક્ય નહિ પણ દુઃશક્ય તો છે જ.

તો પાંચ પ્રકારના મહાવ્રતોમાં ચોથું બ્રહ્મચર્ય વ્રત અત્યંત કઠિન છે. પરમ પૂજ્ય શાસનસમ્રાટશ્રીનું અનુશાસન તો કડક હતું જ. તેઓ કોઈની પણ શરમ રાખ્યા વગર શિષ્યોનું અનુશાસન કરતા હતા. મહાવ્રતોના પાલનમાં કોઈપણ જાતની કચાશને ચલાવી લેતા નહોતા. તેમની આજ્ઞા પ્રમાણે થવું જ જોઈએ અને કરવું જ પડે. ન કરે તો કડકમાં કડક શિક્ષા કરતા પણ તેઓ અચકાતા નહોતા. કોઈપણ શ્રાવક કે શ્રાવિકાને કારણ વગર ઉપાશ્રયે આવવાની સખત મનાઈ હતી. બ્રહ્મચર્ય વ્રતનું પાલન કઠિનતમ મનાય છે પરંતુ જે સાધુ-સાધ્વી પાસે જિનશાસન માટે કાંઈક વિશિષ્ટ કરી છૂટવાની ભાવના કે વિશિષ્ટ ધ્યેય હોય તેના માટે બ્રહ્મચર્યનું પાલન સરળ બની જાય છે.

ન યાવિ મોક્ખો, ગુરુ હીલણાએ।



આ. વિજય નંદનસૂરિ મ.સા.

ગુરુ ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક,
પાર ન તેથી પામીયો, ઉગ્યો અંશ ન વિવેક...

પૂ. શાસનસમ્રાટશ્રી માટે માત્ર બ્રહ્મચર્ય વ્રત જ નહિ પરંતુ પાંચે પાંચ મહાવ્રતોનું પાલન અત્યંત સરળ હતું અને તે તેમણે કરી બતાવ્યું હતું.

પૂજ્ય શાસનસમ્રાટ શ્રીનેમિસૂરિજી મહારાજે આવું અત્યંત કઠિન બ્રહ્મચર્ય વ્રતનું અણીશુદ્ધ પાલન કર્યું છે. અને તેથી તેમના નૈષ્ઠિક બ્રહ્મચર્યનું તેજ અપૂર્વ હતું. અને તેમના અવગ્રહ અર્થાત્ આભામંડળમાં કે દ્રષ્ટિમર્યાદામાં કોઈ પ્રવેશ કરી શકતા નહોતા. એટલું જ નહિ મિથ્યાદ્રષ્ટિ દેવો પણ એમના અવગ્રહમાં પ્રવેશ કરી શકતા નહોતા, એટલું જ નહિ તેઓ પૂજ્યશ્રીની દ્રષ્ટિમર્યાદાની બહાર જ રહેતા. શાસ્ત્રો પણ આ વાતનું સમર્થન કરે છે કે સમ્યગ્દ્રષ્ટિ દેવો મનુષ્ય- લોકમાં રહેલ વ્રતધારી સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાને વંદન કરીને જ સિંહાસન ઉપર બેસે છે. અને મિથ્યાદ્રષ્ટિ દેવો તેમનાથી દૂર રહે છે.

અમદાવાદમાં શાસનસમ્રાટશ્રી શેઠ હઠીસિંહની વાડીએ બિરાજમાન હતા અને અમુક સાધુ પાંજરાપોળ ઉપાશ્રયે બિરાજમાન હતા. ત્યારે એક દિવસ સાંજે પૂજ્ય શાસનસમ્રાટશ્રીએ પોતાની પાસે રહેલ સેવકને કોઈક કાર્ય માટે પત્ર લખી પાંજરાપોળ ઉપાશ્રયે મોકલ્યો. તે ત્યાંથી પત્ર આપી કાર્ય પતાવી, પત્રનો જવાબ લઈ પાછો શેઠ હઠીસિંહની વાડીએ આવવા નીકળ્યો, પરંતુ રસ્તામાં પેશાબ કરવાની ઈચ્છા થતાં ઘીકાંટા રોડ ઉપર એક અંધારા ખૂણામાં પેશાબ કરી લીધો. પેશાબ કરતાં તો કરી લીધો પરંતુ તે પછી તેની દશા કફોડી થઈ ગઈ. તે ત્યાં જ આજુબાજુ ભ્રમિત અવસ્થામાં રખડવા લાગ્યો અને શેઠ હઠીસિંહની વાડીએ પહોંચ્યો નહિ. તેથી પૂજ્યશ્રીએ તેની તપાસ કરવા બે-ત્રણ શ્રાવકો મોકલ્યા. તેઓએ જોયું કે આ માણસ અહીં ભ્રમિત અવસ્થામાં આમ તેમ ફરે છે. તેને તેઓએ સમજાવી શેઠ હઠીસિંહની વાડીએ લાવવા પ્રયત્ન કર્યો પરંતુ તે કોઈપણ પ્રયત્ને આવવા તૈયાર ન જ થયો. શ્રાવકો પણ ગભરાઈ ગયા. અને શ્રાવકોએ આવીને પૂજ્યશ્રીને જણાવ્યું. પૂજ્યશ્રી વિચક્ષણ અને જ્ઞાની હતા. તેઓને ખ્યાલ આવી ગયો કે શું થયું હશે. પૂજ્યશ્રીએ શ્રાવકોને કહ્યું કે તમે કોઈપણ હિસાબે તેને મારી પાસે લઈ આવો. બીજું કશું જ કરવાની જરૂર નથી. એમાં એવું બન્યું હતું કે તે માણસે અંધારામાં જે જગ્યાએ પેશાબ કર્યો હતો તે સ્થળે કોઈકની કબર, દરગાહ હતી અને તેણે બરાબર તેના ઉપર જ પેશાબ કરેલ અને તેથી તે મિથ્યાદ્રષ્ટિ દેવ તેને વળગ્યો હતો. અને તેનું ચિત્ત ભ્રમિત કરી દીધું હતું. તે પછી શ્રાવકોએ બળજબરીપૂર્વક પૂજ્ય શાસનસમ્રાટશ્રી પાસે લાવ્યા અને પૂજ્યશ્રીની દ્રષ્ટિ તેની ઉપર પડતાં જ તેના શરીરમાં પ્રવેશેલ પ્રેતાત્મા બોલવા લાગ્યો કે આ મહાપુરુષનું તેજ મારાથી સહન થતું નથી. હું જાઉં છું. આ રીતે માત્ર પૂજ્યશ્રીની દ્રષ્ટિ પડતાંની સાથે જ તે મનુષ્ય પ્રેતાત્મામુક્ત થઈ ગયો.

પૂજ્યશ્રીના આ પ્રકારના પ્રભાવની વાત કદાચ કોઈને અતિશયોક્તિ લાગે પરંતુ મેં પૂજ્ય શાસનસમ્રાટશ્રીના નામનો અને તેમના જેવા જ બાળબ્રહ્મચારી તેમની પરંપરામાં થયેલ અમારા ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીવિજયસૂર્યોદયસૂરિજી મહારાજનો વિ.સં. ૨૦૫૫માં પ્રત્યક્ષ અનુભવ કર્યો છે અને તે આચાર્ય ભગવંતના નામ માત્રથી અને તે પ્રેતાત્માયુક્ત વ્યક્તિ ચાલ્યો ગયો નવરંગપુરા જૈન ઉપાશ્રયથી નીકળ્યાં તે સાથે જ તે વ્યક્તિમાં પ્રવેશેલ પ્રેતાત્મા બોલવા લાગ્યો કે આચાર્ય સૂર્યોદયસૂરિ આવે છે, હું જાઉં છું. અને જ્યારે સૂર્યોદયસૂરિજીથી તે વ્યક્તિ પ્રેતાત્મામુક્ત થઈ ગયો અને સ્વસ્થ થઈ ગયો. તેથી પૂજ્ય શાસનસમ્રાટશ્રીના જીવનની આ ઘટનાને કાલ્પનિક માનવી નહિ.

આ હતો પૂજ્ય શાસનસમ્રાટશ્રીના વિશુદ્ધ નૈષ્ઠિક બ્રહ્મચર્યનો પ્રભાવ!!!

જે પ્રમાણે બ્રહ્મચર્ય વ્રત પાળવું કઠિન છે, તે જ રીતે મૃષાવાદવિરમણ વ્રત પણ પાળવું કઠિન છે. મારી દ્રષ્ટિએ આજના કાળમાં મૃષાવાદવિરમણ વ્રતનું સંપૂર્ણ અને અખંડ પાલન ખરેખર દુષ્કર છે. તેનું કારણ એ છે કે આપણો સ્વભાવ જ અસત્ય બોલવાનો થઈ ગયો છે. આપણે ડગલે ને પગલે અસત્ય બોલીએ છીએ અને તેનું આપણને ભાન સુદ્ધાં હોતું નથી. સત્ય બોલવું હોય તો પુરુષાર્થ કરવો પડે છે, પ્રયત્ન કરવો પડે છે. વળી જ્યાં અસત્ય હોય ત્યાં માયા, કૂડ, કપટ પ્રપંચ તથા દંભ હોય જ. જ્યાં માયા, કૂડ, કપટ, પ્રપંચ અને દંભ હોય ત્યાં નિશ્ચયનયની અપેક્ષાએ અવશ્ય મિથ્યાત્વ હોય જ. આજકાલ સાધુઓ પોતાનો પ્રભાવ વધારવા કે દર્શાવવા ધર્મમાં માયા કરે છે અને તેના સમર્થનમાં યાકિનીમહત્તરાસૂનુ આચાર્ય ભગવંત શ્રીહરિભદ્રસૂરિજીનો સંદર્ભ આપતાં કહે છે ''**धर्मे माया, न माया.**'' પણ શ્રીહરિભદ્રસૂરિજી મહારાજે પ્રવ્રજ્યાની માતા-પિતા તરફથી સંમતિ ન મળે ત્યારે તે મેળવવા માટે છેલ્લા ઉપાય તરીકે માયા કરવાનું કહ્યું છે, નહિ કે પોતાનો પ્રભાવ વધારવા કે દર્શાવવા. ઓગણીસમા તીર્થંકર શ્રીમલ્લિનાથ પ્રભુના જીવે પૂર્વભવમાં અન્ય મિત્રો કરતાં વધુ તપ કરવા માટે માયા કરી તો પણ તેમને સ્ત્રીવેદનો બંધ થયો અને સ્ત્રીવેદ મિથ્યાત્વ ગુણસ્થાનકે જ બંધાય છે. જો તીર્થંકરના જીવને પણ માયા કરવાથી મિથ્યાત્વનો ઉદય થતો હોય તો




આપણું શું થાય?

પૂજ્ય શાસનસમ્રાટશ્રીએ દીક્ષા પૂર્વે પ્રવજ્યા લેવા માટે રૂપિયાની ચોરી પણ કરી હતી અને તે રીતે કદાચ અસત્ય પણ બોલ્યા હશે પરંતુ દીક્ષા લીધા પછી તેઓ ક્યારે પણ અસત્ય બોલ્યા નથી. સાધુક્રિયાના સૂત્રોમાં પક્ખીસૂત્રમાં બીજા આલાપકમાં અસત્ય બોલવાના ચાર મૂળ કારણ બતાવ્યા છે. કોઈપણ મનુષ્ય ક્રોધથી અસત્ય બોલે, લોભથી અસત્ય બોલે, ભયથી, ડરના કારણે અસત્ય બોલે અને કદાચ મજાક-મશ્કરીમાં અસત્ય બોલે. (કોહા વા, લોહા વા, ભયા વા, હાસા વા). અસત્ય બોલવાના આ ચાર નિમિત્તમાં સમગ્ર વિશ્વના બધા જ નિમિત્તોનો સમાવેશ થઈ જાય છે. પૂજ્ય શાસનસમ્રાટશ્રીએ મૃષાવાદવિરમણ વ્રતનું ચુસ્ત, અખંડ અને સંપૂર્ણ પાલન કર્યું છે.

પૂજ્ય શાસનસમ્રાટશ્રી પહેલેથી જ નીડર અને સ્પષ્ટ વક્તા હતા. તેઓ કોઈની પણ શેહશરમમાં આવ્યા વગર જેવું હોય તેવું તુરત કહી દેતા હતા. સાથે સાથે સત્ય પણ પ્રિય અને સ્વ-પર ઉભયને હિતકારી હોય તેવું જ બોલતા હતા. તેઓએ ક્યારેય પોતાનું મહત્ત્વ કે પ્રભાવ વધારવા કે દર્શાવવા મૃષાવાદ કે માયા, કૂડ, કપટ, પ્રપંચ કે દંભનો આશ્રય લીધો નથી. તેઓના હૈયે જેવું હોય તે જ વાણી દ્વારા પ્રગટ થાય અને તે પ્રમાણે જ કાર્ય કરતા. પોતાનો પ્રભાવ વધારવા કે સામી વ્યક્તિને આંજી નાખવા માટે પણ વાતને વધારીને કે મીઠું-મરચું ભભરાવીને વાત કરી નથી. પૂજ્યશ્રીના અંગે અંગે સાત્ત્વિકતા ભરી હતી અને અંગે અંગમાંથી સાત્ત્વિકતા પ્રગટતી હતી. તે સાત્ત્વિકતાના કારણે જ રાજા-મહારાજા પણ તેમને નમસ્કાર કરતા હતા. એટલું જ નહિ, કોઈપણ રાજ્યના રાજા-મહારાજાને તેઓએ પોતાને મળવા બોલાવ્યા નથી. ગોંડલ સ્ટેટ, લીમડી સ્ટેટ, વલભીપુર સ્ટેટ કે ભાવનગર સ્ટેટના મહારાજા પોતે જ સામેથી મળવા અને વંદન કરવા આવતા હતા. અને પૂજ્યશ્રીને પોતાના ગુરુ અર્થાત્ Friend, Philosopher and guide તરીકે સ્વીકારતા. આ તેઓનું પ્રચંડ પુણ્ય હતું.

આધ્યાત્મિક પરંપરામાં કહેવાય છે કે કોઈપણ પ્રકારની સિદ્ધિ મેળવવી હોય તો સળંગ બાર વર્ષ સુધી જે તે પ્રકારની અખંડ સાધના કરવી જોઈએ. તે જ સિદ્ધાંત પ્રમાણે કોઈપણ વ્યક્તિ સળંગ બાર વર્ષ સુધી ઉપર બતાવેલાં ચારે પ્રકારનાં નિમિત્તો અર્થાત્, ક્રોધ, લોભ,



ભય અને હાસ્ય અર્થાત્ મજાક-મશ્કરીનાં કારણો મળવા છતાં કોઈપણ પ્રકારે, જાગતાં કે ઉંઘતા અર્થાત્ સ્વપ્નમાં પણ અસત્ય બોલતો નથી, તેને વચનસિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેનું કારણ એ છે કે સળંગ બાર વર્ષ સુધી સત્યની સાધના કરતાં કરતાં સત્ય બોલવું તે જ તેનો સ્વભાવ થઈ જાય છે. અત્યારે આપણા જેવા સામાન્ય મનુષ્ય માટે અસત્ય બોલવું તે સ્વભાવ થઈ ગયો છે.

પૂજ્ય શાસનસમ્રાટશ્રીએ જીવનભર સત્યની સાધના કરી હતી. પરિણામે સત્ય તે તેમનો સ્વભાવ થઈ ગયો હતો. તેથી આ પ્રકારના મહાપુરુષોના મુખે ભાવિમાં જે થવાનું હોય તે પ્રમાણે જ વચન નીકળે છે. તેઓની સાત્ત્વિકતાનો પ્રભાવ એવો કે કદાચ સામેવાળી વ્યક્તિના ભાગ્યમાં એ પ્રમાણે ન લખ્યું હોય તો પણ જો તેમના મુખેથી તે અંગેના આશીર્વાદના શબ્દો નીકળી જાય તો વિધાતા પણ તેનો મલાજો રાખી તે પ્રમાણે તેનું કાર્ય કરી આપતા. તિર્યંચ જીવો અર્થાત્ પશુ-પક્ષી પણ તેમની આજ્ઞાનું પાલન કરતા.

એક વાર પૂજ્ય શાસનસમ્રાટશ્રી ખડોળ, ફેદરા તરફના વિહારમાં હતા. આર્દ્રા નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ થવાના થોડાક જ દિવસ બાકી હતા અને વરસાદ ચાલુ થઈ ગયો હતો. અને પૂજ્યશ્રીએ એક ખેતરમાં તંબુ બંધાવી રાત્રિનિવાસ કર્યો. ત્યાં વીંછીનો સખત ઉપદ્રવ હતો તો પૂજ્યશ્રીએ તંબુની આસપાસ માટીની પાળી કરાવી દીધી. અને સૌ સાધુને સૂચના કરી કે કોઈકે રાત્રે આ પાળીની બહાર જવું નહિ, પરંતુ એક સાધુ રાત્રે લઘુશંકા કરવા તંબુ બહાર નીકળ્યો અને માટીની પાળી ઓળંગી તે સાથે જ વીંછીએ ડંખ દીધો. સાધુએ ચીસ પાડતાં પૂજ્યશ્રી જાગી ગયા અને જોયું તો માટીની પાળીની બહાર ઘણાં બધા વીંછી ફરતા હતા પરંતુ એકેય વીંછી અંદર આવ્યો નહોતો. તો બીજી તરફ રાત્રે વરસાદ પડ્યો અને બહારના ભાગમાં ચારે બાજુ પાણી પાણી થઈ ગયેલ પરંતુ તંબુમાં પાણી આવ્યું નહોતું.


મુંબઈ શહેરમાં માણેકલાલ ચુનીલાલ જે.પી.નું નામ બહુ પ્રસિદ્ધ હતું. હમણાં જ પૂજ્ય શાસનસમ્રાટશ્રીના સમુદાયના વડીલ ગચ્છનાયક નવપદતપોનિધિ આચાર્ય શ્રીવિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે ''**दानं प्रियवाक्सहितं**'' વાક્યના ઉદાહરણમાં શ્રી માણેકલાલ ચુનીલાલ જે.પી.ને યાદ કર્યા હતા. એ માણેકલાલ ચુનીલાલ જે.પી.ની પાસે કોઈપણ મદદ માટે આવે તો એની જે માંગણી કે



# હે ગુરુવર તમે ક્યા છો ?

જ્યારથી આપને જોયાં છે, પાપ અમારા ધોયાં છે,

તુજ કરુણામાં ન્હાયા છે, નેમિસૂરિ ગુરુરાયા છે



અપેક્ષા હોય તેનાં કરતાં વધુ આપતા અને સાથે સાથે કહેતા પણ ખરા કે તારી સ્થિતિ બરાબર ન થાય ત્યાં સુધી, જ્યારે જરૂર પડે ત્યારે આવી જજે. આ રીતે પ્રિય બોલીને દાન આપતા હતા. તે માણેકલાલ ચુનીલાલની શરૂઆતની જિંદગીમાં તેઓ અમદાવાદમાં કાપડની ફેરી કરતા હતા. અને અમદાવાદમાં ઘર પણ ન હોવાથી, કાપડની ફેરી કરી સાંજે પૂજ્ય શાસનસમ્રાટશ્રીએ પાંજરાપોળમાં શરૂ કરાવેલ ભોજનશાળામાં જમી લેતા અને પ્રતિક્રમણ આદિ આવશ્યક ક્રિયા કરી રાત્રે પૂજ્ય શાસનસમ્રાટશ્રીની ભક્તિ કરી ઉપાશ્રયમાં જ સુઈ જતા અને ભક્તિ કરતાં કરતાં પૂજ્યશ્રીને વિનંતિ કરતા કે સાહેબ! ''આશીર્વાદ આપો'' અને પૂજ્યશ્રી પણ સમજતા કે આશીર્વાદ એટલે શું? પૂજ્યશ્રી કોઈ જવાબ આપતા નહોતા. પરંતુ એક દિવસ વહેલી સવારે ખુદ શાસનસમ્રાટશ્રી જ્યાં માણેલાલ સુતા હતા, ત્યાં જઈ કહ્યું : ''એ માણેકલાલ! ઊઠ, અત્યારે ને અત્યારે જે ગાડી મળે તેમાં તું મુંબઈ જા.'' માણેકલાલ કહે ''પણ સાહેબ! મારી પાસે તો ભાડાના ય પૈસા નથી.'' ત્યારે પૂજ્ય શાસનસમ્રાટશ્રીએ બાજુના શ્રાવકના ઘરેથી થોડા રૂપિયા એટલે કે તે જમાનાના ચાંદીના થોડાક સિક્કા અપાવ્યા અને તે લઈ માણેકલાલ મુંબઈ ગયા અને ત્યાં તેમનો ભાગ્યોદય થયો અને ઘણું ધન મેળવ્યું. આ માણેકલાલ ચુનીલાલ જે.પી.એ સારાભાઈ મણિલાલ નવાબના ઘણા પુસ્તકોમાં આર્થિક સહયોગ આપી જ્ઞાનપ્રકાશન કરાવ્યું છે.

આ રીતે પૂજ્ય શાસનસમ્રાટ શ્રી વચનસિદ્ધ મહાપુરુષ હતા.

થોડા વખત પહેલાં મને એક સજ્જન શ્રાવકે પોતાના દિલની વ્યથા-પીડા રજૂ કરતા કહ્યું કે ''સાહેબ! અત્યારે આ શાસનદેવ અને શાસનદેવી ક્યાં છુપાઈ ગયાં છે? કેમ કોઈ સહાય કરવા આવતા નથી? શાસન અને તીર્થના ઘણા ઘણા પ્રશ્નો છે, તેના ઉકેલ માટે શ્રીસંઘમાં ઘણા ઘણા આચાર્ય ભગવંતોની પ્રેરણાથી સામૂહિક તપ અને જપના સંખ્યાબંધ અનુષ્ઠાનો થાય છે અને તેમ છતાં શાસન અને તીર્થરક્ષા લગતા આ પ્રશ્નોના કેમ કોઈ ઉકેલ આવતા નથી? ત્યારે પ્રશ્ન એ થાય છે કે શાસનની ઉન્નતિ માટે કે તીર્થોના ઉદ્ધાર કે રક્ષા માટે જે પ્રયત્નો કરવામાં આવે છે તે કેમ સફળ થતા નથી?

તેના જવાબમાં એમ કહી શકાય કે ઘણા ઘણા આચાર્ય દ્વારા ઘણા ઘણા પ્રયત્નો થયા છે અને થાય છે, તેમ છતાં તેમાં નિઃસ્વાર્થવૃત્તિનો અભાવ જોવા મળે તો અને પોતાને યશ, ખ્યાતિ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય ત્યાં કોઈપણ પ્રકારના પ્રયત્નોમાં અધિષ્ઠાયક દેવ-દેવી સહાય કરતા નથી. પૂજ્ય શાસનસમ્રાટશ્રીમાં આ પ્રકારની સ્વાર્થવૃતિ કે યશ-પ્રસિદ્ધિ મેળવવાની વૃત્તિનો સદંતર અભાવ હતો અને તે જ કારણે અધિષ્ઠાયક દેવ-દેવી અદશ્યપણે તેને સહાય કરતા હતા. અંતમાં

પૂજ્યશ્રીને વંદન કરી વિરમું છું.




# શાસનસમ્રાટશ્રીની પ્રભાવકતા ગઈકાલે અને આજે

આચાર્ય વિજયરાજહંસસૂરિ

અમે અમદાવાદ શ્રીવાસણા જૈન સંઘમાં શ્રીસિદ્ધચક્ર ભગવંતની ચૈત્રી ઓળીની આરાધના કરાવી રહ્યાં હતા. સાંજે પ્રતિક્રમણ પહેલા ૮૦ આસપાસની ઉંમરના એક શ્રાવક આવ્યા. આવીને મને કહે! મહારાજ સાહેબ! હું ભાભરનો છું. અમે સાવ નાના હતા ત્યારે પૂજ્ય શાસનસમ્રાટ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ, અમદાવાદ-પાંજરાપોળમાં 'શ્રીનેમિસૂરિ જ્ઞાનશાળામાં બિરાજમાન હોય. ત્યાં એમના વ્યાખ્યાન ચાલતા હોય ત્યારે ભાભરથી એક વડીલ એમના વ્યાખ્યાન સાંભળવા અમદાવાદ જતા, વ્યાખ્યાન સાંભળીને આવ્યા પછી અમને કહેતા.




"અલ્યાં છોકરાં! શું એમનું વ્યાખ્યાન! શું એમનો પ્રભાવ! મોટા-મોટા શેઠિયાઓ, પાઘડી અને ખેસ પહેરીને એમના વ્યાખ્યાન સાંભળવા આવે, એવું તત્ત્વજ્ઞાન સભર વ્યાખ્યાન પણ એકદમ સરળ શૈલીમાં સમજાવે કે સહુને લસલસતા શીરાની જેમ વાત ગળે ઉતરી જાય. વ્યાખ્યાનમાં એમનો અવાજ ગાજતો હોય, પોળના નાકા સુધી એમના અવાજના પડઘા પડે."

જે સમયે સાધન-સગવડ બહુ અલ્પ હતા ત્યારે નાનકડા ગામ ભાભરથી વ્યાખ્યાન સાંભળવા શ્રાવક અમદાવાદ આવે, આ એમની પ્રવચન પ્રભાવકતા.

બીજે દિવસે ફરી એ જ શ્રાવક બાબુભાઈ મણિયાર મારી પાસે આવીને ઊભા-ઊભા જ બોલ્યા-સાહેબ। એ સમયે બે મહાપુરુષ બહુ જ પ્રભાવક હતા. એક પૂજ્ય શ્રીસિદ્ધિસૂરીશ્વરજી

મહારાજ (બાપજી મ.) અને બીજા પૂજ્ય શાસનસમ્રાટ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ-અંજનશલાકા પ્રતિષ્ઠા સમયે બૃહદ્ નંદ્યાવર્તપૂજનમાં હોમ કરવાનો હોય ત્યારે એમના વાસક્ષેપથી અગ્નિ પ્રગટતો, એમને અગ્નિ લાવવાની જરૂર ન પડે.

આજે આટલા વરસ પછી પણ એમનો પ્રભાવ લોકજીભે ગવાય છે. મોટા પ્રસંગોએ એક વાવ કે કૂવાનું પાણી હજારો માણસોને પૂરું પડતું એ અનેક પ્રસંગોમાં અનુભવેલી ઘટના છે. કદંબગિરિજીની અંજનશલાકા-પ્રતિષ્ઠા સમયે દેવોને અર્પણ કરાવેલ શ્રીફળના અર્ધા કાચલાં પાછા આવ્યાં છે. અર્ધા કાચલા દેવોએ અધ્ધરથી ઝીલી લીધાં છે.

ગત વર્ષે અમે વિહારમાં સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના નાના-નાના ગામોમાં વિચર્યા હતાં. દરિયાકાંઠાને અડીને આવેલું ગામ ઝાંઝમેર અને મેથલાં ઝાંઝમેરમાં ૧૫૦ વર્ષ પ્રાચીન શ્રી-પાર્શ્વનાથ પરમાત્માનું સુંદર મઝાનું જિનાલય છે. ત્યાં એક કોળીભાઈ અમારી પાસે આવ્યાં. એમને લોકો ભગત કહેતા. મેં પૂછ્યું તમને ભગત કેમ કહે છે? એમણે કહ્યું ગુરુજી! ભગત તો અમારા દાદા કહેવાતા. ભગતના દીકરા એટલે અમને પણ ભગત કહે. અમારા ગામમાં કાળી દાઢીવાળા એક મહારાજ સાહેબ પધાર્યા હતાં. એમણે માછીમારોની જાળ છોડાવી હતી. ત્યારે અમારા દાદા એમની પાસે જતા. એમના આશીર્વાદ આજે પણ અમારી ઉપર છે. ત્યારથી દાદા ભગત કહેવાયા. અમે મેથળા ગામમાં ગયા. ત્યાં એક સ્થાનિક ભાઈ ગોચરી વહોરવા પધારવા વિનંતી કરવા આવ્યા. તેમની સાથે વાત નીકળતા એમણે પોતાના વડીલ સાથે બનેલી ઘટના વર્ણવી.

પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રી સપરિવાર આ ગામમાં પધાર્યા હતા, ત્યારે એમને ઘરે પગલા કરવા વિનંતી કરી. પૂજ્યશ્રી ઘરે પધાર્યા. સહુ રાજીના રેડ થઈ ગયા. આ બાજુના ગામોમાં સ્થાનિક લોકોમાં આજે પણ સાધુ-સંત પ્રત્યે એવા ભાવ છે કે કોઈપણ સાધુ-સંત એમના આંગણે પગલા કરે તો ગાંડા-ઘેલા થઈ જાય. પૂજ્યશ્રીએ એમના ઘરેથી તાજી-મોળી વલોણાની છાશ વહોરી. તે દિવસથી એ ભાઈના કહેવા મુજબ એમના ઘરે દૂધ-દહી-છાશ-ઘીની રેલમછેલ થઈ ગઈ. આવા તો ઘેર-ઘેર અનેક પ્રસંગો બન્યા છે. ઝવેરચંદ મેઘાણીએ જેમ ગામડે-ગામડે ફરીને એક-એક પત્થરના પાળિયાનો ઈતિહાસ શોધી કાઢ્યો અને 'સૌરાષ્ટ્રની રસધાર' અને 'સોરઠી બહારવટિયા'ના અનેક ભાગો ગુજરાતી સાહિત્યને મળ્યાં તેવી રીતે તેમજ ભાવનગર જિલ્લાના ગામડે-ગામડે અને ખોરડે-ખોરડેથી શાસનસમ્રાટશ્રીના અનેક પ્રસંગો પ્રાપ્ત થાય.


મુંબઈના એક પરામાં પ્રતિષ્ઠિત શ્રાવકનું ઘર. એકના એક દીકરાની બન્ને કિડની ફેઈલ થઈ ગઈ. પરિવાર મૂંઝવણમાં મુકાઈ ગયો. તાત્કાલિક બીજી કિડની મળે નહિ. પિતાજી કિડની આપવા તૈયાર થયાં. પણ કિડની મેચ થાય નહિ. જીવન-મરણનો સવાલ ઉપસ્થિત થયો. પરિવાર આખો ચિંતામાં મુકાઈ ગયો. શું કરવું? કંઈ સૂંઝતું નથી. શ્રાવિકાને એક સાધ્વીજી ભગવંત મળ્યા. એમણે કહ્યું-'નમો નમઃ શ્રીગુરુ નેમિસૂરયે' નો જાપ શરુ કરો. ઘરના દરેક સભ્યોએ શ્રદ્ધાપૂર્વક જાપ શરુ કર્યો. એક-બે અને ત્રીજા દિવસનો જાપ ચાલુ હતો અને માતાને વિચાર આવ્યો મારી કિડની મેચ થાય કે નહિ? તપાસ કરાવી. માતાની કિડની મેચ થઈ ગઈ. ઓપરેશન નક્કી થયું. સારી રીતે ઓપરેશન થઈ ગયું. માતાની કિડની પુત્રમાં ટ્રાન્સપ્લાન્ટ થઈ ગઈ. આજે એ પુત્ર એકદમ સ્વસ્થતાથી જીવન જીવી રહ્યો છે. સમગ્ર પરિવારની શ્રી નેમિસૂરીશ્વરજી મ. ઉપરની શ્રધ્ધા દ્રઢ થઈ ગઈ. સમસ્ત પરિવારને લઈને મહુવા પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીની સમાધિભૂમિના દર્શન કરીને હર્ષ વિભોર બન્યાં.

અમદાવાદ પ્રેરણાતીર્થમાં ભાવનગરના એક શ્રાવક રહે. એમના ઘરે પૂજ્યપાદ શાસનસમ્રાટ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજની એક ગુરુમૂર્તિ-આરસની લગભગ ૧૩ ઈંચની પધરાવી. રોજ દર્શન કરે, સ્તુતિ કરે. ધૂપ-દીપ કરે અને **'નમો નમઃ શ્રીગુરુનેમિસૂરયે'** નો જાપ કરે. નાનકડી દીવડીમાં દીપક પ્રગટાવીને જાપ કરવા બેસે ત્યારે એ દીવાની જ્યોત એકદમ મોટી થઈ જાય. એજ દીવો બીજે પ્રગટાવે તો જ્યોત નાની હોય. આ પૂજ્યશ્રીનો પ્રગટ પ્રભાવ ઠેર-ઠેર અનેક પ્રકારે જોવાં મળે છે.

કોઠ (ગાંગડ) વિહારનું નાનકડું ગામ. મૂળનાયક શ્રીઆદીશ્વર પરમાત્માનું ત્રિશિખરીય ભવ્ય જિનાલય. સાધુ-સાધ્વીજીના બે સ્વતંત્ર ઉપાશ્રય. પાંજરાપોળ ચાલે. શ્રાવકોના ભાવિક ઘરો વર્તમાન સમુદાયના વડીલ પરમપૂજ્ય આચાર્ય શ્રીવિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજની દીક્ષાભૂમિ. પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રી વિહાર કરતાં-કરતાં કોઠ (ગાંગડ) પધાર્યા. ઉપાશ્રયનો મુખ્ય દરવાજો નાનો, વાંકા વળીને જવું પડે તેવો. પૂજ્યશ્રીએ ગામના આગેવાન શ્રાવકોને ભેગા કરીને ફરમાવ્યું- આ નાનકડો દરવાજો ન ચાલે. મોટો જોઈએ. મહાજને તરતજ પૂજ્યશ્રીની આજ્ઞા મુજબ દરવાજો મોટો કર્યો, જે આજે પણ છે. તે દિવસથી ગામમા જાહોજલાલી થઈ. પૂજ્યશ્રીના જ્યાં-જ્યાં પગલાં થયા ત્યાં-ત્યાં ધર્મના અને ધનના ઢગલાં થયાં.



પૂ. ઉદયસૂરિ દાદા



# मा भूद् गुरोर्वचनायासः।

‘‘કરુણા કીધી આટલી
ત્યાં હરખ તણો નહિ પાર,
આશિષ દેશો એટલા તો
સિદ્ધપદને શી વાર !’’

મુનિ ચંદ્રોદયવિજય મ.સા.
(વિ.સં. ૨૦૦૩)

# નિતાંત હિતાર્થી હિતકામી, હિતકારી ગુરુચેતના

– આ. શ્રીયશોવિજયસૂરિ
(પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાય)





અકલ્પ્ય ઝડપ ભલે ને હોય, પણ જો સાચી દિશા નથી તો માણસને ઈચ્છિત સ્થાન મળી શકે કે માણસ મંઝિલે પહોંચી શકે તેવી કોઈ શક્યતા નથી.

ગુલાબ ભલે ને હજારો હોય, પણ જો તે સાચા નથી. તો ઈપ્સિત સુવાસ મળવી અશક્ય છે.

નોટો ભલે ને પારાવાર હોય, પણ જો તેના ઉપર ગવર્નરની સાચી સહી નથી તો ઈષ્ટ સંપત્તિ મળે તેવી કોઈ શક્યતા નથી. મતલબ?

ઈચ્છિત સ્થાન મેળવવામાં નિર્ણાયક જો સાચી દિશા છે.

ઈપ્સિત સુવાસ મેળવવામાં નિશ્ચાયક જો પુષ્પની સત્યતા છે.

ઈષ્ટસંપત્તિ પ્રાપ્ત કરવામાં નિયામક જો ગવર્નરની સાચી સહી છે, તો

સાધના જીવનમાં ઈચ્છિત સ્થાન મેળવવામાં,

સંયમ જીવનમાં ઈપ્સિત સુવાસ મેળવવામાં,

સમર્પિત જીવનમાં ઈષ્ટ સંપત્તિ સંપ્રાપ્ત કરવામાં નિર્ણાયક કહો કે નિશ્ચાયક કહો કે નિયામક કહો એ છે સદ્ગુરુ!

કૃત્યો ખરાબ છે, છતાં સમાજમાં પ્રતિષ્ઠિત થવું છે? તો સંપત્તિ આપો.

બેઈમાન છો, છતાં ઈમાનદારી ઈમેજ ઊભી કરવી છે? તો સંપત્તિ વહેંચો.

યાને આ સંસારમાં સંપત્તિની બોલબાલા છે. પરંતુ સંયમમાં સદ્‌ગુરુ પ્રત્યેના સમર્પણની બોલબાલા છે. પ્રવૃત્તિ અઢળક છે, પરંતુ પરિણામ નથી દેખાતું? સેવો સદ્‌ગુરુને!

સાધના સારામાં સારી, છતાં સંતોષ જોવા નથી મળતો? સન્માનો સદ્‌ગુરુને!

વાંચન શાસ્ત્રોનું ઢગલાબંધ, છતાં વૈરાગ્ય નથી પ્રગટ્તો?

સત્કારો સદ્‌ગુરુને!

પ્રવૃત્તિમાં પરિણામ આવી જ જશે,

સાધનામાં સંતોષ જાગી જ જશે,

શાસ્ત્રોનું વાંચન વૈરાગ્યપ્રદ બનીને જ રહેશે!

ગઈ સદીના સદ્‌ગુરુઓની હરોળમાં મોખરાનું સ્થાન શોભાવનારા મહાપુરુષ એટલે શાસનસમ્રાટ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીનેમિસૂરીશ્વરજી મહારાજા!

કેરી ઊગે તો આંબો કહી દઈએ,

વડવાઈ ઊગે તો વડ કહી દઈએ,

નારીયેળ ઉગે તો નારીયેળી કહી દઈએ,

પરંતુ એક જ વૃક્ષ ઉપર કેરી પણ દેખાય. વડવાઈ પણ દેખાય અને નારીયેળ પણ દેખાય ત્યારે? પૂજ્યપાદશ્રી આવા જ એક મહાપુરુષ હતા,

પ્રાચીન તીર્થોના ઉદ્ધારક પણ હતા,

તો શ્રીસંઘોના માર્ગદર્શક પણ હતા,

પ્રતિભાસંપન્ન પણ હતા તો

પ્રભાવસંપન્ન પણ હતા,

પ્રવચનપ્રભાવક પણ હતા તો

નૈષ્ઠિક બ્રહ્મચર્ય ધારક પણ હતા.

ઐતિહાસિક કાર્યોની શૃંખલાથી સભર એમનું બાહ્યજીવન હતું તો આરાધક પરિણતિથી મઘમઘતું એમનું આંતરજીવન હતું.


આ પૂજ્યશ્રીની જન્મભૂમિ અને કાળધર્મભૂમિ મહુવામાં,

એક ચાતુર્માસ કરવાનું સૌભાગ્ય મળ્યું છે. પૂજ્યશ્રીના પવિત્ર આંદોલનોને ભરપૂર માણ્યા છે. એમની ચરણપાદુકાના સ્પર્શે ઊર્જા અનુભવી છે.

આજે પણ તેઓશ્રીનો પ્રભાવ હયાત છે. તે કેટલી આસાયેશ આપનારી વાત છે.


"સદ્‌ગુરુ ઐસા કીજીએ
જીવત ડારે મારી,
જનમ જનમ કી વાસના
તાકું દેવે બારી."
સંત ચરણદાસ

गुरु परतंताण हवे, हंदि तयं नाणगब्भं।



તત્વભરેલી વાણી નિરંતર, સુણતાં દિલડું ડોલે

अओ परमगुरुसंजोगो।




**જેને જોતાં ધરવ ન થાય, ગુણલા ગાતાં હરખ ન માય**
**સમરંતા નિત આવી મળો નેમિ સૂરિદાદા દિલમાં ફળો...**



મહુવા

# પ્રભુ શાસનના સદ્ગુરુ સાચા-સારા છે -

# કારણ કે...

**સદ્ગુરુ જીવન છે...** શ્વાસ છે - પ્રાણ છે, કારણ કે જીવનને સાચી દિશાએ લઈ જનાર છે.

**સદ્ગુરુ જપ છે...** તપ છે ખપ છે. કારણ કે વિઘ્નોના વૃંદને ફેડનારા છે.

**સદ્ગુરુ પૂજા છે...** સેવા છે. ભક્તિ છે. કારણ કે પુણ્ય ભંડારને ભરનારા છે.

**સદ્ગુરુ તીર્થ છે...** તેજ છે. ત્રાતા છે. કારણ કે જીવોને તારનારા,બચાવનારા છે.

**સદ્ગુરુ સુખ છે...** સંતોષ છે. સમૃદ્ધિ છે. કારણ કે ખોટી દિશા અનેદશા બદલાવનારા છે.

**સદ્ગુરુ શાંતિ છે...** આનંદ છે, સખ્ય છે. કારણ કે અંતરમાં અત્યંત અમી ભરેલાં છે.

**સદ્ગુરુ દયાળું છે...** દુઆ દેનારા દષ્ટિવંત છે. કારણ કે હૃદય અત્યંત કરુણાથી ભીનું ભીનું છે.

**સદ્ગુરુ સન્મતિ છે...** સદ્ગતિ છે. સંપત્તિ છે. કારણ કે ભાગ્યના ભેદને ખોલનારા છે.

**સદ્ગુરુ પ્રેમ છે...** પ્રાર્થના છે. પુરસ્કાર છે. કારણ કે પવિત્રતાના પાલક છે.

**સદ્ગુરુ પુણ્ય છે...** પુરુષાર્થ છે. પરોપકાર છે. કારણ કે નિઃસ્વાર્થ અને નિર્દોષ છે.

**સદ્ગુરુ કલ્પવૃક્ષ છે...** કામધેનું છે કામિત પૂરણ છે. કારણ કે અત્યંત કરૂણાભાવોની સિદ્ધિ વરેલી છે.

**સદ્ગુરુ પાવન છે...** પવિત્ર છે. પરમોચ્ચ છે. કારણ કે પરમેશ્વર એવા પરમાત્માના પ્યારા-પ્યારા છે.

**સદ્ગુરુ કરૂણા છે...** કૃપા છે. કુદરતની રહેમ છે. કારણ કે આત્મૈક્ય દ્રષ્ટિથી જોનારા જીવનારા છે.

**સદ્ગુરુની** અમીનજર અવિસ્મરણીય છે. અખંડ છે. અનંત છે. કારણ કે આત્માનો અનુભવ કરનારા છે.

**સદ્ગુરુ** સદૈવ ખુમારી, ખાનદાની અને ખમીરી છે. કારણ કે અંદરથી ખાખી ફકીરી જીવંત છે.

**સદ્ગુરુ** એ કુદરતનું સંગીત છે. ગૌરવ છે. અકબંધ સર્જન છે. કારણ કે માત્ર સ્વ-પરના હિતમાં રત છે.

**સદ્ગુરુનું** જીવન વ્યાપક છે. વિરાટ છે. વીતરાગી જેવું છે. કારણ કે જ્ઞાન ધ્યાનમાં પાર ઉતરેલાં છે.

**સદ્ગુરુ** જીવંત ભગવાન છે. ગુરુદેવ છે. રાજાધિરાજ છે. કારણ કે સર્વસિદ્ધિ હાથવગી છે.

# શાસન સમ્રાટ એટલે શાસન શિરતાજ

પૂ. સિદ્ધહસ્તસર્જક આ.ભ.શ્રીરાજરત્નસૂરીશ્વરજી મ.સા. (યુગદિવાકર સમુદાય)

સદ્ગુરુ !

અધ્યાત્મમાર્ગની સફરમાં સહુથી વધુ ઉપકારક અને ઉપયોગી તત્ત્વ છે. એથી જ શાસ્ત્રકારોએ ગુરુતત્ત્વનો મહિમા આપણાં નયનો વિસ્મયથી વિસ્ફારિત થઈ જાય એ સ્તરે કર્યો છે. એ પણ ભાવુકતાનાં કારણે નહિ, વાસ્તવિકતાનાં કારણે.

એક ઉદાહરણ નિહાળીએ. તત્ત્વત્રયીના ત્રણ તત્ત્વોના દેવ અર્થાત્ પરમાત્માનો ઉલ્લેખ પ્રથમ થાય છે અને પછી ગુરુનો ઉલ્લેખ થાય છે. એ પછીના ક્રમે આપણને એ યોગ્ય એટલે લાગે છે કે ગુણવત્તાની દૃષ્ટિએ પરમાત્મા બેશક શ્રેષ્ઠ છે. કારણ કે પરમાત્માના જ્ઞાનાદિ ગુણો ક્ષાયિકભાવના હોવાથી અત્યંત શુદ્ધ-નિર્મલ પણ છે અને શાશ્વતપણે સાદિ અનંતભાવે સ્થાયી રહેનાર પણ છે. જ્યારે ગુરુના જ્ઞાનાદિ ગુણો ક્ષાયોપશમિકભાવના હોવાથી અત્યંત શુદ્ધ-નિર્મલ નથી અને શાશ્વતપણે સ્થાયી પણ નથી. એમાં આરોહ-અવરોહ આવ્યા જ કરે. બીજી વાત એ કે પરમાત્મા વીતરાગ-સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા ત્યારથી એમનામાં એક પણ દોષનો અંશમાત્ર લેશ નથી હોતો, જ્યારે ગુરુ હજુ છદ્મસ્થ હોવાથી એમનામાં અલ્પાધિકપણે રાગ-દ્વેષાદિ દોષોની સંભાવના રહે છે. આમ છતાં 'અધ્યાત્મકલ્પદ્રુમ' ગ્રન્થકાર ભગવંતે બહુ નિર્ભ્રાન્ત સ્પષ્ટ રજૂઆત આ પંક્તિ દ્વારા કરી છે કેઃ- **''તત્ત્વેષુ સર્વેષુ ગુરુપ્રધાનં, હિતાર્થધર્મા હિ તદુક્તિસાધ્યાઃ।''**

ભાવાર્થ કે તત્ત્વત્રયીનાં ત્રણેય તત્ત્વોમાં અપેક્ષાએ સૌથી મુખ્ય-સૌથી પ્રધાન તત્ત્વ છે ગુરુ. ગ્રન્થકાર માત્ર રજૂઆત કરીને વિરમી નથી ગયાં. બલ્કે આ પ્રસ્તુતિ ચોક્કસ Angle થી માત્રને માત્ર વાસ્તવિકતા છ્યફહશુંના આધારે કરાઈ છે. એવી પ્રતીતિ કરાવતો તર્ક આપે છે કે ગુરુતત્ત્વ ત્રણેયમાં પ્રધાન-મુખ્ય એટલા માટે છે કે આપણાં વર્તમાન જીવનમાં થતી આત્મહિતકરણ તમામ ધર્મસાધનાઓ એમના ધર્મોપદેશના કારણે જ શક્ય બને છે. શું ત્યાજ્ય કે શું ગ્રાહ્ય? શું ભક્ષ્ય કે શું અભક્ષ્ય? શું કલ્પ્ય કે શું અકલ્પ? શું શ્રદ્ધેય કે શું અશ્રદ્ધેય? શું આચરણીય કે શું અનાચરણીય? આ તમામની સમ્યક્ સમજ અને એના પર આધારિત આચરણા સદ્ગુરુનાં વચન-માર્ગદર્શન વિના શક્ય નથી હોતી. અરે! પરમાત્માની પરમાત્મારૂપે અને ધર્મની ધર્મરૂપે ઓળખ આપનાર પણ સદ્ગુરુ જ છે. બસ, ઉપકારોની પ્રધાનતા અને પ્રત્યક્ષતાનાં Angle થી ગુરુને બહુ જ વાસ્તવિકપણે ત્રણે ય તત્ત્વોમાં પ્રધાન દર્શાવાયા છે.

હજુ એક Step આગળ. 'પ્રાર્થના સૂત્ર' (જયવીયરાય સૂત્ર)માં સાધકે જે પ્રાર્થના કરવાની છે એ Direct પ્રભુ સમક્ષ કરવાની છે. છતાં ત્યાં એક પ્રાર્થના આ કરાય છે કે ''સુહગુરુ જોગો.'' અર્થાત્ પ્રભુ! મને સદ્ગુરુની પ્રાપ્તિ આપના પ્રભાવે થજો, ક્ષણભર હૈયે એ પ્રશ્ન જાગે કે ગુરુ પાસે પ્રભુપ્રાપ્તિની પ્રાર્થના હોય કે પ્રભુ પાસે ગુરુપ્રાપ્તિની પ્રાર્થના હોય? પરંતુ ઊંડાણથી વિચારતા આ પ્રાર્થના ઉપરોક્ત કારણે સમુચિત લાગે કે ગુરુ જો શુભ અને શુદ્ધની સફર કરાવે એવા ઉત્તમ મળ્યાં

હશે તો જ તમામ આરાધના-સાધના મહાન-ગુણવત્તાસભર બનશે. એ જ ગુરુ સાધકને પરમાત્મપ્રાપ્તિનું કારણ પણ અચૂક બનશે. ઓવારી જવાય 'પ્રાર્થના સૂત્ર' કારની વિચક્ષણતા પર કે તેઓશ્રી એ પદ દ્વારા ખરેખર તો સાધકનાં જીવનમાં 'અન્યોન્યાશ્રય'નો આ મસ્ત સુલભ સંગમ કરે છે કે ''પ્રભુકૃપાસે ગુરુ મીલે ઔર ગુરુકૃપાસે પ્રભુ મીલે.''

બહુમાન ભાવ!

સદ્ગુરુ ગુણવત્તાની દૃષ્ટિએ ચાહે તેવા મહાન હોય, પરંતુ એ સાધકનાં જીવનનો સર્વાંગીણ આત્મિક વિકાસ સાધવામાં ત્યારે જ ઉપકારક અને ઉપયોગી બની શકે કે જયારે સાધકનાં-શિષ્યનાં આંતરજગતમાં એ સદ્ગુરુ પ્રત્યે છલોછલ બહુમાનભાવ હોય. એક ખૂબ હૃદયસ્પર્શી વાક્ય પ્રભુનાં સંદર્ભમાં વાંચ્યું હતું કે ''જીવંત પ્રભુ કરતા પ્રભુ પ્રત્યેની જીવંત શ્રદ્ધા વધુ ઉપકારક છે. સો ટચના સુવર્ણ જેવું Pure સત્ય છે. આ વિધાન સંગમદેવ અને કાલસૌરિક કસાઈ જેવાને પરમાત્મા મહાવીરદેવ સાક્ષાત્-જીવંત મળ્યા હતા, પરંતુ એમનામાં પ્રભુ પ્રત્યે જીવંત શ્રદ્ધા ન હોવાથી પ્રભુ એમને જરાય ન ફળ્યા. એથી વિપરીત અનુપમાદેવીને જીવંત પ્રભુ નહિ, મૂર્તિગત પ્રભુ મળ્યાં હતા. છતાં પ્રભુ પ્રત્યેની જીવંત શ્રદ્ધાનાં

## તસ્મૈ શ્રી
# ગુરવે નમઃ



KADAMGIRI TIRTH



સમવસરણ મંદિર, પાલિતાણા

કારણે પ્રભુ એમને એવા ફળ્યા કે એ પછીના જ ભવમાં મહાવિદેહક્ષેત્રમાં જન્મ અને અલ્પપુરુષાર્થમાં કેવલજ્ઞાન પૂર્વોક્ત હૃદયસ્પર્શી વાક્યને ગુરુના સંદર્ભમાં જરાક પરિવર્તિત કરીએ કે ''જીવંત ગુરુ કરતાં, ગુરુ પ્રત્યેની જીવંત શ્રદ્ધા વધુ ઉપકારક છે.'' યાદ કરીએ આ વાક્યના સંદર્ભમાં એકલવ્યને, એને અધ્યાપકરૂપે દ્રોણાચાર્ય જીવંત મળ્યા ન હતાં, મૂર્તિગત મળ્યાં હતા, છતાં જીવંત શ્રદ્ધાના પ્રભાવે એ એને એવા ફળ્યાં કે જીવંત દ્રોણાચાર્યને અધ્યાપકરૂપે પ્રાપ્ત કરનાર અર્જુન પણ એવી ધનુર્વિદ્યા સામે વામણો.

'પંચસૂત્ર'કારમહર્ષિ ગુરુતત્ત્વ પ્રત્યેના આ ઉછળતા બહુમાનભાવનું અનુસંધાન સાધકનાં આત્મકલ્યાણ સાથે બહુ સરસ કરી આપે છે. 'પંચસૂત્ર'નાં ચતુર્થ પ્રવ્રજ્યાપરિપાલન સૂત્રમાં એ આ પંક્તિ લખે કે છે ''આયઓ ગુરુબહુમાણો અવંઝકારણત્તેણ અઓ પરમગુરુસંજોગો તઓ સિદ્ધી અસંસયં।'' મતલબ કે ભાવિમાં આ ગુરુબહુમાનભાવ અવંધ્ય કારણરૂપ બની પરમગુરુનો અર્થાત્ પરમાત્માનો સંયોગ કરાવે અને એનાથી સિદ્ધિ-મોક્ષપ્રાપ્તિ નિઃસંશય થાય છે. મુક્તિ તરફની આપણી યાત્રા કેટલી સરલ! પહેલા. પરમગુરુબહુમાનભાવ, પછી પરમગુરુની પ્રાપ્તિને પછી પરમપદની પ્રાપ્તિ.

* * *

પ્રભુશાસનનું એ પરમ સૌભાગ્ય છે કે એમાં એવા એવા અનેક સદ્ગુરુભગવંતો અદ્યાવધિ થઈ ગયા છે કે જેમના ગુણાઢ્ય જીવનના પરિચયથી હૈયે ગુરુબહુમાન ભાવનાં મોજાં, વાંભ વાંભ ઊછળવા માંડે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય હો કે, યુગપ્રધાન આ.ભ.શ્રી સોમસુંદરસૂરીશ્વરજી મ. હો, સહસ્રાવધાની આ.ભ.શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મ. હો કે, ક્રિયોદ્ધારક આ.ભ.શ્રી આનંદવિમલસૂરીશ્વરજી

Shatrunjay
# PALITANA TIRTH




મ.હો, યુગપ્રભાવક આ.ભ.શ્રી હેમવિમલસૂરીશ્વરજી મ. હો કે, જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજી મ.હો આ અને આવા આવા અનેક સૂરિપુંગવો એ એમની ઉત્તમ આરાધક - પ્રભાવક જીવનશૈલીથી ગુરુતત્ત્વની ગરિમાને ચાર ચાંદ લગાવ્યાં છે.

એ મહાન સૂરિપુંગવોની હરોળમાં ગૌરવભેર સ્થાન પામી શકે એવું વિક્રમની વીશમી સદીનું એક વિરલ વ્યક્તિત્વ એટલે વિશુદ્ધ બ્રહ્મપુંજ શાસનસમ્રાટ પૂજ્ય આચાર્યપ્રવર શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ. વીશમી સદીના ઉત્તરાર્ધના પ્રભુશાસનના ઈતિહાસનું અવલોકન કરતાં એક વાત સ્પષ્ટ પ્રતીત થાય કે તે સમયની સંખ્યાબંધ ઐતિહાસિક ઘટનાઓમાં શાસનના સર્વોપરિ પ્રભાવક સૂરિસમ્રાટરૂપે ઊપસી આવતું વ્યક્તિત્વ તેઓશ્રીનું હતું. મિત્રવર પૂજ્ય વિદ્વદ્વર્ય આ.શ્રી વિજય શીલચન્દ્રસૂરિજી મ. લિખિત ‘શાસનસમ્રાટ’ ગ્રન્થમાં તેઓશ્રીનાં ઉત્તુંગ જીવનની લગભગ તમામ ઘટનાઓ અથેતિ પ્રતિબિંબિત થાય છે. અલબત્, અહીં તો માત્ર એક લેખ દ્વારા એ વિરાટ-વિરલ વ્યક્તિત્વનો આંશિક પરિચય કરાવવાનો આવે. ગુણાંજલિ અર્પવાનો જ ઉપક્રમ હોવાથી પૂજ્યશ્રીનાં બહુઆયામી વ્યક્તિત્વને ફક્ત ચાર સ્વરૂપે નિહાળીશું:

(૧) આરાધક : પૂ. શાસનસમ્રાટશ્રી એમના યુગના સર્વોપરિ પુણ્યસંપન્ન સૂરિવર હતા. એથી એમનું નામ આવતાં વેત એક મહાપ્રભાવક આચાર્યની છબી માનસપટ પર ઊપસી આવે અને એમાં સહજપણે એમનાં આરાધક વ્યક્તિત્વની છબી ગૌણ રહી જાય. વાસ્તવિકતા એ છે કે તેઓશ્રી જેવા મહાન પ્રભાવક હતા એવા જ મહાન આરાધક હતા. વૃત્તિ અને પ્રવૃત્તિ બન્ને સ્તરે તેઓશ્રીમાં આરાધક ભાવ એવો ઝળહળતો હતો કે આપણાં મસ્તક અને મન, આપોઆપ અહોભાવથી ઝૂકી જાય. આવી કેટલીક લાભની - ઘટનાઓ નિહાળીએ.

શાસ્ત્રોએ સૌથી કઠિન મહાવ્રત ગણાવ્યું છે બ્રહ્મચર્યને, એટલે જ લખાયું છે કે ‘‘વયાણાં બંભચેરં’’ મતલબ કે વ્રતોમાં બ્રહ્મચર્ય સૌથી વધુ દુરારાધ્ય છે. પ્રભુશાસનના સંયમીઓ દોષો-દુર્વૃત્તિઓ સામે સંઘર્ષ કરતા રહીને ય આ મહાવ્રતનું પાલન કરે છે. પરંતુ એમાં જેઓ મન-વચન કાયા ત્રણે ય સ્તરે જરા ય સ્ખલના વિના આ મહાવ્રત આત્મસાત્ કરવામાં કામિયાબ નીવડે છે તેઓ તો વિશ્વની શ્રેષ્ઠ જીવંત અજાયબી છે. પૂર્વર્ષિઓ એમના માટે આ શબ્દો લખે કે છે **‘‘તે ધન્ના તાણ નમો, દાસોડહં તાણ સંજમધરાણં’’** મતલબ કે




તે (મહાબ્રહ્મચારી મહાત્માઓ) ધન્ય છે, તેમને અમારા નમન છે, અમે તે સંયમીઓના દાસ છીએ. પૂ. શાસનસમ્રાટશ્રી આ નૈષ્ઠિક બ્રહ્મચર્યના સ્વામી હતા. એ કાળમાં જે ત્રણ આચાર્યદેવોનાં નામ ઉત્કૃષ્ટ બ્રહ્મચર્યશાલીરૂપે જૈન જગતમાં મશહૂર હતા, તેમાં સર્વપ્રથમ નામ પૂ. શાસનસમ્રાટશ્રીનું આવતું. શાસ્ત્રમાં ઇચ્છાયોગ-પ્રવૃત્તિયોગ-સ્થિરતાયોગ અને સિદ્ધિયોગની જે વાત મળે છે એમાં એ ત્રણ મહાત્માઓનું બ્રહ્મચર્ય, સ્થિરતાયોગ અને કાંઈક અંશે સિદ્ધિયોગમાં પરિણમ્યું હોય એમ ભાસે.

પૂજ્યશ્રીનાં ચરિત્રમાં કેટલાક પ્રસંગો ચમત્કાર વાળા મળે છે. અમારું મન્તવ્ય છે કે એ મન્ત્ર-તન્ત્રનું નહિ, પરંતુ એમનાં આ નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પરિણામ હશે. તેઓ એક એવા મહાગુરુ હતા કે જેમના માટે શિષ્યોને સહજ-અકૃત્રિમપણે ભગવાન જેવો ભક્તિભાવ હોય. આવી ભક્તિમાંથી પ્રગટેલ એમના સંબંધી ગુરુસ્તુતિમાંની એકસુપ્રસિદ્ધ સંસ્કૃત સ્તુતિમાં આ પંક્તિ છે કે "વિશુદ્ધસદ્બ્રહ્મસમાધિશાલિને." ભાવાર્થ કે તેઓ અણિશુદ્ધ બ્રહ્મચર્યની સમાધિમાં નિમગ્ન હતા. અમને બાલવયથી એમના માટેની આ પંક્તિનું વિશેષ આકર્ષણ રહ્યું છે. કહો, એક મહાન આત્માનો આરાધકભાવ વૃત્તિનાં સ્તરે દર્શાવવા આનાથી ચડિયાતો ક્યો ગુણ ઉપયુક્ત હોઈ શકે?

હવે નિહાલીએ પ્રવૃત્તિનાં સ્તરનું આરાધક સ્વરૂપ.

* કોઈ Comparison ની વૃત્તિથી નહિ, માત્ર ઘટનાની અસરકારક રજૂઆતરૂપે પૂછવું છે કે સાંપ્રતસમયના કોઈ ઉત્તમ આરાધક-પ્રભાવક ગણાતા આચાર્ય એવા હશે કે જેઓએ જીવનભર, અરે! આયુષ્યના અંતિમ કટોકટી ભર્યા તબકકામાં પણ, Hospital અને Injection સુદ્ધા વર્જ્ય રાખ્યું હોય? આનો હકારમાં ઉત્તર મળવો અતિ મુશ્કેલ લાગે.

પૂ.શાસનસમ્રાટશ્રી એવા ટોચના આરાધક-પ્રભાવક આચાર્ય હતા કે જેઓ Hospital માં તો ગયા નથી જ, બલ્કે એક પણ વાર Injection પણ લીધું નથી. એમના આયુષ્યના અંતિમ દિવસોમાં Injection આપવાની વાત આવી ત્યારે પણ એનો ઈન્કાર કરાયો હતો! એમના અંતિમ દિવસોનું વર્ણન વાંચતા હજુ એક હૃદયસ્પર્શી ઘટના મળે છે. અંતિમ વિદાયના બે દિવસ પૂર્વે અતિશય નબળાઈવશ ડૉક્ટરે મોસંબીનો રસ વાપરવાનું કહ્યું તો પૂજ્યશ્રીએ કહ્યુઃ 'મેં કદી મોસંબી-સંતરુ વાપર્યું નથી. તો હવે છેલ્લે છેલ્લે શા માટે વપરાવો છો?" સાધ્વાચાર પાલનની જે રણકતી ભાવનાથી આ

શબ્દો બોલાયા હતા એની અસર ડૉક્ટર પર થઈ અને એમણે સ્વીકાર્યું કે **''મહારાજજીનું મન ન હોય તો મોસંબી રસ નથી વપરાવવો.''**


* પૂજ્યશ્રીનું આયુષ્ય ૭૭ વર્ષનું હતું. એમાં ૭૬માં વર્ષના પ્રારંભ સુધી એમણે એક પણ વાર ડોળીવાળાનો ઉપયોગ કર્યો ન હતો. એકવાર અતિશય ભયાનક માંદગીમાં અમદાવાદના નગરશેઠ સંઘાગ્રણીશ્રી કસ્તૂરભાઈએ પૂજ્યશ્રીને અપવાદરૂપે અમદાવાદ આવવા પૂરતાં ડોળીના ઉપયોગની વિનંતિ કરી તો પૂજ્યશ્રીએ સખ્તાઈથી કહી દીધું કે ''એક વાર આ દેહ પડી જાય કે ઉપરથી દેવતા આવીને વિનવે તો પણ આ દેહે ડોળી કે મિયાનાનો ઉપયોગ કરવાની (મારી) ભાવના નથી.'' આચારપાલનની આ દઢતાવશ તેઓ પદયાત્રાપૂર્વકના વિહારના એવા આગ્રહી રહ્યાં હતાં કે બે બાજુ બે વ્યક્તિ હાથનો ટેકો આપે તો જ ચાલી શકાય એવી સ્થિતિમાં ય એમણે પાદવિહાર જ કર્યા. છેલ્લા દોઢેક વર્ષમાં એ સ્થિતિ પણ ન રહી અને સંઘો શિષ્યોની આજીજીભરી વિનંતિ અસ્વીકાર્ય બની ત્યારે જ દુભાતા દિલે ખપ પૂરતો ડોળીનો ઉપયોગ એમનાં જીવનમાં આવ્યો. **''झुंझई अ जहाथामं, नायव्वो वीरियायारो''** વીર્યાચારની આ વ્યાખ્યા એમનાં જીવનમાં અક્ષરશઃચરિતાર્થ વતી નિહાળાય છે.

* પૂજ્યશ્રીના યુગમાં દેશમાં રાજાશાહી હતી. ભાવનગર-વલ્લભીપુર-લીંબડી વગેરે ઘણા રાજ્યોના રાજાઓને પૂજ્યશ્રી સાથે ઘનિષ્ઠ સંબંધ હતો. એ પૈકી લીંબડીના રાજાએ આગ્રહપૂર્વક પૂજ્યશ્રીની પધરામણી પોતાના નગરમાં કરાવી એક માસ પર્યંત પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનો શ્રવણ કર્યા. પછીના સમયખંડમાં રાજાએ જાણે કોઈ ભક્ત શ્રાવક લખે તેવો અતિ વિનયસભર પત્ર લખી પૂજ્યશ્રીના દર્દ માટે શેકેલ સંચળ ઔષધરૂપે મોકલાવ્યું. એના પ્રત્યુત્તરરૂપે પૂજ્યશ્રીએ રાજવીને જે પત્ર પાઠવ્યો તેમાં અક્ષરશઃ આ પંક્તિઓ લખાઈ છે કે ''ઢઠ્ઠાજી સાથે મોકલેલ પત્ર અને દવા મળ્યા. દવા શ્રાવક પાસે છે. તે શ્રાવક પાસેથી અમારા વ્યવહાર પ્રમાણે વહોરી લેવાય છે. અને વપરાય છે.'' આ પંક્તિમાં એક સુંદર સાધ્વાચાર મહેકે છે. સાધ્વાચાર મુજબ શ્રમણ, દવા પણ પાસે-પાસે ન રાખી શકે. રાખે તો 'સંનિધિ' નામે દોષ લાગે. અહીં એ જાગૃતિ નિહાળાય છે.

આ અને આવા આવા અનેક પ્રસંગો વૃત્તિ-પ્રવૃત્તિનાં સ્તરે પૂજ્યશ્રી કેવા આરાધક હતા એ દર્શાવે છે.

(૨) પ્રભાવક : **''આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ''** આ પંક્તિ એમ સમજાવે છે કે પ્રભુશાસનની ઉન્નતિ કરે તેવાં ધર્મકાર્યો કરવાની ક્ષમતા આચાર્ય ભગવંતોની પહેંચાન

TALAJA




છે. આચાર્ય આરાધક જરૂર જોઈએ. પરંતુ માત્ર આરાધક નહિ, પ્રભાવક પણ હોવા જોઈએ. કારણ કે એ શાસનનાયક હોવાથી એમની પ્રભાવકતા દ્વારા જ સંઘનું-શાસનનું યોગ-ક્ષેમ થતું હોય છે. સમગ્ર શાસનમાં સુપ્રસિદ્ધ પૂજ્યશ્રીની પ્રભાવકતાને પણ આપણે સંક્ષેપમાં માણીએ:

* અનેકાનેક તીર્થોદ્ધાર પૂજ્યશ્રીનું મુખ્ય જીવનકાર્ય હતું. કદંબગરિતીર્થ હો કે કાપરડાતીર્થ હો, સ્તંભતીર્થ હો કે શેરીસાતીર્થ હોઃ આવાં આવાં અનેક તીર્થોના ઉદ્ધાર તેઓશ્રીના પુણ્યપ્રભાવે થયા છે. આ પૈકી કાપરડાજી-કદંબગિરિજી જેવાં તીર્થો એવાં હતા કે એના ઉદ્ધારસમયે પૂજ્યશ્રીને પ્રાણાંત થઈ જાય એવા કષ્ટોમાંથી પસાર થવું પડ્યું હતું. આમ છતાં તેઓએ તીર્થોનો પરિપૂર્ણ ઉદ્ધાર કરીને જ રહ્યા. ખ્યાલમાં રહે કે કાપરડાજી જેવાં તીર્થોમાં પૂજ્યશ્રીને એ કષ્ટો તદ્દન અશિક્ષિત આદિવાસી પ્રજા તરફથી આવ્યા હતા કે જેઓ, એ તીર્થને પોતાનુંમાની બેઠા હતાં. આ સ્થિતિમાં થયેલ એ ઉદ્ધાર વસ્તુતઃ શાસનપ્રભાવનારૂપ જ નહિ, શાસનરક્ષારૂપ પણ અવશ્ય ગણી શકાય... તેઓશ્રીની પ્રભાવક નિશ્રામાં અનેક પદયાત્રાસંઘો યોજાયા હતા. પરંતુ એમાં સીમાચિહ્ન સમો યાદગાર પદયાત્રા સંઘ હતો શ્રી માકુભાઈ શેઠનો તેર હજાર જેવા અ...ધ..ધ... પદયાત્રીઓ અને તત્કાલીન પ્રભુશાસનના લગભગ તમામ મુખ્ય આચાર્યદેવોની ઉપસ્થિતિ ધરાવતો એ પદયાત્રાસંઘ, સમ્રાટ કુમારપાલ-મન્ત્રીશ્વર વસ્તુપાલ વગેરેના પૂર્વકાલીન મહાન સંઘોની ઝાંખી કરાવે તેવો હતો.

* પૂજ્યશ્રીની પ્રભાવકતાને એક અલગ **Angle** થી નિહાળીએ અને એ છે સમકાલીન સમર્થસૂરિવરોની દૃષ્ટિએ પૂજ્યશ્રી આગમોનાં સંશોધનો-સંપાદનો-વાચનાઓ અને આગમમંદિરનિર્માણો દ્વારા આગમોની બેજોડ સેવા કરનાર પૂજ્યપ્રવર આગમોદ્ધારક આ.ભ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ, સંઘવી શ્રી પોપટલાલ ધારશીભાઈએ એમના ઉપદેશથી જાજરમાન ભવ્ય પદયાત્રાસંઘ યોજવાની ભાવના વ્યક્ત કરી ત્યારે પૂ. સાગરજી મહારાજે, સંઘવીને કહ્યું :"જો તારે સંઘમાં જાહોજલાલી લાવવી હોય તો નેમિસૂરિમહારાજને વિનંતિ કર." એ સંઘ શાસનસમ્રાટશ્રી તથા સાગરજી મ. વગેરે અનેક ધુરંધર સૂરિવરોની નિશ્રામાં શાનદારરૂપે યોજાયો. અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ બે પૂજ્યપ્રવર ગુરુદેવો : પ્રવચન પ્રભાવક આ.ભ.શ્રી વિજય મોહનસૂરીશ્વરજી મહારાજ તથા યુગદિવાકર આ.ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ. શાસનસમ્રાટશ્રીના વરદહસ્તે એકને આચાર્યપદ પ્રદાન થયું હતું, તો એકને ઉપાધ્યાયપદપ્રદાન પૂ. મોહનસૂરિમહારાજ તરફથી શાસનસમ્રાટશ્રીને જે પત્રો લખાય તેનું અક્ષરાંકન પૂ. ધર્મસૂરિમહારાજનું હોય. એ પત્રોમાં પ્રારંભે શાસનસમ્રાટશ્રી માટે એકાદ-બે વિશેષણ નહિ, બલ્કે છ-છ સાત-સાત પંક્તિ સુધી માત્ર ભક્તિસભર વિશેષણો જ હોય. ના, આ કોઈ Formality કે લાભ દેખાવ પૂરતો ન હતો. બલ્કે હૃદયનો ઉત્તમ બહુમાનભાવ હતો.

* વિક્રમની વીશમી સદીનું સૌથી વિરાટ સર્વગચ્છીય મુનિસંમેલન વિ.સં. ૧૯૯૦માં અમદાવાદમાં યોજાયું. ચોવીશ-ચોવીશ દિવસો જ્યાં અનેક ચર્ચા-વિચારણાઓ થઈ, તે આ




શ્રમણ-સંમેલનના મુખ્ય સૂકાનીઓમાં એક હતા પૂજ્યશ્રી, શાસ્ત્રીય બાબતોમાં અલગ અલગ મન્તવ્યો ધરાવતા અલગ અલગ શ્રમણવૃંદોમાં અનેક શક્તિશાલી આચાર્યાદિ ભગવંતો હતા. એ બધા વચ્ચે સંતુલન જાળવી સંમેલનની નાવ હેમખેમ પાર કરવામાં શાસનસમ્રાટશ્રીની કુનેહનો મોટો ભાગ હતો. સંમેલન પૂર્વે એની સફલતા વિશે જાતજાતના સંદેહો પ્રવર્તતા હતાં, ત્યારે એમ કહેવાતું હતું કે ''મહાભારતમાં શ્રીકૃષ્ણ જેમની સાથે રહ્યાં એમનો જય થયો, એમ સંમેલનમાં નેમિસૂરિમહારાજ જેમની સાથે હશે એમનો જય થશે.''

* પૂજ્યશ્રીની જીવનગાથા વર્ણવતા 'શાસનસમ્રાટ' ગ્રન્થની પ્રસ્તાવનામાં પંડિતવર્યશ્રી મફતલાલ ઝવેરચંદ ગાંધીએ 'કુમારપાલપ્રબંધ'ની એક ગાથા ટાંકીને હૃદયસ્પર્શી વાત લખી છે, એ ગાથામાં પ્રબંધકારે એ ભાવનાની વાત લખી છે કે 'શ્રીમાન હેમચન્દ્રાચાર્યના વિશિષ્ટ ગુણસમૂહને નિહાળી પ્રાજ્ઞ વ્યક્તિ એમ માને કે મેં ભલે શ્રી તીર્થંકરપ્રભુ -ગણધર ભગવંત વગેરે મહાન વિભૂતિ નિહાળી નથી, પરંતુ એની અલ્પ-નાનકડી ઝાંખી શ્રી હેમાચાર્યમાં લાગે છે.' ગાથાના ઉલ્લેખ બાદ એ જ સૂરમાં પંડિતજીએ એ ભાવની રજૂઆત કરી છે કે શ્રી આનંદવિમલસૂરિમહારાજ-શ્રી હીરવિજયસૂરિ મહારાજ વગેરે મહાન પૂર્વાચાર્યોને અમે નિહાળ્યા નથી. પરંતુ શ્રી વિજય નેમિસૂરિમહારાજને નિહાળ્યા-અનુભવ્યાં પછી એમ લાગે છે કે એ મહાન પૂર્વાચાર્યોની ઝાંખી શાસનસમ્રાટશ્રીમાં અવશ્ય લાગે છે.'

પૂજ્યશ્રીની વિશિષ્ટ પ્રભાવકતાને પિછાણવા આનાથી અધિક રજૂઆતવા કોઈ જરૂર અમને નથી લાગતી...

* હિતચિંતક :- પૂજ્યશ્રીના વ્યક્તિત્વને સમગ્રતયા નિહાળતાં નિઃસંશયપણે તેઓ ચતુર્વિધ શ્રી સંઘના-શાસનના વિધવિધ અંગોના-તીર્થોના હિતચિંતક ભાસે.

આમ છતાં અમે અહીં આ વિશેષતા માત્ર એમના શિષ્યોના જીવન ઘડતર સંદર્ભમાં ખોલવા ચાહીએ છીએ. એમ ચોક્કસ કહી શકાય કે શિષ્યોના જીવનશિલ્પને નજાકત ભર્યું બનાવવામાં તેઓ એક સિદ્ધહસ્ત શિલ્પકાર હતા.

એ સમયનાં પ્રભુશાસનમાં પૂજ્યશ્રી શિષ્યોના સંદર્ભમાં આદર્શ અનુશાસક તરીકે પ્રસિદ્ધ હતા. આ કડક અનુશાસનનાં કારણે તેઓ આચારસંપન્ન-અભ્યાસસંપન્ન સુવિશાલ શિષ્યગણનું સર્જન કરી શક્યા હતા. મારવાડપ્રદેશના વિહારમાં, સવારે વિહાર કરીને આવ્યા બાદ તેઓ શિષ્યોને લઈ ગામબહાર ચાલ્યા જતા. ત્યાં કલાકો સુધી અધ્યયન ચાલે. સવારે કોઈને પચ્ચક્ખાણ પારવાનું હોય નહિ. અભ્યાસ સમયે તેઓ 'સોટી વાગે ચમચમ'ની પુરાતન પદ્ધતિ અપનાવતા. શિષ્ય અભ્યાસમાં પ્રમાદ કરે ભૂલ કરે તો તરપણીના જાડા દોરાથી શિક્ષા કરે. સાથે નિતાંત હિતબુદ્ધિથી કઠોર ભાષાપ્રયોગ પણ કરે કે ''શ્રાવકોના રોટલા વાપરીને ભણશો નહિ તો ભવાંતરમાં ભરુચના પાડા થશો.'' પૂજ્યશ્રીની આ કઠોર શિક્ષાઓ ઝીલીને જે શિષ્યો તૈયાર થયા એમણે વિવિધ વિદ્યાશાખાઓમાં ટોચના વિદ્વાન્‌રૂપે સ્થાન હાંસલ કર્યું.

પૂ.આ.શ્રી દર્શનસૂરિ-ઉદયસૂરિ-નંદનસૂરિ મ. ન્યાયનાં ક્ષેત્રે ટોચના વિદ્વાન તરીકે પંકાયા. તો પૂ.આ.શ્રી લાવણ્યસૂરિ મ. સંસ્કૃત વ્યાકરણનાં અવ્વલ નિષ્ણાંતરૂપે પ્રસિદ્ધિ વર્યા. પૂ.આ.શ્રી પદ્મસૂરિ-અમૃતસૂરિ મ.સા. શાસ્ત્ર વિશારદરૂપે નામના વર્યા, તો પૂ.આ. શ્રી કસ્તૂરસૂરિ મ. પ્રાકૃતભાષાના વિશેષજ્ઞરૂપે ખ્યાતિ વર્યા. એમના શિષ્યોના ગ્રન્થસંપાદનો એવાં શુદ્ધ રહેતા કે હજારો-લાખો શ્લોક પ્રમાણ સંસ્કૃત-પ્રાકૃત મુદ્રણ હોય, છતાં એમાંથી મુદ્રણક્ષતિ કાઢવી મહામુશ્કેલ બની રહે. આજે જ્યારે વિદ્વાન વ્યક્તિઓનાં એક પત્રમાં અનેક ભાષાકીય ક્ષતિઓ જોવા મળે ત્યારે સખેદ વિસ્મય થાય કે અભ્યાસમાં આવી ક્ષતિ કેમ રહી ગઈ હશે? અને યાદ આવે શાસનસમ્રાટશ્રી કે જેમણે શિષ્યોમાં આવી કોઈ ખામી રહેવા દીધી ન હતી. પૂજ્ય સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરનીતત્ત્વાર્થ પ્રથમાધ્યાય ટીકાનાત્રુટિત અંશોએ જ શૈલીથી પૂર્ણ કરનાર પૂ.આ.શ્રી ઉદયસૂરિમ. હોકે, એકજ દિવસમાં શ્રી કદંબગિરિસ્તોત્ર રચનાર, પૂ.આ.શ્રી નંદનસૂરિ મ.સા. હો એમનાં આવાં આવાં શાસ્ત્રસર્જનોનાં મૂળમાં શાસનસમ્રાટશ્રીનું હિતચિંતાભર્યું સન્નિષ્ઠ ઘડતર હતું.

આજે ભલે 'માર વિનાના ભણતર' નો મહિમા હોય. પરંતુ પૂર્વે જણાવ્યું તેમ પૂજ્યશ્રીએ તો કડક શિક્ષા સાથે વિદ્યાભ્યાસનો અભિગમ અપનાવ્યો હતો. આમ છતાં શિષ્ય-પ્રશિષ્યોને



KHAMBHAT

એમના માટે હાર્દિક બહુમાન ભાવ-ભક્તિ એવી હતી કે એમણે શાસનસમ્રાટશ્રી માટે રચેલ સ્તુતિઓના ભક્તિતરબોળ શબ્દો સાંભળતા હૈયું અહોભાવથી છલકાઈ જાય. આવી એક પ્રસિદ્ધ ગુજરાતી સ્તુતિનો પ્રારંભ જ આ પંક્તિથી થાય છે કે ''અહોયોગને ક્ષેમના આપનારા, તમે નાથ છો' તારનારા અમારા..''

(૪) નાયક : ખરો નાયક એ છે કે જે હર કોઈ સમસ્યા સમયે નિર્ભીકપણે અગ્રેસર રહી અનુયાયીવર્ગને યોગ્ય દોરવણી આપે. એના નાયકત્વની સાર્થકતા એમાં છે કે અનુયાયીવર્ગ એની દોરવણીનો કોઈ જ હિચકિચાટ વિના, કિંતુ-પરંતુ વિના અમલ કરે. પૂ. શાસનસમ્રાટશ્રી આ બન્ને બાબતોને ચરિતાર્થ કરે એવા મહાન શાસનનાયક હતા. આનો સાક્ષાત્કાર કરવા માટે 'શત્રુંજયમહાતીર્થની સ્વૈચ્છિક યાત્રાબંધી' નો એક જ પ્રસંગ કાફી છે.

શ્રી શ્વે.મૂ.જૈનસંઘનું પ્રતિનિધિત્વકરતી શેઠ આણંદજી કલ્યાણજી પેઢી અને પાલિતાણા રાજ્યના રાજવી વચ્ચે શ્રી શત્રુંજય મહાતીર્થના 'રખોપાકરાર' અંગે મોટો વિવાદ થયો હતો અને એની આડઅસરરૂપે રાજ્યે યાત્રાળુ દીઠ વેરો (મૂંડકાવેરો) લેવાનું નક્કી કર્યું હતું. આ અન્યાયી કદમના શાંત સત્યાગ્રહપૂર્ણ વિરોધ રૂપે શાસનસમ્રાટશ્રીના માર્ગદર્શન મુજબ, સમગ્ર જૈન સંઘ સ્વૈચ્છિક યાત્રાબંધી કરે તેવું એલાન કરાયું. કોઈ જ મતભેદ વિના, એલાન સમસ્ત જૈન સંઘે ઝીલી લીધું અને બે વર્ષ જેટલો દીર્ઘ સમય 'ચકલું ય ન ફરકે' એવી સજ્જડ યાત્રા બંધી રહી. ઈ.સં. ૧૯૨૬ની તા. ૧ એપ્રિલથી થરૂ થયેલ એ યાત્રાબંધી કેવી સજ્જડ હતી તેનું પ્રારંભદિનનું મસ્ત અને રસપ્રદ શબ્દચિત્રણ તે સમયના 'સૌરાષ્ટ્ર' અખબારમાંથી મળી રહે છે. એ વિસ્તૃત અહેવાલનો માત્ર એક નાનકડો અંશ આપણે જોઈએ કે જેમાં શ્રી શત્રુંજય મહાતીર્થ તો ઠીક, નીચે તળેટી પણ કેવી વેરાન બની ગઈ હતી એ નિહાળવા મળે છે. 'સૌરાષ્ટ્ર' અખબાર લખે છે કે ''ગઈ કાલે સાંજે પણ અમે તળાટી જોઈ હતી. આજે પણ અમે તળાટી જોઈ એ ખદબદતી માનવતા ક્યાં? અને આજની આ સૂમસાન સ્થિતિ ક્યાં? × × તળાટીની આખી ભૂમિ આજે ખાવા ધાય છે. સોગન ખાવા એક મનુષ્ય નથી. યાત્રિક કે યાત્રિક ઉપર નભતો કોઈ માનવી બચ્ચો આજે નથી, દેખાતો. પાલિતાણાની (રાજની) આજ્ઞા સામે શાંત અસહકાર કરતો પ્રત્યેક માનવ આજે તળાટી છોડી ગયો છે.''

આ સજ્જડ યાત્રા બંધી સતત બે વર્ષ ચાલુ રહી. બ્રિટીશ વાઈસરોયની હાજરીમાં બેય પક્ષ વચ્ચે સમાધાન થયું પછી જ એ યાત્રા ખુલ્લી થઈ. આ સમગ્ર ઘટનાક્રમમાં શાસનસમ્રાટશ્રીની દૃઢ નેતૃત્વ ક્ષમતા સરસ પ્રતિબિંબિત થાય છે...

વ્યક્તિરૂપે પરમાત્મા એક હોવા છતાં સમવસરણમાં તેઓને ચાર સ્વરૂપે દર્શાવાય છે. કાંઈક એમ જ વ્યક્તિરૂપે પૂજ્યશ્રી એક હોવા છતાં વ્યક્તિત્વની તે તે વિશેષતા દ્વારા તેઓને અહીં ચાર સ્વરૂપે દર્શાવાયા છે. એ દ્વારા તેઓશ્રીને સમર્પિત કરાવેલ ગુણાંજલિના આ લેખનું સમાપન કરતાં હૈયે ઘુંટાય છે. 'શાંતસુધારસ' ગ્રન્થની પેલી માર્ગદર્શક પંક્તિ કેઃ-

कुरु सुविहितगुणनिधिगुणगानम्,
विरचय शान्तसुधारसपानम्।



गुरु भक्तिप्रभावेन
तीर्थकृद् दर्शनं मतम्।

આપ અમારા મૂળાધાર છો,
શાસનના આધાર છો..

# શાસ્ત્રોના પાને આચાર્ય (સદ્‌ગુરુ) ભગવંતો

- વિજય કુલચંદ્રસૂરિ

સર્વ જગતનું આત્મહિત સાધવું, તીર્થંકર ભગવંતો(શાસ્ત્રો)ની આજ્ઞા પ્રમાણે સાધવું.

શાસનનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, દેશ, સંજોગો વગેરેના વિશેષ જાણકાર બનીને સાધવું, જીવોના, પોતાના આચાર, વિચાર, સંયમ, જવાબદારી, સાધના વગેરે ધ્યાનમાં રાખીને સાધવું. અને નિઃસ્વાર્થ ભાવે, નિર્દોષ ભાવે, નિર્લેપ ભાવે, સ્વ-પર સર્વ કલ્યાણ માટે સાધવું. એ આચાર્ય ભગવંતોની વિશેષ જવાબદારી છે. તે આચાર્ય ભગવંતો, જે સ્વરુપે શાસ્ત્રમાં બતાવેલાં છે. તેને અહીં જાણવાનો ઉપક્રમ છે...

પ્રભુ પ્રસ્થાપિત જિનશાસનની ધુરાને વહન કરવાની મોટી જવાબદારી આચાર્ય ભગવંતોની રહેલી છે. આ આચાર્યભગવંતો માટે 'ગચ્છાચાર પ્રકીર્ણકમાં' જણાવ્યું છે કે **तित्थयर समो सूरी, सम्मं जो जिणमयं पयासेई।** તીર્થંકરોની ગેરહાજરીમાં તીર્થંકર સમાન, જિનમતને, જિનમાર્ગને સમ્યક્ પ્રકારે પ્રકાશિત કરે છે એટલે તીર્થંકર સમાન ગણવામાં આવ્યાં છે. એમાં આચાર્યપદનો સર્વોચ્ચ આદર્શ બતાવવામાં આવ્યો છે. તો 'શ્રીભગવતી સૂત્રની ટીકામાં' કહ્યું છે કે **आ ईषद् अपरिपूर्णाः ये ते आचाराः चारकल्पा इत्यर्थं। युक्तायुक्त विभागनिपुणाः। अतस्तेषु साधवो यथावच्छास्त्रोपदशेकतया इत्याचार्याः।** શ્રીઅભયદેવસૂરિએ 'આચાર' શબ્દમાં 'ચાર' શબ્દનો અર્થ જાસૂસ એવો અર્થ કરીને કહ્યું છે કે જૈન શાસનની રક્ષા માટે જાસૂસ સ્વરુપે સાધુઓને જે નિયંત્રિત રાખે તે આચાર્ય, જેમ જાસૂસો યથાયોગ્યનું વિભાજન કરવામાં નિપુણ હોય છે, એવી રીતે પોતાના શિષ્યોને જે ઉપદેશ આપે, એકત્રિત અને નિયંત્રિત રાખે તે આચાર્ય કહેવાય છે.

'શ્રીભદ્રબાહુસ્વામીએ નમસ્કાર નિર્યુક્તિમાં કહ્યું છે કે **आयारो नाणाई तस्सायरणा पमोसणाओ वा। जे ते भावायरिया भावायारोवउत्ता य।।** જ્ઞાનાચારાદિ પંચાચારનું પાલન કરનાર અને કરાવનાર આચાર્ય, ભાવ આચારથી પણ યુક્ત હોવાથી ભાવાચાર્ય હોય છે.

શ્રી રત્નશેખરસૂરી મહારાજજી સિરિ સીરીવાલકહા શ્રીપાલની કથામાં કહ્યું છે કે


**अत्थमिए जिणसूरे,**
**केवलि चंदे वि जे पईवुव्व।**
**पयडंति इह पयत्थे ते आयरिए नमंसामि।।**

જિનેશ્વર ભગવાનરુપી સૂર્ય અને કેવળ જ્ઞાનરુપી ચંદ્ર જ્યારે આ ભુવન ઉપર આથમી જાય છે ત્યારે જે દીપકની જેમ પ્રકાશે છે તે આચાર્ય ભગવંતોને નમસ્કાર કરું છું. અને આ જ ભાવમાં 'નવપદની પૂજામાં મહા મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ કહે છે કે - **''અત્થમિએ જિન સૂરજ કેવળ, ચંદે જે જગદીવો, ભુવનપદારથ પ્રકટન પટુ તે આચારજ ચિરંજીવો...''** ભગવાન રુપી સૂર્ય અને કેવળ જ્ઞાનીઓરુપી ચંદ્ર. જ્યારે મોક્ષમાર્ગરુપી આકાશમાં હોતા નથી ત્યારે દીવો બનીને પ્રકાશ પાથરનારા તે આચાર્ય ભગવંતો જિનશાસનને ચિરંજીવ ટકાવી રાખે છે. સૂર્ય અને ચંદ્ર તો

આકાશમાં એક એક હોય છે પરંતુ દીવા તો અનેકાનેક હોઈ શકે છે. વળી એક દીવામાંથી બીજા અનેક દીવા પ્રગટી શકે છે એટલે આચાર્ય માટે દીવાની ઉપમા યથાયોગ્ય જ છે.

जह दीवा दीवसयं, पईप्पई सो अ दिप्पई दीवो।
दीवासमा आयरिया दिप्पंति परं च दीवंति।।

જેમ એક દીવો સેંકડો દીવાને પ્રદીપ કરે છે અને સ્વયં પ્રદીપ્ત રહે છે, તેમ દીવા જેવા આચાર્ય ભગવંતો પોતે ઝળહળે છે અને બીજાને પણ પ્રકાશિત કરે છે. તીર્થંકર ભગવાનના વિરહ કાળમાં પ્રભુશાસન ચલાવવાની જવાબદારી આચાર્ય ભગવાન તો એમની આજ્ઞા મુજબ જ સંભાળે છે.




આચાર્ય ભગવાનની પસંદગીનું ધોરણ પણ ઊંચામાં ઊંચું હોવું ઘટે, માત્ર ઉંમરમાં મોટા હોય તેથી કે માત્ર દીક્ષા પર્યાયમાં મોટા હોય એટલા માત્રથી આચાર્યપદને પ્રાપ્ત કરી શકાતું નથી. તેમની યોગ્યતાના ધોરણો બહુ ઊંચા અને કડક રાખવામાં આવ્યા છે. અલબત્ દેશ, કાળ અનુસાર એમાં ન્યૂનતા અધિકતા જોવા મળે છે તો પણ આદર્શ તો ઊંચામાં ઊંચો રખાય છે. શ્રીપદ્મવિજયજી મહારાજે નવપદની પૂજામાં કહ્યું છે કે ''શુદ્ધ પ્રરુપણ ગુણ થકી, જે જિનવર સમ ભાખ્યાં રે...''

આચાર્યના લક્ષણો અને શબ્દની વ્યાખ્યા જુદી જુદી રીતે જુદા જુદા સ્થાનોમાં બતાવવામાં આવી છે. નવાંગી ટીકાકાર શ્રીઅભયદેવસૂરિજીએ આચાર્યના લક્ષણો માટે પૂર્વાચાર્યનું નીચે પ્રમાણે અવતરણ ટાંક્યું છે. पंचविहं आचारं आयारमाणा तहा पभासंता। आयारं दंसंता। आयरिया तेण वुच्चंति।। પંચવિધ આચારને આચરનારા, તેને પ્રકાશનારા તથા આચારોને

KHADOL



બતાવનારા ઉપદેશક હોવાથી તેઓ આચાર્ય કહેવાયછે.

आ मर्याद्‌या चरन्तीति आचार्याः

જેઓ મર્યાદાપૂર્વક વિચરે છે તે આચાર્ય

आचारेण वा चरन्तीति आचार्याः।

જેઓ આચારના નિયમ અનુસાર વર્તે છે. વિચારે છે તે આચાર્ય.

पंचस्वाचारेषु ये वर्तन्ते परांश्च वर्तयन्ति ते आचार्याः।।

પંચાચારનું જેઓ પોતે પાલન કરે છે અને બીજા પાસે કરાવે છે તે આચાર્ય.

आचाराः यत्र रुचिराः, आगमा शिवसंगमाः।

आयोपाया गतापाया आचार्य तं विदु बुधाः।।

જ્યાં આચાર સુંદર છે. આગમો શિવસુખનો સંગ કરાવી આપનાર છે. આય કહેતા લાભના ઉપાયો છે અને અપાયો કહેતાં નુકસાનો ચાલ્યા ગયાં છે તેમને પંડિતો આચાર્ય કહે છે.

आचारो ज्ञानाचारादि पंचधा आ मर्यादया वा चारो विहारस्तत्र स्वयंकरणात्, प्रभावणात्, प्रभाषणात् प्रदर्शनाच्चेत्या चार्याः।।

જ્ઞાનાચાર વગેરે પાંચ પ્રકારના આચારનું તથા ચાર એટલે વિહાર રુપ આચારનું જેઓ સ્વયં પાલન કરે છે અને કરાવે છે તથા તે વિશે ઉપદેશ આપે છે તે આચાર્ય કહેવાય છે.

आचर्यते सेव्यते कल्याणकामैरित्याचार्यः ।।

કલ્યાણની કામના કરવાવાળા દ્વારા જેમની સેવા થાય તે આચાર્ય. 'નિશીથ ભાષ્યમાં' કહ્યું છે કે ''राग-द्दोसविमुक्को सीयधरसमो य आयरियो''। રાગ દ્વેષથી રહિત આચાર્ય શીત ગૃહ સમાન છે. જેવી રીતે શીત ગૃહ બધી ઋતુમાં જ્યાં એકસરખું સુખદ અનુકૂળ વાતાવરણ હોય. એટલે કે આચાર્ય મહારાજ અનુકૂળ કે પ્રતિકૂળ એવી સર્વ પ્રકારની પરિસ્થિતિમાં સમતાના ધારક હોવાથી સદા સર્વદા પ્રસન્ન હોય છે.

KRISHNA NAGAR



SHASTRI NAGAR



આચાર્ય શબ્દ આચાર શબ્દ ઉપરથી ઉતરી આવ્યો છે, પરંતુ આચાર્યનું કર્તવ્ય અને ફરજ બેવડી છે. જેઓ આચારનું સ્વયં પાલન કરે છે અને શિષ્યો પાસે આચારનું પાલન કરાવે છે તથા સારણા, વારણા, ચોયણા, અને પડિયોયણા વડે પોતાના શિષ્યોને ચારિત્ર પાલનમાં એટલે કે મોક્ષમાર્ગમાં દ્રઢ રાખે છે.

''જે દિયે સારણ, વારણ, ચોયણ, પડિચોયણ વળી જનને, પટધારી ગચ્છથંભ આચારજ, તે માન્યા મુનિ મનને...'' 'સારણા' એટલે સ્મરણ કરાવવું. 'વારણા' એટલે અટકાવવું. 'ચોયણા' એટલે પ્રેરણા કરવી અને 'પડિચોયણા' એટલે વારંવાર પ્રેરણા કરવી. જરૂર પડે ત્યાં કઠોરતા કે કટુતાથી જ નહીં પણ મધુરતાથી માર્ગ પર લાવવા માટે શિષ્યોને વારંવાર પ્રેરણા કરવી. જે શિષ્યોને પંચમહાવ્રતના પાલનમાં પાંચ સમિતિ કે ત્રણ ગુપ્તિ અને આવશ્યક ક્રિયાઓમાં દિવસ રાતની સામાચારીમાં ક્યાંય વિસ્મરણ થઈ જતું હોય તો યાદ કરાવવાની ક્રિયા 'તેનું નામ સારણા છે.' જે શિષ્યો આચાર પાલન અવિધિથી કરતાં હોય, અકલ્પનીય કાર્યો કરતાં હોય, સાવદ્ય યોગમાં પ્રવર્તતા હોય, ઉત્સૂત્ર પ્રરુપણા કરતાં હોય, પ્રમાદ કરતાં હોય, ઉન્માર્ગે જતા હોય કે મન વચન કાયાથી અતિચાર યુક્ત આચરણ કરતાં હોય તો તેને બચાવવા, દેખરેખ રાખવી, અટકાવવા 'તેનું નામ વારણા છે.'

જેઓને સાધુતાના આદર્શો તરફ જવા માટે પ્રેરણા આપે, પ્રોત્સાહન આપે. કોઈથી પરિશ્રમ કે પરિષહ સહન ન થતો હોય, તપશ્ચર્યા થતી ન હોય, પ્રભુ ભક્તિમાં રસ પડતો ન હોય. બીજાની ભક્તિ ગમતી ન હોય. જરૂર પડે પોતાના દ્રષ્ટાંતથી બોધ આપે, તેને પૂર્વના મહાન આચાર્યો પ્રેરક દ્રષ્ટાંતો આપીને પ્રેરણા કરે 'તેનું નામ ચોયણા છે.'

કેટલીક વખત એકવાર કહેવાથી કાર્ય ન થાય, વધું વખત તે શિષ્યોને જાગૃત અને પ્રોત્સાહિત કરવાની જરૂર પડે, કેટલાક શિષ્યોમાં ગૃહસ્થજીવનના સંસ્કાર એટલા પ્રબળ હોય કે વ્રતપાલનમાં મંદતા આવી જાય તો તેના માટે વારંવાર કહેવું પડે, કડક થવું પડે, માર પણ મારવો પડે, તો તેમ કરતાં પણ તે અહીં તેના માર્ગથી અટકી જાય અને આત્મકલ્યાણના માર્ગ ઉપર સ્થિર થાય તેનું નામ પડિયોયણા છે. આ ચાર રીતે ધર્મ માર્ગમાં શિષ્યને જોડી રાખવા ધ્યાન રાખે છે. તથા

'નમું સૂરિરાજા, સદા તત્ત્વભાજા, જિનેન્દ્રાગમે પ્રૌઢ સામ્રાજ્ય ભાજા.'

શ્રીનપવદની પૂજામાં આચાર્ય ભગવંતને ધર્મશાસનરુપી સામ્રાજ્યના રાજા અથવા સમ્રાટ્ ગણાવ્યાં છે. ઉપાધ્યાયને મંત્રી, સાધુ ભગવંતને સુભટ તથા શ્રાવક શ્રાવિકાઓને પ્રજાજન તરીકે બતાવવામાં આવ્યાં છે.

આ શાસનમાં શ્રુતજ્ઞાનરુપી ધન ભંડાર દ્વારા પ્રજાનો કારભાર ચાલે છે. તેથી સૂરિ ભગવંતો રાજાને સ્થાને છે. આચાર્ય ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ ગુરુ તત્ત્વ સ્વરુપ છે એમાં પણ આચાર્ય ભગવાન મુખ્ય ગુરુરુપે છે. જૈનશાસનમાં ગુરુનો મહિમા અપરંપાર છે. કારણ કે ''ગુરુ વિના જ્ઞાન નહીં, ગુરુ વિના ધ્યાન નહીં અને ગુરુ વિના મુક્તિ નહીં.'' એટલા માટે પંચિંદિય સૂત્રમાં ગુરુ છત્રીસ છત્રીસ ગુણોથી યુક્ત હોય તે મારા ગુરુ છે એવું જણાવ્યું છે. 'મહોપાધ્યાય

યશોવિજયજીએ પંચ પરમેષ્ઠી ગીતામાં લખ્યું છે કે


ચઉદ પડિરુપ પમુહા ઉદાર,
ખંતિ પમુહા વિશદ દસ પ્રકાર,
બાર ગુણ ભાવનાના અનેરા,
પદ છત્રીસ ગુણ સૂરિ કેરા...

ચૌદ પ્રકારના પ્રતિરુપાદી ગુણ આ પ્રમાણે છે. પ્રતિરુપ એટલે અસાધારણ વ્યક્તિત્વવાળા, તેજસ્વી, યુગપ્રધાનાગમ, મધુરવાક્યો બોલનારા, ગંભીર, ધૈર્યવાન, ઉપદેશ તત્પર, અપરિશ્રાવી (સાંભળેલું નહીં ભૂલનારા) સૌમ્ય, સંગ્રહશીલ, અભિગ્રહ મતિવાળા, અવિકથાકર, અચપળ અને પ્રશાંત હૃદયવાળા ક્ષમાદિ દશ ધર્મ આ પ્રમાણે છે. ક્ષમા, મૃદુતા, ઋજુતા, પવિત્રતા, સત્ય, સંયમ, તપ, ત્યાગ, અકિંચનત્વ અને બ્રહ્મચર્ય...

'દશાશ્રુતસ્કંધમાં' અને અન્યગ્રંથોમાં આચાર્યના છત્રીસ ગુણોમાં, આઠ પ્રકારની સંપદા તે પ્રત્યેકના ચાર, ચાર ભેદ એમ બત્રીસ ગુણ તથા ચાર પ્રકારના વિનય એમ મળીને છત્રીસ ગુણ બતાવ્યાં છે. આઠ પ્રકારની સંપદા આચાર્ય ભગવાનની જે હોય છે તે પૈકી

આચાર સંપદા,
શ્રુત સંપદા,
શરીર સંપદા,
વચન સંપદા,
વાચના સંપદા,
મતિ સંપદા,
પ્રયોગ સંપદા અને
સંગ્રહ પરીજ્ઞા સંપદા.

ચાર પ્રકારના વિનયમાં આચાર વિનય, શ્રુતિ વિનય, વિશેષણ વિનય અને દોષ નિર્ધાતના વિનય રીતે આઠ સંપદાના ૩૨ પ્રકાર તથા ચાર પ્રકારનો વિનય એમ મળીને ૩૬ ગુણ આચાર્યના જણાવવામાં આવ્યા છે. 'શ્રીલક્ષ્મીસૂરિજી મહારાજ વીશ સ્થાનકની પૂજામાં' આચાર્ય પદનો મહિમા બહુ અલગથી બતાવે છે.




બારસેછન્નુગુણે ગુણવંતા, સોહમજંબૂમહંતા,
આયરિયા દિઠે તે દીઠા, સ્વરુપ સમાધિ ઉલ્લસંતા..

આપણા પૂર્વાચાર્યોએ છત્રીસ છત્રીસી બતાવી છે.



# છત્રીસ 36 છત્રીસી

'પહેલી છત્રીસી.'
૪ દેશના, ૪ કથા, ૪ ધર્મ, ૪ ભાવના, ૪ સ્મારણાદિ, ૪ આર્તધ્યાન, ૪ રૌદ્રધ્યાન,૪ ધર્મધ્યાન અને ૪ શુક્લધ્યાન...

'બીજી છત્રીસી.'
૫ સમ્યકત્વ, ૫ ચારિત્ર, ૫ મહાવ્રત, ૫ વ્યવહાર, ૫ આચાર, ૫ સમિતિ, ૫ સ્વાધ્યાય, અને ૧ સંવેગમાં રત.

'ત્રીજી છત્રીસી.'
૫ પ્રમાદ , ૫ આશ્રવ ,૫ નિદ્રા, ૫ કુભાવના, ૫ ઇન્દ્રિયો, ૫ વિષયો અને છ જીવનિકાય રક્ષા...

'ચોથી છત્રીસી.'
૬ લેશ્યા, ૬ આવશ્યક, ૬ દ્રવ્ય, ૬ દર્શન, ૬ ભાષા, ૬ વચન દોષ...

'પાંચમી છત્રીસી.'
૭ ભય, ૭ પિંડેષણા,૭ પાનૈષણા, ૭ સુખ, ૮ મદ....

'છઠ્ઠી છત્રીસી'
૮ જ્ઞાનાચાર, ૮ દર્શનાચાર,૮ ચારિત્રાચાર, ૮ ગુણ, ૪ બુદ્ધિ...

'સાતમી છત્રીસી'
૮ કર્મ, ૮અષ્ટાંગ યોગ, ૮ યોગદ્રષ્ટિ, ૮ મહાસિદ્ધિ, ૪ અનુયોગ....

'આઠમી છત્રીસી'
૯ તત્ત્વ ,૯ બ્રહ્મચર્ય, ૯ નિયાણા, ૯ કલ્પ....

'નવમી છત્રીસી'
૧૦ અસંવર ત્યાગ, ૧૦ સંક્લેશ ત્યાગ, ૧૦ ઉપઘાત, ૬ હાસ્યાદિ...

'દસમી છત્રીસી'
૧૦ સમાધિ સ્થાન, ૧૦ સામાચારી, ૧૬ કષાય ત્યાગ...

'અગ્યારમી છત્રીસી'
૧૦ પ્રતિસેવના, ૧૦ શોધિદોષ, ૪ વિનયસમાધિ, ૪ શ્રુતસમાધિ, ૪ તપસમાધિ, ૪ આચાર સમાધિ...

'બારમી છત્રીસી'
૧૦ વૈયાવચ્ચ, ૧૦ વિનય, ૧૦ ક્ષમાદિ ધર્મ, ૬ અકલ્પ્યોને છોડનારા,

'તેરમી છત્રીસી'
૧૨ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ સમ્યક્ત્વની રુચિ, ૨ શિક્ષા...

'ચૌદમી છત્રીસી'
૧૧ શ્રાવક પ્રતિમા, ૧૨ વ્રત ઉપદેશક, ૧૩ ક્રિયાસ્થાન ઉપદેશક...

'પંદરમી છત્રીસી'
૧૨ ઉપયોગ, ૧૪ ઉપકરણ ધર, ૧૦ પ્રાયશ્ચિત્ત દાતા...

'સોળમી છત્રીસી'
૧૨ તપ, ૧૨ ભિક્ષુ પ્રતિમા, ૧૨ ભાવના...


'સત્તરમી છત્રીસી'
૧૪ ગુણસ્થાનકમાં નિપુણ, ૮ સૂક્ષ્મ ઉપદેશક,
૧૪ પ્રતિરૂપાદિ ગુણ યુક્તતા...

## નમો નમઃ શ્રી

# ગુરુ નેમિસૂરયે

VALBHIPUR






TALAJA



BHAVNAGAR



VEJALPUR

‘અઢારમી છત્રીસી’

૧૫ યોગ ઉપદેશક, ૩ ગારવ, ૩ શલ્ય, ૧૫ સંજ્ઞા...

‘ઓગણીસમી છત્રીસી’

૧૬ ઉદ્ગમ દોષો, ૧૬ ઉપાદાન દોષો, ૪ અભિગ્રહ...

‘વીસમી છત્રીસી’

૧૬ વચન વિધિજ્ઞ, ૧૭ સંયમ, ૩ વિરાધના વિનાના...

‘એકવીસમી છત્રીસી’

૧૮ દીક્ષા માટે અયોગ્ય પુરુષોના દોષો છોડનારા,
૧૮ પાપસ્થાનક...

‘બાવીસમી છત્રીસી’

૧૮ શીલાંગ સહસ્ત્ર ધારક,
૧૮ બ્રહ્મભેદ પાળનારા...

‘ત્રેવીસમી છત્રીસી’

૧૯ કાયોત્સર્ગ, ૧૭ મરણપ્રકાર પ્રકટન...

‘ચોવીસમી છત્રીસી’

૨૦ અસમાધિ સ્થાન,
૧૦ એષણાદોષ ત્યાગ,
૫ ગ્રાસૈષણા દોષ ત્યાગ, ૧ મિથ્યાત્વ...

‘પચ્ચીસમી છત્રીસી’

૨૧ સબલ સ્થાન ત્યાગ, ૧૫ શિક્ષાશીલ...

‘છવ્વીસમી છત્રીસી’

૨૨ પરીષહ, ૧૪અભ્યંતર ગ્રન્થી છોડનારા...

‘સત્તાવીસમી છત્રીસી’

૫ વેદિકા દોષ ત્યાગ, ૬ આરભટાદિ દોષ ત્યાગ, ૨૫ પ્રકારે પ્રતિલેખનાદિ (કરનારા)...

‘અઠ્ઠાવીસમી છત્રીસી’

૨૭ અણગાર ગુણ, ૯ કોટિ શુદ્ધ આહાર ગ્રહણ કરનારા...

‘ઓગણત્રીસમી છત્રીસી’

૨૮ લબ્ધિ, ૮ પ્રભાવક...

‘ત્રીસમી છત્રીસી’

૨૯ પાપશ્રુત વર્જન ૭ શોધિ ગુણ...

‘એકત્રીસમી છત્રીસી’

૩૦ મહા મોહબંધસ્થાન વર્જન,
૬અંતરંગારિ વર્જન...

‘બત્રીસમી છત્રીસી’

૩૧ સિદ્ધગુણોનું અનુકીર્તન, ૫ જ્ઞાનનું અનુકીર્તન કરનારા,

‘તેત્રીસમી છત્રીસી’

૩૨ જીવ રક્ષક, ૪ ઉપસર્ગ વિજેતા...

‘ચોત્રીસમી છત્રીસી’

૩૨ દોષરહિત વંદનાના અધિકારી, ૪ વિકથા રહિત...

‘પાત્રીસમી છત્રીસી’

૩૩ આશાતના વર્જી, ૩ વીર્યાચાર...

‘છત્રીસમી છત્રીસી’


૩૨ (૪×૮) પ્રકારની ગણિસંપદા,૪ વિનય...

**આ રીતે આચાર્યશ્રીના ૩૬ ગુણો ગુરુગુણષટ્ત્રિંશિકાના આધારે જુદી જુદી રીતે બતાવવામાં આવે છે. તેમાં તેનો મહિમા અને ગૌરવ જણાય છે.**

ઓ મારા નેમિ સૂરી દાદા, આપ મળો તો ઉત્સવ લાગે, સામું જુઓ તો મહોત્સવ લાગે,
થોડું હસો તો પ્યારાં લાગો, સાથે રહો તો ભગવાન લાગો....



।। गुरुभतीए विज्जा, साफल्लं होइ नियमेणं ।।



સિંહસમા સૂરિવરા, સકલ જૈન સંઘના, પાપ હરે તાપ ટળે નેમિસૂરિ ચરણમાં....

# ગુરુ મોહી મારે શબદ કી લાઠી

પૂ.આ.શ્રી વિજય રત્નચન્દ્રસૂરીશ્વરજી મ. (ડહેલાવાલા) ના
શિષ્યરત્ન પૂ.આ.શ્રી વિજય ઉદયરત્નસૂરીશ્વરજી મ.

'મારે તો ગુરુ ચરણ પસાયે,
અનુભવ દિલમાં પેઠો;
ઋદ્ધિ-સિદ્ધિ પ્રગટી ઘરમાંહીં,
આતમ રતિ હુઈ બેઠો!'

પરમારાધ્ય પ્રિય મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજશ્રીના અતળ ઊંડાણમાંથી પ્રગટેલા આ શબ્દોની નીચે આપણો સમગ્ર સંસાર સમાઈ જાય છે.

ગુરુની કૃપા-પસાયે શું ન મળે? ઉપાધ્યાયજી મહારાજ જેવા સાધકની આ અનુભૂતિ છે. અનુભૂતિ વિના આ શબ્દો આવે ક્યાંથી? ગુરુતત્ત્વની વિભાવના કરવાની આપણી બાલચેષ્ટાને અહીં જ વિરામ આપવાનું મન થાય તેવી આ વચનની તાકાત છે.

ગુરુતત્ત્વ આ જગતની શ્રેષ્ઠ અનુભૂતિ છે. તેને અભિવ્યક્ત કરવી શી રીતે? મને મારા ગુરુ ગમે છે, મતલબ ગમે છે. અર્થાત્ ગમે છે. યાનિ ગમે છે... એટલે ગમે છે. મિન્સ ગમે છે! કઈ ભાષામાં આનો અનુવાદ કરી શકાય?

શા માટે? કેમ? કેટલા? આ બધા સવાલો નિરર્થક છે.

એક રાજાએ સંતને ભરસભામાં પૂછેલું : 'આટલા વરસોમાં તમે શું પ્રાપ્ત કર્યું?'

સંત કશું જ બોલ્યા વિના ચાલ્યા ગયા. રાજાએ એમને પુનઃ પકડી મંગાવ્યા, પૂછ્યું : 'તમારે કહેવું જ પડશે કે આટલા વરસોની સાધના બાદ તમે શું મેળવ્યું?'

- અને કહે છે કે સંતે રાજાના દરબારમાં વાંસળીના સૂર છેડ્યા. તાન પૂરું કર્યું ને સંતે હાથ જોડી કહ્યું : 'આટલું મને પ્રાપ્ત થયું!'

પ્રાપ્તિ...શબ્દોનો વિષય કેવી રીતે બને?!

ગુરુતત્ત્વ એ પ્રાપ્તિની અનુભૂતિ છે. એને વ્યક્ત શી રીતે કરવી? આપણે ધ્યાનમાં બેસીએ. આંખ બંધ કરીએ. લાલ...લાલ... પ્રકાશનાં ગૂંચળાં બંધ આંખો સામે ફરતા દેખાય. પણ, આ લાલ રંગ શેનો?

કંકુનો? સિંદુરનો? તડબૂચનો? લાલ રંગ તો એમ્બ્યુલન્સની લાઈટનો પણ હોય ને ટ્રાફિક સિગ્નલનો પણ હોય. ઊડતા ગુલાલનો પણ હોય ને લોહીનો પણ હોય. પાનેતરનો પણ હોય ને રડવાનો પણ હોય ને ગુસ્સાનો પણ હોય!

આપણે આટ-આટલા વિકલ્પો પછી પણ જવાબ ગોતી શકતા નથી; તો કોઈ

સુરદાસજી કે પ્રજ્ઞાચક્ષુને જઈને પૂછીએ કે બોલો, લાલ રંગ કેવો હોય? તો એ કેવી અકથ્ય અનુભૂતિ કરે? કોઈ મૂક જીવને ગોળની મીઠપ કોના જેવી પૂછીએ તો શું જવાબ આપી શકે એ?

આજે આ લખતા એ જ દશા અનુભવાય છે. 'ગુરુતત્ત્વની પ્રાપ્તિ અને ગુરુનું ગમી જવું' આ બે ય અંતિમો વચ્ચે ઝૂલતો સવાલ ક્યારેય મોક્ષ પ્રાપ્ત કરી શકવાનો નથી. પણ મને ગુરુ ગમે છે. ગુરુતત્ત્વ ગમે છે. ગુરુની ચરણોપાસના ગમે છે. ગુરુની સંનિધિ ગમે છે. ગુરુની

સેવા ગમે છે...મને મારા ગુરુ ગમે છે. આ જ મારો સંસાર ને આ જ મારી મુક્તિ. સંયમની પ્રાપ્તિ પછી મેળવવા જેવું એક જ લાગ્યું છે...ગુરુનું સદાકાળ શાશ્વત સાંનિધ્ય...

જેને ગુરુની પ્રાપ્તિ પછી ગુરુ ગમતા નથી. તેની મુક્તિ શી રીતે થાય? ગુરુ ગમ્યા પછી પ્રાપ્ત કરનારા છીએ આપણે. મુશ્કેલી જ આ છે, ગુરુ મળ્યા પછી ગમી જાય તે સાચું! આજકાલ અમારું શિષ્યત્વ નિમાણું થઈ બેઠું છે એનું કારણ જ આ છે કે એ પહેલા ગુરુની પસંદગી કરે છે પછી મેળવવા ઈચ્છે છે. હકીકતે, પહેલાં જે મળ્યા છે એ જ ગમી જાય તો એ ગુરુ તારક બને. ગૌતમસ્વામી ભગવંતને વીરપ્રભુજી ગુરુ તરીકે મળ્યા...એ જ ગમ્યા. જે મળે તે જ ગમાડીએ તે કેટલું સારું! અને મળેલા ગુરુમાં તારકતાની બુદ્ધિ પ્રગટે તો કલ્યાણ જ કલ્યાણ !

ગુરુતત્ત્વ માત્ર આપણે ત્યાં જ નહીં, પ્રત્યેક પરંપરામાં તેનો મહિમા છે. ગુરુ વિનાનો ધર્મ બતાવો. ગુરુનું અને ગુરુને નહીં માનનારા છેવટે સ્વયં ગુરુ બની બેઠા ને ધર્મ-પ્રવર્તન કર્યું. ટૂંકમાં, ગુરુ વિના ચાલે તેમ નથી. ગુરુ વિના જીવાય તેમ નથી.

કેટલીક પરંપરાઓએ તો ભગવાનને ઓળવ્યા પણ ગુરુને તો રાખ્યા જ. વ્યક્તિપૂજાનો નિષેધ-વિરોધ કરનારા પથદર્શક વિના ક્યાં જીવી શકે છે? એમાંય હવે

તો મેનેજમેન્ટ ગુરુ ને કંઈ કંઈ પ્રકારના ગુરુઓ મળે છે. વાત ટીકાની નથી વાત છે : ગુરુતત્ત્વની,

ગુરુતત્ત્વ વિના એક પણ ધર્મ ચાલ્યો નથી કે ચાલશે નહીં, નાની-નાની-પાતળી ધર્મ-પંથની પરંપરાઓ પણ 'ગુરુ વિણ સબ અંધાર'ને માને છે.

કબીરજીએ લખેલું :

'સદ્ગુરુ સોઈ દયા કર દિન્હા, તાતે અચિન્હાર મૈં ચિન્હા.

બિન પગ ચલના, બિન પંખ ઉડના બિન ચંચુ કા ચુગના...'

સદ્ગુરુએ દયા કરી બધુ આપ્યું. તેથી જ તો અજાણ્યાને જાણી શક્યો...પગ વગર ચાલવાનું ને પાંખ વગર ઊડવાનું ને ચાંચ વગર ચણવાનું...સદ્ગુરુ સોઈ દયા કર દિન્હા!

દાસી જીવણે તેના ગુરુ ભીમના મેળાપ પછી પોતાના ભ્રમનિરસનની રજૂઆત આ રીતે કરેલી :

'અંજવાળું, હવે અંજવાળું... ગુરુ આજ તમે આવ્યા ને મારે અંજવાળું!'

સદ્ગુરુ શબ્દ જ્યારે શ્રવણે સુણાવ્યો, ભેટ્યા ભીમને ભાંગ્યું ભ્રમનું તાળું...

ગુરુ આજ તમે આવ્યા ને મારે અંજવાળું. આવા અજવાળા ના વારસદાર હોય છે ગુરુ.

આપણે ત્યાં પણ ગુરુ મહિમાની ખૂબ વાતો થઈ છે. ધર્માચાર્ય બહુમાન કુલક એક વાર વાંચી લઈએ તો ય સમજાઈ જાય કે ગુરુ શું ચીજ છે!

જ્ઞાનવિમલજી મહારાજે એક સજ્ઝાયમાં ગુરુમહિમા કેવો દર્શાવ્યો છે :

'વિનય કરો ચેલા ગુરુ તણો;
જિમ લહો સુખ અપારો રે,
વિનય થકી વિદ્યા ભણો,
તપ-જપ સૂત્ર આચારો રે...
ગુરુ વચન નવિ લોપીએ;

નવિ કરીએ વચન વિઘાતો રે,
ઊંચે આસન નવિ બેસીએ,
વચ્ચે-વચ્ચે નવી કરીએ વાતો રે...
ગુરુ આગળ નવિ ચાલીએ,
વળી રહીયે પાછળ દૂર રે,
બરોબર ઊભા ન રહીએ,
ગુરુને શાતા દીજે ભરપૂર રે...
વસ્ત્ર પાત્ર નિત્ય ગુરુ તણો
પડિલેહિયે દોય વારો રે,
આસન બેસણ પૂંજીએ,
પાથરીએ સુખકારો રે...
આસન વસનાદિ સુખ દીએ
ગુરુ આણાએ મુખ નિરખો રે,
જ્ઞાનવિમલ સૂરિ ઈમ કહે :
શિષ્ય થાયે ગુરુની સરખો રે...'

આ ગુજરાતી સજ્ઝાયનું ગુજરાતી કરવું પડશે?

સદ્ગુરુની સેવા-વિશ્રામણા-સમાધિ કે શાતાનું દાન શ્રમણ કેવી રીતે કરે એની કેવી ભાવભીની રજૂઆત છે !

આપણાં ત્યાં ગુરુના હાથમાં દંડ હોય છે.

કેમ? માથું ફોડવા નહીં, અહંકાર તોડવાનું પ્રતીક છે દંડ. એ પ્રહાર કરે છે અહં પર! ગુરુ ક્યારેય રિસાય નહી. નારાજ ન થાય. ગુસ્સો ન કરે. પણ નારાજગી દેખાડી શકે. ગુસ્સો દર્શાવી શકે. જે ગુસ્સાને 'ગુસ્સા' તરીકે માની લે તેનું શિષ્યત્વ ઉચકાતું નથી. શિષ્યમાં પાત્રતા પ્રગટે ત્યારે તેને ગુરુમાં દોષ દેખાતા નથી. દોષનો અભિનય દેખાય. 'મારા ગુરુ મારા પર ગુસ્સો કરે છે' આ વિધાન કેટલું ખોટું!

...સાચું વિધાન તે આ : 'મારા ગુરુ ગુસ્સાનો અભિનય કરે છે. કેમ કે મારા દોષોને કાઢવા માટે એમની પાસે આ સિવાય બીજો વિકલ્પ જ ક્યાં છે?'


આ સમર્પિત અવસ્થાનું સુખ છે. સમર્પણ પાસે સવાલ ન હોય. માત્ર સ્વીકાર હોય, સમાધાન હોય. પ્રશ્નો ન હોય - પ્રતીક્ષા હોય.

ચંડરુદ્રાચાર્યજીએ શિષ્યને દંડા માર્યા એ તો પ્રતીકાત્મક રજૂઆત છે. એમણે દંડા માર્યા પણ, માથા પર નહીં... અહંકાર પર. અહં તૂટ્યો ત્યારે કૈવલ્ય મળ્યું છે. માથા ફૂટવાથી કેવળજ્ઞાન થોડી મળે?

આપણે કથાના સૂક્ષ્મભાગને પકડતા નથી. ગુરુએ દંડ ઉગામ્યો માર્યો.
શિષ્ય સવાલ કરતો નથી. ગુરુને ઊંચકીને ચાલવાનાં ઉપકારને પંપાળતો નથી. દંડ મારતાની સાથે જ લોહીના નહી, લાગણીના ટશિયા ફૂટ્યાં : 'રે અભાગી! દીક્ષાના પહેલા જ દિવસે ગુરુને કષ્ટ આપવાનું શરૂ કર્યું!' મનમાં ને મનમાં આત્મનિંદા શરૂ થઈ ને અહં કડાકાભેર તૂટ્યો. જાત પર ધિક્કાર વછૂટ્યો...ને કેવળજ્ઞાનની પ્રાપ્તિ!!!

એટલે જ આપણે ત્યાં માથું મૂકી દેવાની પરંપરા છે. ચરણોમાં ઢળી પડવું કે ખોળે માથું મૂકી દેવાની પરંપરા છે. ચરણોમાં ઢળી પડવું કે ખોળે માથું મૂકી દેવાની પરંપરા પશ્ચિમમાં ક્યાં છે? માથું મૂકી દેવું એટલે સર્વસ્વ સમર્પણ! સંપૂર્ણ શરણાગતિ.સુરેશ દલાલ કહે છે :

'તમારા ચરણ-કમલમાં માથું...
ચરણકમલમાં બેસી બાંધું...
ભવભવનું હું ભાથું.'




રોમે રોમે રાજીપોને શ્વાસમાંહિ વિશ્વાસ । ગુરુવર આવા નહિં મળે, જયશાસન સમ્રાટ્ ।।

માથું મૂકવું એટલે જીવન પણ એમના હાથમાં જ; મૃત્યુ પણ!

ચંડરુદ્રાચાર્યજીના શિષ્યે માથું મૂકી દીધેલું.

એ ચિત્રને જરા માનસપટ પર ઉપસાવીએ; ગુરુ ખભે બિરાજ્યા છે, એક હાથમાં દંડ છે; બીજા હાથે શિષ્યનું મસ્તક પકડી રાખ્યું છે, શિષ્યે ઊંચકવાના બહાને ગુરુના ચરણ પકડી રાખ્યા છે. જાડી બુદ્ધિ ખૂણે મૂકીને વિચારીએ તો સમજાશે કે આ જ એમની દીક્ષા છે! ગુરુના હાથમાં મસ્તક સોંપી દેવું એ જ દીક્ષા! લોચની પ્રક્રિયા આ જ તો છે. કથાની મજા તો એ છે કે હકીકતે શિષ્યે ગુરુને ઊંચક્યાં જ ક્યાં છે?

ગુરુએ શિષ્યને ઊંચક્યાં છે. માટે જ તો પહેલું કેવળજ્ઞાન શિષ્યને થયું. એમનું નામકરણ શું થયું હશે? ગુરુનું નામ ચંડરુદ્રાચાર્ય તો શિષ્યનું નામ : શાંતમુદ્રાચાર્ય?

પ્રખ્યાત ઉક્તિ છે ને? 'ગુરુ કુમ્હાર શિષ્ય ઘટ હૈ' ગુરુ કુંભારની જેમ એક હાથ અંદર રાખીને બીજા હાથે ટપારે છે. ટપલી મારે છે. ઘડો ફૂટતો નથી; તૈયાર થાય છે. જે શિષ્યને ગુરુના ભીતર ફરતા હળવા હાથની મહેર ન દેખાય અને બહારનો માર દેખાય તો એને કેવળજ્ઞાન તો શું મળે...શ્રુતજ્ઞાનના પણ ફાંફા પડવાના.'

ગુરુના કઠોર અભિનયથી ઉભગી જનારા- ભાગી જવાના. છૂટા પડનારાનો વાંધો નથી પણ, સામા થનારા સામે શાસનને કાયમી

ફરિયાદ છે. જ્યારે આપણો અહંકાર આપણા કરતા મોટો થાય ત્યારે જ ગુરુની સામે દલીલ કરવાનું મન થાય. આવું થતું હોય તો આપણા વિકાસ, આપણાં નિસ્તાર કે આપણાં કલ્યાણની કલ્પના કરવી પણ નિરર્થક છે. યાદ રહે; પડછાયો મોટો થાય તે અસ્ત થવાની નિશાની છે!!

ગુરુ સામે દલીલ એ પ્રત્યક્ષ-પણે નિંદા ન કહી શકાય. પણ, નિંદાની જનની તો કહેવાય જ, દલીલ ત્યારે જ થાય જ્યારે આપણો અહં અમળાતો હોય, ગુરુ નબળા તો દલીલ જોર કરશે. ગુરુ સબળા તો દલીલ નિંદાના વાઘા પહેરશે. સામે કહી શકાય તે દલીલ. પાછળ થાય તે નિંદા. અવર્ણવાદ.

પૂજ્યપાદ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ તો ડારે છે.

नूनमल्पश्रुतस्यापि, गुरोराचारशालिनः।
हीलना भस्मसात् कुर्याद्, गुणं
वह्निरिवेन्धनम्।।

અલ્પજ્ઞાની એવા પણ આચારસંપન્ન ગુરુની નિંદા તમારા ગુણોને ભસ્મ કરી નાંખે. જેમ અગ્નિ લાકડાને બાળી નાખે તેમ!

ચંડારુદ્રાચાર્યજીના શિષ્ય આપણા સૌના આદર્શ બનવા જોઈએ. આનંદઘનજીનો અવધૂતી અંદાજ છે:

'ગુરુ મોહી મારે શબ્દ કી લાઠી...ચેલે કી મતિ અપરદ્ધિની નાઠી.

ગુરુ કે ઘર કા મરમ ન પાયા અકથ કહાની આનંદઘન પાયા.'

આનંદઘનજીનો અવાજ તો ગુરુની લાઠીના અવાજની વાત કરે છે; ગુરુની લાઠી આપણી અપરાધિની બુદ્ધિને ભગાડી મૂકે છે.

ગુરુ તો શબ્દની લાઠી મારે...શાસનસમ્રાટ પૂ. નેમિસૂરીશ્વરજી મહારાજ માટે સાંભળેલું છે કે ઘડાનો દોરો લઈને બેસતા...શિષ્યને ન આવડે તો સટ્ટાક...

...પણ, એ ભૂતકાળ ભવ્ય હતો...આજે એવા ગુરુને એવા શિષ્યો દુર્લભ ભાસે છે...ગુરુઓ વધુ ને વધુ કરૂણાવંત બનતા ગયા છે ને શિષ્યો વધુ ને વધુ નઠોર! હમણાં એક પ્રબુદ્ધ-પ્રસિદ્ધ આચાર્ય ભગવંતે માર્મિક વાત કરેલી કે;

'પહેલા શિષ્યો ભૂલ કરતા હતા,
આજે ગુરુ કાઢતા ડરે છે!'

આ કોઈ શાબ્દિક રમત નથી. હૃદય વિદારક પીડા છે.

પૂ. ધર્મદાસ ગણિ મહારાજ ઉપદેશમાળામાં કહે છે [૧]'જે શિષ્ય ઠપકો આપવા પર ગુસ્સે થાય-સામો થાય કે રીસાઈ જાય અને ભૂલ કાઢે ત્યારે હૃદયમાં ગાંઠ વાળે...ગુરુને કોઈ કાર્યમાં સહાય ન કરે તે શિષ્ય, શિષ્ય નથી!'

આ તબક્કે કશોય દંશ કે દંભ રાખ્યા વિના નોંધવાનું મન થાય છે કે આજકાલ જે રીતે ગુરુમહિમા વધ્યો છે કે વધારવામાં આવ્યો છે તે ભવિષ્ય માટે આપણા સદ્ધર્મનો વિઘાતક થવાની પૂર્ણ શક્યતા છે. ગુરુ હંમેશા મહાન હોય... પ્રત્યેક જીવ માટે પોતપોતાના સદ્ધર્મદેશક ગુરુઓ પરમાત્મ તુલ્ય જ રહેવાના ને રહેવા જ જોઈએ. પણ, જે રીતે વર્તમાનમાં ગુરુઓનાં 'વાર', ગુરુઓની પ્રદક્ષિણા, ગુરુઓનો મંત્રજાપ, ગુરુઓ પાસે ભૌતિક

૧) रुसइ चोइज्जंतो, वहई य हियएण अणुसयं भणिओ। न य कम्हिं करणिज्जे, गुरस्स आलो न सो सीसो (ઉપદેશમાળા ૭૬)

સામગ્રીની માંગણીઓ, ઈચ્છાઓ, એષણાઓ, અપેક્ષાઓ, માન્યતાઓ, પ્રચાર-પ્રસાર અને પ્રવૃત્તિ વધી રહ્યા છે એ જોતા વીતરાગતત્ત્વની ઉપેક્ષાનો ભય વધતો જાય છે. જે માર્ગથી આપણા પૂર્વજો કે સદ્‌ગુરુઓએ આપણને દૂર રાખ્યા હતા એ માર્ગ પર આપણે પૂરઝડપે આગળ વધી રહ્યા છીએ.

થોડા સમય પૂરતી આ પ્રવૃત્તિ ખૂબ સારી લાગે છે પણ, એની દૂરોગામી અસર કેટલી હાનીકર થશે એ જોવા માટે આપણી આંખો તેવાઈ નથી. સૌથી ગંભીર બાબત એ છે કે આપણા કોઈ એક 'ગુરુ' નથી. એક જ ગુરુની ભક્તિનું આવું પૂર જાગ્યું હોત તો હજુય આપણે તેને સામૈયા સાથે સ્વીકારી શકત...આજે માથે-માથે અનેક ગુરુઓ છે. ગુરુઓની ગુરુમૂર્તિઓ છે. ગુરુમંદિરો છે. ગુરુમૂર્તિ કે મંદિરો સર્જવાની હોડ છે. અન્ય પક્ષની જેમ આપણી પાસે એક જ માત્ર 'હીરવિજયસૂરિ' જેવા દાદાગુરુની દાદાવાડી હોત તો તપાગચ્છની ઉજળી ધારા-પરંપરાના ઓવારણા લેવાત. પણ અહીં તો સહુસહુના ગુરુઓની અલગ-અલગ પરિપાટી છે. વરસો પછી ગુરુમૂર્તિના ચહેરાઓ વધી પડશે ને ચહેરાઓના જંગલમાં આપણી ભાવિપ્રજા ભૂલી ભટકશે...

મને પણ મારા ગુરુ ગમે છે, ઉપર કહ્યા તેવા કેટલાક ભક્તિ પ્રકારો હું પણ આરાધું છું પણ વ્યક્તિગત ધોરણે. સમષ્ટિગત રીતે તેનો પ્રચાર-પ્રસાર અને ભક્તિની પ્રથાઓ વિકસે તો તો જોખમી જ છે. પ્રતિક્રમણ બાદ બોલાતી ગુરુ સ્તુતિઓ કેવી રમૂજપ્રેરક બની રહી છે તે આપણે ક્યાં નથી જાણતા?

આમાંની એક પણ વાત કોઈ ચોક્કસ વર્ગ-વિશેષને ટિપ્પણી કરવા માટે નથી લખાઈ. કેમ કે હું સ્વયં ગુરુભક્તિ અને પરંપરા ભક્તિ માટે અત્યંત સંવેદનશીલ છું. ગુરુતત્ત્વની અતાગ આસ્થા-શ્રદ્ધાના પરિણામે અમારા થકી પણ આવી-સ્તુતિ વિગેરે પ્રવર્ત્યું છે. પણ, આ અતિરેક કેટલો વ્યાજબી છે એ વિચારણીય તો બન્યો જ છે.

પૂજ્યપાદ સરસ્વતી-સાધક આચાર્યદેવશ્રી વિજય કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબનો પ્રેમાગ્રહ ટાળી ન શકાયો તો ગુરુના ભાવ-પ્રદેશમાં વિહરવાનો મોકો મળ્યો...

ગુરુતત્ત્વની વિભાવના કરતી વખતે શાસનસમ્રાટશ્રીના સમુદાય સાથે અમારા સમુદાયનો એક ઋણાનુબંધ સ્મરણમાં આવે છે.

વિ.સં. ૨૦૨૬ની સાલે અમારા પરમ ગુરુદેવ આચાર્યશ્રી વિજયરામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) શત્રુંજયતીર્થની યાત્રા કરી અમદાવાદ તરફ વિહાર કરી રહ્યા હતા ત્યારે તેમને સમાચાર મળ્યા કે શાસનસમ્રાટશ્રીના શિષ્ય પૂ. તપાગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજય ઉદયસૂરીશ્વરજી મહારાજ ભાવનગર બિરાજમાન છે અને તેમનું સ્વાસ્થ્ય નાદુરસ્ત છે. એટલે આચાર્ય શ્રી વિજય રામસૂરિ મહારાજ ૫૦ કિ.મી. નો વિહાર લંબાવીને પણ ભાવનગર પધાર્યા હતાં.


ભાવનગમાં મોટા ઉપાશ્રયે પૂ. ઉદયસૂરિ દાદા બિરાજમાન અને આચાર્ય રામસૂરિ મહારાજ સાહેબ ત્યાં પધાર્યા. વંદનાદિ કર્યા. પૂ. ઉદયસૂરિદાદાની આંખનીજ્યોતિ ઝાંખી પડેલી.

એમણે અવાજથી ઓળખ્યા. યોગાનુયોગ પૂ. આ. ઉદયસૂરિ મહારાજશ્રીના મુખ્ય શિષ્યોને સાહેબ સ્વયં શત્રુંજય યાત્રાર્થે મોકલેલા... અને એ જ દિવસે દાદાનું સ્વાસ્થ્ય વધું કથળ્યું.

આચાર્યશ્રી વિજયરામસૂરીશ્વરજી મહારાજ સાહેબ સજાગ થઈને નિર્યામણા કરાવવા પહોંચી ગયા. રાત્રે નવ વાગ્યાથી સાડા અગિયાર વાગ્યા સુધી પૂ. ઉદયસૂરિ દાદાની છેવટની નિર્યામણાનો લાભ આચાર્ય શ્રી વિજય રામસૂરિ મહારાજને સાંપડ્યો.

કહે છે કે, એ વખતે શાંતરસમાં ઝીલતા પૂ. ઉદયસૂરિ મહારાજ સાહેબે અપાર સંતોષથી માથે હાથ મૂકીને આશીર્વાદ આપેલા, એ મૂંગા આશીર્વાદ અક્ષરશઃ ફળ્યાં. આચાર્યશ્રી વિજયરામસૂરીશ્વરજી મહારાજ સ્વયં પણ તપાગચ્છાધિપતિશ્રી બન્યા અને અદ્‌ભુત સમાધિના સાધક બન્યા. [2]આ વાત સ્વયં પૂ. જિનશાસનશણગાર આચાર્યદેવશ્રી વિજય ચન્દ્રોદય સૂરિજી મહારાજ સાહેબે સં. ૨૦૬૧ ફાગણ વદ-૧૩ના રોજ મુંબઈ-ગોડીજીમાં ગુણાનુવાદ કરતા કહેલી.

ગુરુતત્ત્વ આ રીતે પણ સક્રિય હોય છે. ત્યાં સમુદાયના બંધન વિસરી જવાય છે... પૂ.આ.શ્રી કુલચન્દ્ર સૂરિ મહારાજે આપેલા ગુરુતત્ત્વની ચિંતનયાત્રાના અવસરમાં ગુરુતત્ત્વની ચર્ચા શી રીતે કરવી એની મૂંઝવણથી શરૂ થયેલી આ યાત્રા ગુરુપ્રેમની પ્રદક્ષિણા બની રહી. આભાર.




૨) समाहिकारएणं च तमेव समाहिं पडिलब्भइ।
સમાધિ આપનારને જ સમાધિ મળે છે. (ભગવતીજી સૂત્ર)

## સાત્ત્વિક અને તાત્ત્વિક ગુરુ શાસનસમ્રાટ્


- વિજય રત્નકીર્તિસૂરિ.

ગુરુ : એક એવું તત્ત્વ, જેના વગર જીવનની ડગર પર પણ સરખી રીતે ચાલવું શક્ય નથી તો અધ્યાત્મ જીવનની સફરનું તો પૂછવું જ શું? એ માર્ગે તો ગુરુ માત્ર માર્ગદર્શક કે પથદર્શક નહીં પણ સથવારો હોય, ગુરુની એક સરસ વ્યાખ્યા કોઈકે કરી છે-'જે વ્યક્તમાં આંગળી ચીંધે અને અવ્યક્તમાં હાથ પકડી ચલાવે તે ગુરુ!' આનો અર્થ આપણી રીતે સમજીએ તો વ્યક્ત

### હે નેમિસૂરી !

અંતરમાં નિરંતર વહેતો અહોભાવ છો આપ...

गुरूगुणौघधामानं वन्दे नित्यं सुभावतः।



नमो नमः श्री गुरू नेमिसूरये।

એટલે વ્યવહાર જગતમાં જે આંગળી ચીંધણું કરે અને અવ્યક્ત એટલે કે અધ્યાત્મ જગતમાં આંગળી પકડી દોરી જાય તે ગુરુ.

આવા ગુરુ તત્ત્વનો ઉઘાડ જેમાં થયો હોય તેવી વ્યક્તિ મળવી-ભેટવી બહુ દુર્લભ છે. એ ખોજ અને વ્યાકુળતાનો વિષય છે, ખોજ કરતાં-કરતાં ચેતના વ્યાકુળ થઈ જાય ચેતના, ત્યારે ક્યારેક એ ભેટે! અને એવી જ વ્યક્તિ-ગુરુવ્યક્તિ માટે લખાયું છે **'सीस कटाए गुरु मिले, तो भी सस्ता जान!''** આ વાત એટલું જ સૂચવે છે કે માથું મૂકી દઈએ પછી જ ગુરુ મળે છે અને ગુરુ મળે પછી પણ મસ્તક મૂકી દેવું પડે. 'પહેલું પરથમ મસ્તક મૂકીને પછી લેવું નામ જોને.' ગુરુને મેળવવાની પામવાની યાત્રા એ શિષ્યત્વ છે. ગુરુને પોતાના હૃદયમાં સ્થાન આપવાથી લઈને ગુરુના હૃદયમાં સ્થાન પામવા સુધીની આ યાત્રા છે. ત્યાં પહોંચીને જ શિષ્યત્વ સાર્થક થઈ જાય છે. અને એ જ શિષ્યનું ગુરુત્વ/ગુરુપણું છે. શિષ્યની અંદર ઢંકાઈને પડેલું તત્ત્વ ઉઘાડી આપે તે ગુરુ. તે જ ગુરુ આ ભાવને વ્યક્ત કરતો દુહો છે. **पारस और गुरु में, बडो अंतरो जान। एक लोहे को कंचन करे, एक करे आप समान।।**

ગુરુની ઓળખ માત્ર એની પ્રભાવકતા નથી, આત્માનુભૂતિ છે, ગુરુતત્ત્વનો ઉઘાડ એટલે આત્માનુભૂતિ અને આત્માનુભૂતિ એટલે ગુરુતત્ત્વનો ઉઘાડ.જેના આત્માનો ઉઘાડ થઈ ગયો-અનુભૂતિ થઈ ગઈ એ કોઈને માત્ર શિષ્યરૂપે ન જુએ પણ અધ્યાત્મમાર્ગના પ્રવાસીરૂપે જુએ. અને પોતાને તેના ગુરુ તરીકે જ નહીં પણ માર્ગદર્શક તરીકે જુએ. એ જવાબદારી રાખે અધિકાર નહીં.

શિષ્યો કે ભક્તો એ ગુરુની ઓળખાણ નથી પણ એનો આંતરિક ઉઘાડ જ એની સાચી ઓળખ છે. શિષ્યો કે ભક્તો તો એની વ્યવહારુ ઓળખ છે તાત્ત્વિક નહીં. શિષ્યો કે ભક્તોમાં જ બંધાઈને કે વીંટળાઈને રહી જાય તે લીડર હોઈ શકે, ગુરુ નહીં, ગુરુ એક એવી વ્યક્તિ છે, જે બાહ્ય બંધનોથી મુક્ત હોય, નિર્બંધ હોય, એના વિચારો, એની દૃષ્ટિ સમગ્રતાને આવરી લેનારી હોય. એમનામાં મારા-તારા, પોતાના-પારકા એવા બધા ભેદ ઓગળી જતાં હોય છે-ક્યાંય બંધાય નહીં અને કોઈને બાંધે નહીં તે ગુરુ!

પુણ્ય જ જેમનું ચાલક બળ છે એવાની વાત જવા દઈએ પણ અનુભૂતિ જેમનું ચાલક બળ છે એવા ગુરુજનોનું જીવન બહુ જ સહજ! સરળ, સ્વપ્રસન્ન, નિર્બંધ અને ઉદાર હોય છે! એમનો વ્યવહાર, પૂર્ણપણે મૈત્રી, વાત્સલ્ય, કરુણા, સહાનુભૂતિથી ભરપૂર હોય છે.

ભગવાન મહાવીરના શાસનમાં આવી એક અદ્‌ભુત અને ઉન્નત ગુરુ પરંપરા થઈ છે, જેમની ચેતનાનો વિસ્તાર વ્યક્તિગત નહીં સમષ્ટિગત હતો અને જેનો લાભ બધાને મળ્યો છે. તેઓ વ્યવહારના ભાગરૂપે કોઈપણ ગચ્છ-પક્ષ કે મતના હતા પણ વાસ્તવિક રીતે તેઓ સહુના હતાં. તેઓએ ક્યારેય માત્ર વ્યવસ્થાને આગળ કરીને વિચાર્યું નથી કે કહ્યું નથી. તેઓએ હંમેશા શાસનને જ કેન્દ્રમાં રાખીને વિચાર્યું અને કર્યું છે, અને એટલે જ તેઓએ જે કર્યું તે શાસનને સમર્પિત કર્યું, કરી શક્યાં. જાતને એમણે અળગી કરી લીધી. એમને પોતાના નામ કરતાં પ્રભુ શાસનનું મહત્ત્વ અને મૂલ્ય વધુ હતું

કારણ કે, તેઓ સમજતા હતા કે જૈન શાસન એ જ ચિરંજીવ છે અમે નહીં. અમે તો જે છીએ તે શાસન થકી જ છીએ.

આવી જ અદ્‌ભુત ગુરુપરંપરાના વાહક થયા પૂજ્યપાદ શાસનસમ્રાટ્ બાલબ્રહ્મચારી આચાર્ય ભગવંત શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ. ઉપર વર્ણવી એ જ પ્રકૃતિ, એ જ સ્વરૂપ, એ જ પોત, એ જ દૃષ્ટિ, એ જ અભિગમ! એમના આત્માના એક એક પ્રદેશમાંથી ઉઠતો નાદ હતો-મારા પ્રભુનું શાસન,શાસન અને શાસન.

એમણે પરમાત્માના શાસનને સુદૃઢ, સુસ્થિર, મજબૂત કરવાનું કામ કર્યું. શાસનના એક એક ક્ષેત્રને જાણે એમણે પુનર્જીવિત કરી

આપનું નામ લઇને વફાદાર કામ કરીયે, એવા આશિષ ગુરુવર આપો...



એમાં પ્રાણ રેડ્યાં. એમને કશું જ પોતાના નામે ન કર્યું. એવું લાગે કે જાણે ગુરુનું કૃત્ય અને બગીચાના માળીનું કૃત્ય સરખું હોય.

આખા ઉદ્યાનને એ નવ પલ્લવિત કરે, માવજત કરે, પોતાનું હૈયું રેડે, પ્રાણ રેડે ને બસ પછી એને નિહાળી નિહાળીને રાજી થાય, હરખાય. કોઈ ફૂલ, કોઈ મૂળ, કોઈ શાખા, કોઈ પાન, કોઈ ફળ પર એનું નામ ન હોય, બધા જ ત્યાં આવે-આવી શકે ને આવીને ત્યાં સૌંદર્ય પામે, સુગંધ પામે, આનંદ પામે, આશ્વાસન પામે, આહ્લાદ પામે અને એ જોઈને એ રાજી થાય એ જ એના કૃત્યની સાર્થકતા. ગુરુનું કૃત્ય પણ આવું જ હોય ને? આવું જ હોવું જોઈએ ને ?

પૂજ્ય શાસનસમ્રાટશ્રીએ આજ કૃત્ય કર્યું. એ માળી બનીને રહ્યાં. માળીની જેમ એમણે એક એક ક્ષેત્રની માવજત કરી, સંવર્ધન કર્યું, સૌંદર્ય પ્રગટ કર્યું, એમણે એક જ વિચાર કર્યો કે આ શક્તિ પણ શાસન થકી જ પ્રાપ્ત થઈ છે, સમજણ પણ શાસન થકી જ મળી છે અને અવસર પણ શાસન થકી જ મળે છે; આપણે તો નિમિત્ત માત્ર છીએ, કર્તા નહીં. કવિ ઉશનસે લખેલું ગીત યાદ આવેઃ

રામની ભોંયમાં ને રામની ખેતર વાડીએજી,
આપણા નામની અલગ છાપ ન પાડીએજી.
રામની વાડી ગામ આખાની, હોય ન એને વાડ,
બાંધ, જો તારું ચાલતું હોય તો આભને આડી આડ,
વાડ કરી આ ક્ષિતિજ ન વણસાડીએજી...રાયની..
રામની વાડી ભોગવવી ભાઈ, હક્કના પાઈ નીર,
સૌને વ્હેંચી ચાખવી, આપણે રામના ફળની ચીર ,
આપણા ભેગાં સૌનાં ભાણાં માંડીએજી રામની

એમણે ક્યાંય અલગ છાપ ન પાડી-ન પડવા દીધી-એવાં એવાં શકવર્તી કાર્યો એમના હાથે થયા કે જેમાં પુણ્ય સાથે પ્રચંડ સત્ત્વની જરૂર પડે. એ પુણ્ય અને સત્ત્વ એવાં હતાં જેના ઉપર સમગ્ર શ્રીસંઘને ભરોસો હતો. અને ક્યારેય ભરોસો એમણે ખોટો પડવા નથી દીધો.

અંજનશલાકા જેવું મહાન વિધાન ભયના ઓથાર હેઠળ બંધ પડ્યું હતું. તેનો પ્રારંભ કરવો કંઈ સામાન્ય બાબત નહોતી. આ કાંઈ મશીન ચાલુ કરવા જેવું કામ નહોતું. પણ સત્ત્વથી ભલા શું અસંભવ છે?

શત્રુંજય ઉપર મુંડકાવેરો તેમણે બંધ કરાવ્યો. તેમના એક આદેશે સકલ સંઘ ઝઝૂમ્યો અને વિજય થયો શાસનનો, શત્રુંજય ગિરિરાજની ઘોર આશાતનાની ઘડી આવી.

ત્યાં બળ નહીં કળનું કામ હતું-કુનેહનું કામ હતું. એ પણ એવી જ કુશળતાથી પાર પાડ્યું કે સાપ મરે નહીં અને લાકડી ભાંગે નહીં.

કદંબગિરિ, કાપરડા, શેરીસા, વામજ, સ્તંભ તીર્થ, રાણકપુર જેવા કેટલાંય તીર્થોનાં

અસ્તિત્વ તેમને આભારી છે. મેવાડ-મારવાડ જેવાં ક્ષેત્રોમાં જિનાલયો હતાં, પરંતુ લુપ્ત થવાની સ્થિતિમાં પહોંચી ગયેલી મૂર્તિપૂજક પરંપરાને તેમણે પુનર્જીવિત કરી. લોકો ઝંખતા હતા કે તેમના હાથે જિનાલય નિર્માણ થાય અને તેમના હાથે જ પ્રતિષ્ઠા થાય.

સાધુ સમુદાયમાં ન્યાય-વ્યાકરણ સાહિત્ય વગેરેના અભ્યાસનો પ્રારંભ તેમણે કરાવ્યો. ગૌણ અને નિસ્તેજ બનેલી ભણતરની પ્રણાલિકાને પુનઃ ઉજ્જીવિત કરી.

પૂજ્ય મહારાજ શ્રીહરિભદ્રસૂરિ, પૂજ્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ સાહેબના ગ્રંથોનું પ્રકાશન કરીને સંઘ સમક્ષ મુકવાનો પ્રારંભ તેમણે કર્યો, કેવા કેવા અદ્ભુત જ્ઞાન ભંડારો તેમણે શ્રાવકોને પ્રેરણા કરીને રચ્યાં. બહાર જતી કેટ કેટલી હસ્તપ્રતો તેમણે ખરીદાવીને આપણી ધરોહરને સાચવી. પોતે પોતાના શિષ્યોને તૈયાર કર્યા જ પણ પોતાની પાછલી ઉંમર સુધી ગ્રંથ રચનાઓ તેમણે કરી.

આગમના અભ્યાસ માટે યોગોદ્વહનની સાધના સાધુ માટે અનિવાર્ય ગણાય. તે સાધના પણ ગૌણ બની ગઈ હતી. તેનું સાધુ જીવનમાં પુનઃ પ્રવર્તન તેમણે કર્યું. અને લગભગ ૨૫૦ વર્ષના ગાળા પછી વિધિપૂર્વકના યોગોદ્વહન કરીને સૌપ્રથમ આચાર્યપદ પ્રાપ્ત કરનારા તેઓ પ્રથમ બન્યા.


શ્રીઅરિહંત મહાપૂજન, સિદ્ધચક્ર પૂજન, અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર જેવાં શાસ્ત્રીય વિધાનોનું શ્રીસંઘનાં શાંતિ-સમાધિ અને કલ્યાણ માટે ફરી ગુંફન કરી પ્રવર્તન કર્યું.

એમની નિશ્રામાં નીકળેલા છ'રીપાળતા સંઘો જાજરમાન હતા-ઐતિહાસિક હતા-એ તો છે જ પણ સાચા અર્થમાં શાસન પ્રભાવક હતા.જાહોજલાલી હોય અને આપણા સમાજના લોકોમાં એની વાહ વાહ અને વખાણ થાય તે પુણ્યનું કામ. પણ લોક હૃદયમાં પ્રભુ શાસનનો મહિમા પ્રતિષ્ઠિત થાય અને શાસન પ્રત્યે અહોભાવ જાગે તે માટે ચારિત્રબળ, શ્રદ્ધાબળ, સત્ત્વબળ જરૂરી છે.

આડંબર કરવો સહેલો છે, શાસન પ્રભાવના નહીં. વિ.સં ૧૯૭૩ માં રાજસ્થાન શિવગંજ પાસે પાલડી ગામના શ્રાવકે પાલડીથી જેસલમેરનો સંઘ કાઢ્યો. રસ્તામાં વાસણા ગામ આવ્યું. વાસણા નજીક સંઘ આવ્યો, અને એ ગામના લોકોએ ના પાડી, અહીં તમે ન આવશો.

અમારે ત્યાં વરસાદ બહુ જ ઓછો પડે છે અને તમે બધાં ભેગા થઈને બધું પાણી વાપરી નાંખશો તો પછી અમારું શું થશે? વાત શાસનસમ્રાટશ્રીના કાને આવી અને તેમણે કહેવડાવ્યું કે ચિંતા ના કરો, ગામના લોકોને કહો કે વરસાદ આવશે. ખરેખર આશ્ચર્ય થાય કે એ ભરબપોરે ક્યાંકથી કાળા ડિંબાગ વાદળો આકાશમાં ચડી આવ્યાં અને ધોધમાર વરસાદ આવ્યો. વાસણા ગામનું તળાવ પાણીથી છલકાઈ ગયું. ગામના લોકો ખુશ થઈને કહેવા આવ્યાં કે હવે રોકાઈ જાઓ. શાસનસમ્રાટશ્રીના

અહોયોગને ક્ષેમના આપનારા... તમે નાથ છો તારનારા અમારા...



પ્રભો નેમિસૂરીશ સૌભાગ્યશાલી... નમું શ્રી ગુરુ બાલ્યથી બહ્મચારી...

**વિ. કુલચન્દ્રસૂરિ**

હૈયામાં વહેતી કરુણાની સરવાણીનો આ પ્રભાવ હતો. આ ચારિત્રબળનો પ્રભાવ હતો. લોક હૈયે જૈન ધર્મ પ્રત્યેનો અહોભાવ પ્રતિષ્ઠિત થયો. આવા તો અનેક સંઘો પૂજ્યશ્રીની નિશ્રામાં નીકળ્યાં છે. તે સહુમાં શિરમોર સમાન વિક્રમ સંવત ૧૯૯૧ નો માકુભાઈ શેઠે કાઢેલો સંઘ તો ઈતિહાસ બની ગયો .

પૂજ્યશ્રીએ કેટલા બધા સંઘોમાં, સંઘમાં પ્રવર્તતા કુસંપ, વિખવાદ, વિવાદ, વિસંવાદ એમના વચન માત્રથી શમ્યા છે. અને સંપ સુલેહનું વાતાવરણ સર્જાયું, મૈત્રીનું વાતાવરણ રચાયું. આ એમના અંતરની નિર્મળ ભાવનાનો પડઘો હતો. ચમત્કારો તો એમના જીવનમાં અઢળક બન્યાં જ હતાં.

''મંત્ર ફળે જગ જશ વધે, દેવ કરે સાંનિધ્ય''

આ વચનને સાચું ઠેરવતું એમનું જીવન હતું. એમણે કે એમના દ્વારા ઘડતર પામેલા શિષ્યોએ એની નોંધ રાખીને કે પ્રચાર કરીને લાભ લેવાનો વિચાર સુદ્ધાં નથી કર્યો. જીવદયાની વાત હોય, સાધર્મિકોની ચિંતા હોય, દરિયા કાંઠે વસતા માછીમારો કે દરબારીઓના જીવન પરિવર્તનની વાત હોય, એવું કયું ક્ષેત્ર છે? જે તેમનાથી વણસ્પર્શ્યુ રહ્યું હોય... માત્ર શાસન જ નહીં, સમાજના પણ ક્ષેત્રોને તેમની દીર્ઘદ્રષ્ટિનો લાભ મળ્યો છે .

એમનો પ્રતાપ જ એવો હતો કે અંગ્રેજ સરકારના કમિશનર પ્રાટ્ સાહેબે તેમની ડાયરીમાં ભારતમાં મળવાં જેવી વ્યક્તિઓમાં તેમના નામની નોંધ કરી હતી.

આ તો જેટલા કાર્યોની લોકોએ નોંધ રાખી કે લોકજીભે ખબર પડી તેમાંના જ કેટલાક કાર્યો અહીં લખ્યા છે, એવાં તો બીજા અઢળક કાર્યો હશે જેની નોંધ જ મળતી નથી. એમણે શાસનના મૂળ સિંચ્યા છે, તેમાં પ્રાણ રેડ્યા છે. એમણે બધું જ જીવંત કર્યુ છે અને નવપલ્લવિત કર્યું છે. એમણે માર્ગને પ્રશસ્ત કર્યો છે.

કેડી કંડારવી અને જીવતી કરવી જ અઘરી છે, પછી તો તેના પર ચાલવું, ઢોલ નગારા સાથે ચાલવું અઘરું નથી હોતું. કાર્યો તો થયાં છે, થાય છે, અને થતાં રહેવાના છે. શાસનના કાર્યો તો કદાચ એથી એ મોટા થાય પણ એમણે જે સમયમાં, જે વાતાવરણમાં, જે સંયોગો વચ્ચે કાર્યો કર્યા છે એ એમને

'યુગ પુરુષ'તરીકે પ્રસ્થાપિત કરવા માટે પૂરતાં છે. મનમાં આવે તે કામો કરવાં અને સમય- યુગની માંગ હોય તેવાં કામો કરવાં એમાં બહુ મોટો તફાવત છે.

એ અંદરથી એટલા બધા સાધુતાના વૈભવથી સભર હતાં અને એવા આત્મતૃપ્ત હતાં કે અઢળક કાર્યો કરવા છતાં અનેક સંઘો કે લોકો ઉપર ઉપકાર કરવાં છતાં એમને કોઈ કામ પોતાના નામે અંકે કરી લેવાની કે સંઘો કે લોકો પર અધિકાર જમાવી દેવાનો વ્યવહાર, વિચાર કે વિકલ્પ સુદ્ધાં ન આવ્યો.

અવસરનો લાભ લઈને પોતાના પક્ષ-મત-સમુદાયને મજબૂત કરી લેવાનો ય વિકલ્પ ન જાગ્યો. એમના અંતરમાં એક જ ઘુટેલું હતું કે 'હું શાસનનો અને શાસન મારું'! એમણે પોતાની જાતને પૂર્ણ પણે શાસનમાં ઓગાળી દીધી હતી.

એમ લાગે શાસન અને પોતે જાણે પર્યાયવાચી બની ગયા. જે કર્યું, બધું જ એક માત્ર પ્રભુ શાસનને જ નજરમાં/ લક્ષ્યમાં


રાખીને કર્યું. અંતરમાંથી મારા તારાના ભેદ ઓગળી જાય ત્યારે સમજવું કે તાત્ત્વિક ગુરુ પદનો ઉઘાડ થયો છે.

શાસનસમ્રાટશ્રીમાં એ સતત અનુભવાતું હતું. એટલું જ નહીં એમની અંદર આવેલા એ ઉઘાડનો પડઘો એમની શિષ્ય પરંપરામાં પણ ઉઠ્યો. આ એક એવાં ગુરુ હતાં જેમના માટે કોઈના પણ અંતરમાં કે એમની પરંપરામાં હોય કે ન હોય, છતાં 'આ અમારાં'નો ભાવ જાગે. બધા જ કાર્યોમાં કદાચ એમનો પ્રચંડ પ્રભાવ કે પુણ્યના દર્શન થાય છે. એક પણ કામ કરતી વખતે એમના અંતરમાં સતત વહેતી સાચી સાધુતા નિઃસ્વાર્થતા,અને નિઃસ્પૃહતામાં એમના ગુરુ પદનું દર્શન થાય છે.

એ ગુરુ કદાચ આપણો આદર્શ, આપણું લક્ષ્ય અને આપણું આલંબન હોય - હોવું જોઈએ. એમનું નામ, કીર્તન, ગુણગાન, જીવન વર્ણન કે જે કોઈપણ વાત કરીએ તે બધું જ વ્યક્તિ નહીં ગુરુપદને લાગું પડે છે. બહુ જ ભાગ્યશાળી છીએ કે આપણને આવા તાત્ત્વિક અને સાત્ત્વિક ગુરુ મળ્યાં છે. આ કાળ અને યુગનું પુણ્ય છે કે જિનશાસનમાં, શાસનસમ્રાટશ્રી થયાં. એમણે પાયો એટલો મજબૂત નાંખ્યો છે કે યુગોના યુગો સુધી નિરાબાધપણે જિનશાસન અને એની જાહોજહાલી પ્રવર્તશે અને એ બધામાં એમના ત્યાગ, સમર્પણ, નિષ્ઠા, નિઃસ્પૃહતા, સાધુતાની મહેંક અનુભવાયા કરશે.

'ક્યાંય તારા નામની તકતી નથી, એ હવા ! તારી સખાવતને સલામ.'

કોઈ કવિના આ શબ્દોને ચરિતાર્થ કરતાં એમના જન્મની સાર્ધ શતાબ્દી (૧૫૦)ના વર્ષે ઉન્નત ગુરુપદને વંદન!




MUMBAI DOMBIVALI

**तस्मै श्री गुरवे नमः**

गुरुभक्तिर्भवाम्भोधेस्तारिका दुःखवारिका ।

ભવસમુદ્રથી તારનારી અને દુઃખનું વારણ કરનારી ગુરુભક્તિ છે.



# गुरुतत्त्वम्

– विजयकल्याणहेमसूरिः

भारतीयसंस्कृतौ किल गुरु-शब्दस्य महान् महिमाऽस्ति। अन्यासु संस्कृतिषु तादृशो महिमा नैव दृश्यते तस्य। शिक्षकाः, उपाध्यायाः, आचार्याः, मार्गदर्शकाः, बोधकाः वा बहुत्रोपलभ्यन्ते, किन्तु निजसर्वस्वं यच्चरणयोः समर्प्येत तादृशो गुरुस्तु भारतीयाध्यात्मपूर्ण-संस्कृतावेव सङ्कल्प्येत। यथाऽध्यात्मसाधनं मुख्यतया भारतदेश एव प्ररूढं विकसितं च तथैव गुरुतत्त्वं गुरुसमपर्णं च भारतदेश एव विभावितं सङ्कल्पितं च। यथोक्तं-

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः, गुरुर्देवो महेश्वरः।
गुरुः साक्षात् परब्रह्म, तस्मै श्रीगुरवे नमः।।

अध्यात्मजगतः सर्वोत्कृष्टो नेता गुरुरेव। यो जागर्ति जागरयति च स गुरुरेव। अज्ञानान्धकारे प्रकाशं प्रसारयति गुरुरेव। ज्ञानाञ्जनेन हृदयनेत्रमुन्मीलयति गुरुरेव।

मोक्षाभिलाषिणो जीवस्य कृते यः सदा पथदर्शकतया प्रवर्तते, तस्य जीवस्योन्नतपदं प्रापयितुं यः सर्वथा बद्धकक्षो वर्तते, श्रेयो-निःश्रेयसादिकं सर्वमपि यत्कृपाकटाक्षेणैव प्राप्यते तादृशो गुरुः कदाचित् साक्षादपि भवेत् कदाचित्तु यत्किमपि रूपं प्रधार्याऽपि स्वकार्यं कुर्यात्। अतः गुरुतत्त्वमेव प्रधानमिति मोक्षमार्गपथिकाः प्रवदन्ति। यः कोऽपि बद्धलक्ष्यो मुमुक्षुः स्वात्मनिष्ठां धारयन् गुरुतत्त्वे स्वात्मानं समर्प्य च आत्मसाधनं कुर्यात् तस्य यतः कुतोऽपि, यदा कदाऽपि, यत्र कुत्राऽपि च मार्गदर्शनं तु प्राप्येतैव। तदनुसारेण च स स्वजीवनं घटयन् निश्चप्रचं मोक्षमार्गेऽग्रेसरो भवति।

यद्यपि, गुरुशब्दो नैकायामेषु समन्वितो भवति। भौतिकशास्त्रे (Physics) गुरुशब्दस्याऽर्थो-भारयुतः-इति वर्तते। ज्योतिःशास्त्रे तु महाकायस्यैकस्य ग्रहस्य नाम गुरुः अस्ति। लक्षणे छन्दःशास्त्रे च दीर्घस्वरो गुरुः उच्यते, संयुक्ताक्षरात् पूर्वं वर्तमानो ह्रस्वस्वरोऽपि गुरुरेव। तथा, नीतिशास्त्रं समाजे वयसा विद्यया पदेन प्रतिभया वा ज्येष्ठं जनं गुरुतया व्यपदिशति।

तथाऽपि, अध्यात्मजगति तु यः आत्मविद्यायां निपुणःस एव गुरुः। सः स्वयं स्वरूपलीनः सन् आत्मार्थिनां समुचितं मार्गदर्शनं करोति, तेभ्यः सम्यग्ज्ञानं वितीर्य, तेषां दर्शनशुद्धिं च कृत्वा तान् सम्यगाचरणनिरतान् करोति, स्वरूपप्राप्तिमार्गे च निर्विघ्नतयाऽग्रेसर्तुं प्रेरयति।

व्यावहारिकक्षेत्रेषु यो बोधं ददाति, कला वा शिक्षयति, ऐहलौकिकीमुन्नतिं वा प्रापयति सोऽपि गुरुशब्दव्यपदेश्य एव। परं व्यावहारिके क्षेत्रे कदाचित् स्वयमप्यन्येषां साहाय्यं विनाऽग्रेसर्तुं शक्यमेव। यतस्तत्र यदि कदाचिद्धानिरपि जायेत तदा तत्समीकरणोपाया विद्यन्त एव। किन्तु, अध्यात्मक्षेत्रं तु सर्वथाऽपरिचितमेवाऽज्ञातमपि च। तीक्ष्णतमबुद्ध्याऽपि तदवगाढुं नैव शक्यं, यतस्तत् खलु नैव बुद्धिगम्यमपि तु अनुभवगम्यम्। कस्यचिदनुभविनो

हस्तावलम्बनेनैव तत्र प्रवेष्टुं समवगाहनं च कर्तुं शक्येत। अस्माकं नेत्रे बाढं दीर्घे आयते वा भवतां, तेजस्विनी वा भवतां, परमन्धकारे तु दीपसाहाय्यं विना न किञ्चन द्रष्टुं प्रभवेताम्। एवमेवाऽध्यात्मक्षेत्रे तु गुरुरेव दीपः, गुरुरेव प्रकाशः, गुरुं विना तु घोरोऽन्धकारः।

यदि जीवनमुन्नतं कर्तुमभिलाषो वर्तते, विशदज्ञानेन चित्तं प्रकाशितं कर्तुमिष्यते, अनुभवपूतप्रज्ञया हृदयं निर्मलं कर्तुं वाञ्छा स्यात् तदाऽवश्यं गुरुसेवनं कर्तव्यमेव। गुरोरनुशासनं स्वीकर्तव्यमेव। गुरुचरणयोः स्वजीवनं समर्पयितव्यमेव। गुरोः कृपा प्राप्तव्यैव। गुरोश्छायायां वर्तितव्यमेव। गुरुरेव सर्वोपरिस्थिता सत्तेति निर्विकल्पं स्वीकरणीयम्।

कियत्कालपर्यन्तं गुरुः सेवनीयः ? – इति प्रश्ने उत्थिते इदमस्ति तदुत्तरं–

गुरुत्वं स्वस्य नोदेति, शिक्षासात्म्येन यावता।

आत्मतत्त्वप्रकाशेन, तावत् सेव्यो गुरूत्तमः।। (ज्ञानसारे ८/५)

स्वस्मिन् गुरुत्वमुदितमिति कथं वा ज्ञातव्यम्? तत्तु गुरुमुखादेव ज्ञास्यते। गुरुरेवाऽस्मासु गुरुत्वं प्रकटयितुं समर्थः।

यदि कश्चन गुरुं नैव मन्यते, नैव वाङ्गीकुरुते, तर्हि ?

अध्यात्मक्षेत्रे नगुरुत्वं नाम सर्वोत्कृष्टा अयोग्यता!!

एतादृशं गुरुतत्त्वं समाराधयितुं सर्वप्राथम्येनाऽऽवश्यकं तत्त्वमस्ति शिष्यत्वम्। यदि वयं शिष्यत्वं प्रकटयितुं समर्थास्तर्हि गुरुतत्त्वमस्मान् प्रतीक्षमाणमेव वर्तते। केवलमस्माभिः स्वाच्छन्द्यं त्याज्यम्।

परमगुरवः शासनसम्राजः आचार्यभगवन्तः श्रीविजयनेमिसूरीश्वराः अपि पूर्णगुरुत्व–समन्विताः सद्गुरुवर्याः। तैः खलु स्वजीवने पूर्णसमर्पणभावेन स्वगुरोः सेवनमपि विहितं, सहैव सुशिष्यत्वसमन्वितेभ्यो निजशिष्येभ्यो जीवनौन्नत्यस्याऽध्यात्मपथसञ्चरणस्य, सम्यग्दर्शन–ज्ञान–चारित्राराधनस्य, मोक्षमार्गप्राप्तेश्च कृते मार्गदर्शनं सम्यगनुशासनमपि च विहितम्। तेषां शिष्या अपि सर्वथा गुरुचरणयोः समर्पिताः, स्वाच्छन्द्यविरहिताः, अध्यात्मपथसञ्चरणा–भिलाषुकाः, मोक्षमार्गगवेषकाश्च सन्तः सम्यगनुशासनं पालयित्वा गुरुकृपाभाजः सञ्जाताः फलतश्च सर्वैः प्रकारैराराधकाः प्रभावकाश्च सञ्जाताः।


अथो, वयमपि शासनसम्राजां परमगुरूणां तेषां सदन्वय एव शिष्यत्वं प्राप्ताः स्मः। परमगुरूणां गुरुत्वं तु सर्वकालं जाग्रत् सत् सम्यगनुशासनं कुर्वाणं विलसत्येव जगति। केवलमस्माभिर्नः शिष्यत्वं परिमार्जनीयं, स्वाच्छन्द्यं त्याज्यं, गुरुकृपाप्राप्त्यर्थं च प्रयतनीयं सततम्। ततो वयमपि खलु गुरुकृपाभाजः सन्तः बाह्येनाऽऽन्तरेण चेति उभयप्रकारेणौन्नत्यं सम्प्राप्य स्वजीवनं कृतार्थं कर्तुं समर्थाः भविष्यामः।

एतादृशं महिमशालि गुरुतत्त्वं सर्वदाऽस्मान् पुनातु.....।

અતિશાયી છો પ્રભુ શાસનના, સાધન-સિદ્ધિ મળશે અહિં,
અધિકારી છો આપ અમારા, શ્રદ્ધા કદી ચળશે નહિં...



## ।। गुरुकृपा हि केवलं शिष्यं परं मंगलं ।।



મુખ કમલ પર શાસનખુમારી જોઈને આભાં થયાં,
બુંદબુંદમાં વહેતી ફકીરી, જાણીને ઝુકી ગયાં.

# ગુરુ દીવો, ગુરુ દેવતા

ઉપા. ભુવનચંદ્ર

પૌર્વાત્ય સંસ્કૃતિમાં - વિશેષે કરીને ભારતીય સંસ્કૃતિમાં-'ગુરુ' નામની એક વિભાવના છે જે અન્ય સંસ્કૃતિઓમાં નથી. પૂજારી, પુરોહિત, પંડિત કે ધર્મગુરુ જેવાં પદ જોવા મળશે પરંતુ ગુરુ-શિષ્ય પરંપરા જોવા નહિ મળે. વ્યક્તિ જેને સમર્પિત થઈ પોતાનું વ્યક્તિત્વ ઓગાળી દે એવી વ્યક્તિ તે ગુરુ- આવા વ્યક્તિત્વની કલ્પના આધ્યાત્મિક ઘટના છે, અને અધ્યાત્મનું ખેડાણ ભારતમાં જેવું થયું એવું અન્યત્ર નથી થયું. ગુરુનું 'મહત્વ' જેવું ભારતમાં છે એવું બીજે નથી-અથવા એમ કહો કે જ્યાં આધ્યાત્મિકતા છે ત્યાં ગુરુ છે, અન્યત્ર નથી. ભારતમાં તો ''ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ...''

અધ્યાત્મની દુનિયાના હર્તા કર્તા છે ગુરુ.
જે જગાડે અને જાગતા રાખે તે છે ગુરુ.
જ્ઞાનાંજન આંજીને દેખતા કરે તે છે ગુરુ.

સંસ્કૃતભાષાનો 'ગુરુ' શબ્દ અનેકાર્થી છે. દરેક શાસ્ત્રએ ગુરુસંજ્ઞાનો ઉપયોગ કર્યો છે. ભૌતિકશાસ્ત્રમાં વજનદાર, ભારે અથવા મોટાને ગુરુ કહે છે. જ્યોતિષશાસ્ત્રમાં એક મહાકાય ગ્રહને ગુરુ એવું નામ આપ્યું છે. વ્યાકરણ અને છંદશાસ્ત્ર દીર્ઘ સ્વરને ગુરુ કહે છે. નીતિશાસ્ત્ર સમાજમાં પદ, પ્રતિષ્ઠા કે વિદ્યાની દૃષ્ટિએ આગળ હોય તેમને ગુરુજન કહે છે.

અધ્યાત્મવિદ્યામાં ગુરુ તેને કહે છે કે જે અધ્યાત્મવિદ્યામાં નિપુણ હોય. શ્રેયસ અને નિઃશ્રેયસ-બંનેમાં માર્ગદર્શક બને તે ગુરુ. ઈહલોક અને પરલોકનું હિત તે શ્રેયસ અને લોકની પેલે પારનું હિત તે નિઃશ્રેયસ...ગુરુ લોક, પરલોક અને લોકોત્તર ક્ષેત્રના ભોમિયા છે.

ભૌતિકક્ષેત્રની વિદ્યા કે વ્યવહારોપયોગી કળા શીખવનાર પણ ગુરુ છે કારણ કે તે 'જ્ઞાન' આપે છે. ભલે મહેનતાણું લઈને શીખવતા હોય. હા, જો એ નિરપેક્ષ અને નિઃસ્વાર્થ બનીને આપે તો તે આધ્યાત્મિક ગુરુ બની જાય; કારણ કે ત્યાં સામેવાળાનું કલ્યાણ કરવાની ભાવના હાજર છે. સારું શિક્ષણ આપનાર ગુરુને દાન અપાય, માન અપાય, પરંતુ સાચું શિક્ષણ આપનાર ગુરુને 'જાન' અપાય-પોતાની 'જાત' અર્પણ કરી દેવાય.

**शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्...**

''હું તમારો શિષ્ય છું, તમારે શરણે આવ્યો છું, મને બતાવો-મારે શું કરવું જોઈએ.''

ભગવાન તરફથી શાસન મળે. શાસન એટલે શીખ, શિખામણ, બોધ, નિર્દેશ, સંદેશ, ઉપદેશ.

ગુરુ તરફથી અનુશાસન મળે. અનુશાસન એટલે પ્રશિક્ષણ, પ્રવર્તન, દિગ્દર્શન, દોરવણી, કેળવણી.

ભગવાનના આદેશને અમલમાં મુકવામાં ગુરુ દોરવણી આપે છે- દોરીને લઈ જાય છે.

ભગવાનની વાતને ગુરુ સુપાચ્ય અને સુગ્રાહ્ય કરી આપે છે, શક્ય અને સાધ્ય બનાવી આપે છે.

વૈદ્ય દવા આપે છે, મા એ કડવી દવા બાળકને ગળે ઊતરે એવું કરી આપે છે. ગુરુનું કામ, માં જેવું છે.

જિનશાસન અને ગુરુના અનુશાસન વચ્ચે ઔષધ અને અનુપાન જેવો સંબંધ છે.

ગુરુ માત્ર સૂત્રનો પાઠ નથી આપતા, પદાર્થપાઠ પણ આપે છે.

શિષ્યને પ્રેરે, દોરે, વાળે, પાળે, પંપાળે, રોકે ને ટોકે એ ગુરુ. ગુરુ વાણીથી શાસ્ત્ર શીખવે, વર્તનથી આચરણ શીખવે. શિક્ષણ ગુરુના શબ્દોથી મળે, પ્રશિક્ષણ ગુરુના સહવાસથી મળે. ગુરુ વાણીથી શીખવે તેનાથી વધારે તો વ્યવહારથી શીખવે. ક્યારેક તો ગુરુનું મૌન શબ્દોથી વધારે વજનદાર હોય.

જૈન પરંપરામાં ગુરુકુલવાસનો મહિમા છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુકુલનો મહિમા છે.

પાંચ પરમેષ્ઠીઓમાં પ્રથમનાં બે
પદ ભગવત્તત્ત્વના છે, પછીના ત્રણ
ગુરુતત્ત્વનાં છે.
આચાર્યનું કાર્યઃ નેતૃત્વ,
સંરક્ષણ, સંચાલન, સંગઠન,
સંવર્ધન.
ઉપાધ્યાયનું કાર્યઃ શિક્ષણ,
પ્રશિક્ષણ, પ્રબોધન, પાલન-
પોષણ.
સાધુ માટે, તો પછી,
ક્યું કાર્ય શેષ રહ્યું?

સાધુ (અને સાધ્વી પણ) ગુરુ છે તો ગુરુકાર્ય એમને પણ બનાવવાનું આવે જ. હા, જે કાર્ય આચાર્ય અને ઉપાધ્યાય બૃહત્ ફલક પર કરે છે તે કાર્ય સાધુ/સાધ્વી લઘુ ફલક પર કરે છે.

સાધુ એક અક્ષર પણ ન બોલે તોય એક પદાર્થપાઠ તો શીખવે જ છે : ગુરુના અનુશાસનને કેમ અનુસરવું.

ગુરુશબ્દનો અર્થ 'ભારે' થાયછેને? મુમુક્ષુના વિકાસની ભારેખમ જવાબદારી નિભાવે છે માટે ગુરુ 'ગુરુ' છે.

વેજલપુર



શિષ્યના અંતશ્ચક્ષુ ગુરુને ઓળખી લે છે. ગુરુની અનુભવી આંખ મુમુક્ષુને પારખી લે છે. અદ્‌ભુત હોય છે ગુરુ-શિષ્યના સંબંધો! ગુરુકૃપા મળે એ શિષ્યના હૃદયની એકમાત્ર અભિલાષા હોય છે. અને શિષ્ય પર વરસતી ગુરુકૃપા ચમત્કારો સર્જતી હોય છે.

ગુરુએ કેટલી બધી વાતોનું ધ્યાન રાખવું પડે! વ્યક્તિની મુમુક્ષા કેવી છે, કેટલી છે તે તો ખરું જ, પણ તેની વય અને બુદ્ધિ, ઉછેર અને ઉત્સાહ, સ્વભાવ અને શક્તિ, દેશ અને કાળ...કોઈ પણ નિર્દેશ આપતાં પહેલાં ગુરુએ આ બધું જોઈ લીધું હોય, અને ગુરુને એક જ શિષ્ય હોય એવું નથી હોતું.

ગુરુનું કાર્ય નાજુક છે. શિલ્પ, સ્થાપત્ય કે ચિત્રના નિર્માણમાં જેટલું કૌશલ્ય જોઈએ તેના કરતાં કઈ ગણું વધારે કૌશલ્ય શિષ્યના ઘડતર માટે જોઈએ. ગુરુ માળી જેવા હોય. વૃક્ષ ઊગે છે સ્વયં તેને જોઈતી સામગ્રી અને રક્ષણ પૂરું પાડવું એ માળીનું કામ ગુરુનું કામ; પણ એ જ, ગુરુ કુંભાર જેવા છે. માટીમાં ઘડો બનવાની યોગ્યતા છે, પણ તેને પલાળી, ગૂંદી, ચાકડે ચડાવી, ટપલાં મારી જોઈતો ઘાટ આપવાનું કામ કુંભારનું. ગુરુનું પણ એવું જ.

ગુરુની સંવેદનશીલતા મા કરતાં પણ વધારે હોય, પણ એક ફરક છે. મા લાગણીમાં તણાય ખરી, ગુરુ નહિ.

શિષ્યએ ગુરુને રાજી કરવા પડે પણ ગુરુ શિષ્યને રાજી રાખવા બંધાયેલા નથી. શિષ્યની ભૂલ હોય, શિષ્યમાં દોષ હોય ત્યારે ગુરુ 'મા' નહિં, ડોક્ટર બની જાય છે. દર્દીની પીડાની પરવાહ કરે તો ડોક્ટર ઓપરેશન કરી શકે નહિ, એ જ રીતે, ગુરુ જો શિષ્યને રાજી રાખવા એના દોષો તરફ આંખમીંચામણા કરે તો ગુરુ, ગુરુ નથી. શિષ્યએ પોતાના ઘડતર માટે ગુરુને પોતાની જાત સોંપી છે, પણ એ હજી કાચો છે, એની ભૂલ થઈ શકે છે, એનામાં દોષો હોઈ શકે છે. શિષ્યની નબળાઈઓને નભાવી લેવી-એ ગુરુની નબળાઈ ગણાશે.

બીજી બાજુ, ગુરુ વત્સલ હોય છે, માતા કરતાં પણ વધારે. બાળકની ગંદકીથી માતા સૂગાતી નથી, એમ શિષ્યના દોષોથી ગુરુ અકળાતા નથી. ગુરુ દુભાય છે માત્ર શિષ્યની ભૂલના સ્વીકારમાં, શિષ્યની આનાકાનીથી. આળસ, અહંકાર, આદત અને અજ્ઞાન- શિષ્યને કદાચ ખબર ન પણ હોય કે આવા દોષ તેનામાં હાજર છે પણ ગુરુએ તો ક્યારના જોઈ લીધા હોય. ગુરુ વાત્સલ્ય વરસાવતા હોય તેનો અર્થ એ નહિ કે શિષ્યના દોષોની એમને ખબર નથી. જે શિષ્ય દોષ જાણ્યાં પછી તેમાંથી નીકળવાનો પ્રયત્ન કરશે તેના પર ગુરુ કદાચ વિશેષ કૃપા વરસાવશે. શિષ્ય વિનીત હોય તો ગુરુને કામ કરવાની મજા આવે છે.

**गुरु कुम्हारसिख कुंभ है, गढ गढ काढै खोट...**

શિષ્યના ઘડતર માટેની ગુરુની કાર્યશૈલી- શ્રીસિદ્ધસેન દિવાકરજીના શબ્દોમાં-

**१. आदेश-**
**२. स्मारणा-**
**३. आक्षेप-**
**४. प्रायश्चित्तान्युपक्रमाः।।**

૧. ગુરુ શિષ્યને ઉચિત આદેશ આપે. શિષ્ય

તેનો અમલ કરે. બંને સફળ, બંને પ્રસન્ન. આ આદર્શ સ્થિતિ ગણાય.

૨. શિષ્ય, આદેશ પ્રમાણે કરવાનું ચૂકી ગયો હોય, ભૂલી ગયો હોય, તો ગુરુ પ્રેમપૂર્વક સંભારી આપે. શિષ્યકર્તવ્ય પૂરું કરે. ગુરુ રાજી, શિષ્ય લજ્જિત.


૩. કહેવા છતાં, સંભારી આપવા છતાં શિષ્ય એ કાર્ય ન કરે, પ્રમાદ, અનિચ્છા જેવી વૃત્તિઓ કામ કરી જાય. આ શિષ્યની ક્ષતિ ગણાય. ગુરુ એ ચલાવી ન લે. ઠપકો આપે. આ તબક્કે શિષ્ય સાવધાન થઈ જાય, અપરાધ સમજે, ભૂલ સુધારી લે. આમ થાય તો શિષ્યની યોગ્યતા અકબંધ રહે, ગુરુનું ગૌરવ જળવાય.

૪. શિષ્ય નિર્દિષ્ટ કામ ન કરે, નિષિદ્ધ કામ કરે, કહેવા છતાં ન અટકે, કહેવા છતાં બહાનાં બનાવે, વારંવાર એ 'ભૂલ' થતી રહે તો ગુરુ શિક્ષા કરે, દંડ કરે. આ તબક્કે જો શિષ્ય જાગે, પ્રાયશ્ચિત્ત કરે તો શિષ્યનું શિષ્યત્વ બચી જાય. ગુરુ એને ઓર તક આપે.

ગુરુ-શિષ્યનો સંબંધ અહીં સુધી જ છે. અહીંથી આગળ અર્થાત્ શિષ્ય ભૂલ કબૂલ જ ન કરે, પ્રાયશ્ચિત્ત ન કરે, ફરી ફરીને નિષિદ્ધ કામ કરતો રહે-તો ગુરુ એને બહિષ્કૃત કરે.

ગુરુમાં વિરોધાભાસ!
ગુરુ સૌમ્ય હોય : ગુરુ કઠોર હોય.
ગુરુ શાંત હોય : ગુરુ પ્રખર હોય.
ગુરુ સ્થિર હોય : ગુરુ પ્રેરક હોય.
ગુરુ અનાસક્ત હોય :
ગુરુ પ્રેમપૂર્ણ હોય.

તસ્મૈ શ્રી ગુરવે નમઃ।



ગુરુ અહંમુક્ત હોય : ગુરુ દૃઢ હોય.
ગુરુ શાસ્ત્રસાપેક્ષ હોય : ગુરુ દેશ-કાળ સાપેક્ષ હોય.
ગુરુનું કાર્ય ગુરુ (ભારે) છે. ગુરુએ સ્વહિત અને પરહિત બંને સાચવવાના છે. એટલે જ કહ્યું છે: જ્યાં સુધી પોતામાં ગુરુત્વ પરિપક્વ ન થાય ત્યાં સુધી ગુરુકુલવાસ ન છોડવો.

પણ પોતામાં આવું ગુરુત્વ આવ્યું છે કે નહિ- તે કોણ કહેશે? ગુરુ જ. ગુરુ વગર ગુરુ થવાતું નથી.

તમારા માથે કોઈ ગુરુ નથી? તમે નગુરા છો. અધ્યાત્મક્ષેત્રે 'નગુરા હોવું' એથી મોટી કોઈ ગેરલાયકાત નથી, એનાથી મોટી કોઈ ગાળ નથી.

## गुरौ मनुष्यबुद्धिं च कुर्वाणो नरकं व्रजेत्।

'ગુરુને મનુષ્ય સમજનાર નરકમાં જશે'- હિંદુ પરંપરાનું આ કથન માર્મિક છે.

ગુરુ છે તો મનુષ્ય જ. તે મનુષ્યની જેમ ખાય છે, પીએ છે. ગુરુને ભૂખ લાગે છે, ગુરુને ઊંઘ આવે છે, ટાઢ વાય છે, ગરમી લાગે છે. અરે ગુરુને ગુસ્સો પણ આવે છે, ગુરુની પણ ક્યાંક/ક્યારેક ભૂલ થાય છે. ગુરુ ક્યારેક શિષ્યની ભૂલ ન હોવા છતાં, ગેરસમજના કારણે, દંડ પણ કરે છે.


આવું કંઈક જોઈને જો શિષ્ય ગુરુ માટેનું બહુમાન ગુમાવી દે તો તે પોતાનો લાભ ગુમાવશે. ગુરુ ભલે પૂર્ણ નથી, પૂર્ણતાના પંથે તો છે જ. એ પથ પર શિષ્ય કરતાં તો આગળ છે, માર્ગદર્શન કરી શકે છે. એમની બે-ચાર અપૂર્ણતાઓને આગળ કરીને શિષ્ય એમને પોતાના જેવા સમજી લે તો પછી ગુરુ પાસેથી મળનારું માર્ગદર્શન કાં તો મળશે નહિ, કાં તો ફળશે નહિ. આનું કારણ સમજાય એવું છે: શિષ્યનો 'અહં' વધુ મજબૂત બન્યો છે, નમ્રતા છૂટી ગઈ છે. શિષ્યે ગુરુનો 'ઉપયોગ' પોતાના 'અહં' ને તોડવા કરવાનો છે, જ્યારે અહીં કંઈક ઉલ્ટું થઈ રહ્યું છે.

ગુરુ માણસ જ છે, પણ અસાધારણ માણસ છે. ગુરુનો દેહ એટલે માટીનું કોડિયું. મહત્ત્વ છે એમાં જાગેલી જ્યોતનું. શિષ્યે તે જ્યોતને જોવાની છે, સેવવાની છે, કોડિયાને ભૂલવાનું છે.

ગુરુ પૂર્ણપુરુષ હોય એ જરૂરી નથી. શાસ્ત્રની ભાષામાં 'છદ્મસ્થ' છે, આવરણમાં છે, આવરણથી મુક્ત નથી. એ પૂર્ણતાના પથના પ્રવાસી હોય એટલું પૂરતું છે. એ પંથ પર પોતે ચાલ્યાં છે, શિષ્યને ત્યાં સુધી દોરી જાય એટલું પૂરતું છે. શિષ્યને ત્યાંથી પણ આગળ દોરી જવા કોઈ સમર્થ ગુરુ શિષ્યને જરૂર મળી જવાના.

અધ્યાત્મના ક્ષેત્રે પોતાની બુદ્ધિ કામ નથી આવતી. આ ક્ષેત્રે તો અનુભવીની આંગળી પકડીને જ પ્રવેશી શકાય. માણસની આંખ ગમે તેટલી મોટી, સારી, સુંદર હોય, પણ અંધારામાં કંઈ જોવું હોય તો દીવાની મદદ લેવી પડે. અધ્યાત્મમાં ગુરુની મદદ અનિવાર્ય.

ગુરુ દીવો, ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર.




અવનિના અણગાર તમે, શાસનના શણગાર તમે,
મનડાના માણિગાર તમે, જન જનમાં યાદગાર તમે...

# ગુરુ થા તું જ તારો

શ્રુતરત્ન ગણિવર શ્રીવૈરાગ્યરતિવિજયજી

એક રૂપક કથા છે. એક ઘનઘોર જંગલ હતું. તેનાં ઉંચા અને ઘટાદાર વૃક્ષોમાંથી સૂર્યના કિરણો પણ પસાર થઈ શકતા નહીં. જંગલમાં એક ઉંચા ઝાડ પર બે પંખી બેઠા હતા. એક પંખી ઝાડની ટોચ/સહુથી ઉંચી ડાળ પર બેઠું હતું અને બીજું ઝાડની સહુથી નીચી ડાળીએ બેઠું હતું. બંને વાતો કરતા હતાં. ટોચ પર બેઠેલા પંખીએ નીચે બેઠેલા પંખીને પૂછ્યું.

''ભાઈ! તને શું દેખાય છે?''

તેણે કહ્યું, ''મને વીસ-પચ્ચીસ ઝાડ દેખાય છે. જમીન પર પાંદડા પડેલા દેખાય છે. એકાદ કેડી જેવું છે, બસ. આ જંગલમાં જ્યાં જાવ ત્યાં આ જ દેખાય છે. ભલા! તને શું દેખાય છે?''

ટોચે બેઠેલા પંખીએ કહ્યું, ''મને આખું જંગલ દેખાય છે. જંગલ જ નહીં ઉપર ખુલ્લું આકાશ દેખાય છે. આકાશમાં ચમકતો સૂરજ દેખાય છે. તેનો સોનલવરણી પ્રકાશ દેખાય છે.''

નીચેની ડાળ પર બેઠેલાં પંખીને આ વાત પર વિશ્વાસ ન બેઠો. તેણે કહ્યું, ''મારી આખી જીંદગી નીકળી ગઈ, આ જંગલમાં મેં ક્યારેય આખું જંગલ, આકાશ, સૂરજ કે પ્રકાશ જોયા નથી. મારા બાપ-દાદાઓએ પણ જોયા નથી, તને ક્યાંથી દેખાય?

અમારા હજાર વરસ અંધારે ગયા, તમે આવા ડાહ્યાં ક્યાંથી થયા?


અખાના શબ્દોમાં તેણે અવળવાણી ઉચ્ચારી.

ટોચે બેઠેલા પંખીએ કહ્યું, ''તું. તારા બાપ-દાદા કે તારી આખી બિરાદરી ક્યારેય જંગલની જમીનથી ઉપર ગયા જ નથી, એથી તમને સહુને આકાશની કે સૂરજની કલ્પના ક્યાંથી આવે? એકવાર મારી જગ્યાએ મારી બાજુમાં બેસીને તારી આંખે જોઈ લે. હું શું કહું છું, હું શું જોઉ છું, તે તને આપોઆપ સમજાઈ જશે.''

ડાળ પર બેઠેલા પંખીને તેના પર વિશ્વાસ ન બેઠો. તેના બાપ-દાદાઓએ ક્યારેય આકાશની કે સૂરજની વાત કરી ન હતી. તેના સમાજના લોકોએ ચેતવણી આપી હતી કે – 'આપણી દુનિયા આટલી જ છે. તેનાથી ઉપર જવાનું નહીં. કોઈ એક પંખીની જમાત એવી વાત કરે તો વિશ્વાસ નહીં કરવાનો.' તેને વિશ્વાસ નહીં કરવાનું કારણ હતું. તે ઉડી ગયું.

સમય પસાર થયો એકના એક વાતાવરણમાં, એક સરખા જંગલમાં ઉડી ઉડીને નીચી ડાળ પર બેઠેલું પંખી કંટાળી ગયું. તેને કંઈક અલગ કરવાની ઈચ્છા જાગી. તે ઊંચે ટોચ પર બેસેલા પંખીની શોધ કરવા લાગ્યું. એક દિવસ તેની મુલાકાત એ પંખી સાથે થઈ. તેણે ટોચ પર બેસેલા પંખીને નીચે આવવા આમંત્રણ આપ્યું, પરંતુ તેણે સ્વીકાર્યું નહીં.

તેણે કહ્યું, ''આકાશ જોયા પછી મને




વંદના હોજો ત્રિવિધ નેમિસૂરિ ચરણમાં.

MULUND (TAMBENAGAR)

જંગલની દુનિયા ડરામણી લાગે છે.''

ડાળના પંખીની ઉત્સુકતા વધી ગઈ. તેણે ઘણી વાતો કરી. તેને ઘણી નવી જાણકારી મળી. પછી તો મુલાકાતો વધતી ગઈ, હિંમત બંધાતી ગઈ. તે ઉપર ઉડવાની કોશિશ કરવા લાગ્યું. ડાળના પંખીનો પરિવાર સમાજ તેને બચાવવા(?) ઉતરી પડ્યો. એક દિવસ હિંમત કરીને તે પંખી ઝાડની ટોચ તરફ ટોચની ડાળી પર બેઠું. તેના દિદાર ફરી ગયાં.

તેણે કૃતજ્ઞતાભરી આંખે ટોચના પંખીને કહ્યું, ''તમે કહેતા હતા તે સદંતર સાચું છે. આ દુનિયા વિશાળ છે. સાચી દુનિયા તો આ છે.''

તેના પુરોગામી પંખીએ કહ્યું, ''ચાલ હવે હું જાઉં. કોઈ બીજુ પંખી મારી રાહ જોતું હશે.''

* * *

કોઈ પણ ધર્મ કે સંસ્થાની કેટલીક મૂળભૂત માન્યતાઓ **(Core Believes)** હોય છે.આ માન્યતાઓને કારણે જ તેની આગવી પહેચાન બને છે. તેનું માળખું **(Structure)** આ માન્યતાઓના આધારે ઘડાયું હોય છે.

મૂળભૂત માન્યતા જ ન હોય, હોય તો નબળી અથવા પરાધીન હોય તો તે ધર્મ કે સંસ્થા લાંબો સમય ટકતી નથી. ધર્મ કે સંસ્થાને લાંબો સમય સુધી ટકાવી રાખનાર તત્ત્વ તેની પાયાની માન્યતા છે. જૈન ધર્મની મૂળભૂત ત્રણ માન્યતાઓ છે.

એક, દરેક વ્યક્તિ (એટલે આત્મા) અનન્ય સાધારણ છે. યુનિક છે અને આ યુનિકનેસ વાસ્તવિકતા છે. **(Uniqueness)**

બે, બહારની દુનિયા દરેક માટે સરખી છે, પરંતુ દુનિયા સાથેનો સંબંધ દરેક વ્યક્તિનો અલગ છે. દરેક વ્યક્તિના અનુભવ અલગ છે. એટલે દરેકની દુનિયા અલગ છે. પોતાના જીવનને રાહ બનાવવાનો અધિકાર દરેક વ્યક્તિનો સ્વતંત્ર છે.

ત્રણ, દરેક વ્યક્તિ પોતાના જીવનને ટોચ ઉપર લઈ જઈ શકે છે. દરેક આત્મા પરમાત્મા બની શકે છે. (અન્નક્ષળ લળજ્ઞ ક્ષફપન્નક્ષળ) એ માટે તેણે જાતે મહેનત કરવી પડે છે.

જૈન દર્શન નિરીશ્વરવાદી છે. જૈનદર્શનમાં આત્મા કેંદ્ર સ્થાને છે, ઈશ્વર નહીં. આથી આ દુનિયા ઈશ્વરનો આવિષ્કાર નથી. **(God is not creator)** ઈશ્વર જ નથી તો ઈશ્વરના પ્રતિનિધિ પયગંબરો **(Prophets)** કે સંદેશવાહકો પણ નથી. જૈનદર્શનની ગુરુ વિશેની અવધારણા તેની મૂળભૂત માન્યતાઓમાં સ્પષ્ટ છે. જો દરેક વ્યક્તિ પરમાત્મા બની શકે છે તો દરેક વ્યક્તિ ગુરુ પણ બની શકે છે.

ઉપર કહેલી વાત રૂપકકથા આ અવધારણાને જ સ્પષ્ટ કરે છે. ગુરુ બહારની દુનિયાથી આવેલ કે ઉપરથી પસંદગી પામેલ વ્યક્તિ વિશેષ નથી. **(Appointed Person)** ગુરુ પણ મારા તમારા જેવા માણસ જ છે. એ મારી તમારી જેમ સંઘર્ષ કરતા હોય છે. ફરક એટલો છે કે જે દૃશ્ય આપણે જોઈ શકતા નથી તે એ જોઈ શકે છે. કેમ કે, તે આપણી ભૂમિકાથી ઉંચી ભૂમિકામાં હોય છે.

સાધારણ માણસ નીચેની ડાળ પર બેસેલા પંખી જેવો છે. ગુરુ ટોચ પર બેસેલ પંખી - અગેન પંખી જ. મારા તમારા જેવું જ પંખી-જેવા છે. ન તેમને કોઈએ ઉપરથી તમારો

ઉદ્ધાર કરવા મોકલ્યા છે, ન તેઓ એવી ચમત્કારિક શક્તિઓ **(Powers)** ધરાવે છે કે તમારી મરજી વિના તમને ઉપર ખેંચી લે. ગુરુનો પ્રવાસ ઉપરથી નીચે (ભગવાનથી માણસ) તરફનો નહીં પણ નીચેથી ઉપર (માણસથી ભગવાન) તરફનો જ હોય છે. એ તમને ઉપર આવવાનું આમંત્રણ આપી શકે, ઉપર ઉઠવાની પ્રેરણા કરી શકે, પરંતુ તમારા માટે, તમારા વતી કંઈ ન કરી શકે.

આ રૂપકકથા બીજી વાત પણ સ્પષ્ટ કરે છે કે - જીવનમાં ગુરુની જરૂર કેમ અને ક્યારે અનુભવાય છે? સામાન્ય માણસ નીચલા સ્તરનું જીવન જીવતો હોય છે. સમય, સંયોગ, સ્થળ અને પરિવેષ જુદા ભલે હોય પણ કામ દરેક જણ એક જ પ્રકારનું કરે છે. કોઈ સોફટવેઅર એન્જીનીયર હોય, ઈંડસ્ટ્રિઆલિસ્ટ-ઉદ્યોગપતિ હોય, પ્રોફેસર હોય, વકીલ હોય કે વેપારી હોય, દરેકની ભૂમિકા **(Roll)** અલગ અલગ હોઈ શકે, પણ સ્તર **(Level)** દરેકનું સમાન છે. દરેક જણ જીવનની મૂળભૂત સુવિધા-પૈસો, સામગ્રી વગેરે માટે ઝઝૂમે છે. જીવન જીવવા ટોચની સુવિધાઓ મેળવી લેવી એ જ લક્ષ્ય છે તેમનું, આ સિવાયની દુનિયા તેમણે જોઈ નથી અને આવી દુનિયા હોઈ શકે છે તેની તેમને કલ્પના પણ હોતી નથી.

આ લોકો એવા પંખી જેવા છે જેઓ ટોચ પર બેઠેલા પંખીને જુએ છે, પણ પોતે એ ટોચ પર જવા તૈયાર નથી થતા. તેમને પોતાની ખરી ઓળખ નથી હોતી. તેઓ ટોચના પંખીની મશ્કરી કરે છે કે ઉપેક્ષા કરે છે. કોઈ જૂજ વ્યક્તિને પોતાની બીબાઢાળ જીવનશૈલીનો **(Routine Lifestyle)** કંટાળો આવે છે. તેમને ટોચના પંખીના જીવન વિષે જિજ્ઞાસા જાગે છે. આ જિજ્ઞાસા ખુલ્લાં આકાશ તરફ પગરણ માંડવાનું પહેલું પગથિયું છે.


એવું પણ નથી હોતું કે સામાન્ય માણસના જીવનમાં કોઈ ગુરુ નથી હોતાં. હોય છે, પણ તે તેમની દુનિયાના જ હોય છે. તેમને ખુલ્લાં આકાશની મોટી મોટી વાતો સરસ રીતે ગોઠવીને અને ગોળગોળ ફેરવીને કરતા આવડતી હોય છે. તેમના પ્રભાવથી અંજાઈને સામાન્ય માણસ સારા વક્તાને **(Orator)** કે કોઈપણ પ્રભાવશાળી વ્યક્તિને પોતાના ગુરુ જાહેર કરી દે છે. તેનાથી સમાજમાં તેની છબી **(Image)** ઉજળી બને છે.

તેમના સમાજમાં ગુરુ એક આધ્યાત્મિક સંબંધ માટે નથી હોતાં. હોદ્દાનું પ્રતીક **(Status Symbol)** હોય છે. તેમને ક્યારેય એ સમજ આવતી નથી કે, ગુરુ જીવનની સમસ્યા ઉકેલવા માટે નથી. ગુરુ મારા અહંનો પોષ કરવા માટે નથી. ગુરુ જીવનને સર્વોચ્ચ કક્ષાએ લઈ જવા માટે હોય છે.

જીવનમાં ગુરુ હોવા એ ગૌરવની બિના છે. જીવનમાં ગુરુ હોય તે સહુને ગમે તેવી વાત છે. પણ જીવનમાં ગુરુ શા માટે હોવા જોઈએ? એ સહુથી વધુ મહત્ત્વની વાત છે. ગુરુ કોણ હોવા જોઈએ? એ પ્રશ્નનો જવાબ પછી શોધવાનો. પહેલા આ પ્રશ્નનો જવાબ શોધવાનો કે ગુરુ શા માટે જોઈએ છે? જીવનનું ધ્યેય નિશ્ચિત નહીં



૧ (આ જ શબ્દ જયવીયરાયમાં અને આનંદઘનજી મ., ઉપાધ્યાયજી મ. અને ઉપા. શ્રીવિનયવિજયજી મ. જેવાએ પદોમાં વાપર્યો છે. પ્રાચીન હસ્તપ્રતોમાં આ જ શબ્દ જોવા મળે છે.)


ક્ષીરસાગર સમાન કરુણાનો
**ધોધ વહાવનારા**
નિર્ગ્રન્થ શિરોમણી પદને
**વરનારા**
ણમો આયરિયાણં પદની
**શોભા વધાવનારા**
બુદ્ધિમાં બૃહસ્પતિ તત્વાતત્વનો
**વિવેક કરનારા**
ભવ્યજીવોના ઉત્થાન અને
**ઉદ્ધારને કરનારા**
ઝઝુમીને પણ મિથ્યાત્વના
**તિમિરને હરનારા**
ફુલની માળા જેવું
પંચાચારનું
**સૌંદર્ય ધરનારા**
રગ-રગમાં
સંયમશુદ્ધિની અનુપમ
**ધૂન મચાવનારા**
જ્ઞાની-ધ્યાની-મૌની
બની સદૈવ
**અપ્રમત્ત રહેનારા**

હોય તો ગુરુ મળશે નહીં, કદાચ મળી પણ જાય તો ગુરુ ઓળખાશે નહીં, ઓળખાઈ જાય તો પણ ફળશે નહીં.

નીચેની ડાળ પર બેસેલા પંખીને પહેલા સવાલ એ જાગ્યો હતો કે, ઉપરની દુનિયા કેવી છે? આ પ્રશ્ન પર લાંબો સમય મંથન કરીને એક દિવસ તેણે નિશ્ચય કર્યો કે, મારે ઉપરની દુનિયા જોવી છે. આ તેનું જીવન ધ્યેય **(Life Mission)** બન્યું. પછી તેને ટોચના પંખીનું માર્ગદર્શન ઉપયોગી થયું.

સવાસો ગાથાના સ્તવનની બીજી ઢાળની કડીમાં પૂજ્ય ઉપાધ્યાયજી શ્રીયશોવિજયજી મહારાજે આ જ વાત કરી છે. તેઓ કહે છે –

એમ ઢુંઢતાં રે ધર્મ સોહામણો, મિલિયો સુહગુરુ એક.

જે માણસ ધર્મને શોધે છે તેને સદ્‌ગુરુ મળે છે. ધર્મની શોધ એટલે નિજતાની ખોજ છે. **(Quest for the Real Self)** આપણી દુનિયામાં બધું જ છે, બસ એક નિજતા ખોવાઈ ગઈ છે. આપણી પોતાની કોઈ ઓળખ જ નથી. દરેક માણસ અહીં જાતજાતના **tag** લગાવીને ફરે છે. કોઈ વેપારી છે, કોઈ શ્રીમંત છે, કોઈ ગરીબ છે, કોઈ રૂપાળો છે, કોઈ સમજદાર છે, કોઈ ગોરો છે, કોઈ કાળો છે, કોઈ સારો છે કે ખરાબ છે. આવા હજારો ટેગ્સ છે. હકીકતમાં 'હું કોણ છું' એ કોઈ જાણતું નથી. હું કોણ છું? આ સવાલનો જવાબ નિજતા છે. આપણી નિજતા આપણો ધર્મ છે. ધર્મ આપણી બહાર નથી, આપણી ભીતર છે. પૂજ્ય ઉપાધ્યાયજી શ્રીયશોવિજયજી મહારાજ કહે છે–

પરઘર જોતાં રે ધર્મ તુમે ફિરો, નિજઘર ન લહો રે ધર્મ.

**હે નેમિસૂરી!**
**અંતઃકરણની નિર્મળતાના સ્વામી છો આપ**

TALAJA



SADARI



SURAT



ગુરુમૂર્તિ શ્રી નેમિસૂરીદાદા

આપણે ધર્મને બહાર માની રહ્યાં છીએ. સુહગુરુ[1] આ નિજતાની ઓળખ કરાવે છે. સુહગુરુ એ છે, જેણે નિજતાને ઉપલબ્ધ કરી છે. સાધારણ માણસ (સાધારણ ગુરુ એમ પણ કહી શકાય) દુનિયાની આંખે નિજને જુએ છે. (દુનિયાની આંખે ટેગ્સ જ દેખાય છે.) સુહગુરુ નિજની આંખે દુનિયાને જુએ છે. આ ફરક છે સ્તરનો. **(Leval)**

તો જીવનમાં ગુરુ જોઈતા હોય તો જીવનનું ધ્યેય જોઈશે. ધ્યેય જો સાધારણ **(Ordinary)** હશે તો ગુરુ પણ સાધારણ મળશે. ધ્યેય જો અસાધારણ હશે તો ગુરુ પણ અસાધારણ **(Extraordinary)** મળશે.

નિજતાની ઉપલબ્ધિ તમારા જીવનનું ધ્યેય હશે તો તમને સુહગુરુ મળે જ છે. તે તમારા ધ્યેયના માર્ગ ઉપર તમારી રાહ જોઈને ઊભા હોય છે. તમને સુહગુરુ મળે તો સમજ્જો કે તમે નિજતા હાંસલ કરવા જઈ રહ્યાં છો. તમને કોઈ સુહગરુ નથી મળ્યા તો સમજ્જો કે માર્ગ ખોટો છે અથવા પ્રયત્નમાં કોઈ ક્યાશ છે.

સુહગુરુ બે કામ કરે છે. એક, સાચો રસ્તો **(Real Path)** બતાવે છે. એ રસ્તો જે સાધકને નિજતા તરફ લઈ જાય, ભીતર લઈ જાય. બે, તે વિવેક જગાવે છે. પૂજ્ય ઉપાધ્યાયજી
શ્રી યશોવિજયજી કહે છે–

‘‘તેણે સાચો રે માર્ગ બતાવિયો, આણી હૃદય વિવેક.’’

વિવેક એટલે સત્ય અને અભ્યાસ વચ્ચે ફરક ઓળખી કાઢવાની ક્ષમતા/સમજણ. **(Discrimination)** બે તદ્દન વિરોધી ગુણધર્મો ધરાવતા પદાર્થો વચ્ચે ફરક સમજવો આસાન છે. કાળા અને ધોળા દેખાતા શર્ટ વચ્ચે ફરક કરી શકવો સહેલો છે, પણ દરેક રીતે સરખા દેખાતાં બે પદાર્થ વચ્ચે ફરક પારખવો અઘરો છે. તમે બે બાજુમાં મુકેલા બે સફેદ શર્ટ વચ્ચે ફરક કરી શકો. કેમ કે, તેમાં **(Space)** નો ફરક છે. પણ એક સફેદ શર્ટ પર તે જ સફેદ શર્ટની રંગછાયા **(Color Effect)** ફેંકવામાં આવે તો શર્ટ અને રંગછાયા વચ્ચે ભેદ પારખવો અઘરો બની રહે. સત્ય અને અસત્યનો (જૂઠનો એમ વાંચો) ફરક સમજવો આસાન/સ્પષ્ટ છે. પણ સત્ય અને આભાસી સત્ય વચ્ચે ભેદ કરવો કઠિન છે. આભાસી સત્ય એટલે જે રૂપ-રંગ-આકારમાં હૂ-બ-હૂ સત્ય જેવું જ દેખાય છે, પણ સત્ય નથી. તમે જેના રૂપ-રંગ વિગેરે પહેલા જોયા હોય તો તેના આભાસને અલગ કરવો શક્ય છે, પણ જેને આપણે જોયાં જ નથી, જેને આપણે જાણતાં જ નથી, તેના આભાસને પારખવો ખૂબ અઘરો છે. સાચો શર્ટ તમારા હાથમાં હોય તો તેની રંગછાયાને અલગ પારખી શકાય, પણ તમારા હાથમાં શર્ટ જ ન હોય તો, તમે શર્ટ વિશે કંઈ જાણતાં જ ન હો તો શર્ટ અને રંગછાયા અલગ હોવાનો વિચાર જ તમને નહીં આવે. આવું જ બને છે, નિજતાની બાબતમાં. આપણે નિજતાને



એટલે આપણી જાતને જાણતાં જ નથી તો આપણા વિશેની આપણી જાણકારી સાચી છે કે આભાસી એ કેવી રીતે નક્કી થઈ શકે?

સત્ય અને આભાસ વચ્ચે ફરક સમજવા માટે પરીક્ષા કરવી પડે. આપણને જે દેખાય છે તે સાચું છે કે નહીં? મને જે સાચું લાગે છે તે સાચું છે કે નહીં? તેની પ્રયોગાત્મક પરીક્ષા. આ માટે કેટલાંક સવાલો કરવા પડે, નિજતાની પરીક્ષા કરવી હોય તો નિજતા પર સવાલો કરવા પડે.

પહેલો સવાલ-હું મારી જાતને જાણું છું?

નથી જાણતો તો બીજો પ્રશ્ન નથી. પણ જાણું છું તો-

બીજો સવાલ-મારી જાત વિશેની મારી જાણકારી સાચી છે કે ખોટી?

જાણકારી સાચી છે કે ખોટી એ નક્કી કરવા જાણકારીના સ્રોત **(Source)** તપાસવા પડે.

આપણી આપણા વિશેની/નિજતા વિશેની જાણકારીનો સ્રોત બહારની દુનિયા છે. આપણે આપણા વિશે તે જ જાણીએ છીએ જે જાણકારી બીજા લોકોએ આપી છે. બહારના સ્રોત રૂપ-રંગ-આકારવાળી વસ્તુની ઓળખ કરી શકે છે. તે નિરૂપની ઓળખ કરવા સક્ષમ નથી. શું તમે આંખથી આકાશને જોઈ શકો? તમે તેને અડીને ફીલ કરી શકો? તમે આકાશ છો એ કેવી રીતે જાણી શકો? ઈંદ્રિયથી કે મગજથી આકાશ ઓળખી શકાતું નથી. આપણે ખાલી જગ્યાને આકાશ કહીએ છીએ. આ ખાલી જગ્યા એટલે શું? એ જગ્યા જ્યાં કોઈ આકારવાળી વસ્તુ નથી. આકારવાળી વસ્તુ જ્યાં નથી એ આકાશ છે. આ આકાશની અધૂરી ઓળખ છે. તે આકાશનો આભાસ છે. તમે આકાશને જાણતા નથી, જે જાણો છો તે આભાસ છે.

આકાશની ઓળખ માટે આપણા સ્રોત અધૂરા છે, તેમ નિજતાને ઓળખવા આપણા સ્રોત અપૂરતા છે. અપૂરતા/અસમર્થ સ્રોતો દ્વારા આપણે આપણી જાત વિશે ખોટી માહિતી એકઠી કરી છે. દુનિયામાં આ માહિતી કામ કરે છે એટલે આપણે તેને સાચી માની લીધી છે. તેની પરીક્ષા કરી નથી. પરીક્ષા કરીશું તો પહેલું પરિણામ (છ્યતીહ્ર્િ એ આવશે કે-આપણી પાસેના સ્રોત અધૂરા છે અને તેના આધારે આપણી માહિતી ખોટી છે એ પૂરવાર **(Prove)** થશે.


તેમ છતાં સાચો સ્રોત અને સાચી

માહિતી શું છે? નિજતા ખરેખર શું છે? અને તેને જાણવાનો સ્રોત શું છે? તે સવાલનો જવાબ તો બાકી જ રહે છે. આ જવાબ તે જ વ્યક્તિ આપી શકે જેણે નિજતાને ઉપલબ્ધ કરી હોય અને તેના સ્રોત વિષે જાણતો હોય. જે આ બે વાત જાણે છે તે જ સુહગુરુ છે. સુહગુરુ સત્ય અને આભાસી સત્યનો ફરક સમજી શકાય તેવી ક્ષમતા આપે છે. તે જ તમને તમારી નિજતા સુધી લઈ જઈ શકે છે. નિજતા એટલે તમારી ચેતના, તમારો આત્મા. તમે શરીર, વિચાર, લાગણીનો એક પુંજ (Bunch) નથી. તમે ચેતના છો. આ બધાથી પર અને આ બધાના સંચાલક છો. તમે પિક્ચરની જેમ આ જોવાની ચીજ (Object) નથી. તમે અનુભવ કરનાર છો. જ્યાં તમામ અનુભવો થાય છે. અનુભવ જેને થાય છે. જેને તમારા સિવાય બીજું કોઈ જાણી શકતું નથી. જે યુનિક છે તે તમે છો. તે નિજતા છે. ત્યાં સુધી પહોંચવાનો રસ્તો

'અનુભવ' છે. આકાશનો અનુભવ ખુલ્લી જગ્યામાં થઈ શકે, ચાર દિવાલ વચ્ચે નહીં. નિજતાનો અનુભવ શરીર, વિચાર અને લાગણીના બંધનથી ઉપર ઉઠવાથી થઈ શકે. બંધનોમાં અટવાયેલા રહેવાથી નહીં.

સુહગુરુ આ બંધનોથી ઉપર ઉઠેલા છે. તેમણે નિજતાનો અનુભવ કર્યો છે. તેમણે પોતાની સાચી ઓળખ મેળવી છે. તે દુનિયાએ આપેલી ઓળખ, પોતે ઉભી કરેલી ઓળખના આભાસમાંથી બહાર આવ્યા છે. આવા અનુભવી (Experienced) સુહગુરુ જ સાધકને નિજતા સુધી દોરી જાય છે.

પહેલા તો એ જાણવું કે 'આ વ્યક્તિ નિજતાને જાણે છે' અશક્યપ્રાયઃ છે. કેમ કે, અનુભવ



દેખાડી શકાતો નથી. તમે કોઈનું પ્રવચન સાંભળીને, કોઈનું અગાધ જ્ઞાન જોઈને, કોઈનો પુણ્યપ્રભાવ જોઈને, કોઈનું ઉત્કૃષ્ટ ચારિત્ર જોઈને, કોઈનો તપ-ત્યાગ જોઈને એ કહી ન શકો કે આ વ્યક્તિને નિજતાનો અનુભવ છે. તમને સાચી અને ઉત્કટ જિજ્ઞાસા હોય, તમને તમારા વિષે જે સવાલો જાગ્યા હોય તેના સ્પષ્ટ અને સરળ જવાબ સહજતાથી આપી શકે તે 'અનુભવી' હોવાની સંભાવના છે. જે ભીતર તરફ જવાના માર્ગ પર ચાલ્યો હોય એ જ તમારા ભીતરનો ભેરુ બની શકે.

આવા સુહગુરુ મળવા મુશ્કેલ છે. આપણી આસપાસ હોય તો ઓળખવા મુશ્કેલ છે. ઓળખાય તો તેમને સમજવા મુશ્કેલ છે. સમજાય તો તેમને અનુસરવા **(Follow)** મુશ્કેલ છે. તેઓ સતત આત્માની વાત કરતા હોય અથવા અનુભવની વાત કરતા હોય. તેમના સતત સહવાસથી એ અનુમાન કરી શકાય કે તેઓ અનુભવી છે. આત્માને લગતા સવાલના જવાબ ઉપરથી નિઃશંકપણે જાણી શકાય કે એમને ખરો અનુભવ છે. તે તમને ઉપદેશ ઓછો આપશે, પોતાના અનુભવ વધુ વહેંચશે (જવફયિ). તે નકામી વાત કરશે નહીં અને સાંભળશે નહીં. તમે માંગશો તો માર્ગદર્શન **(Guidance)** આપશે. એ તમારા મિથ્યાજ્ઞાનને અને અભિમાનને તોડશે. આ બે સંસારની સહુથી મોટી તાકાત છે અને સાધકની સહુથી મોટી નબળાઈ. સુહગુરુ આ બંને બોજ હલકા કરીને સાધકની હિંમત વધારશે અને એક દિવસ તેને પોતાની બાજુમાં અનુભવની ડાળી પર બેસાડશે. જ્યાંથી સાધક આત્માનું અસીમ આકાશ જોઈને પોતાની આંખમાં ભરશે. જ્ઞાનની રોશની/તેજથી આખી ધરતીને ન્હાતી જોઈ શકશે. આ જ સમયે તે સુહગુરુ, સાધકના કાનમાં એક મંત્ર આપશે-અખાના શબ્દોમાં કહેશે-

'ગુરુ થા તું જ તારો'

અને બીજા કોઈ સાધકની શોધમાં ત્યાંથી ઉડાન ભરી જશે. એ જ ક્ષણે સાધકને એક પ્રતીતિ (છ્રફહશુફશિંજ્ઞક્ષ) થશે કે-

'ખરેખર! સુહગુરુએ મને મારા ગુરુ બનતા શીખવ્યું.'

હવે મારું પણ જીવનધ્યેય આ જ છે.

કોઈને, પોતાના ગુરુ બનતા શીખવવું.

તેને પોતાનાં જીવનધ્યેય વિષે જાગૃત કરું.

તેને નિજતાનો રાહ બતાવું.

તેને સત્ય અને આભાસનો વિવેક કરાવું.

તેને પોતાની જાત વિષે માહિતીનો સ્રોત પૂરો પાડું.

તેને સામાજિક ને સાંસારિક બંધનોથી બહાર આવતા શીખવું.

તેના પ્રશ્નોનું સમાધાન આપું.

તેનાં મિથ્યાજ્ઞાનને અને અભિમાનને દૂર કરું.

એક દિવસ મારી બાજુમાં બેસાડીને તેને પોતાના અસીમ અસ્તિત્વનો અનુભવ કરાવું.

જંગલમાં એક ઉંચા ઝાડની ટોચ પર એક પંખી અનંત આકાશમાં કો'કની રાહ જોઈને બેઠું છે.

* * *

મને પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજાનો પરિચય, પુસ્તકો પૂરતો મર્યાદિત છે. હા, મહારાજજી

(પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા)ના શ્રીમુખે તેમના બે-ત્રણ અનુમોદનીય ગુણોની વાત અવારનવાર સાંભળી છે, તે જ રજૂ કરીશ.

● પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીનેમિસૂરીશ્વરજી મહારાજાનું શીલ ઉત્તમ કોટિનું હતું. તેઓ દરવાજા પાસે જ બેસતા. કોઈ વિજાતીય તેમની હાજરીમાં કે ગેરહાજરીમાં તેમણે બાંધેલી લક્ષ્મણરેખા ઓળંગવાની હિંમત કરી શકતી નહીં.

● તેમણે પોતાના શિષ્યોને વિદ્વાન અને ગ્રંથસર્જક બનાવવા પુષ્કળ મહેનત કરી હતી.

તેઓ બહુ મોટા શ્રીમંત અને પોતાના નિકટતમ ભક્તને પણ ઊંચા અવાજે સાચી વાત કહેતા ડરતા નહીં. અમદાવાદમાં અગ્રણી જૈન શ્રેષ્ઠીઓ (હું ન ભૂલતો હોઉં તો અંબાલાલભાઈએ) પહેલી કાપડની મિલ ખોલી તે પછી આચાર્ય મહારાજને વંદન કરવા ગયા તો તેમને સખત ઠપકો સાંભળવો પડ્યો હતો.

શીલ, શિક્ષા અને સચ્ચાઈના પુરોધા આચાર્ય ભગવંતના ચરણે વંદન.....

– શ્રુતભવન સંશોધન કેંદ્ર, પુણે

**શ્રી સંઘ** ધરમને તીર્થો કાજે
શક્તિ સઘળી વિચરે...






प.पू. विज्ञानसूरिजी म.सा.

**सन्मार्गो न गुरूं विना।**

# એક મ્યાનમાં, બે તલવાર

પંન્યાસ આગમચન્દ્રસાગર

વીસમી સદીમાં શાસનની ધૂરાને વહન કરનાર 'વૃષભ સ્કન્ધ' બનનાર, બે મહાપુરુષોના નામ ઈતિહાસપૃષ્ઠે દૃષ્ટિગોચર થતાં દેખાય છે. તે મહાપુરુષોની શાસન પ્રભાવનાના કાર્યો જોતાં વિશેષણો વામણાં લાગે. શ્રુતજ્ઞાનનું ક્ષેત્ર હોય કે સમાધિના રસાસ્વાદની વાતો હોય. ગીતાર્થની ગહનતા હોય કે ગંભીરતાની પરાકાષ્ઠા હોય. શાસનની પ્રભાવકતા હોય કે સિદ્ધાંત સામાચારીની સુરક્ષા હોય... તીર્થરક્ષા કાજે મરી ફીટવાનું હોય કે તિથી પ્રશ્ને સંમેલન કરવાનું હોય... બાલ દીક્ષાની જેહાદ જગાવવાની હોય કે વિધર્મી વિદ્વાનોનો વાદમાં પરાજય કરવાનો હોય. સર્વધર્મની પ્રાંતિક પરિષદનું નેતૃત્વ હોય કે સ્યાદ્વાદની પ્રતિષ્ઠા કરવાની હોય. આવા પ્રત્યેક ક્ષેત્રોમાં અગ્રેસર રહી યોગદાન આપ્યું છે.

વીસમી સદીના વિરલ અને વિરાટ બે વ્યક્તિત્વને બે નામ આપવામાં આવ્યાં.

૧. 'શાસન સમ્રાટ' (પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજા)

૨. 'આગમોદ્ધારકશ્રી' (પૂ. આચાર્યદેવેશ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજા)

બે મહાપુરુષોના હૂલામણા-અનન્ય વિશેષણો હતાં. કદાચ; તે વિશેષણો સૈકા બાદ પણ હજી સુધી કોઈને પ્રાપ્ત થયાં નથી. ગચ્છો-સંપ્રદાયો સુધી તે નામો ગવાતાં રહ્યાં છે, રહેશે.

બે વિરલવિભૂતિના સંબંધોને કયું સંબોધન કરવું તે સંદિગ્ધ સ્થિતિરુપ છે. પિતા-પુત્ર કહીએ તો'ય યથાર્થ સંબંધ હતાં, પરસ્પર સ્નેહ-વાત્સલ્ય આદર અપ્રતિમ કક્ષાનુ હતું.

ગુરૂ શિષ્ય કહીએ તો'ય અતિશયોક્તિ નથી.

'આગમોદ્ધારકશ્રી' ને ગુરુનો, દશ માસના ટૂંકા દીક્ષા પર્યાયમાં વિરહ થયો હતો. સમુદાયમાં એકાકી શ્રમણ હતાં. એકલુ રહેવું શ્રમણત્વના આચારથી વિપરીત આચરણ હતું, એક બાજુ પ્રભુ આજ્ઞા, બીજી બાજુ વર્તમાન સ્થિતિ સમાન આચાર-સામાચારીવાળા શ્રમણભગવંતો ન મળે ત્યાં સુધી એકલા રહેવું પરંતુ હીન આચાર કે સામાચારીવાળા સાથે કેમ રહેવાય???

આ સમસ્યાનું સમાધાન એટલે જ 'શાસનસમ્રાટ્'શ્રીનો સમાગમ. આચારમાં, વિચારમાં, ચર્યામાં, ચર્ચામાં, સિદ્ધાંતમાં, સામાચારીમાં, સંયમમાં, સાધકતામાં, શ્રેષ્ઠતા દેખાઈ. 'આગમોધ્દારકશ્રી'એ તેમને ગુરુસ્થાને બિરાજીત કર્યા...

'શાસન સમ્રાટ પૂજ્યશ્રી'એ પણ તેમની ગુણીયલતા, આચાર અને બુદ્ધિ ચાતુર્યતાને જોઈ તેમણે સ્વશિષ્ય કરતાંય વધુ સ્નેહ અર્પણ કર્યો.. ઉત્તરાધ્યયન સૂત્રના યોગોદ્વહનથી લઈ પંચમાંગ ભગવતી સુધીના તમામ જોગ કરાવ્યા. શેષકાળ અને ચાતુર્માસ દરમ્યાન દીર્ઘકાળ તેમની શીતલ છાયામાં રહેવાનું થયું. 'શાસન સમ્રાટ્' તદ્ સમયના સમ્રાટ્ની પ્રતિભાને પાછી ઠેલે તેવા હતાં.... પડછંદ કાયા, રૂઆબદાર છાતી, પ્રભાવક ચહેરો, આંખોમાં કઠોરતા

વનરાજથી આંખો ભર્યા, શાસનખુમારી મુખમાં...
વ્યક્તિત્વ તેજે ઝળહળે, ગુરુરાજ આતમ સુખમાં...



અને કરૂણાનું બેવડું સ્વરૂપ દેખાય, લલાટે અદ્ભુત પુણ્યનું ઓજ દેખાય, બ્રહ્મચર્યની સુવાસ કાયા થકી દેખાય, વીસમી સદીમાં આવા પુણ્યસમ્રાટ બીજા કોઈ ન હતાં...

વલ્લભીપુરમાં બંને પૂજ્યોનું ચાતુર્માસ, આગમોદ્ધારકશ્રીને ભગવતીસૂત્રના જોગ ચાલે. રાજાશાહીનો યુગ, ચાતુર્માસ પ્રવેશે દરબાર ખુદ્ તેમના સ્વાગત માટે પધાર્યા હતાં. દરબાર ગઢ પાસેથી સામૈયું પસાર થયું ત્યારે રાજમાતા અને રાણીવાસના ઝરુખેથી મર્યાદાયુક્ત ઘુંઘટાવાળી સ્ત્રીઓએ સોના-રૂપાના ફુલોથી વધાવ્યા હતાં. સૌરાષ્ટ્ર પ્રદેશના બોટાદ-ભાવનગર-વલભીપુર-ધોળા આદિ અનેક સીમાડ઼ાના રાજાઓ તેમને 'ધર્મસમ્રાટ ગુરુ' તરીકે માનતા હતાં. તેમનો માન મરતબ્બો જાળવતાં હતાં, અનેકવાર દરબારો વંદનાર્થે આવતાં, વિશિષ્ટ પ્રસંગોમાં ધર્મસભામાં ઉપસ્થિતિ દર્જ કરતાં, મુક્ત મને ધર્મ સંગોષ્ઠીનો લાભ લેતાં.. એટલેજ સમ્રાટોને માન્ય સમ્રાટ્ હતાં.

ચાતુર્માસ દરમ્યાન વલ્ભીપુરની જૈન જનતાને તો 'બગાસું ખાતાં પતાસું મળી ગયું હતું, શાસનસમ્રાટ સાથે તર્કસમ્રાટ. આમ, બંને પૂજ્યોની પ્રવચનધારામાં વહેવા મળતું. એક પંન્યાસપદે આરુઢ તો બીજાને ટૂંકાગાળામાં પંન્યાસપદ પ્રાપ્ત થવાનું હતું. ઘણીવાર તો પ્રવચન પીઠ ઉપર મીઠો ઝઘડો થાય, ''પહેલાં તમે, તમે પહેલાં'' આ ઝઘડો જોવાનો પણ અદકેરો આનંદ હતો. 'વડીલની લઘુતા તો લઘુ પર્યાયીનું વડીલ પ્રતિનું બહુમાન ' જીવનના ઘણાં-ઘણાં પાઠોને શીખવતી પાઠશાલાનું રૂપ લેતું હતું...

પર્યુષણા પર્વના દિવસો આવ્યાં. તે સમયે સૌથી મહત્ત્વપૂર્ણ પ્રવચન એટલે 'ગણધરવાદ.' આજે તો શ્રોતાગણને ગણધરવાદમાં બગાસાંને ઝોકાં આવે છે. પરંતુ તે યુગમાં તો જૈન જૈનેતરો પ્રવચનમાં આવતાં, નાસ્તિકતાની શંકા-કુશંકાઓનું છેદન-ભેદન-ઉન્મૂલન થઈ જતું. શ્રીસંઘે બંને પૂજ્યોને ગણધરવાદ સંભળાવવા વિનંતી કરી, બપોરે બે વાગ્યામાં વિશાળ પટાંગણ ભરાઈ ચૂક્યું હતું...

શ્રાવક ગણને તો લોભ જાગ્યો, બંનેના શ્રીમુખેથી ગણધરવાદ શ્રવણ કરવો હતો, બંને પૂજ્યો તેમના ભાવોને પામી ગયા, સુધર્માસ્વામીની પાટ ઉપર ઉભયપૂજ્યો બિરાજીત થયાં, ગુરુવંદન-મંગલાચરણ આદિ પ્રારંભિક પ્રક્રિયા પૂર્ણ થઈ, ગણધરવાદ શરુ થયો...

'આગમોદ્ધારકશ્રી' ત્રણે ગણધર બની ક્રમિક એક-એક પ્રશ્નો તથા પેટા પ્રશ્નો કરતાં રહ્યાં, 'શાસનસમ્રાટશ્રી' જાણે પ્રભુવીર બની તેના ક્રમિક પ્રત્યુત્તરો આપવા લાગ્યાં, શ્રોતાજનો તર્કપ્રધાન પ્રશ્નોના નિઃસંદેહ જવાબ સાંભળતાં-સાંભળતાં મન્ત્રમુગ્ધ બની ગયાં. અસ્ખલિતપણે સાડ઼ાચાર કલાકથી વધુ ગણધરવાદ ચાલ્યો, સર્વ શ્રોતાગણોએ ત્યાંને ત્યાંજ ચૌવિહાર અને પાણહારના પચ્ચક્ખાણ કરી લીધા. તે દૃશ્યને સાક્ષાત્ નિરખનારાઓ કહે છે કે ''સાહેબજી! તે દિવસે વીરવિભુ અને ગૌતમગણધર ભગવંતના જીવોએ, આ ધરતીતલ પર જાણે પુનર્જન્મ ન લીધો

શાસ્ત્રોતણાં સઘળા રહસ્યો આપને સહેજેહતાં...




मन्त्रमूलं गुरोर्वाक्यं, मोक्षमूलं गुरोः कृपा।

હોય.!!!'' તેવી અનુભૂતિ અમે કરી છે. તે સાડ઼ાચાર કલાક અમો સૌ ખોવાઈ ગયા હતાં. અમને તો સમવસરણની જ સાદશ્યતા દેખાઈ હતી.

'દડો જેટલો જોરથી નીચે જાય છે, તેટલો જ જોરથી તે પાછો ઉંચો જાય છે' બસ; તે જ ઘટના અહીં દેખાય છે. જેટલી નિખાલસતા-નમ્રતા-સાલસતા-ઉદારતા હોય છે, તેટલી જ પ્રસિદ્ધિ-પ્રભાવકતા-પરમોચ્ચપદની પ્રાપ્તિ થાય છે. તેનું જ્વલંત-ઉજ્જવળ ઉદાહરણ આપણી સામે છે.

શાસનરક્ષા મુદ્દે બંને પૂજ્યોએ ખંભાથી ખંભો મિલાવી કાર્યો કર્યા છે. પોતે વડીલ હોવા છતાં ક્યારેય વાણી-વર્તન કે વિચારમાં તે ગર્વને ફરકવા સુધ્ધાં દીધો નથી. શત્રુંજય તીર્થરક્ષા અંગે પણ એક વાક્યતા સાધી અનોખું કાર્ય કર્યુ હતું... છેલ્લા શ્વાસ સુધી શાસન સુરક્ષાને છોડી નથી.

જર્મનના પ્રોફેસર મિ. જેકોબી એ 'ભગવાન મહાવીરના' જીવન વૃત્તાંતમા 'ઔષધ માટે માંસાહારનો પ્રયોગ કર્યો હતો' તે બાબત ઉભય પૂજ્યશ્રીના ધ્યાનમાં આવી. કપોત શબ્દનો અર્થ કબૂતર જ નથી, કપોતનો અર્થ કોળાપાક એ સિદ્ધ કર્યો. થાય છે. જે પ્રભુએ નિગોદથી લઈને પંચેન્દ્રિયની હિંસાનો નિષેધ કર્યો હોય, જેમણે દ્રવ્ય અને ભાવહિંસાની સૂક્ષ્મતા સમજાવી હોય, મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદનાની નવ કોટીની કરુણા કહી હોય તો શક્ય જ નથી. સ્વજીવિતના ભોગે બીજાને જીવાડ઼વાની વાત કરતાં હોય ત્યાં હિંસા સંભવિત

જ નથી. 'પરિહાર્ય મીમાંસા' નામક પ્રાકૃત પાઠોયુક્ત સંસ્કૃતભાષામાં ૨૫૦ શ્લોક પ્રમાણ પ્રત્યુત્તર પાઠવ્યો. મિ. જેકોબીને પોતાની ભૂલ સમજાઈ. જર્મનથી તેઓ તે પૂજ્યોને મળવા આવ્યાં. જિનશાસ્ત્રોની ગહનતા-ગંભીરતા કેટલી છે તે સમજાવી. ઉત્સૂત્ર પ્રરૂપણાને સુપ્રરૂપણા દ્વારા સિદ્ધ કરી...

માત્ર; ભારતદેશમાં જ નહી, વિશ્વના કોઈપણ દેશમાં, કોઈપણ વિદ્વાનો, શાસ્ત્રોનો વિપરીત અર્થ ન કરે તેની કેટલી તકેદારી રાખતાં હશે? તે આ ઘટના પરથી ફલિત થાય છે.

જેની ગુરુ પરંપરા એક નથી, જેની શાખાઓ ક્યાંય પેઢી દર પેઢીએ મળતી નથી છતાં તે પૂજ્યોએ જે સૌહાર્દતા-સ્નેહાર્દપૂર્ણ વ્યવહાર કર્યો છે તે આજના વિષમકાળે એક અદ્‌ભૂત-આદર્શકારી આલંબન પુરુ પાડે છે.

વૃક્ષ ઉપર જ્યારે ફળ આવે છે. ત્યારે તે લચી પડે છે. તેવી રીતે વ્યક્તિમાં મહાનતાનું ફળ આવે છે ત્યારે તે વધુ નમ્ર બને છે.


બંને વિદ્વાનોમાં ક્યારેક તાત્ત્વિક ચર્ચામાં મતભેદો ઉભા થયા હશે પરંતુ ક્યારેય તેઓએ મનભેદ થવા દીધો નથી.

બસ; આ ઘટના અમને ત્રણ ઉપદેશ આપે છે. બોધ પમાડે છે.


૧) મોટા બનીએ પરંતુ મોટાઈ તો ન જ આવવી જોઈએ.

૨) મતભેદ થાય તો પણ શાસનને કેન્દ્રમાં રાખી મનભેદ ન થવા દઈએ.

૩) સર્વે સહધર્મી (શ્રમણ) પ્રતિ પૂજ્યભાવ બનાવી રાખીએ...



## નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે



## શ્રી સેરિસા પાર્શ્વનાથ ભગવાન

પ્રભો! આપનું સ્મરણ એજ શરણ છે.
આપની ભક્તિ એજ મારે મન મુક્તિ છે.
આપ અમી વરસાવો. અમે પ્રેમની ધારા વરસાવીએ.

# મહાન્ શ્રુતસર્જક શ્રી વિજયનેમિસૂરિદાદા

આચાર્યપ્રવર શ્રીવિજયશીલચંદ્રસૂરીશ્વરજી-શિષ્ય
ત્રૈલોક્યમંડનવિજયગણિ

નિર્ગ્રંથ-કોટિક-ચંદ્ર-વનવાસી-બૃહત્-તપાગચ્છની પરંપરામાં ૭૪મી પાટે પૂજ્યપાદ શાસનસમ્રાટ પરમગુરુ આચાર્ય ભગવંત શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ (વિ.સં. ૧૯૨૯-૨૦૦૫) થયા. પૂજ્ય શ્રી વિજય સિંહસૂરિજી મહારાજ પછી યોગોદ્વહન અને પંચપ્રસ્થાનની આરાધનાપૂર્વક સંવેગી પરંપરામાં આચાર્ય થનારામાં તેઓ સહું પહેલા હતાં (વિ.સં. ૧૯૬૪). આનું સુભગ પરિણામ એ આવ્યું કે, યોગોદ્વહન વિના કોઈપણ આગમનું વાંચન, પદવી વગેરે સૂઝતું નથી તેવી આચરણા, શ્રીસંઘમાં રૂઢ બની. શ્રદ્ધા અને સંસ્કારનો વારસો આ રીતે જીવતો બન્યો. મહત્ત્વની વાત એ છે કે, પૂજ્યશ્રીએ કોઈ દિવસ ક્યાંય જાહેરમાં યોગોદ્વહન વિના થતી પદવી અંગે નબળાં વિધાનો કર્યાં નથી. તેઓશ્રી એટલા ગરિમામંડિત હતા કે, તેઓને આવા માર્ગો અપનાવવાની જરૂર જ નહોતી પડતી. તેઓની સન્નિષ્ઠ આચરણા જ શ્રીસંઘ માટે આચારનિષ્ઠા કેળવવાનો પાયો બની જતી. ‘‘યદ્યદાચરતિ શ્રેષ્ઠઃ, તત્ તદેવેતરો જનઃ’’ આ સૂક્તિ તેઓશ્રીના જીવનમાં ચરિતાર્થ થતી હતી.

પૂજ્યપાદ શાસનસમ્રાટ પરમગુરુ આચાર્ય ભગવંત શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ વિશે લખવું હોય તો ગ્રંથોના ગ્રંથો ભરાય. તીર્થરક્ષા, તીર્થોદ્ધાર, પ્રતિષ્ઠા-અંજનશલાકા, પૂજનાદિ, જીવદયા, પાઠશાળા, શિક્ષણ, સંઘયાત્રા, શાસનરક્ષા, શાસન-પ્રભાવના, શ્રીસંઘમાં સંપ, રાજપ્રતિબોધ-આ બધાં માટે તેઓએ અનુપમ કાર્યો કર્યાં છે. શ્રીસંઘનું પ્રાયઃ એકપણ ક્ષેત્ર એવું ન હતું કે જેમાં તેઓનું બહુમૂલ્ય યોગદાન ન હોય. તેમના જીવનકાર્ય વિશે જાણીએ તો, આપણને એ સમજ જ ન પડે કે, એક માણસ એક જીવનમાં આટઆટલાં કાર્યો કઈ રીતે કરી શકે? જીવતેજીવ દંતકથા બની ગયેલા આ મહાપુરુષ હતાં. તેઓનાં જીવન-કવનને તથા તેમના શિષ્યમંડળની પ્રતિભાને બિરદાવતા અનેકાનેક ગ્રંથો ઉપલબ્ધ



Surat

હોવાથી તે અંગે ઝાઝું ન લખતાં, પરમગુરુની શ્રુતસાધનાને જ વર્ણવતી યત્કિંચિત્ વાત કરું.

તેઓશ્રીની દીક્ષા વખતે શ્રમણસંઘની એ પરિસ્થિતિ હતી કે કલ્પસુબોધિકા વાંચી શકે તે સાધુ પણ પરમવિદ્વાન ગણાતો. સામાન્ય પ્રકરણજ્ઞાન, કર્મગ્રંથ, સ્તબક, સજ્ઝાય, સ્તવન વગેરે ભણાતું અને પૂજાસાહિત્ય વગેરે રચાતું. ઉપાધ્યાય શ્રીયશોવિજયજીથી લઈને પરમગુરુ સુધીનાં લગભગ ૨૫૦ વર્ષોમાં શ્રીસંઘમાં કશું માતબર સર્જન થયેલું જણાતું નથી. પરમગુરુએ શ્રીસંઘને આ પરિસ્થિતિમાંથી બહાર આણ્યો. કોઈ સ્વીકારે કે ન સ્વીકારે-પણ શ્રીસંઘમાં આજે જે અભ્યાસની જ્વલંત રુચિનાં દર્શન થાય છે. તેમાં જે જે મહાપુરુષોનો ફાળો છે, તેમાં શાસનસમ્રાટશ્રી સૌથી મોખરે છે. વ્યાકરણ, જૈન-જૈનેતર ન્યાય, સાહિત્ય, આગમિક સાહિત્ય, પ્રકરણગ્રંથો - આ બધું તેઓ પોતે ભણ્યા અને શિષ્યોને પણ તૈયાર કર્યા. શ્રીહરિભદ્રસૂરિજી અને ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજના ગ્રંથો અને અન્ય મૂલ્યવાન ગ્રંથોના સૌપ્રથમ સંપાદનો પણ શ્રીસંઘને પરમગુરુના પરિવાર પાસેથી જ મળ્યાં. જ્ઞાનભંડારો શ્રમણોની સારસંભાળ હેઠળ કેવા સરસ તૈયાર થઈ શકે છે તે તેઓશ્રીએ સદૃષ્ટાંત દર્શાવી આપ્યું. સંક્ષેપમાં, શ્રીશ્રમણસંઘની જ્ઞાનરુચિને નવપલ્લલિત કરવાનું અને અધ્યયન-અધ્યાપનની પરિપાટીને સ્થિર કરવાનું અજોડ શ્રેય જો કોઈને પણ જતું હોય તો, તે એકમાત્ર શાસનસમ્રાટશ્રીને.



ભાવનગર

તેમના દ્વારા અને તેમના શિષ્ય-પ્રશિષ્યાદિ પરિવાર દ્વારા શ્રુતસર્જન-સંપાદન પણ કેટલું બહોળા પ્રમાણમાં થયું! જો શાસનસમ્રાટશ્રીના સમુદાય દ્વારા જે શ્રુતસેવા થઈ છે તેની સમગ્ર સૂચિ બનાવવામાં આવે તો, કદાચ કોઈ વિશ્વાસ કરવા પણ ન તૈયાર થાય કે, કોઈ એક સમુદાય આટઆટલું કરી શકે! શાસનસમ્રાટશ્રીનું જૈન-જૈનેતર ન્યાયવિષયક સર્જન જ એટલું વિશાળકાય છે કે, વિ.સં. ૧૭૪૪માં ઉપાધ્યાયજીના સ્વર્ગગમનથી આરંભીને વિ.સં.૨૦૭૯ના આજના વર્ષ સુધીના લગભગ ૩૫૦ વર્ષના ગાળામાં એ અનન્ય જણાય છે.

* ન્યાયખંડખાદ્ય (-મહાવીરસ્તવ) પર ન્યાયપ્રભા વૃત્તિ
* ન્યાયાલોક પર તત્ત્વપ્રભા વૃત્તિ
* વાદમાલા પર વૃત્તિ
* સપ્તભંગીપ્રભા (સપ્તભંગ્યુપનિષત્)
* ન્યાયસિંધુ
* અનેકાંતતત્ત્વમીમાંસા - સ્વોપજ્ઞ વૃત્તિ સહિત
* અનેકાંતવ્યવસ્થા પર વૃત્તિ (અપ્રકાશિત)
* નયોપનિષત્ (અપ્રકાશિત)

* શ્રીસન્મતિતર્ક-પ્રકરણ પર શ્રી અભયદેવસૂરિજી મહારાજ રચિત તત્ત્વ બોધ વિધાયિની વૃત્તિનું ન્યાયસુધા નામનું તાત્પર્યવિવરણ (પ્રસ્તુત પ્રકાશન)

આમાંથી ન્યાયખંડખાદ્ય પરની વૃત્તિ, શ્રીસન્મતિતર્ક-પ્રકરણ પર ન્યાયસુધા વૃત્તિ અને અનેકાંતતત્ત્વમીમાંસા-સ્વોપજ્ઞ વૃત્તિ સહિત- આ ૩ સર્જનોમાંથી એક એક સર્જન પણ તેમને સમર્થ દાર્શનિક આચાર્ય તરીકે પ્રતિષ્ઠિત કરવા માટે સક્ષમ છે. અન્ય દાર્શનિક ગ્રંથો પણ તેમના પ્રત્યે નતમસ્તક બનાવે તેમ છે. શાસનસમ્રાટશ્રીએ રચેલું વ્યાકરણાદિવિષયક સાહિત્ય તો આ સૂચિમાં નિર્દેશ્યું જ નથી અને તેમના સાક્ષાત્ માર્ગદર્શન હેઠળ તેમના શિષ્યપરિવારમાં જે રચાયું તે તો અલગ!

* * *

સં. ૨૦૬૩ દેવકીનંદન - અમદાવાદ શ્રીસંઘના આંગણે પૂજ્યપાદ વિદ્વદ્વલ્લભ આચાર્યપ્રવર સંઘહિતચિંતક શ્રીવિજય-શીલચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની પાવન નિશ્રામાં ચાતુર્માસ. ચાતુર્માસ દરમ્યાન પરમગુરુ શાસનસમ્રાટ બાલબ્રહ્મચારી શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીની આચાર્યપદ-શતાબ્દીની ઉજવણીનો પ્રારંભ થઈ ગયો હતો. એ મંગલ ઉજવણીના અંગરૂપે જે ચિરસ્થાયી કાર્યો થયાં તે પૈકી એક હતું - 'ચિત્રમય વિજયનેમિસૂરિ' ગ્રંથનું નયનરમ્ય પ્રકાશન. આ ગ્રંથમાં શાસનસમ્રાટ સ્મૃતિભવન - મહુવા સ્થિત શાસનસમ્રાટશ્રીનાં જીવનચિત્રોની શ્રેણિ,



સરસ શબ્દાંકન સાથે કલાત્મકરૂપમાં પ્રકાશિત થઈ હતી. આ પ્રકાશન વખતે પૂજ્ય આચાર્ય શ્રી વિજય શીલચંદ્ર સૂરીશ્વરજી મહારાજશ્રીએ ખૂબ જહેમતથી નિજી સંગ્રહમાંથી એક કાગળ શોધી કાઢ્યો હતો, જેમાં પરમગુરુના શાસ્ત્ર-સર્જનની નોંધ હતી. આ નોંધ અન્ય ગ્રંથમાં પ્રકાશિત પણ થઈ હતી.

વિદ્વદ્જગતે આ નોંધ જરૂર જોઈ હશે અને તે અંગે કંઈક પ્રતિસ્પંદ પણ ઊઠ્યા હશે, પરંતુ અમારા માટે તો આ નોંધે જીવનને એક અણધાર્યો વળાંક આપવાનું કામ કર્યું. પરમગુરુના જીવનને જોવાની, સમજવાની, મૂલવવાની અમારી દૃષ્ટિ જ આ નોંધે બદલી નાખી. અમે જોતા હતા પરમગુરુને શાસનસમ્રાટરૂપે. અમે જોતા હતા પરમગુરુને તીર્થોદ્ધારકરૂપે. અમે જોતા હતા પરમગુરુને જીવદયાના જ્યોતિર્ધર તરીકે. સકલ શ્રીસંઘના અજોડ નેતાના સ્થાને, વિશાળ શિષ્યપરિવારના આચાર્ય તરીકે. શાસનપ્રભાવક અને શાસનસંરક્ષક સ્વરૂપે એમની છબી અમારા હૃદયમાં અંકાઈ ગઈ હતી. વીસમી સદીના

# અંદરનું અસ્તિત્વ તેજ ભરેલું, બહારનું વ્યક્તિત્વ શૌર્ય ભરેલું...

આપણે જોઈએ હૈયું હરખે, હેત ભરી ભરીને વરસો.



ગુરુ હસ્તાવલંબેન સંયતા તે હિ પરમર્ષયઃ।

જૈનશાસનના ધોરીપુરુષ તરીકે એમની મૂર્તિ અમારા ભાવજગતમાં કંડારાઈ ચૂકી હતી, પણ એમના જીવનનું એક અનન્ય અને અપ્રતિમ પરિણામ અમારા માટે અજાણ્યું જ બની રહ્યું હતું. પરમગુરુએ દર્શન અને ન્યાયના વિષયમાં, આટલું વિશાળ, આવું મૂર્ધન્ય કક્ષાનું શાસ્ત્રસર્જન કર્યું હશે તે અમારા ખ્યાલમાં જ ન હતું. માત્ર જૈન શાસનમાં જ નહીં, પરંતુ સમગ્ર ભારતીય વિદ્યાજગતમાં થયેલા અજોડ તેમજ દિગ્ગજ દાર્શનિક આચાર્યોમાં એમને નિઃશંકપણે પ્રથમ પંક્તિમાં સ્થાન અપાવવા માટે સમર્થ એવું આ શાસ્ત્રસર્જન હશે એનો અમને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. આ એક પાનાની નાનકડી નોંધે અમને એ ખ્યાલ બખૂબીથી આપી દીધો. અમને વિચારતા કરી મુક્યા-અમારા પૂર્વપુરુષો અંગે. અમને સભાન


કર્યા-અમારા ગૌરવાન્વિત વારસા માટે. અમને સ્વપ્નશીલ બનાવ્યા-સમુદાયને એની પૂર્વકાલીન ગરિમા પુનઃ સંપ્રાપ્ત કરાવવા માટે. ઈચ્છા નહીં, બલ્કે તલપ જાગી એ ગ્રંથોનો અભ્યાસ કરવાની, અનેકાંતવાદના અધ્યયન - અધ્યાપનની પરિપાટીને પુનઃ પ્રવર્તાવવાની.

પરંતુ, નસીબની બલિહારી જુઓ. પરમગુરુનું ન્યાયવિષયક જે પણ સર્જન હતું, તેમાંથી માત્ર પાંચ જ ગ્રંથો અમને જોવા મળ્યા. એમાં ત્રણ મહોપાધ્યાય શ્રીયશોવિજયજી વિરચિત ગ્રંથો પર વૃત્તિસ્વરૂપે હતા- ૧. ન્યાયખંડખાદ્ય (-મહાવીરસ્તવ) પર ન્યાયપ્રભા વૃત્તિ. ૨. ન્યાયાલોકપર તત્ત્વપ્રભા વૃત્તિ. ૩. વાદમાલા પર વૃત્તિ. તો બે સ્વતંત્ર રચના હતી - ૧. સપ્તભંગીપ્રભા (સપ્તભંગ્યુપનિષત્) ૨. ન્યાયસિંધુ. નોંધમાં જે અન્ય ગ્રંથોનો નિર્દેશ હતો તેની નકલ મેળવવા માટે અમે પાંજરાપોળ (રિલીફ રોડ, અમદાવાદ) બોટાદ, ખંભાત, કદંબગિરિ વગેરે સમુદાયનિશ્રિત અનેક જ્ઞાનભંડારો તથા કોબા વગેરે સ્થળે સઘન તપાસ કરી, પણ ક્યાંયથી તેની એક પણ નકલ ન જડી. એટલે નક્કી થયું કે આ ગ્રંથો પરમગુરુના હાથે સર્જન જરૂર પામ્યા હતા, પણ પ્રકાશિત નહોતા થયા. અન્યથા ક્યાંક તો એની એકાદ નકલ મળત. ચોક્કસ એ હસ્તપ્રતરૂપે જ સચવાયા હોવા જોઈએ. પણ ક્યાં? વારંવાર ઉલેચવા છતાં ન તો સંભવિત એકે જ્ઞાનભંડારમાં એની હસ્તપ્રત જડી કે ન તો સમુદાયવર્તી કોઈ પૂજ્ય આચાર્ય કે શ્રમણ-શ્રમણીને એ અંગે ખ્યાલ પણ હતો.

પ્રશ્ન દિવસે-દિવસે વધુ ને વધુ વિકટ થતો જતો હતો કે આવું મહામૂલું સર્જન ક્યાં છૂપાયું હશે? હજુ તો દાદાને કાળ કર્યે માંડ ૬૦ વર્ષ પણ નથી થયાં અને ત્યાં તો આપણે આ ખજાનો ખોઈ બેઠા! હૈયું કોરાઈ જતું હતું, જાણે અંદર ચીરાડો પડતી હતી. એક તો આવી પ્રતિભા વારે વારે પાકતી નથી હોતી, પાકે તો એને અધ્યયનના કે સર્જનના સાનુકૂળ સંયોગો નથી મળતા હોતા, અને મળે તો પણ આટલું વિપુલ પ્રમાણમાં સર્જન થાય જ એની કોઈ ખાતરી ન આપી શકાય. આમે ન્યાયવિદ્યા કઠિનતમ ગણાય. એને ભણનારા કેટલા? ભણીને એનાં રહસ્યોને આત્મસાત્ કરનારા કેટલા? એ વિદ્યાને પરિણમાવનારા કેટલા? અને એના પર પ્રગાઢ ચિંતન-મનન કરીને, એની અનુપ્રેક્ષામાં રમમાણ બનીને જગતના ખોળે આવી સર્જનાત્મક ભેટ ધરનારા કેટલા? તીવ્ર મેધા, અવિચલ ધારણાશક્તિ, પ્રચંડ તર્કસામર્થ્ય, અથાક પરિશ્રમ, અભંગ ઉત્સાહ, અપ્રતિમ પ્રતિભા-આવાં કેટકેટલાં વાનાં ભેગાં થાય ત્યારે અનેકાંતવાદ પર કલમ ચલાવી શકાતી હોય છે. સ્યાદ્વાદને ચાહનારો, એનો પાર પામવાનું લક્ષ્ય લઈને જીવનારો કોઈ પણ શ્રમણ જે ગ્રંથોને કુદરતનું વરદાન ગણે - જે ગ્રંથોના રચયિતાને હૈયાના અંતસ્તલમાં ઉચ્ચતમ સ્થાને બિરાજમાન કરે એવા એ ગ્રંથો. અને એ ગ્રંથો આપણે ગુમાવી દીધા?

આ પ્રશ્ન સાથે પછીનાં વર્ષો વીત્યાં. શોધખોળ ચાલુ રહી. દિલમાં દર્દ હતું, દાદાના ચરણે આરઝૂ હતી, દેવગુરુધર્મને સતત વિનવણી હતી કે કંઈક કૃપા કરો. અને એનો જવાબ મળ્યો-ચમત્કાર જ ગણી શકાય એ રીતે.

શાસનના તાજ તમે સાજ તમે રાજ તમે, સંઘ, ધર્મ, તીર્થના મહારાજાધિરાજ તમે.



धन्यैरेव जनैर्जगत्त्रय गुरूःसोऽयं समालोक्यते।

બન્યું એવું કે શ્રીવિજયનેમિસૂરિ જ્ઞાનશાળા-પાંજરાપોળ, અમદાવાદના જ્ઞાનભંડારને શાસનસમ્રાટભવન-શેઠ હઠીભાઈની વાડીએ, અમદાવાદમાં ફેરવવાનું કાર્ય ચાલુ હતું. સમગ્ર ભંડાર ફેરવવાનો ન હતો. એટલે જેટલાં પુસ્તકો પાંજરાપોળથી મોકલવાનાં હતાં તે છૂટાં પાડીને મોકલી દીધાં પછી અમારે શેઠ હઠીભાઈની વાડીએ જઈને ત્યાં વ્યવસ્થિત રીતે ગોઠવવાનાં હતાં. મોકલવાનું કામ નિર્ધારિત સમયપત્રક કરતાં એક દિવસ વહેલું પૂરું થયું. એટલે એક દિવસ અમને મોકળાશનો મળ્યો. કંઈ વિશેષ કામ ન હતું એટલે ઉપરના માળે આવેલાં વધારાની નકલોનાં કબાટો અમે એમ જ ખોલબંધ કરતા હતાં. એમ કરવામાં ન તો કોઈ હેતુ હતો કે નહોતું એમ કરવાનું કોઈ પ્રયોજન. આ એ જ કબાટો હતાં કે જે એક કરતાં વધુ વખત અનેક વ્યક્તિઓ દ્વારા જોવાઈ ચુક્યાં હતાં. પણ તે દિવસ અમારા માટે-અનેકાંતવાદના સૌ અભ્યાસીઓ માટે વરદાન લઈને ઊગ્યો હતો. અમને તે દિવસે અચાનક છેક ખૂણાનાં બે કબાટોમાંથી કેટલાક કામના કે ન કામના કાગળોની વચ્ચેથી પેન્સિલથી લખેલા, જર્જરિત અવસ્થામાં લગભગ ૧૦,૦૦૦ કાગળો મળ્યાં, જેમાં એ તમામ ગ્રંથો હતા કે જેમની અમને શોધ હતી. અને એ સિવાયના પણ ગ્રંથો હતા કે જે અંગે સમુદાયમાં કોઈને પણ ખ્યાલ સુદ્ધાં ન હતો. એ ઘટનાનો રોમાંચ તો આ લખવાની ક્ષણે પણ અકબંધ છે, પણ એ દિવસે તો જે રોમાંચ હતો એના માટે તો ‘આનંદનો વંટોળ’ શબ્દ પણ ઓછો પડે. અમે રીતસરના ધ્રૂજી રહ્યા હતા-ખુશીના માર્યા. અમે ઝૂમી રહ્યા હતા-આનંદની લહેરખીઓ ઉપર. દાદાનાં ચરણોમાં પડીને અમારી વિનંતિ કબૂલ કરવા બદલ એ દિવસે તો અમે એમનો જે પાડ માન્યો છે!

દિવસો લાગ્યા એ પાનાઓને વ્યવસ્થિત કરતા. વ્યવસ્થા પછી કુલ આટલા અપ્રગટ ગ્રંથો મળ્યાં હતાં-

૧) સન્મતિતર્ક-વાદમહાર્ણવ-વૃત્તિ

કર્તા-શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ. પ્રાયઃ ૩૦૭૦ પત્ર.

શ્રીસિદ્ધસેન દિવાકર વિરચિત સન્મતિતર્ક મહાગ્રંથપર ન્યાયપંચાનન શ્રી અભયદેવસૂરિજી રચિત તત્ત્વ બોધવિધાયિની (વાદમહાર્ણવ) વૃત્તિની સંપૂર્ણ વ્યાખ્યા. પ્રાયઃ તમામ કઠિન પદાર્થોનું મર્મોદ્‌ઘાટન કરનારું વિવરણ. (૩ ભાગ પ્રકાશિત થઈ ગયા છે. હજુ ૨ ભાગ બાકી છે.)

૨) અનેકાંતતત્ત્વમીમાંસા-સ્વોપજ્ઞ વૃત્તિ સહિત

કર્તા - શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ. પ્રાયઃ ૧૫૭૦ પત્ર. (હવે ૩ ભાગમાં પ્રકાશિત)

૩) નયોપનિષત્

કર્તા - શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ. પ્રાયઃ ૨૮૦ પત્ર.

નયવાદને સંબંધિત કેટલાંય અપ્રગટ રહસ્યોને ઉજાગર કરતી અનુપમ કૃતિ.

૪) અનેકાંતવ્યવસ્થા-વૃત્તિ

કર્તા - શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ. પ્રાયઃ ૭૦૦ પત્ર.

ઉપાધ્યાય શ્રીયશોવિજયજી પ્રણીત ગ્રંથ પર વૃત્તિ.

૫) અધ્યાત્મોપનિષદ્-વૃત્તિ

કર્તા – શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ. પ્રાયઃ ૨૦૦ પત્ર.

ઉપાધ્યાય શ્રીયશોવિજયજી કૃત અધ્યાત્મ વિષયક એક પ્રાંજલ રચના પર વાર્તિક સ્વરૂપની વૃત્તિ. (હવે પ્રકાશિત થઈ ગઈ છે.)

૬) અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ-વૃત્તિ (અપૂર્ણ)

કર્તા – શ્રીવિજયોદયસૂરીશ્વરજી મહારાજ. પ્રાયઃ ૧૨૦૦ પત્ર.

સ્વામી સમંતભદ્ર રચિત દેવાગમસ્તોત્ર પર દિગંબરાચાર્ય ભટ્ટ અકલંકદેવ કૃત અષ્ટશતી પર દિગંબરાચાર્ય વિદ્યાનંદસ્વામી દ્વારા પ્રણીત અષ્ટસહસ્રી ગ્રંથ પર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી વિરચિત અષ્ટ સહ સ્રી તાત્પર્યવિવરણનું શબ્દશઃ વિવેચન.

૭) પ્રતિમામાર્તંડ

કર્તા – શ્રવિજયોદયસૂરીશ્વરજી મહારાજ. પ્રાયઃ ૧૨૫ પત્ર.

૮) સામાન્યવિશેષકલિકા

કર્તા – શ્રીવિજયોદયસૂરીશ્વરજી મહારાજ.

૯) પ્રમાણનયતત્ત્વાલોક-વૃત્તિ (અપૂર્ણ)

કર્તા – શ્રીવિજયોદયસૂરીશ્વરજી મહારાજ.

વાદી દેવસૂરિજી મહારાજ રચિત અનેકાંતવાદની એક જગપ્રસિદ્ધ મહત્ત્વપૂર્ણ કૃતિ પર બાળસુલભ વિવરણ.

૧૦) વાદમાલા-વૃત્તિ

કર્તા – શ્રીશિવાનંદવિજયજી મહારાજ. પ્રાયઃ ૨૬૦ પત્ર . ઉપાધ્યાય શ્રીયશોવિજયજી રચિત ગ્રંથ પર વૃત્તિ.

આ ઉપરાંત ન્યાયખંડખાદ્ય-ન્યાયપ્રભા વૃત્તિ, ન્યાયસિંધુ, સપ્તભંગી-પ્રભા (ત્રણેના કર્તા-પરમ ગુરુ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ) તથા સમુદ્ઘાત તત્ત્વમ્ (કર્તા – શ્રી વિજય નંદન સૂરીશ્વરજી મહારાજ) – આટલા ગ્રંથોની મૂળ હસ્તપ્રત પણ મળી કે જે ભવિષ્યમાં પૂર્વપ્રકાશિત આ ગ્રંથોના સંશોધનમાં ખૂબ ઉપયોગી થઈ શકે તેમ છે.

પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજય શીલચંદ્ર સૂરીશ્વરજી મ.ની મનઃકામના એક જ રહી કે હવે વહેલામાં વહેલી તકે આ ગ્રંથો પ્રકાશિત થવા જોઈએ. આ માટે તેઓશ્રીએ અમને શિષ્યોને મંગલ આજ્ઞા ફરમાવી અને પ્રોત્સાહિત પણ કર્યા. સૌથી પહેલાં અમે શાસનસમ્રાટ શતાબ્દી ગ્રંથમાળા આરંભી, જેમાં પરમગુરુ અને તેમના શિષ્યપરિવારના પ્રગટ તથા અપ્રગટ સર્જનને ક્રમશઃ સુચારુરૂપે પ્રકાશિત કરવાનો ભાવ રહ્યો. જેમાં પૂર્વપ્રકાશિત ગ્રંથોના પુનઃપ્રકાશનની સાથે ઉપરોક્ત સંગ્રહમાંથી મળેલો પરમગુરુ રચિત અધ્યાત્મોપનિષદ્-વૃત્તિ ગ્રંથ પણ સૌપ્રથમ પ્રકાશિત થયો. ત્યારબાદ અનેકાંતતત્ત્વમીમાંસા-સ્વોપજ્ઞ વૃત્તિ સહિત ૩ ભાગમાં પ્રકાશિત થઈ. અને અત્યારે સન્મતિતર્ક-વાદમહાર્ણવ-વૃત્તિનું કાર્ય પ્રવર્તમાન છે, જેમાં ૩ ભાગ પ્રકાશિત થઈ ચૂક્યાં છે. વિદ્યાર્થીઓમાં હજુ આનું અધ્યયન વ્યાપક પ્રમાણમાં નથી થયું. પરંતુ જેમણે જેમણે આ ગ્રંથોનું અધ્યયન કર્યું છે તેઓએ પરમગુરુની પ્રતિભાને અતિશય બિરદાવી છે. એક વિદ્વાન આચાર્યશ્રીએ તો એમ જણાવ્યું કે આ ગ્રંથો જોયા પછી તો અમારી પૂજ્ય નેમિસૂરિજી મહારાજને જોવાની દૃષ્ટિ જ બદલાઈ ગઈ છે. આ. નેમિસૂરિજી મહારાજ તો અમારાથી અજાણ્યા જ રહી ગયાં!

આવા મહાપુરુષો તો પોતાનું સઘળુંયે સંચિત આવા માધ્યમોથી પીરસી જતા હોય છે. જાણે આપણા માટે તેઓ ઈક્ષુક્ષેત્ર-શેરડીનું ખેતર ઉગાડીને તૈયાર રાખતા હોય છે. દ્રાક્ષની મીઠાશ માણવી હોય તો કશી મહેનત ન પડે, પણ શેરડીની માણવી હોય તો ભારોભાર મહેનત કરવી પડે, છોલવી પડે, ટુકડા કરવા પડે, ચુસવી પડે, પીલવી પડે-કેટકેટલું કરવું પડે! પણ અંતે મળે તે બ્રહ્માનંદ સહોદર રસ હોય. આપણે આ મહેનત કરવાની છે અને રસ પીવાનો છે-પીવડાવવાનો છે આવી લાગણી જ આવાં કાર્યોનું પ્રેરક પરિબળ બનતી હોય છે.

* * *

સન્મતિતર્ક-વાદમહાર્ણવ-વૃત્તિના પ્રથમ ભાગના સંપાદન વખતે પ્રસ્તાવનામાં જે વિચારો રજૂ કર્યા હતા તેમાંથી કેટલાક વિચારો અહીં યથાવત્ નોંધું છું.

* વિચાર એ આવે છે કે આ ગ્રંથોનું પ્રકાશન બહુ વહેલું થવું જોઈતું હતું. તો આજના શ્રીસંઘને ખ્યાલ આવત કે પરમગુરુએ પોતાના સમગ્ર જીવનકાળમાં અન્ય અનેક શાસન-પ્રભાવનાનાં કાર્યોની વચ્ચે પણ અઢળક શાસ્ત્રસર્જન કરીને કેવી અનુપમ શાસનસેવા તથા શ્રુતભક્તિ કરી હતી. પરંતુ નસીબજોગે તેમાંથી બહુ જ ઓછું પ્રકાશિત થવા પામ્યું છે. ૭૦ થી પણ વધુ વર્ષો સુધી આવું મહાન સર્જન કબાટમાં જ દટાયેલું રહે અને શ્રીસંઘ એનાથી વંચિત રહે તે અસહ્ય ઘટના છે. પરમગુરુ અને તેમના મુટ્ઠીઉંચેરા પટ્ટધરો જૈન-જૈનેતર ન્યાયના કેવા દિગ્ગજવિદ્વાનો હતાં અને દર્શનશાસ્ત્રોમાં એકાધિકાર ધરાવતા હતાં તે આ ગ્રંથો જોવાથી જ સમજી શકાય. જો આ ગ્રંથો વેળાસર પ્રકાશિત થયા હોત તો સન્મતિતર્ક, અષ્ટસહસ્રી જેવા દર્શનપ્રભાવક ગ્રંથો ભણવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે અને સ્યાદ્વાદનો પાર પામવા પ્રયત્નશીલસાધકો માટે એ આશીર્વાદ-રૂપ બન્યા હોત.

* આ વૃત્તિ વિશે શાસનસમ્રાટશ્રીના સેવક તરીકે નહીં, પણ અનેકાંતવાદના ઉપાસક એક વિદ્યાર્થી તરીકે વાત કરું. ઘણાં ઘણાં વર્ષોથી ઈચ્છા હતી કે શ્રીસન્મતિતર્કપ્રકરણ અને તેની તત્ત્વબોધવિધાયિની વૃત્તિનું અધ્યયન કરવું. એકાધિક વખત થોડોક પ્રયત્ન પણ કર્યો હતો, પણ આગળ નહોતું વધાતું. ન્યાયસુધા વૃત્તિ મળ્યા પછી પણ, મને મારી મર્યાદાનો ખ્યાલ હોવાના લીધે, આના સહારે હું અધ્યયન કરી શકીશ તેવો ઉત્સાહ નહોતો જાગતો. જાણે એમ થાય કે, આ મારું કામ નહીં. હવે સંપાદન તો કરવાનું જ હતું. પણ ઉત્સાહની મંદતા અને અન્ય સંજોગોને લીધે એ કાર્ય ઠેલાતું જ જતું હતું. આવી વૃત્તિઓનું સંપાદન પણ કેટલો પરિશ્રમ અને ક્ષયોપશમ માગે છે તે આ ક્ષેત્રમાં પ્રવેશેલા લોકો જ જાણી શકે. અને આવું ગંજાવર કાર્ય કરવા જેટલો મનોયોગ હું ફોરવી શકીશ એવો વિશ્વાસ નહોતો પડતો. તેમ છતાં, વડીલોના આશીર્વાદ, દેવ ગુરુ ધર્મની કૃપા, નેમિસૂરિદાદાનું સાંનિધ્ય અને સ્વજનાદિની શુભેચ્છા-આના પર ભરોસો રાખીને આ કાર્યનો પ્રારંભ કર્યો હતો. અને આજે આ પ્રસ્તાવના લખાય છે ત્યારે નિઃસંકોચ કહેવાનું મન થાય છે, મારે સંપાદન કરવાનું છે એવા રહ્યા સહ્યા કર્તૃત્વભાવને પણ આ વૃત્તિએ

ઓગાળી નાખ્યો છે. આ વૃત્તિનો મારા પર એટલો પ્રભાવ પડ્યો છે, આ વૃત્તિની રચના સામે મેં મારી જાતને એટલી તો વામણી અનુભવી છે કે, હવે આ ભવમાં તો મારા મનમાં મારા વિશે કંઈક ગર્વની લાગણી જન્મે એનો જાણે લગીરે સંભવ નથી રહ્યો. આ વૃત્તિએ મને આંગળી પકડીને દાર્શનિક જગતમાં ફેરવ્યો છે, તે તે વાદનાં મર્મો મારી સામે ઉદ્ઘાટિત કર્યાં છે, તે તે પંક્તિઓ કે પરિચ્છેદો ન સમજાવાની પીડાને ઓગાળી દીધી છે, દુર્ગમમાં દુર્ગમ તત્ત્વોની ઝાંખી મને કરાવી છે, મારા અતીવ્ર ક્ષયોપશમને પણ હંફાવી દઈને મને તાજ્જુબ કર્યો છે અને એક એવા અનાવિલ આનંદના ઝરામાં મને તરબોળ કર્યો છે કે જ્યાં પ્રસન્નતા સિવાય કશું એટલે કશું જ શેષ નથી રહેતું. અત્યાર સુધી ક્યારેક બીજી-ત્રીજી ઈચ્છાઓ પણ થતી હતી. હવે એમ થાય છે કે જિંદગી આવાં કાર્યોમાં જ વહી જાય તો સારું. આપણને મઝા આવે એવું તો ઘણું હોય, પણ તૃપ્તિ તો આવાં કાર્યો જ આપી શકે. પરમગુરુનો હું ઋણી હતો, સેવક હતો, ઉપાસક હતો, પરંતુ એમની પ્રતિભા પર સર્વસ્વ ન્યોચ્છાવર કરી દેવાનું સાચું મન તો આ વૃત્તિમાંથી પસાર થયા પછી જ થયું છે. હજી થોડાંક જ વર્ષો પહેલાં આ ધરતી પર આવો એક માણસ જીવતો હતો એનું આશ્ચર્ય મને શમતું નથી અને એ માણસનું લોહી મારી નસોમાં વહે છે એનો કૈફ હજી ઊતરતો નથી!


વૃત્તિ છે જ એવી, બીજું તો શું કહું? આમાં દરેક શબ્દનું વ્યાખ્યાન નથી છતાંય તત્ત્વબોધવિધાયિની વૃત્તિમાં જ્યાં પણ જરૂર પડે ત્યાં એની સહાય મળશે જ એની ખાતરી રાખજો. કશેય અટકવાનું તો નહીં જ થાય. જ્યાં મૂંઝાશો ત્યાં મિત્ર તરીકે વ્હારે દોડી આવશે, જ્યાં થાકશો ત્યાં ધક્કો મારીને ચલાવશે, જ્યાં રસ્તો નહીં જડે ત્યાં પ્રકાશ પાથરશે. આ સાક્ષાત્ અભ્યાસનો ગ્રંથ નથી, તત્ત્વબોધવિધાયિની વૃત્તિના અભ્યાસમાં સહાયક સાધન છે એ રીતે જ આને મૂલવજો. આનું ગ્રથન જ એ રીતે થયું છે. આમાં વિસ્તાર નથી, પણ ગંભીરતા છે. સર્વનામ વગેરેના અર્થો, અવતરણિકા, બે પંક્તિઓ વચ્ચેનું જોડાણ, કથનની પછી તે છુપાયેલા આશયનું પ્રકટીકરણ - આ બધું આમાં મુખ્યત્વે થયું છે. શ્રીસન્મતિતર્ક-પ્રકરણ સુધી પહોંચનારો વિદ્યાર્થી સ્વયં જે સમજી શકે તેમ હોય તે અહીં પ્રાયઃ લખાયું નથી. બીજા ઘણાં વિવરણોમાં એવું જોયું છે કે જ્યાં ખરેખર જરૂર પડે તેનો જ અર્થ એમાં લખવામાં ન આવ્યો હોય. જ્યારે આમાં જ્યાં જ્યાં કઠિન પદાર્થો આવશે ત્યાં ત્યાં વિવરણ અચૂક જડશે. ખાડાટેકરાવાળો રસ્તો અચાનક જ સમતળ થઈ ગયો તેવો અનુભવ થશે. અલબત્ત, પહેલાં કહ્યું તેમ, આ સાધનગ્રંથ છે. બધી સહાયતા તો આમાંથી નહીં જ મળે. પરંતુ જો મધ્યમકક્ષાનો પણ ક્ષયોપશમ હશે, અને હાર્યા-થાક્યા વગર મહેનત કરવાની તૈયારી હશે તો આ વૃત્તિ અવશ્ય જીતાડશે. ૯૯% સુધી પદાર્થો સ્પષ્ટ થઈ શકશે એવી ખાતરી જાતઅનુભવથી આપી શકાય તેમ છે.

પરમગુરુ પોતે અનેક શાસ્ત્રોના પારગામી હતા. તેઓ ધારત તો આ વૃત્તિમાં ઉદ્ધરણો અને અવતરણોની વણઝાર સર્જી શક્યા હોત અને

જો ધારત તો અનેક-અનેક નૂતન અવાંતર ચર્ચાઓ યોજીને ગ્રંથને મહાકાય બનાવી શક્યા હોત અને જો ધારત તો નવ્યન્યાય પરના એકાધિકારને લીધે કૂટાતિકૂટ તત્ત્વો અને પરિષ્કારો રચીને ઈજ્જત રળી શક્યા હોત અને જો ધારત તો દર્શનાંતરનાં મંતવ્યોની-એનાં ખંડન-મંડનની હારમાળા સર્જીને આપણને પ્રભાવિત કરી શક્યા હોત. પણ એમણે આમાનું કશું જ નથી કર્યું-કશું જ નહીં. અને એટલે જ આ વૃત્તિ આટલી ઉપાદેય અને શ્રદ્ધેય બની છે. મૂળગ્રન્થકારના આશયની સ્ફોરણા અને તત્ત્વોનું સ્પષ્ટીકરણ-આવી દઢ પ્રતિજ્ઞા કરીને એના જ નકશેકદમ પર ચાલ્યા કરવું સહેલું નથી હોતું. ખાસ કરીને એ સંજોગોમાં કે, તમે પોતે ઘણું કરી શકો તેમ હો. પરમગુરુ પોતે કેટલું લખી શકે તેમ હતા તે તો એમના અન્ય ગ્રંથો પરથી (અને પ્રથમ વિભાગમાં જે એકમાત્ર મંગલવાદ તેઓએ ઉમેર્યો છે તેના પરથી પણ) સહેલાઈથી સમજાય તેવું છે. અને છતાં મારા જેવા બાળ જીવો પર ઉપકાર એ એક જ લક્ષ્ય તેઓએ પકડી રાખ્યું છે અને એને સર્વસામર્થ્યથી સિદ્ધ પણ કર્યું છે.

* પરદર્શનના ઉચ્ચતમ ગ્રંથોનો અભ્યાસ દિનપ્રતિદિન જૈન શ્રમણવર્ગમાં વધતો જાય છે. એ સાહિત્ય પર ખેડાણ પણ સારું થાય છે અને નવસર્જન પણ થાય છે.

આવો અભ્યાસ પારંપરિક રીતે ગૌરવ પણ ઘણું અપાવે છે. આ બધાનો આનંદ છે, અનુમોદનાનો ભાવ છે. પરંતુ એની સામે એક વિચાર એ પણ કરવા જેવો છે કે આપણી પાસે સ્યાદ્વાદરત્નાકર, ન્યાયખંડખાદ્ય, સ્યાદ્વાદકલ્પલતા જેવા મહાનતમ ગ્રંથોનું એક



શેઠ શ્રી રતનજી વીરજી (ભાવનગર)

શેઠ અમરચંદ જસરાજ - ભાવનગર
(કિંગ ઓફ કાઠિયાવાડના નામે સુખ્યાત)

## यद् दयाद्दष्टिमात्रेण दोषा यान्ति दिगन्तरम्॥

આધુનિક પદ્ધતિએ તૈયાર થયેલું સંપાદન પણ નથી. આપણે ત્યાં આ ગ્રંથોના અધ્યયનની પરિપાટી લગભગ નામશેષ થવા આવી છે કેમકે આ ગ્રંથો પર કોઈ વિવરણ, વિચારણા વગેરે થતાં નથી, આવા ગ્રંથોના અધ્યયનમાં સહાયભૂત બને તેવું કોઈ સાહિત્ય રચાતું નથી.

અનેકાંતવાદની આટલી ઉપેક્ષા જો આપણે જ કરીશું તો ભારતીય દાર્શનિક જગતમાં આ ગ્રંથોની પ્રતિષ્ઠા આપણે કેવી રીતે સ્થાપી શકીશું? આ ગ્રંથોના પ્રચાર-પ્રસારની જવાબદારી આપણી છે. ઉપાધ્યાયજી કાશી જઈને ચિંતામણિ ભણ્યા હતા એ વાત દોહરાવનારને નમ્રતાપૂર્વક એટલું જ કહેવું છે કે એમને માથે તો સ્યાદ્વાદને નવ્યન્યાયની શૈલીમાં ઉપસ્થાપિત કરવાની જવાબદારી હતી. સ્યાદ્વાદને તો એ ઘોળીને પી ગયા હતા. આજે પરદર્શનના ઉચ્ચતમ ગ્રંથોનો અભ્યાસ કર્યા પછી, સંયમજીવનનાં - વિદ્યાર્થી અવસ્થાનાં મહામૂલાં વર્ષો એમાં વીતાવ્યાં પછી, સ્યાદ્વાદનો પાર પામવાની હોંશ કે હિંમત બચે છે ખરી? પૂજ્યપાદ આગમપ્રજ્ઞ શ્રીજંબૂવિજયજી મહારાજના શબ્દો ફરીથી સાંભળીએ- ‘પરદર્શનના ગ્રંથો આપણા માટે સાધનગ્રંથો છે, સાધ્ય નહીં. જો સાધનમાં જ અટવાઈ પડવાનું હોય અને સાધ્ય સુધી પહોંચવાનું જ ન હોય તો શું કામનું?’ માટે શ્રીસંઘ આ વાત પર ગંભીરતાથી વિચાર કરે અને સ્યાદ્વાદના ઉચ્ચતમ ગ્રંથોના અધ્યયનની પરિપાટી પુનઃ પ્રવર્તે તેવી સુદૃઢ વ્યવસ્થા ઊભી કરે તેવી ભાવપૂર્વક વિનંતિ.

ગ્રંથો વાસ્તવમાં આપણને આ સૌને મળેલું કુદરતનું વરદાન જ હોય છે. આવા એક વરદાનસ્વરૂપ ગ્રંથ સાથે આટલો સમય વીતાવવા મળ્યો તેને મારું ધન્યભાગ્ય જ ગણું છું.

* શાસનસમ્રાટ પરમગુરુ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી સમુદાયમાં શ્રમણત્વ પામ્યા, આ સમુદાયની મહાન પરંપરાઓ તેમ જ ઉદાત્ત વિચારધારાઓના વારસદાર બન્યા, આવી જ્ઞાનસંપદાનું ઉત્તરદાયિત્વ સાંપડ્યું તો સ્વાભાવિક છે કે તેનું અમને ગૌરવ હોય જ. આ સમુદાય પાસેથી અઢળક પામ્યા છીએ તો દિલમાં સહજ રીતે એક તમન્ના રહે જ કે અમારા માથે સમુદાયનું જે અનન્ય ઋણ છે તેના પ્રતિફલન રૂપે આ સમુદાયની નેમિસૂરિદાદાની યત્કિંચિત્ સેવા કરવી અને એ રીતે સમગ્ર જિનશાસનની યશોજ્જ્વલતાને ઉજ્જાગર કરવી.


આકાર્ય કરવા દ્વારા પરમપાવન જૈન - શાસનની, અનેકાંતવાદની તેમજ પરમગુરુની સેવા કરવાનો અવસર તે માટે દેવગુરુધર્મની કૃપાનો આભારી રહીશ.



KHAMBHAT

ગુણાનુરાગનું સૌંદર્ય છો આપ

**દેવ!**
**કઈક તો આપની કરામત છે.**
**તેથી ગુરુદેવ સાથે સલામત છીએ.**



જૈશાસનમાં અપેક્ષાએ ચાર પ્રકારના ગુરુ કહ્યાં છે .

ગુરુ, સુહ(સુ)ગુરુ, સદ્ગુરુ અને પરમગુરુ

એક અપેક્ષાએ ‘ગુરુ’ એટલે વ્યવહાર જીવનના,

‘માં, શિક્ષક,મિત્ર અને સ્વજન’ કહી શકાય.

‘સુહગુરુ = સુગુરુ’ એટલે આજ્ઞાનિષ્ઠ ,આચારનિષ્ઠ, શાસનનિષ્ઠ, અને શાસ્ત્રનિષ્ઠ હોય તે.

‘સદ્ગુરુ’ એટલે જ્ઞાનનિષ્ઠ, પરોપકારનિષ્ઠ , સદ્ગુણ નિષ્ઠ અને ધ્યાનનિષ્ઠ હોય તે.

‘પરમ ગુરુ’ એટલે ધ્યાનનિષ્ઠ, બ્રહ્મનિષ્ઠ, સમતાનિષ્ઠ, અને આત્મનિષ્ઠ હોય તે.

અપેક્ષાએ બીજી રીતે વિચારીએ . ‘ગુરુ’ એ જ્ઞાનવિદ્યાનો અખૂટ સ્ત્રોત છે, અને સુખ શાંતિના પ્રવાસી છે.

‘સુગુરુ’ એટલે મૈત્રી, કરુણા વાત્સલ્યના મહાસાગર, અને સ્વ- પર સર્વકલ્યાણના સ્વામી.

‘સદ્ગુરુ’ એટલે આત્મહિત અને શાસન હિતના રાજપથ અને વિશિષ્ટ શક્તિ (લબ્ધિ) ઓના માલિક.

‘પરમગુરુ’ એટલે મોક્ષમાર્ગના આદર્શ સંસ્થાન અને અગોચર અસ્તિત્વના અનુભવી.

પરમ સદ્ગુરુ

ભવમેળામાં ભૂલાં પડયાં ત્યાં, ભેટ્યાં ગુરુ-ભગવાન...



शिष्याणां शुभचित्तजनकः संसर्गमात्रेण यः।
सोऽन्यांस्तारयति स्वयं च तरति स्वार्थं विना सद्गुरुः।

# ગુરુત્વની ગરિમા

**પૂ. પં. લબ્ધિવલ્લભ વિ.મ.સા.**

પરમાત્મસ્પર્શી ચેતનાનો દુનિયા તરફ ખૂલતો ચહેરો એટલે ગુરુ.

ગુરુ દુનિયા તરફ ખૂલતાં નથી, ગુરુ તો ભીતરમાં ખૂલે છે, પરમાત્મામાં વિલીન થાય છે; ગુરુમાં પ્રગટેલા પ્રભુ દુનિયા તરફ ખુલે છે.

આપણે જેને ગુરુ માનીએ છીએ, એ નામ કે આકારમાં ગુરુ હાજર હોતા નથી; અને ગુરુ જ્યાં હાજર હોય છે ત્યાં નામ કે આકાર હોતાં નથી. હોય છે કેવળ અસ્તિત્વ...માટે જ ગુરુ દ્વારા થતી ચેષ્ટા ચર્ચા કે ચિંતનમાં શુદ્ધચૈતન્યની ઉપસ્થિતિનો જાગૃત ઠહેરાવ વર્તાયા કરે છે, જાણે પરમાત્મા જ છલકાયા કરે છે.

જે ભીતરમાં નહી પણ ઈતરમાં જ ખૂલે છે; પરમાત્મામાં નહી પણ પદાર્થોમાં જ ખીલે છે, એને નથી તો પ્રભુ અનુભવાતાં અને નથી એના માધ્યમે પ્રભુ અભિવ્યક્ત થતાં.

પ્રભુ અનુભવાયા વગર પ્રભુની વાતોને અભિવ્યક્ત કરવાનો શાસ્ત્રીય પરવાનો મળતો નથી, અને જો કોઈ, એ પરવાનો સ્વચ્છંદતાથી છિનવી લે છે તો પ્રભુની વાતોના માધ્યમે કેવળ પોતાના વ્યક્તિત્વની અભિવ્યક્તિનો જ આયામ રચાય છે...અહંકારની પ્રતિષ્ઠાનું જ આયોજન થાય છે.

પ્રભુ પ્રત્યેના અહોભાવ વગર સંભળાયેલા શબ્દો અને પ્રભુની અનુભૂતિ વગર બોલાયેલા શબ્દો શક્તિહીન ભાવહીન અને મૂલ્યહીન છે. ક્યા શબ્દો નીકળે છે એના કરતાં ક્યાંથી શબ્દો નીકળે છે. એનું મહત્ત્વ ઘણું જ છે, માટે સદ્‌ગુરુનો મહિમા છે.

શબ્દ તો એક માધ્યમ છે, એના દ્વારા વક્તા એ જ આપે છે જે પોતે અનુભવે છે. જો પુદ્‌ગલ જ અનુભવે છે તો એ શબ્દ દ્વારા સંસાર આપે છે.

જો પરમાત્મા જ અનુભવે છે તો એ શબ્દ દ્વારા મોક્ષ આપે છે. શબ્દો શાસ્ત્રના હોય કે લોક - ભાષાના બહુ ફરક નથી પડતો; અનુભવ પરમાત્માનો હોવો જોઈએ...

દોરડા પર નાચતાં ઈલાચી કુમારને રુપવતી કુલવધૂના હાથે નીચા અને અત્યંત સહજ નેત્રે ભિક્ષા વહોરતા નિર્ગ્રંથની ચેષ્ટામાંથી ચિહ્નિત થનારા પરમના દર્શન થયા.

ઈલાચી કુમારનું શરીર દોરડા પર હતું, ચેતના સ્થિર થઈ ગઈ પરમમાં. સદ્‌ગુરુની ચેષ્ટાઓનું દર્શન પણ પરમની પ્રસાદી આપી દે છે કેમકે એ ચેષ્ટાઓની પૃષ્ટભૂમાં ધારા વહે છે સામ્યરસના સ્વાનુભૂતિની, એટલે જ કહ્યું

સાધૂનાં દર્શનં પુણ્યં તીર્થભૂતા હિ સાધવઃ ।

શિષ્ય જ્યારે તત્ત્વજિજ્ઞાસાથી ગુરુને જૂએ છે અને ગુરુ તત્ત્વાનુભૂતિથી જીવતાં હોય છે ત્યારે ન પૂછાયેલા પ્રશ્નોનું ન બોલાયેલા શબ્દોથી એવું સમાધાન થાય છે કે પ્રશ્નોના બીજ જ ખતમ થઈ જાય છે.

ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં,
શિષ્યાસ્તુ છિન્નસંશયાઃ।

સરદાર શેઠશ્રી લાલભાઈ દલપતભાઈ

નગરશેઠ શ્રી કસ્તુરભાઈ મણિભાઈ




**गुरूणी जयंतु तै मह हियय वसंता वसंतव्व।।**

ગુરુ મૌનમાં અને શિષ્યો સમાધાનમાં.

આઠ નવોઢા સાથે પાણિગ્રહણની પ્રથમરાત્રિએ ચર્ચા કરતાં જંબુકુમારના શબ્દોમાં અભિવ્યક્ત થતો સામ્યસ્પર્શી ઠહેરાવ, ચોરી કરવા આવેલા પ્રભવને ભીંજવી ગયો. પ્રભવમાં એવી ક્રાંતિ સર્જાઈ કે બીજે જ દિવસે પરથી સ્થગિત અને સ્વરુપમાં સ્થિત ચેતનામાં સર્વવિરતિના પરિણામ જાગી ગયાં.

પ્રભવ જંબુના શિષ્ય બન્યા, કેમકે જંબુના શબ્દોમાં ગુરુત્વ સ્પર્શાયું હતું... કેમકે જંબુ પોતે પ્રભુસ્પર્શી હતા...

સદ્‌ગુરુના શબ્દોનું શ્રવણ પરમમૌનની ઝલક આપી દે છે. કેમકે તે શબ્દોની પાછળ શબ્દાતીત હયાતીની સહજ જાગૃતિ છે, માટે જ ચાર દુર્લભોમાં શ્રુતિને દુર્લભ કહી છે.

અનુભૂતિના સ્તરે પરમાત્માથી અનુશાસિત થઈને અનુશાસક પરમાત્માના હાથા બનીને જેઓ સ્વકલ્યાણના બળે પરકલ્યાણ કરે છે તેઓ ખરેખર ગુરુ હોય છે.

જેને પરના જ કલ્યાણમાં સ્વ કલ્યાણ દેખાતું

હોય ત્યાં કર્તાભાવની શક્યતા છે, ત્યાં બહિર્મુખતાનો વ્યાપ વધવાની સંભાવના છે. પરંતુ જેને સ્વના જ કલ્યાણમાં પરકલ્યાણ દેખાતું હોય ત્યાં અકર્તૃત્વ અને અંતર્મુખતાનો ઉદય થાય છે...

અંતર્લીન ગુરુમાં શિષ્ય જેટલો તલ્લીન થાય છે એટલો એનો પરમાર્થ બોધ વધે છે. વ્યક્તિત્વ નિર્માણના આશયથી ભજેલા 'ગુરુ' લૌકિક બની જાય છે. કેમકે વ્યકિતત્વ નિર્માણની વાસના મિથ્યાત્વ જનિત છે.

સદ્‌ગુરુ ક્યાં તો શિષ્યમાં રહેલી વ્યક્તિત્વ વાસનાને ખતમ કરે છે, ક્યાં તો વ્યક્તિત્વની વાસનાવાળા શિષ્યને Regect કરે છે.

ગુરુના નામે ગુરુના પ્રભાવથી કે ગુરુએ આપેલા શિક્ષણથી હું કાંઈક બની જાઉં એવી વૃત્તિથી થયેલો ગુરુનો ઉપયોગ એ આખરે ગુરુની, ગુરુતત્ત્વની આંતરિક આશાતના અને ગુપ્ત વિદ્રોહ જ છે.

કંઈક બની જવાની કે કાંઈક બનાવી લેવાની અનાદિ કાળની આદતથી ઉબકી જઈને, બનવાથી બચવા માટે જે ગુરુનું આલંબન લે છે તે જ શિષ્ય છે, એની ઉપાસના અલૌકિક છે, સમ્યગ્ છે...

જે સ્વયં આત્મપ્રકાશ પામવાના કારણે કાંઈક બની જવાની ઘેલછાથી મુક્ત થયા હોય છે તે જ સદ્‌ગુરુ હોય છે.

અને સદ્‌ગુરુ પણ આત્મપ્રકાશ પામવા માટે જ હોય છે....

આ સિવાય ગુરુ શિષ્ય વચ્ચેના સંબંધોમાં જે પણ વધે છે તે બધું જ સંસાર હોય છે...

જે ગુરુ, ગુરુતત્ત્વનો મહિમા એટલા માટે કરે કે પોતે ગુરુરૂપે પ્રસ્થાપિત થાય અને મહત્વપૂર્ણ બને. જે ગુરુ પોતાના ગુરુજનોનો મહિમા એટલા માટે કરે કે સાચા સમર્પિત શિષ્ય રૂપે સ્થાપિત થાય તો ભવિષ્યમાં વારસદાર ગુરુરૂપે ઉભરી આવે. જે ગુરુ પોતાના વિસરાઈ ગયેલા વડીલોને જનમેદનીના મેદાનમાં એટલા માટે ઉતારે કે એમના નામે વર્ગવિસ્તાર કરવામાં સુવિધા રહે...

જે ગુરુ પોતાના ગુરુ જીવંત હોય ત્યારે તેમને મૂર્તિની જેમ ચૂપ કરી દેતા હોય અને મૂર્તિમાં આવ્યા પછી એમની જીવંતતાની દુહાઈઓ ગાવામાં કસર ન છોડતાં હોય, જે ગુરુ પોતાના ગુરુઓના ઉત્તમચરિત્રોને જીવવા માટે નહી, પણ પોતાના વ્યક્તિગત કે સામુદાયિક અહંકારને જીતાડવા માટે સ્પર્ધાની શતરંજમાં પ્યાદાની જેમ વાપરી કાઢતાં હોય.

જે ગુરુ પોતાને ગુરુ માનનારા હજારો કે લાખો અનુયાયીઓના સમર્થનના કારણે પોતાના જીવનને સફળ માને છે.

તે ગુરુ ખરેખર ગુરુત્વની ગરિમાથી લાખો યોજન દૂર છે.

એ ગુરુ, હજી શિષ્ય પણ પૂરા થઈ શક્યા નથી તો ગુરુ થવાની વાત બહુ જ દૂર છે. ગુરુતત્ત્વ કેટલું ગંભીર હોય છે?

જે ગુરુ ગુરુતત્ત્વનો મહિમા પોતાના શિષ્યત્વના વિકાસ માટે કરે અને પોતે, પોતાની ભીતર ગૌણ થતો જાય...

જે ગુરુને ગુરુજનોનો કૃત્રિમ મહિમા કરવો ન પડે. એમના સમર્પિત વ્યક્તિત્વમાંથી જ એ મહિમા સર્જાતો હોય.

જે ગુરુ વિસરાયેલા વડીલોની ગુણગાથા

ગાઈને પોતાના નિર્મળ હૃદયમાં કેવળ ગુણોનું બીજાધાન કરવા માંગતા હોય, અને અહોભાવમાં ઝબોળાતા હોય. જે ગુરુ પોતાના જીવંત ગુરુમાં પ્રભુ જુએ અને મૂર્તિમાં રહેલા ગુરુને જીવંત જુએ એના માધ્યમે પોતે સતત અહં અને મમના વૈભાવિક અસંયમથી બચવા અનુશાસિત થાય.

જે ગુરુ પોતાના ગુરુઓના ઉત્તમ ચરિત્રોને જીતવા માટે નહી પણ જીવવા માટે આદરતા હોય.

જે ગુરુ જનસમર્થન મેળવવાની ઓશીયાળી સંજ્ઞાને ઓળંગીને કેવળ એક પોતાના આત્મસ્વરુપના પરમસ્પર્શે સર્વથી નિર્લેપ રહેતા હોય તે ગુરુ દીવો છે, તે ગુરુ 'દેવ' છે.

ત્યાં ગુરુત્વ સોળે કળાએ ખીલેલું છે હોય છે અને તેથી સમર્પણની ધારા સહજ રીતે રચાય છે શિષ્યમાં...

કેમકે શિષ્યને ગુરુમાં ઉઘડેલા પ્રભુ દેખાય છે...

ગુરુને શિષ્યમાં ઉઘડનારા પ્રભુ દેખાય છે...

જ્યાં પ્રભુનો ઉઘાડ છે, ઉઘાડનું આલંબન છે, ઉઘાડની વ્યવસ્થા છે...

ઉઘાડનો માર્ગ છે, ત્યાં જ પ્રભુનું શાસન છે...

પ્રભુના ઉઘાડથી પ્રભુમય બનેલા ગુરુ જ પ્રભુશાસનના સાચા સૂત્રધાર હોય છે...

આવી ઉચ્ચતમ ગુરુપરંપરામાં પ્રગટેલું એક ગુરુશિખર એટલે પ.પૂ. શાસનસમ્રાટ આ. વિજયનેમિસૂરીશ્વરજી મ.સા. જેમનું જીવન બ્રહ્મમય તેજોમય પ્રેમમય ગુણમય હતું, કેમકે પરમાત્મમય હતું...

પૂજ્યશ્રીની સ્મૃતિ નિમિત્તે પ્રકાશિત થતા આ ગ્રંથમાં ગૂંથાયેલા પદાર્થોમાંથી પ્રગટતા ગુરુત્વના ગહનતમ ગાંભીર્યને સમજીને શિષ્યત્વની અસ્તિત્વ સ્તરીય દીક્ષા મળે એજ પૂજ્યશ્રીના ચરણોમાં પ્રાર્થના...




'ગુરુ' શબ્દનો વિભિન્ન અર્થચ્છાયામાં
વિચાર કરીએ છીએ તેમ
તેમ અહીં ભૂમિકા ભેદે, અલગ અલગ
સંજ્ઞાઓ પણ વપરાય છે. જેમકે કોઈક ગુરુ, સદ્ગુરુ,
સુહગુરુ, ક્રિયાગુરુ, કુલગુરુ, વાચનાગુરુ, વિદ્યાગુરુ,
મંત્રગુરુ, દીક્ષાગુરુ, યોગગુરુ, પરમગુરુ અને જગત્ગુરુ
તરીકે નામાંકિત થાય છે...

એક બીજી વાત સમજવા જેવી છે કે પુણ્યના યોગે
ગુરુપણે થવું, ગુરુ તરીકે હોવું અને કોઈકના ગુરુ
બની જવું કે પોતાને કોઈકના ગુરુ તરીકે
ગણી લેવું એમાં આભ– ગાભનુ
અંતર હોય છે.

# ગુરુ દ્રષ્ટિ

વિ. કુલચન્દ્રસૂરિ

જીવનમાં, ગુરુ, સદ્ગુરુ અને સમર્થગુરુનો બહુ મોટો
પ્રભાવ આપણા જીવનને સ્પર્શતો હોય છે.

**ગુરુની કરુણા દ્રષ્ટિ**
આ જીવ ઉપર પડે તો હજારો ભૂલ અને અપરાધો માફ થાય છે.

**ગુરુની અમી દ્રષ્ટિ**
આ પામર ઉપર પડે તો જીવને પરમ તત્ત્વનું આકર્ષણ જાગે છે.


**ગુરુની પુણ્ય દ્રષ્ટિ**
આ જીવ ઉપર પડે તો અશુભનું શુભમાં પરાવર્તન થવા લાગે છે.

**ગુરુની ભાવ દ્રષ્ટિ**
આ જીવમાં ભળે છે તો જીવન ભર્યું ભર્યું અને બધું જીવંત બનવા લાગે છે.

**ગુરુની દિવ્ય દ્રષ્ટિ**
આ સેવક ઉપર પડે તો બધું સર્જન અને નવસર્જન થવા લાગે છે.

**ગુરુની પવિત્ર દ્રષ્ટિ**
આ શિષ્ય ઉપર પડે છે તો મન, વચન, કાયામાં ધર્મ
અધ્યાત્મનું અવતરણ થાય છે.

**ગુરુની સહજ દ્રષ્ટિ**
આ જીવ ઉપર પડે છે તો અસ્તવ્યસ્ત જે હોય તે બધું
સીધું, સરળ, સુંદર અને સહજ થવા લાગે છે.



# આત્મબ્રહ્મેશ્વર સૂરિ નેમ

– ગણિ યશરત્નવિજય

બ્રહ્મચર્યની અખંડ ઉપાસના માટે બે આદર્શ જ્યોતિ યાદ આવ્યા વિના ન રહે : સૂરિનેમ અને સૂરિપ્રેમ ! ભીતરી સુખમાં મગ્ન બનેલી આ જ્યોતિને બાહારી સુખ માટે ક્યારેય ભીખ માંગવી નથી પડી. આત્મબ્રહ્મની ખુમારીથી વિહરનારા આ મહાપુરુષ હતા.

બાળબ્રહ્મચારી ભગવાન નેમના પ્રતિકૃતિ -રૂપે અવતરેલા આ સૂરિનેમના બ્રહ્મ-ગિરનારમાં અનેક ભોગીઓ 'યોગી' તરીકે રૂપાંતરિત થયા છે. આખરે નેમ 'નેમ'ની જ પ્રતિકૃતિ હતી. તેઓશ્રીના ઈશારાની વેધકતા વિકારોને ભસ્મસાત્ કરી દેવાની ક્ષમતા ધરાવતી હતી. તેઓશ્રીના મુખનું બ્રહ્મતેજ ભોગીઓના બાળમાનસને બદલી દેવાની તાકાત ધરાવતું હતું.


તેઓશ્રી બહારમાં ઉદાસીન અને ભીતરમાં અંતર્લીન હતા. દરેક વિજાતીય પાત્રોને તેઓશ્રી ઉદાસીનદશામાં 'પર' તરીકે દેખતા હતા અને અંતર્લીનદશામાં 'પરમાત્મા' તરીકે દેખતા હતા. તેઓશ્રીના નિર્વિકાર નેત્રો વિજાતીયમાં પણ વીતરાગની છબી નીહાળતા હતા. રાગ થાય એવા ચક્ષુ જ તેઓશ્રી પાસે ક્યાં હતા?

પૂજ્યશ્રી વ્યવહારમાં બ્રહ્મચારી હતા, કેમકે ભીતરી બ્રહ્મમાં ચરનારા હતા. આત્મવિહારી ઉજ્જવળ ઉપાદાન! બ્રહ્મચારી ત્યાગી હોય છે. ખુદ સિવાયનું બધું ખરી પડે એવા ત્યાગી પૂજ્યશ્રી હતા. અસ્તિત્વ સિવાયની કોઈ જ અદ્ભૂતતા તેઓશ્રીના હૃદયમાં અમૂલ્ય નહોતી. અસ્તિત્વ સિવાયનું બધું જ છોડી દેવાનું સાહસ તેઓશ્રીના હૃદયમાં હતું, માટે જ વર્તમાન સંઘ-શાસનને અધ્યાત્મસમ્રાટ, બાળ બ્રહ્મચારી સૂરિનેમની પ્રાપ્તિ થઈ.

પૂજ્યશ્રી પ્રભાવસંપન્ન હતા. અનેક ચમત્કારો પોતાની લબ્ધિ-સિદ્ધિઓથી પોતાના જીવનમાં બન્યા હતા. છતાં પૂજ્યશ્રી એ પ્રભાવોથી અપ્રભાવિત હતા.

તેઓશ્રીની અપ્રભાવિતતા જોઈને અનેક લોકોના હૃદય પ્રભાવિત બનતા હતા. પોતાની અપ્રભાવિતતાથી લોકો પ્રભાવિત થાય એ શાસનપ્રભાવનાનો આધ્યાત્મિક-પારમાર્થિક પ્રકાર છે. પૂજ્યશ્રી આવા શાસનપ્રભાવક હતા.

પૂજ્યશ્રીનું ઘડતર કરવાનું કૌશલ્ય કેવું છે? એ તો તેઓશ્રીએ ઘડેલા ઘડાઓ પરથી જ સુપેરે કળી શકાય તેવું છે. તેઓશ્રીના ઈશારાઓ પ્રભુ-આજ્ઞાથી જેમ આશ્રિતો થકી ઝીલાતા એ આશ્રિતોને સદ્ભાવ અને




धर्मज्ञो धर्मकर्ता च सदा धर्मपरायणः। सत्त्वेभ्योः सर्वशास्त्रार्थदेशको गुरू रूच्यते।।

તેઓશ્રીનાં સામ્રાજ્યનું મધુર સૂચન છે. પરિપક્વ આશ્રિતવૃંદ, ઘડતરનું કૌશલ્ય, સુંદર યોગક્ષેમ, બાહ્ય-આભ્યંતર કાળજી વગેરેના પરિણામરૂપે મળેલાં યશ-કીર્તિ પ્રશંસા-પ્રખ્યાતિ વગેરે પ્રત્યે પણ આંતરિક નિઃસ્પૃહતા પૂજ્યશ્રીએ પોતાના જીવનમાં કેળવેલી સાધનાની નક્કર ફળશ્રુતિ હતી.

શાસનના અનેકવિધ સુરક્ષાકાર્યો પૂજ્યશ્રી થકી થયા. એ ય પાછા અસાધારણ કક્ષાના...પોતાની કાંતિ, તેજ અને પ્રતિભાથી દરેક ઠેકાણે પૂજ્યશ્રી સફળ પણ રહ્યા. પણ કર્તૃત્વનું જોખમ પૂજ્યશ્રીએ પોતાના જીવનમાં ક્યારેય નહોતું લીધું એ તેઓશ્રીની આધ્યાત્મિક ઉપલબ્ધિ હતી. કર્તૃત્વમુક્ત કર્મધારા એ જ નિષ્કામ કર્મયોગની નિશાની છે. પૂજ્યશ્રી કર્તૃત્વભાષિત નહોતા, કૃપાપ્રભાવિત હતા. કૃપાના બળે કર્તૃત્વ પ્રભુના ચરણોમાં ધરી દીધું એ શૂન્યતા ય તેઓશ્રીની અદ્વિતીય સમૃદ્ધિ હતી.


પૂજ્યશ્રી દ્વારા ઊંઘમાં 'ઉદય'! નામે અનાભોગથી થયેલું સંબોધન સાંભળીને, રાતે ૨ વાગ્યેથી સવારે ૫.૦૦ વાગ્યા સુધી પૂજ્યશ્રીના જ પડખે, પૂજ્યશ્રીના કાર્યસૂચનને ઝીલવા તત્પર બનેલા પૂજ્ય ઉદયસૂરિ મહારાજ ઉભા હતા. પૂજ્યશ્રી પ્રભુસમર્પિત હતા. એમના ભાવાર્પણનો વિનિયોગ આશ્રિતોમાં ય સહજપણે વરસ્યો હતો. **'सीसस्स हुंति सीसा'** એ સૂક્તિ પૂજ્યશ્રીમાં ચરિતાર્થ દેખાતી. શિષ્યો પોતાને સમર્પિત હતા, પોતે પ્રભુને સમર્પિત હતા. આખરે સમર્પણના માધ્યમે શિષ્યોને તેઓશ્રીએ પ્રભુ સાથે જોડ્યાં એ જ તેઓશ્રીનું ભાવ ગુરુત્વ હતું. ભક્તને ભગવાન સુધી પહોંચાડે એ જ તો ભાવગુરુ છે. આવા ભાવગુરુ તરીકે વિચરીને પૂજ્યશ્રીએ પ્રભુના પ્રતિબિંબ અનેક જળપાત્રોમાં સંક્રમિત કર્યા. નિર્મળ ચૈતન્યમાં અરિહંતનું અવતરણ એ પૂજ્યશ્રી દ્વારા થયેલી આધ્યાત્મિક અંજનશલાકા હતી. પૂજ્યશ્રીએ અનેક લોકોને પ્રભુદૃષ્ટિથી આંજ્યા છે.

પૂજ્યશ્રીની આધ્યાત્મિક ઉજ્જવળતાએ અનેક લોકોના હૃદયમાં પ્રકાશ પાથરવાનું કામ કર્યું હતું, 'તીર્ણ-તારક' ની દુર્લભ જુગલબંધી પૂજ્યશ્રીમાં દિવ્યતાથી અવતરી હતી. પૂજ્યશ્રી શાસનસમ્રાટ હતા એની પાછળ છુપાયેલું ગર્ભિત બીજ એ હતું કે પૂજ્યશ્રી સ્વસમ્રાટ હતા.

પૂજ્યશ્રીની અસ્તિત્વ કેન્દ્રિત જીવનશૈલી આપણને સહુને અસ્તિત્વમુખી બનાવે અને એ અસ્તિત્વમુખિતા અર્હંમયતામાં રૂપાંતરિત થઈ/કરી અરિહંતના ભાવશાસનની સ્પર્શના જગાડે એ જ પૂજ્યશ્રીના ચરણોમાં નમ્ર અભ્યર્થના સાથે વિરમું છું.

જે સદ્ગુરુ આત્મહિતને માટે તથા સકલ વિશ્વની જડ અને ચેતનની વ્યવસ્થાનું સંચાલન કરાવવામાં રહસ્યમય એવી ગુરુની જે પરમ ચેતના શક્તિ છે. તે 'સંશોધક, સંવર્ધક, સંપોષક અને સંહારકની ભૂમિકા નિભાવે છે. અથવા સંચાલક , સંભાવક , સંવ્યાપક અને સંહારકની ભૂમિકા પણ નિભાવે છે.' તે સામાન્ય બુદ્ધિથી સમજી શકાય તેમ નથી.





क्रियाःसर्वाःप्रवर्तन्ते, गुरोः साक्षिणि नान्यथा ।

અપાર છે વિશાલ છે સત્ત્વ ગુણો આપના,
વંદના હોજો ત્રિવિધ નેમિસૂરિ ચરણમાં...

# સદ્ગુરૂ ચેતના તીર્થ મહુવા

મુનિ પરમયશવિજય

પરમગુરુની મુમુક્ષુ જીવને આ વિશ્વની સર્વશ્રેષ્ઠ ભેંટ છે ''સદ્ગુરુ''. સત્+ગુરુ = સદ્ગુરુ. સત્ એટલે આત્મબ્રહ્મ. બ્રહ્મ સત્ય || **જગન્મિથ્યા||** ''સત્'' એવા આત્મબ્રહ્મની અનુભૂતિની સાધારતાપૂર્વક વર્તતા ગુરુ એટલે ''સદ્ગુરુ''. આત્મા પોતાનાં મૂળ સ્વરૂપે પરમાત્મ સમાન છે. એટલે ''સત્''નું બીજું નામ, ''આત્મબ્રહ્મ''નું બીજું નામ, ''પરમબ્રહ્મ''નું બીજું નામ, ''પ્રભુમય ચેતના'' નું બીજુ નામ ''સદ્ગુરુ ચેતના''? એટલે ''પ્રભુ ચેતના-સદ્ગુરુ ચેતના'ની અનુભૂતિનાં આધારે વર્તતા-પ્રવર્તતા ગુરુ ''સદ્ગુરુ'' છે. વ્યક્તિરૂપે પ્રભુ તથા સદ્ગુરુ જુદા છે પરંતુ ચેતનારૂપે, પ્રભુ ચેતનાથી સદ્ગુરુ ચેતના જુદી નથી, એક છે.

સદ્ગુરુનાં/માં બે વિભાગ છે. ૧) સદ્ગુરુ વ્યક્તિ ૨) સદ્ગુરુ ચેતના. શ્રીપુંડરીકસ્વામી, ગૌતમસ્વામી, આ. હેમચંદ્રસૂરિ-હરિભદ્રસૂરિ-હીરવિજયસૂરિ-ઉપા. યશોવિજયજી, પૂ. આનંદઘનજી-વિજય-મ.સા. વગેરે સદ્ગુરુ વ્યક્તિ અલગ-અલગ હોઈ શકે પરંતુ તે સદ્ગુરુ વ્યક્તિઓમાં અનુભવાતી-વર્તતી સદ્ગુરુ ચેતના જુદી નથી એક જ છે.


તો હવે સદ્ગુરુ વ્યક્તિ અને સદ્ગુરુ ચેતનાને સ્પષ્ટપણે સમજીએ. સદ્ગુરુ વ્યક્તિ અનેક હોય પણ સદ્ગુરુ ચેતના એક છે. વ્યક્તિ નાશવંત છે અને ચેતના શાશ્વત. વ્યક્તિ શરીરધારી હોવાથી સાકાર છે તો, અશરીરી-ચૈતન્યસ્વરૂપે હોવાથી નિરાકારી છે. કાળનાં પ્રભાવે તથા સંઘયણ બાજુનાં અભાવે વ્યક્તિમાં દોષ-અતિચારની સંભાવના હોય પણ ચેતના ત્રણે કાળમાં અણિશુદ્ધ હોય છે. સદ્ગુરુ વ્યક્તિ કોઈક એક ક્ષેત્ર-કાળમાં ઉપસ્થિત હોય પરંતુ સદ્ગુરુ ચેતના સર્વક્ષેત્ર પોતાનાં નિરાકાર-ચૈતન્યમય સ્વરૂપાનુભૂતિનાં કારણે સદ્ગુરુનો પોતાનાં નાશવંત વ્યક્તિત્વમાંથી તથા સાકાર યોગ (મન-વચન-કાયા) માંથી હું પણું-મારાપણું-કર્તાપણું ખરી જાય છે. તેથી વ્યક્તિમાં શાસન-સંઘ-શિષ્ય-આશ્રિત વગરના યોગ-ક્ષેમ હોય પરંતુ તેમાં
હું પણા-કર્તાપણાનો અહંકાર વર્તતો નથી, કારણ કે સદ્ગુરુ-પરમગુરુ, ચેતનાની સાધારતાપૂર્વક પ્રવર્તતા હોવાથી સમસ્ત કર્તૃત્વ સદ્ગુરુ ચેતનાને ખાતે ઘટે છે. તેજ કારણે શાસ્ત્રકાર ભલે આ. હરિભદ્ર-હેમચંદ્રસૂરિ વગેરે હોય પણ લખાવનાર (કર્તા) પ્રભુ ચેતના હોવાથી, આપણે તે વચનને પ્રભુ વચન જ કહીએ છીએ.

પૂ. ભક્તિયોગાચાર્ય શ્રીયશોવિજયસૂરિ મ.સા. પોતાની સંગોષ્ઠિમાં અનેક વખત કહે છે કે ''પરમગુરુ પરમ સક્રિય અને સદ્ગુરુ પરમ નિષ્ક્રિય હોય છે.'' હવે આપણને સમજાશે કે સદ્ગુરુમાં વર્તતી પરમગુરુ ચેતનાની સક્રિયતા, અકર્તા સ્વભાવી, સદ્ગુરુ વ્યક્તિનાં માધ્યમે પ્રવર્તે છે. તેથી સર્વવ્યાપી પરમગુરુ-સદ્ગુરુ ચેતના, સદ્ગુરુ વ્યક્તિ દ્વારા જીવો ઉપર કામ કરતી હોય છે. આ વસ્તુનો સદ્ગુરુને

ખ્યાલ હોય છે. એટલે સદ્‌ગુરુ બહારથી જીવોને પોતાનાં વ્યક્તિત્વ સાથે જોડતા દેખાશે પરંતુ પરમાર્થથી તેઓ પોતાનામાં રહેલ સદ્‌ગુરુ ચેતના સાથે જોડવાનું કામ કરે છે. સદ્‌ગુરુનું પોતાનું જોડાણ તો પોતાનામાં રહેલ પરમગુરુ ચેતના સાથે હોવાથી પોતે કોઈ જીવ સાથે કે કોઈ જીવને પોતાની સાથે જોડી શકતા નથી. બીજું તેઓ જાણે છે, તેમની સાધનાનાં પ્રભાવે તેમનાં વ્યક્તિત્વમાં રહેલ સંસારનો નાશ થઈને મોક્ષનો શુદ્ધ પર્યાય પ્રગટશે, ત્યારે જીવો ઉપર તેમનાં વ્યક્તિત્વથી કામ થઈ શકશે નહીં, પરંતુ સદ્‌ગુરુ ચેતના તો સદાકાળ માટે વિશ્વમાં ઉપસ્થિત હોવાથી, તે જીવ ઉપર કામ કરવાનુ ચાલુ રાખશે. આપશ્રી પાસે પણ આ સ્પષ્ટતા હોવી જરૂરી છે કે આપણે પણ સદ્‌ગુરુ, વ્યક્તિનાં માધ્યમે તેમનામાં રહેલ સદ્‌ગુરુ ચેતના સાથે સંબંધ જોડવાનો છે, જેથી આવતીકાલે અન્ય સદ્‌ગુરુમાં રહેલ સદ્‌ગુરુ ચેતના સાથે આપણે જોડાઈને આત્મવિકાસનાં પંથે પ્રયાણ કરી શકીએ.

જ્ઞાનીઓ તો ત્યાં સુધી કહે છે, જો જીવમાં અહંકાર-સ્વચ્છંદતા નીકળે અને મુમુક્ષુતા (નિર્વેદ)+આત્માર્થીતા (સંવેગ) પ્રગટે, તો સદ્‌ગુરુ, વ્યક્તિની ગેરહાજરીમાં પણ અદ્રશ્યપણે સદ્‌ગુરુચેતના, જીવનું યોગ-ક્ષેમ કરે

**જયવંત છો,**
**ભગવંત છો,**
**ભાવે ભજું**
**ગુણવંત છો...**



**અરજી અમારી**
**એટલી બસ!**
**ચરણમાં શરણે**
**રહું...**

શા. બાલચંદ લક્ષ્મીચંદ
પૂજ્યશ્રીના સંસારી લઘુબંધુ-મહુવા

શેઠ શ્રી જમનાભાઈ ભગુભાઈ સુતરિયા
અમદાવાદ


છે અથવા જીવની મુમુક્ષુતા-આત્માર્થીતાની તીવ્રતા સદ્‌ગુરુ ચેતનાને અન્ય કે યાવત્ અભવ્ય ગુરુનાં માધ્યમે પણ તે જીવનું યોગ-ક્ષેમનું માર્ગદર્શન અપાવીને જીવને આત્મવિકાસનાં માર્ગે આગળ વધારીને યાવત્ મોક્ષે પહોંચાડવાનું કાર્ય કરાવીને રહે છે. આ સામર્થ્ય છે. તીવ્ર મુમુક્ષુતા-આત્માર્થીતાનું.

વર્તમાનકાળમાં રહેલા અનેક સદ્‌ગુરુઓ શ્રીનેમિસૂરિ, પં. ભદ્રંકરવિજયજી, આ. સિદ્ધિસૂરિ(બાપજી)-પ્રેમ-ભદ્રંકર-હિમાંશુ-યશોવિજયસૂરિ વગેરે વર્તે છે. તે સર્વમાં સદ્‌ગુરુ ચેતના એક જ છે જે ગૌતમસ્વામીજીમાં વર્તતી હતી. સદ્‌ગુરુ વ્યક્તિત્વદૃષ્ટિ પર્યાયદૃષ્ટિ છે, સદ્‌ગુરુ ચેતનાદૃષ્ટિ દ્રવ્યદૃષ્ટિ છે. વ્યક્તિત્વની પર્યાયદૃષ્ટિ ભેદભાવનો સંકલેશ કરાવીને અશુદ્ધ-સંસારવર્ધક દૃષ્ટિરાગ કરાવે, પછી ભલેને તે સદ્‌ગુરુનાં આલંબને કેમ ન હોય? પરંતુ સદ્‌ગુરુ, ચેતનાદૃષ્ટિ ભેદભાવથી મુક્ત કરાવીને, સર્વત્ર સમાનદૃષ્ટિ કરાવીને સદ્‌ભાવ-શ્રદ્ધા સમર્પણ-સમતાભાવને તુષ્ટ પુષ્ટ કરાવીને શુદ્ધ ધર્મરાગ કરાવીને જીવને મુક્તિનાં માર્ગે આગળ વધારે છે.

વર્તમાનનાં વિષમકાળમાં પણ મહુવામાં સદ્‌ગુરુ પૂજ્ય આ. શ્રીનેમિસૂરિજી મ.સા.નાં જન્મ+સમાધિસ્થાને આજે પણ સદ્‌ગુરુ ચેતના જીવંત જાગ્રતપણે વર્તે છે. જો આપણે અહં શૂન્ય થઈને તે સદ્‌ગુરુ ચેતનાતીર્થમાં પૂજ્યશ્રીનાં ચરણપાદુકાનાં ઉપનિષદ્ (સાંનિધ્ય)માં બેસીશું, તો આપણે પણ આપણી શુદ્ધતા-પૂર્ણતાને અવશ્ય પ્રાપ્ત-પ્રગટ કરી શકીશું.

અંતે પરમગુરુ+સદ્‌ગુરુ ચેતના તો તૈયાર છે આપણાં ઉપર કાર્ય કરવાં, પરંતુ શું આપણે મુમુક્ષુતા+આત્માર્થીતાની સજ્જતાએ તૈયાર છીએ ખરા?

તેથી પૂ. ભક્તિયોગાચાર્ય શ્રી યશોવિજયસૂરિ મ.સા. અનેકવાર પ્રવચનમાં કહે કે પ્રભુ તૈયાર,
અમે તૈયાર,
પણ શું તમે તૈયાર ખરા?



**પૂજ્ય નેમિવિજયજીની આચાર્યપદવી (ભાવનગર)**

गुरुं नेमिं नमाम्यहम्।



ભવોભવ મળજો,
મુજને સૂરિજી,
શાસનકાજે
જીવ્યાં ગુરુજી !

# યાત્રા...ચૈતન્ય...પ્રયાગની

**પ્રિયમ્**

સૂક્ષ્મ અપર્યાપ્ત નિગોદના જીવથી માંડીને કેવળજ્ઞાની સુધી ચૈતન્યના અસંખ્ય પ્રકારો હોય છે. એમાં જે વિશુદ્ધતમ ચૈતન્ય પર્યાયો હોય, એમને આપણે સદ્‌ગુરુ તરીકે ઓળખતા હોઈએ છીએ. લેબલ આમ તો ઓળખાણ હોય છે, પણ ક્યારેક એ જ ઓળખાણ અંતરાય બની જાય છે, જો આપણે માત્ર લેબલમાં જ અટકી જઈએ અને અસલી ઓળખાણ સુધી પહોંચીએ જ નહીં? તો અહીં કરવી છે એક યાત્રા... સદ્‌ગુરુની યાત્રા... વિશુદ્ધતમ ચૈતન્ય પર્યાયોની યાત્રા... તો જઈએ પહેલા મુકામે...

(૧) ધૈર્યચૈતન્યઃ ''આરંભે શૂરા''- આ આપણી નીતિ હોય છે. આઇં મિઉમારભંતા... પ્રારંભ કોમળ-ધીમા સ્વરે... આ સંગીતશાસ્ત્રની નીતિ હોય છે, પ્રારંભ-પ્રયાણ અને પ્રાપ્તિ. સદ્‌ગુરુના આ ત્રણે તબક્કા ધૈર્યચૈતન્યથી ઝળહળતા હોય છે. શાસનસમ્રાટ પૂજ્ય નેમિસૂરિજી મહારાજના અધ્યયન કાળની વાત. સિદ્ધાન્તચન્દ્રિકા નામના વ્યાકરણ શાસ્ત્રનું અધ્યયન ચાલી રહ્યું હતું. નાદુરસ્ત સ્વાસ્થ્ય અને અઘરો ગ્રંથ આ બે છેડે પૂજ્યશ્રી ઝઝુમી રહ્યા હતા. એમાં આંખોનું તેજ ઓછું થવા લાગ્યું. ભલભલા ગ્રંથને અભરાઈએ મુકી દઈએ એ પરિસ્થિતિમાં પૂજ્યશ્રીએ એટલું જ વિચાર્યુ...

प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः,
प्रारभ्य विघ्ननिहता विरमन्ति मध्याः।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः,
प्रारब्धमुत्तमजना न परित्यजन्ति।।

નીચ જીવો વિઘ્નના ભયથી પ્રારંભ જ કરતા નથી. મધ્યમ જીવો પ્રારંભ તો કરે છે પણ વિઘ્નોથી અટવાઈને અટકી જાય છે. પણ વિઘ્નોથી ફરી ફરી પ્રતિઘાત પામવા છતાં ઉત્તમ જનો પ્રારબ્ધ વસ્તુને છોડતા નથી. યોગગ્રંથોનું હાર્દ પૂજ્યશ્રીના હૃદયને સ્પર્શી રહ્યું હતું. જ્યાં વિઘ્નો સબળા હોય છે, ત્યાં પ્રણિધાન નબળું હોય છે, જ્યાં પ્રણિધાન સબળ હોય છે, ત્યાં વિઘ્નો નબળા હોય છે. ને એ સ્થિતિમાં પૂજ્યશ્રીએ અભિગ્રહ કર્યો, જ્યાં સુધી સિદ્ધાન્તચન્દ્રિકા પૂરું ન થાય, ત્યાં સુધી છ વિગઈ ત્યાગ. ઉત્તમતાનું કેવું અદ્‌ભુત ઉદાહરણ! યાદ આવે પેલી કવિતા-

મારીને ઠેકડા અમે પહોંચશું મંઝિલે
હિમ્મત અપાર છે ભલે પાંખો કપાઈ છે.

હારી જવું, થાકી જવું, સૂઈ જવું, છોડી દેવું, એ સાબિત કરે છે કે આપણે સિદ્ધિ માટે જ નહીં, સાધના માટે પણ ગેરલાયક હતા. યાદ આવે યોગબિન્દુ.

सत्साधकस्य० चरमाऽपि बिभीषिका...

સાચી સાધના એ છે, જેમાં ઉપસર્ગોની હારમાળા આવે કે હાજા ગગડાવી નાંખે એવી ડરાવણી ઘટનાઓ આવે, ભાગવા કે ડગવાની વાત તો દૂર છે, થાકવું પણ શક્ય નથી, ઉલ્ટુ એના સાધકના મનમાં આનંદ જ ઉભરાતો જાય.

सिद्धेरासन्नभावेन, यः प्रमोदो विजृम्भते।
चेतस्यस्य कुतस्तेन, खेदोऽपि लभतेऽन्तरम्?।।

સિદ્ધિના સામીપ્યથી એ સાધકના મનમાં જે પરમ આનંદ પ્રગટ થાય છે. તેમાં થાક તો ક્યાંથી અવકાશ પામી શકે?

વિઘ્નોના વંટોળિયા જ્યાં સ્તબ્ધ થઈને ઉભા રહી જાય એનું નામ સાધના. નડતરો જ્યાં નિષ્પલક નેત્રે નિહાળ્યા કરે એનું નામ સાધના. ભારેમાં ભારે અડચણો ય જ્યાં ભોંઠી પડે એનું નામ સાધના. ગિરિસારધીરં આ પદ જ્યાં સાર્થક થાય, એનું નામ સાધના.

**''प्रतिज्ञातो दोष्मतां सत्त्वं भृशमेधते''**– આ ન્યાયે પૂજ્યશ્રીના સત્ત્વના, પ્રતિજ્ઞા દ્વારા ગુણાકારો થયા. સાધનાના વેગના ગુણાકારો થયા ને સિદ્ધિ એટલી તો આફરીન થઈ ગઈ કે દોડીને સામી આવી, ને પૂજ્યશ્રીના કંઠે વરમાળા પહેરાવી દીધી.

**ધૈર્યચૈતન્ય याद आवे जिनागम।**
**धीरस्स णिच्छियस्स ववसियस्स**
**एत्थ णत्थि किंचि वि दुक्करं करणयाए।**

જે ધીર છે. નિશ્ચયસંપન્ન છે. અને પુરુષાર્થસંપન્ન છે. એમના માટે અહીં કોઈ પણ સિદ્ધિ દુષ્કર નથી. ધૈર્યચૈતન્ય પર્યાય એ સદ્ગુરુત્વનો પાયો બની રહે છે. એક એક ગુણોની નક્કર સિદ્ધિનું નિદાન બની રહે છે. તો હવે જઈએ બીજા મુકામે?

૩) શિક્ષાચૈતન્યઃ ચિંટુ શાળામાં ગયો હતો, ત્યાં ટિચરે ક્લાસમાં જાહેરાત કરી. ''મારી સોટી કોઈ શોધી આપશે. તો એને ૧૦ રૂ.નું ઈનામ આપીશ.'' ચિંટુ કહે, ''થોડા રૂપિયા વધારો.'' ટિચર કહે ''કેમ?'' ચિંટુ કહે, ''૨૦ રૂ. તો અમને સોટી સંતાડવાના મળ્યાં છે.

શિષ્ય સોટી સંતાડે દે એ એટલી બિહામણી ઘટના નથી, શિષ્યને સારું લગાડવાની સ્પૃહાથી ગુરુ જ સોટી સંતાડી દે, એ અધ્યાત્મવિશ્વની કદાચ સૌથી બિહામણી ઘટના છે. સોટી એ સદ્ગુરુના શિક્ષાચૈતન્યનું પ્રતીક હોય છે. જેમાં સદ્ગુરુના કરુણાચૈતન્ય, વાત્સલ્યચૈતન્ય, અનુગ્રહચૈતન્ય, સર્જકતાચૈતન્ય અને તારકતાચૈતન્ય ગર્ભિત રીતે સમાયેલા હોય છે. માટે જ શાસ્ત્રોએ જાહેર કર્યું.-

**जीहाए वि लिहंतो ण भद्दओ जत्थ सारणा णत्थि। दंडेण वि ताडंतो स भद्दओ सारणा जत्थ।। पुष्पमाला।।**

જે ગુરુ કદાચ જીભથી ય ચાટે પણ સારણા ન કરે એ ગુરુ સારા નથી. જે ગુરુ કદાચ દાંડાથી ય મારે, પણ સારણા કરે, એ ગુરુ સારા છે.

શિક્ષાચૈતન્ય કદી પણ શિષ્યને ઝાટકતું નથી હોતું, શિક્ષાચૈતન્ય ફક્ત શિષ્ય પરની અજ્ઞાનતાની ધૂળને ઝાટકતું હોય છે. સંતાનના શરીર પર લાગેલી અશુચિને દૂર કરવા જ્યારે હાથને થોડો ભારે બનાવવો જરૂરી હોય, ત્યારે મા હાથને ભારે ય બનાવે, પણ એ ભારેપણાથી એના માતૃત્વને ઉની આંચ ન આવે. શિક્ષાચૈતન્યનું આ રૂપક છે. ગઈ સદીની એક અપેક્ષાએ ઉત્કૃષ્ટ ઘટનાઓ પૈકીની એક ગણી શકાય, એવી એક ઘટના હતી– પૂજ્યશ્રીની ઘડાના દોરાથી શિષ્યોને મારવાની ઘટના. પૂજ્યશ્રી સ્વજીવનથી જ પ્રેરણા આપતા હતા, આ પૂજ્યશ્રીની જૈવનિક વાચના હતી. પૂજ્યશ્રીની વાણી પ્રેરણાનું પીયૂષ વરસાવતી હતી, એ પૂજ્યશ્રીની વાચિક વાચના હતી. પૂજ્યશ્રી ઘડાના દોરા દ્વારા શિષ્યો પર અજોડ અનુગ્રહ કરતા,

Sojitra



Malad



આ પૂજ્યશ્રીની કાયિક વાચના હતી. ને આ વાચનાઓથી જે ઘડતર થયું.
જે સર્જન થયું, એ આજે વિશ્વની સમક્ષ છે. યાદ આવે નીતિશાસ્ત્રો-

**पितृभिस्ताडितः पुत्रः, शिष्यश्च गुरुशिक्षितः।**
**घनाहतं सुवर्णं च, जायते जनमण्डनम्॥**

મા-બાપે જેને માર મારેલો એવો દીકરો, ગુરુએ જેને શિક્ષા કરેલી એવો શિષ્ય અને ઘણના ઘા ખાધેલા એવું સુવર્ણ આ ત્રણે લોકોમાં આભૂષણ બનીને શોભી ઉઠે છે.

શિક્ષાચૈતન્યની એ અસ્મિતાને અને શિક્ષાચૈતન્યને ઝીલી ન્યાલ થઈ
જનારા એ શિષ્ય રત્નોને અગણિત વંદન. ચાલો હવે જઈએ...ત્રીજા પડાવે...

૩) પ્રજ્ઞાચૈતન્ય : તથાવિધ સંયોગોમાં સંયોગાનુરૂપ સ્ફુરણા એ સદ્ગુરુનું પ્રજ્ઞાચૈતન્ય હોય છે. પરિણતિની નિર્મળતા, મધ્યસ્થતા, માર્ગાનુસારી ક્ષયોપશમ, ગુરુગમથી પામેલો જ્ઞાનવૈભવ - આ બધાનું સહિયારું સર્જન એટલે પ્રજ્ઞાચૈતન્ય.
પૂજ્યશ્રીએ એ સમયે જોયું, કે પાલીતાણામાં જાત્રાળુઓને જે વેરો ભરવાની ફરજ
પાડવામાં આવે છે, તે અન્યાયી છે, આવો અન્યાય હરગીઝ ચલાવી ન લેવાય અને
પૂજ્યશ્રીના પ્રજ્ઞાચૈતન્યએ એક સચોટ માર્ગ દેખાડી દીધો...

યાત્રા માંગલિકના એલાનનો...

સદ્ગુરુ યાત્રાની પ્રેરણા કરે કે યાત્રાનો પ્રતિબંધ ફરમાવે???
જવાબ આપે છે, નીતિ શાસ્ત્રો..

**घनागमे राजपथे हि पिच्छिल्ले**
**क्वचिद् बुधैरप्यपथेन गम्यते।**

જ્યારે ચોમાસામાં રાજમાર્ગ કાદવ-
કીચડથી ભરાઈ ગયો હોય, ત્યારે સમજદાર
વ્યક્તિ એવા રસ્તેથી જાય જેને સામાન્ય
સંયોગોમાં રસ્તો જ ન કહેવાય.




જવાબ આપે છે આરોગ્યશાસ્ત્રો –

**उत्पद्यते हि साऽवस्था देशकालाऽऽमयान् प्रति।**
**यस्यामकार्यं कार्यं स्यात्, कर्म कार्यं विवर्जयेत्।।**

તેવી તેવી અવસ્થા ઉત્પન્ન થાય છે, જેમાં ન કરવા જેવું હોય, એ કરવા જેવું થઈ જાય છે. અને કરવા જેવું હોય, એનો ત્યાગ કરવો ઉચિત થઈ જાય છે.

જવાબ આપે છે પ્રકરણશાસ્ત્રો-

**जो उ गुणो दोसकरो ण सो गुणो दोसमेव तं जाण।**
**अगुणो वि होइ गुणो, विणिच्छओ सुंदरो जत्थ।।**

જે ગુણ, દોષ કરનાર હોય છે, એ ગુણ નથી, એ દોષ જ છે, એમ સમજો. દોષ પણ ગુણ બની જાય છે, જ્યાં પરિણામ સારું હોય છે.

**જવાબ આપે છે આગમશાસ્ત્રો-**

**सालंबसेवी समुवेइ मोक्खं।**

પુષ્ટ આલંબનથી પ્રતિષિદ્ધનું પણ સેવન કરનાર પોતાના મોક્ષને જ સમીપ બનાવે છે.

સદ્‌ગુરુના પ્રજ્ઞાચૈતન્યમાં વ્યક્તિથી માંડીને સમસ્ત જિનશાસન અને સમસ્ત જગતની બધી જ સમસ્યાઓના સમાધાન સમાયેલા હોય છે. શરત એટલી જ કે એને ઝીલી લેવામાં આવે અને ખરેખર સમસ્ત જૈન સંઘે એ વાત ઝીલી લીધી... બે વર્ષ સુધી એક પણ જૈન બચ્ચો પાલીતાણા જાત્રા કરવા ફરક્યો નહીં. સદ્‌ગુરુનું આ આજ્ઞાચૈતન્ય પણ હતું. એક સદ્‌ગુરુનું એક એલાન, આખો સંઘ નિરપવાદપણે ઝીલી લે એવી કદાચ, છેલ્લાં એક હજાર વર્ષમાં ઘટેલી એ એકમાત્ર ઘટના હતી. એ એલાન પાછું પ્રવાહવિરુદ્ધ હોય...પ્રતિસ્રોતગમનતુલ્ય હોય, ને છતાં ઝીલી લેવાય એ આજ્ઞાચૈતન્યનો ઝળહળાટ હતો.

સદ્‌ગુરુના પ્રજ્ઞાચૈતન્ય અને આજ્ઞાચૈતન્ય સમક્ષ રાજાને પણ ઝૂકવું પડ્યું. અન્યાયી વેરો રદ થયો.

જૈન ગગન હર્ષનાદથી ગુંજી ઉઠ્યું. એક અનેરા સ્વાભિમાનમય દબદબા સાથે અને ખુમારી સાથે યાત્રા ચાલુ થઈ. આજનો લજ્જાસ્પદ અને દર્દગર્ભિત કરોડોનો શણગાર પણ એ યાત્રાના એક પગલાના હજારમા ભાગે ય આવી શકે એમ નથી.

મારે સદ્‌ગુરુનું સાંભળવું નથી, પણ સદ્‌ગુરુને સંભળાવવું છે, મારે સદ્‌ગુરુને સમજવા નથી, પણ સદ્‌ગુરુને સમજાવવું છે, મારે સદ્‌ગુરુથી દોરાવું નથી પણ સદ્‌ગુરુને દોરી જવા છે, ટૂંકમાં, મારે કોઈ સદ્‌ગુરુ જોઈતા નથી, સદ્‌ગુરુ તો હું જ છું, મારે તો ફક્ત એક આજ્ઞાંકિત શિષ્ય જોઈએ છે. પોતાની જડ પ્રજ્ઞા અને જડ આજ્ઞા પ્રત્યેનો ઢોળાવ જીવને પ્રજ્ઞાચૈતન્ય અને આજ્ઞાચૈતન્યથી વંચિત કરી દે છે...એટલે કે સદ્‌ગુરુથી વંચિત કરી દે છે..એટલે કે આરાધનાથી વંચિત કરી દે છે...એટલે કે મોક્ષથી વંચિત કરી દે છે. યાદ આવે અધ્યાત્મકલ્પદ્રુમ-

**तत्त्वेषु सर्वेषु गुरुः प्रधानं, हितार्थधर्मा हि तदुक्तिसाध्याः।**

સર્વ તત્ત્વોમાં પ્રધાન તત્ત્વ હોય તો એ છે ગુરુ. જેનાથી આત્મહિત સરે. એવા ધર્મની આરાધના ગુરુવચનથી જ શક્ય બને છે. યાદ આવે ગુરુતત્ત્વવિનિશ્ચય-

**गुरु आणाए मोक्खो।**

ગુર્વાજ્ઞાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. સદ્‌ગુરુના આ વિશુદ્ધ ચૈતન્યો આપણા પણ ચૈતન્યનું અનાવરણ કરી આપે એ જ અભ્યર્થના. જન્મની સાર્ધશતાબ્દીએ શાસનસમ્રાટ શ્રીના ચરણારવિંદમાં નતમસ્તકે વંદન. પરમ તારક પરમશ્રદ્ધેય શ્રીજિનાજ્ઞાથી વિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્.

## નમો નિત્યં નમો નિત્યં ગુરવે નેમિસૂરયે।

**શાસનની શાન છે...સમુદાયની પહેચાન છે...શ્રી સંઘોને માન અને સમ્માન છે...**
**દાદાના સમગ્ર ભક્તોની જાન છે...જૈન જગતની આન બાન શાન છે...**



# જિનશાસનના ગુરુતત્ત્વની વિભાવના

વિ. કુલચન્દ્રસૂરિ

આ જમ્બુદ્વીપમાં પ્રભુનો વિરહકાળ છે પરંતુ ગુરુનો વિરહકાળ ક્યારેય નથી.

ગુરુનું અસ્તિત્વ સદેહે ત્રણ અવસ્થાથી બંધાયેલું હોય છે. ૧)સ્વરુપ ૨) સ્વભાવ અને ૩)સામર્થ્યથી.એ કોઈપણ યોગ્ય વ્યક્તિ માટેની ત્રણ અવસ્થા હોય છે.

ગુરુ શબ્દ કાને પડતા જ ગુરુ સંબંધી શ્રવણ, વાંચન અને સંસ્કારથી અવધારણા ઉપસવા માંડે છે.

ગુરુ વ્યક્તિ તરીકે, ગુરુપદ તરીકે અને ગુરુ તત્ત્વ તરીકે મનમાં ચિંતન ચાલુ થઈ જાય છે.

'ગુરુતત્ત્વ' શાશ્વતકાલીન સત્ય છે. 'ગુરુપદ' એ ઘણી બધી રીતે યોગ્ય વ્યક્તિઓના ગુણોનું આધાર સ્થાન છે. અને ગુરુ પદે બિરાજમાન 'સાધુ' હોવા છતાં પંચપરમેષ્ઠીમાં સ્થાન પામેલ છે.

'ગુરુ' એટલે વીતરાગ માર્ગનાં સંવાહક.

ઉજળી ગુરુપટ્ટપરંપરાના પ્રતિનિધિ. ઉંચા પંચાચારના પાલન કરનારા અને કરાવનારા. તથા ગુરુપદ અને ગુરુતત્ત્વના વધુને વધુ ગુણોને પ્રગટાવનારા.

'ગુરુપદ' એટલે જિનશાસનની જવાબદારીઓનું પાલન કરાવવાનું ક્ષમતાભર્યુ સ્થાન. પૂર્ણતા તરફ સતત દોરી સંચાર કરનારું તથા 'પાત્રતા, પૂજ્યતા' અને 'પવિત્રતાને' અધિક અધિક ખીલવનારું સ્થાન.

'ગુરુતત્ત્વ' એટલે સદા કાળ સર્વજ્ઞતાનું પ્રકાશપૂર્ણ તાત્ત્વિક તત્ત્વ. વીતરાગતાને ઉજાગર કરનારું તત્ત્વ અને મોક્ષમાર્ગના પ્રવાસીપણાનું મૂળભૂત તત્ત્વ.

ગુરુનું બાહ્ય સ્વરુપ પુણ્યાધીન છે.

ગુરુનું અંતરંગ સ્વરુપ જ્ઞાનાધીન છે. ગુરુનો બાહ્ય સ્વભાવ સંસ્કાર અને સંજોગોને આધીન છે. તો અંતરંગ સ્વભાવ સદ્ગુણો અને પરિણતિને આધીન છે.

ગુરુનું બાહ્યસામર્થ્ય પુરુષાર્થને આધીન છે તો અંતરંગસામર્થ્ય સાધના તથા સિદ્ધિને આધીન છે.

જ્યારે સ્વરુપ સ્વભાવ અને સામર્થ્યથી એ ગુરુ પોતે બિરાજમાન હોય છે ત્યારે ગુરુત્ત્વથી બંધાયેલા હોય છે. અને જ્યારે ગુરુ વિદેહ અવસ્થામાં હોય છે, ત્યારે સ્વભાવ અને સામર્થ્યથી બંધાયેલા હોય છે.

ગુરુને આપણેજ્યારે આપણા લેવલથી જાણતા માણતા કે અનુભવતા હોઈએ છીએ ત્યારે અવશ્ય તેનું મૂલ્યાંકન કરવામાં થાપ ખાઈએ છીએ, લગભગ અજ્ઞાત રહીએ છીએ, મહત્ત્વની વાત એ નથી કે ગુરુ આપણને કેવા લાગેછે, પરંતુ આપણે સૌ પ્રથમ ગુરુને 'ગુરુગૌતમ' તરીકે જોતા શીખ્યા છીએ ખરાં?

જેઓ તલના પ્રત્યેક દાણામાં તેલના ટીપાંને જોઈ ન શકે તેની દ્રષ્ટિમાં ખામી ગણાય.

જેને ગુલાબના ફૂલમાં સુગંધ હોવા, છતાં સુગંધ માણી ન શકે તેમાં તેના નાકની ખામી ગણાય. બહાર હવા પ્રગટ નથી દેખાતી પણ અનુભવી શકાય છે તે વાત પણ જે સમજી

ન શકે તેમાં તેના જ્ઞાનની ખામી ગણાય. જેને કોઈ પણ વસ્તુના સર્જનમાં પાણીનો હિસ્સો પ્રગટ નથી દેખાતો તે વાત અનુમાનથી પણ સ્વીકારી ન શકે તેમાં તેની બુદ્ધિની ખામી દેખાય...

તેવી જ રીતે જે પૂજ્ય છે. ઈષ્ટ છે. અદ્રશ્ય છે. ઉપકારી છે. આચાર સંપન્ન છે. શક્તિ સંપન્ન છે. પરિણતિ સંપન્ન છે. જ્ઞાન સંપન્ન છે. ભાવ સંપન્ન છે. ગુણ સંપન્ન છે .અને સિદ્ધિ સંપન્ન છે. એવા ગુરુ ભગવંતને કોઈપણ સ્વરુપે હૃદયના ઊંડાણથી ન જોવા, ન જાણવા, ન સ્વીકારવા, એ આપણા જ્ઞાનની, બુદ્ધિની, દ્રષ્ટિની અને સમજણની ખામી ગણી શકાય......?

સામાન્યતયા આપણા જેવા જ મનુષ્ય લાગતા, માત્ર વિશ્વ પરિવર્તનથી જુદા પડેલા જેને સાચા અર્થમાં જીવનચર્યા દિનચર્યા અને ગુણચર્યાથી આપણા કરતાં જુદા પડતા હોય છે તેવો વ્યવહાર સદાચાર જ્ઞાન, પુણ્ય, શક્તિ, દ્રષ્ટિ અને લક્ષ્યથી મોક્ષની સાથે જોડાયેલા હોય એવી વ્યક્તિ કદાચ આપણને સાધારણ દેખાય તો પણ એ ગુરુ તરીકે જ હોય છે. આપણા નહી માનવાથી કે આપણી નેગેટીવ દ્રષ્ટિએ જોવાથી ગુરુ, ગુરુ તરીકે મટી જતા નથી હોતાં.


સીધા સાદા અર્થમાં, જેઓ સ્વ- પર- સર્વનું કલ્યાણ થાય, હિત થાય, મંગલ થાય, શુભ થાય અને શ્રેય થાય, હજુ જીવ વધુ આગળ વધે તે રીતે ભાવના ભાવતા હોય, યોગ્ય જીવોને સારણા-વારણાદિ કરતાં હોય. તો તેઓને સદ્‌ગુરુ નહીં ગણો તો શું ગણશો ?

દરેક વ્યક્તિમાં ધાર્મિક, સાત્ત્વિક કે આધ્યાત્મિક જીવન જીવવાની શક્તિ ન હોય તે સદ્‌ગુરુના સહારે સેવા , ભક્તિ, સમર્પણના સથવારે વિશ્વાસ રાખવાથી આગળ વધી શકે છે.

સંસારના વ્યવહારમાં જેમ કાના માત્ર વગરનું એક ઘર શબ્દ બોલીએ કે તરત જ ઘર અંગેની વિભિન્ન વિચારણા થઈ જાય છે કે મારે ઘરનું ઘર કરવું છે, એક ઘરમાં શું? શું? જોઈએ છે, તે કેવી રીતે ક્યાં? કેમ? બને મળે તે અંગેની જરુરિયાત મનમાં ઊભી થતી જાય છે. પૈસા, ફર્નિચર, વસ્તુ, વ્યક્તિથી માંડીને ઘણું બધું ભેગું થાય ત્યારે એક ઘર બનતું હોય છે અને તે ઘરમાં મુખ્યતાએ અનિવાર્ય, જરુરિયાત અને મોજ શોખની વસ્તુઓ સ્વાભાવિકપણે હોય છે અને ઘરની વ્યક્તિઓનો પરસ્પર પ્રેમ હોય ત્યારે જ ઘર લાગે છે, તેવી જ રીતે એક ગુરુ શબ્દ બોલીએ તો એ સાધુની કેટ કેટલી સજ્જતા, પુરુષાર્થ, પુણ્યાઈ , અભ્યાસ, સેવા, યોગ્યતાદિ ગુણો વગેરે ભેગા થાય ત્યારે જ એક 'ગુરુ' તરીકેની જવાબદારી જીવનમાં નિભાવી શકાતી હોય છે.

જ્યારે દેવ ગુરુ ધર્મના આશિષ ભેગા થાય, જીવનભર સાધનાના ધરખમ મંડાણ થાય, ઉચ્ચ જીવનને પંથે ચાલવાનું સાત્ત્વિક બળ કેળવાય અને પ્રબળ પુણ્યાઈ ભેગી થાય ત્યારે યથાર્થ ગુરુ તરીકે આ જિનશાસનમાં સ્થાન મળે છે. જેઓ 'સદ્ગુરુ' અને 'સમર્થ ગુરુ' તરીકે લોક હૃદયમાં ગૌરવપૂર્ણ સ્થાન પામ્યા હોય, તેઓનો આંતરિક ગુણ વૈભવ તો કેટલો બધો ખીલ્યો હશે અને પ્રકૃષ્ટ પુણ્યાઈ કેટલી બધી ઊંચે ચડી હશે ત્યારે તે ઊંચી જવાબદારી નિભાવી શકતાં હોય છે.

ખરેખર થોડુંક વધારે વિચારીએ તો 'સદ્ગુરુ એ આત્મગુણોના સંશોધક છે. સંવર્ધક છે. સંપોષક



**ધમ્મસમાહિં ગુરૂ દેઇ।**

**દિલથી જોયાં કરું છુંને**
**ભક્તિ-ખુમારી ઉછળ્યાં કરે છે...**

છે.સંરક્ષક છે.' અથવા બીજી રીતે વિચારીએ તો 'સદ્ગુરુએ જિનશાસનના સંચાલક છે . તીર્થંકરોની નીતિરીતિના સંભાવક છે.સકલ કર્મોના સંહારક છે અને આત્મગુણોથી સંવ્યાપક છે.'

જેમ ગુજરાતી કે સંસ્કૃત વ્યાકરણમાં સ્વર અને વ્યંજન મળે એટલે અક્ષર બને છે.


બે અક્ષરના સહયોગને શબ્દ કહેવાય છે.તેવી જ રીતે ગ્ +ઉ+ર્ +ઉ =ગુરુ. બે અક્ષરનો બનેલો ગુરુ શબ્દ ... અનેકવિધ અર્થમાં ખૂબ વ્યાપકપણે વપરાયો છે.

ગુરુએટલે સર્વ જીવો પોતાના જીવ (સિદ્ધ)ની જેમ લાગે છે.

કોઈપણ જીવ દીન, હીન, લાચાર, નિરાશ ન રહે તેની ચિંતા કરી યોગ્ય શક્તિ વાપરે છે.

દરેક જીવની અજ્ઞાનતા ગેરસમજ શંકા અને વહેમ વિગેરે નેગેટીવીટી દૂર કરવા તત્પરતા રાખે છે.

नमाम्यनिशं गुरूनेमिसूरीशम्।



પ્રચંડ પ્રતિભા, પુણ્ય અને પરાક્રમનું સરનામું–''જય શાસન સમ્રાટ્''

# ગુરુદેવની આશાતના નવિ કરીએ

**આ. કુલચન્દ્રસૂરિ**

સદ્‌ગુરુની આશાતના ક્યાં કેવી રીતે થઈ જાય છે તેની જીવને ખબર પડતી નથી, તે આશાતના ટાળવાના અહીં વિવિધ વિચારો મુકેલા છે.

જીવનમાં સદ્‌ગુરુ સાથે કોઈક પૂર્વભવનો ઋણાનુબંધ હોય, પ્રભુ કૃપાનો ઈશારો મળેલો હોય અથવા તો ગુરુની પરમ કરુણાનો સ્પર્શ થયેલો હોય તો જ પરમચેતનાના પ્રતીક સ્વરુપે આ સદ્‌ગુરુની સેવા કરવાનો લાભ મળતો હોય છે...

સેવા ભક્તિના પરિણામ સાથે સદ્‌ગુરુની આશાતના ન થઈ જાય તે જોવાની ફરજ પણ શિષ્યની બની જતી હોય છે.

આરાધના ચડે? કે આશાતના ચડે? તે વિચાર કરતા આશાતના ન થઈ જાય તેનું ખાસ ધ્યાન રાખવા જેવું હોય છે. 'આશાતના એટલે ગુરુ પ્રત્યેનો અનાદર અને અવિનય ભાવ.'

સામાન્યથી ગુરુની આશાતના ૩૩ પ્રકારની છે, પરંતુ તેમાં નીચે દેખાડેલી મોટી મોટી આશાતના ન થઈ જાય તેનું સભાનતાએ ચોક્કસ ધ્યાન રાખવું જરૂરી છે.

ઉપકારી ગુરુ ભગવંતની સામે ક્યારેય તિરસ્કાર, ધિક્કાર, હલકાઈભર્યા, ઉપેક્ષા કે ગુસ્સાનાવચનો ક્યારેય બોલવા નહીં.... બોલતા હોય તેને સારા માનવા નહીં.


ગુરુની અતિ નજીક રહેવાથી,

વધુ મોભા કે મોટાઈમાં રહેવાથી, ગુરુના ઉપકરણ કે વસ્તુઓને પગ લગાડવા કે વાપરવાથી, ગુરુ કરતાં પહેલાં પોતાની ક્રિયા કરવાથી કે દેખાડવાથી, ગુરુની સંમતિ વિના કે જણાવ્યાં વિના વસ્તુઓ લઈ આવવી તથા બીજાને બતાવવાથી, સારા-ખરાબ સમાચાર ગુરુ સિવાય બીજાને જણાવવાથી, ગુરુ બોલાવે ત્યારે જવાબ ન આપવાથી, તોછડાઈવાળો કે અરુચિ પૂર્ણ જવાબ આપવાથી, ગુરુ સાથે કઠોર અને પ્રેમ વગરની વાણીનો વ્યવહાર કરવાથી, ગુરુની વાચના દેશના વગેરેમાં દખલ કરવાથી કે ગુરુને ખોટા ઠેરવવાથી... બહુ મોટા અંતરાય કર્મ, મોહનીય કર્મ અને અશુભ કર્મો બહુ ગાઢ રીતે બંધાતાં હોય છે. ''તેથી કરીને આરાધના ન થાય તેની ચિંતા ન કરવી પણ આશાતના ન થાય તેની ખાસ ચિંતા કરવી.'' તેનો અર્થ એવો પણ ન કરવો કે ગુરુ સાથે, ગુરુ પાસે જવું જ નહિં.

અન્ય એક દ્રષ્ટિએ ગુરુની આશાતનાના ત્રણ પ્રકાર છે.

''જઘન્ય આશાતના'' ગુરુને કે ગુરુના ઉપકરણોને પગ લગાડવો તે.






‘‘મધ્યમ આશાતના’’ ગુરુને કે ગુરુના ઉપકરણોને થૂંક, પરસેવો કે અશુચિ લગાડવી તે.

‘‘ઉત્કૃષ્ટ આશાતના’’ ગુરુની આજ્ઞા ન માનવી પરંતુ અવહેલના કરવી.

બીજી રીતે ત્રણ પ્રકારની આશાતના.

‘‘માનસિક આશાતના’’

આપણા મનમાં ગુરુ માટે ખરાબ વિચારવું. દ્વેષ, અરુચિ અને અસદ્‌ભાવ વગેરે કરવો તે.

‘‘વાચિક આશાતના’’

ગુરુ સાથે કર્કશ અને કઠોર અવાજે બોલવું. ઠપકો આપવો. ધમકી આપવી. હું પણ હવે તમને જોઈ લઈશ વગેરે કહેવું. સામા જવાબ આપી ગુરુના દોષો ન હોય તો પણ દેખાડવા. ગુરુની પાછળ અન્યના મોઢે નિંદા કરવી. અપશબ્દો પૂર્વક તિરસ્કાર કરવો.

‘‘કાયિક આશાતના’’

ગુરુને પગ લગાડવા, હેરાન કરવા, ગુરુને મારવા, અનિષ્ટ પ્રવૃત્તિ કરવી.

ગુરુને ગૌચરી પાણી ન વપરાવવા કે પરાણે અનિચ્છાએ વપરાવવા, ગુરુના વસ્ત્રોનો કાપ ન કાઢવો. કાર્ય ન કરવું વગેરે ગુરુની સર્વ પ્રકારની આશાતના ટાળવા માટે વિનય, વિવેક અને ઔચિત્યપૂર્ણ વંદન, સેવા, ભક્તિ, સ્વાધ્યાય, શાસ્ત્રલેખન, વાંચન, વાચના, આહાર પાણી, નિહાર વિહારમાં તેમને પ્રતિકૂળ થાય તેવું કશું ન કરવું.’’

**જૈન શાસનમાં કે કોઈપણ ધર્મમાં ગુરુનું મહત્ત્વ સર્વાધિક ગણ્યું છે. માન્યું છે. તથા આદર અને આદર્શ ભાવ રખાયો છે. અહીં 'ગુરુ' એટલે શું એ જાણીએ.....**

વિજય કુલચન્દ્રસૂરિ

ગુરુ એ
વાત્સલ્યનું ઝરણું છે.
કરુણાનો ઉંડો કુવો છે.
દયાની વિશાળ નદી છે.
સદાચારનું મોટું સરોવર છે.
પ્રેમનો દરિયો છે.અને
અનુભવનો મહાસાગર છે.

ગુરુ એ
પ્રસન્નતાનું ઘર છે.
સદાચારની હવેલી છે.
પરિણતિની વિશાળ અગાસી છે.
અને પવિત્રતાનો મહેલ છે.

ગુરુ એ
સરળતાનું મૂળ છે.
નમ્રતા એનું થડ છે.
શાંતિના ડાળા પાંદડાં છે.
પ્રસન્નતાના ફૂલ છે અને
સમતા એનું ફળ છે.

ગુરુ એ
આત્મીયતાનો કાગળ છે.
મધુરતા એનો ફકરો છે.
સહૃદયતા એનું પ્રકરણ છે અને
સુસંવાદિતા એનો ગ્રંથ છે.

ગુરુ એ
બુદ્ધિનું તેજ છે.
સમ્યગ્જ્ઞાનનો દીવો છે.
પ્રજ્ઞાનો પ્રકાશ છે, અને
આત્માનુભવનો સૂરજ છે .

ગુરુ એ
શાંતિનું સંગીત છે.
પ્રશાંતિની સરગમ છે.
ઉપશાંતિના સુર છે, અને
આત્મશાંતિ એનું વાદ્ય છે.

ગુરુ એ
આગમસૂત્રોનો આધાર છે.
વૃત્તિ અને ચૂર્ણિનો આકાર છે.
ટીકા ગ્રંથોનો વિસ્તાર છે અને
અર્થના રહસ્યને પામવાથી નિસ્તાર છે.

ગુરુ એ
ગંભીરતાનું ગૃહાલય છે.
ગુણશાલીનતાનું જિનાલય છે.
ગીતાર્થતાનું તીર્થ છે,
આધ્યાત્મિકતાનું શિખર છે
અને આત્મત્વની ધજા ફર ફરે છે.


આશિષ આપો
દાદા આજે,
જીવવું-મરવું
શાસન કાજે
नमो नमः श्री गुरू नेमिसूरये।

# શાસનસમ્રાટ્‌ને માણવા જેવા પ્રસંગો

વિ. કુલચન્દ્રસૂરિ



## પ્રસંગ પહેલો...ચતુરાઈ...

બાર વરસની ઉંમર છે નેમચંદની.

ન્યાતના એક સદ્‌ગૃહસ્થના ઘરે સારા પ્રસંગે પિતાજી લક્ષ્મીચંદભાઈની સાથે જમવા જવાનું થયું છે. તે સમયનો એક રિવાજ હતો કે જમ્યા પછી મહેમાનોને દૂધનો લોટો આપવામાં આવે અને સામાન્ય કે નાની વ્યક્તિ હોય તેની પાસે છાશનો લોટો મૂકવામાં આવે. આમ તો આ રિવાજ ભેદભાવવાળો હતો પરંતુ તે સમયનો તેવો વ્યવહાર હતો. જમવા પિતા પુત્ર બેઠેલા છે. તેમાં લક્ષ્મીચંદ ભાઈને એક લોટામાં દૂધ આપવામાં આવ્યું અને નેમચંદને છાશ આપવામાં આવી આમ તો બંને સફેદ વસ્તુ એટલે પહેલી નજરે જલ્દી ખ્યાલ ન આવે, પરંતુ નેમચંદની દ્રષ્ટિમાં આ ભેદ પહેલી નજરે આવી ગયો, પરંતુ કંઈ બોલ્યા નહીં. જ્યારે બધાનું જમવાનું પતી ગયું અને છેલ્લે દૂધ પીવાનો સમય આવ્યો ત્યારે નેમચંદે ડાબી બાજુ બેઠેલા મોટા વડીલના લોટામાં પોતાની છાશ રેડવા માંડી. તેવામાં ત્યાંના ઘરધણીના ધ્યાનમાં આવતાં બોલ્યા. અરે અરે આ શું કરો છો ? કેમ તમારું, આ લોટામાં નાખો છો? ત્યારે જવાબ આપ્યો કે મારાથી આટલું બધું દૂધ પીવાય તેમ નથી તેથી બધું એઠું કરવાની બદલે વધારાનું દૂધ આ વડીલને આપું છું.

ભાઈ! તારા લોટામાં દૂધ નથી આતો છાશ છે. ઓહો ! એમ છે....? મને તો એમ કે બંનેમાં દૂધ જ છે, તમે લોટો મુકતી વખતે ચોખવટ કરી હોત તો, આવું ન થાત,અને ખરેખર બધાને તમે એકસરખું આપ્યું હોત તો આવો કોઈને ભેદભાવ ન થાત.

આ વાત સાંભળીને ગૃહસ્થ, મનમાં સમસમી ગયો, બધાની વચ્ચે બીજો કોઈ બચાવ કરાવી શકાય તેમ ન હતો. તે પછી ધીરે ધીરે વ્યવહારમાં ભેદભાવ ઓછાં થતા ગયાં.



## પ્રસંગ બીજો...દ્રઢતા...

વ્યવહારિક અભ્યાસ પૂરો થયા પછી પિતાજીની સૂચનાથી ધંધા વ્યાપારની તાલીમ લેવા માટે સટ્ટા બજારના કાબેલ ગણાતા એવા મોટા વેપારી શ્રીકરસન કમાની દુકાને મૂકવામાં આવ્યાં. ધંધાની બધી સાચી- ખોટી આંટી-ઘૂંટી જોવામાં આવી. તેમાં પણ તેઓ હોશિયારીથી કામ શીખતાં, કરતાં થયાં, પરંતુ અંદરથી મનમાં હજુ અભ્યાસ, સારો ધાર્મિક, સંસ્કૃત અભ્યાસ કરવાની ઈચ્છા રહેતી હતી. એક દિવસ પિતાજીને વાત કરી. મારું મન હજુ વ્યાપારમાં માનતું નથી. એમાં મને કંઈ બહુ રસ નથી, તેથી પિતાજીએ તેને વધુ ભણાવવા ભાવનગર મોકલ્યાં. શાંતમૂર્તિ શ્રીવૃદ્ધિચંદ્રજી ગુરુ મહારાજ પાસે તું રહેજે... તે તને ભણાવશે...

પિતાજીએ ભાવનગર સમાચાર મોકલાવી દીધાં. સંગાથ જોગ નેમચંદ ભાવનગર પહોંચી ગયાં. ગુરુદેવ પાસે પહેલી વખત ગયા છે પરંતુ નમ્રતાથી વંદન કરીને સુખ શાતા પૂછી.

મારું નામ નેમચંદ છે. લક્ષ્મીચંદ ભાઈનો પુત્ર છું.... બહુ સરસ... ગુરુદેવ બોલ્યાં... શું ભણે છે? સાત ચોપડી ગુજરાતીની કરી છે. ત્રણ ચોપડી અંગ્રેજીની કરી છે. શ્રીમયાભાઈ લીંબોળી પાસે મહુવામાં ભણ્યો છું અને શ્રીપીતાંબરભાઈ પાસે ત્રણ ચોપડી અંગ્રેજી ભણ્યો છું હાર્વડ પ્રાઇમરી ઈંગ્લિશ ભાષા ગમતી હતી એટલે થોડું શીખ્યો છું. પરંતુ હવે મને ધાર્મિક અને સંસ્કૃત અભ્યાસ કરવાની ઈચ્છા છે, આપની પાસે આવ્યો છું, જો આપ ભણાવો તો બહુ સારું.

શાંતિથી પૂછપરછ અને સવાલ જવાબ કરી ગુરુ મહારાજે બધું જાણી લીધું....

પછી એને પૂછ્યું કે આ બધું શાને માટે ભણવું છે ? ત્યારે સહજપણે કહ્યું કે મારા આત્માના કલ્યાણ માટે અને વિદ્વાન બનવા માટે.

ભાવનગર શ્રીજસરાજભાઈ (અમરચંદ જસરાજ)ને ત્યાં તારી જમવાની બધી વ્યવસ્થા થઈ ગઈ છે. પરંતુ રહેવાનું ભણવાનું ઉપાશ્રયમાં, બોલ ફાવશે?

જી..... ગુરુ મહારાજ... આપ આશીર્વાદ આપો. જેથી મારું કારજ સરે...

થોડા દિવસોમાં અભ્યાસ થતો ગયો, નિયમિત પ્રવચન ગુરુ મહારાજના સાંભળતાં રહ્યાં. વડીલોની શુશ્રુષા કરતા શ્રાવકોની ભક્તિને નિહાળતાં રહ્યાં.

એક રાત્રે તેમને અંતરથી વિચાર આવ્યો કે ઘરે રહીશ અને સંસારના કાદવમાં જો હું ફસાઈ જઈશ તો મારું જીવન કેવી રીતે સુધરશે? સૌથી સારું જીવન કયું? જીવન મરણ બંનેને શ્રેષ્ઠ બનાવે તેવો માર્ગ ક્યો?

અંદરથી જવાબ આવ્યો નેમચંદ! સંયમ ધર્મ જ સાચો માર્ગ છે અને તેનાથી જ આત્મકલ્યાણ થશે. જાણે દેવ વાણી થઈ.

ગુરુદેવના પ્રવચનનો સાર સંયમ ધર્મ જ છે તે દિલમાં સમજાયો. મનમાં ગાંઠ વાળી. ગુરુદેવને વાત કરી, પરંતુ તે જમાનો એવો ન હતો કે જાહેરમાં દીક્ષા થઈ શકે કે માતા પિતાની રાજી ખુશીથી સંમતિ મળી શકે..... દિલમાં દૃઢ નિર્ધાર થઈ ચૂક્યો કે લેવી તો દીક્ષા જ છે. ઘણી ઘણી કસોટીઓ થઈ. અતિશય મુશ્કેલીઓ અને કષ્ટો આવ્યાં. માતા-પિતા સંબંધીઓએ ઘણું બધું સમજાવ્યાં. વકીલ અને જજો એ પણ સમજાવ્યાં. અડધી રાત્રે ઉંટ પર બેસીને મહુવાથી ભાવનગર આવ્યાં, અને અમરચંદ જસરાજની મેડીમાં ૧૫ દિવસ છુપાઈને રહ્યાં. અંતે સ્વયં સાધુનાં કપડા પહેરીને રહ્યાં. ઘરે સમાચાર મળ્યાં. માતા-પિતાએ ઘણી રોકકળ કરી, માથા કુટ્યાં, હાથકડી પહેરવી પડશે, જેલમાં નાખવાની વગેરે ઘણી ધાકધમકી આપી. છતાંય એકના બે ન જ થયાં. ઘરે તો પાછો નહીં જ આવું એવો દૃઢ નિર્ધાર જાણી, અનિચ્છાએ માતા-પિતાએ તેની દીક્ષાનો સ્વીકાર કરી ઘરે ગયાં.

'કુંભ લગ્ન કા પૂત, હોત બડા અવધૂત.'



## પ્રસંગ ત્રીજો...
## આને કહેવાય અભ્યાસ


પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે દીક્ષાના પહેલા જ વર્ષે સંસ્કૃતનો અભ્યાસ વ્યાકરણથી જ ચાલુ કર્યો હતો. તથા તેઓની વિશિષ્ટ શક્તિ જોઈને પહેલા જ વર્ષે પર્યુષણમાં પાટ ઉપર બેસાડી કલ્પસૂત્રના સંસ્કૃતમાં વ્યાખ્યાન વાંચવા માટે સક્ષમ થઈ ગયાં હતાં.

સ્વયં વૈરાગી અને પ્રભુ શાસનને સમર્પિત થવા માટેની અદમ્ય ઈચ્છા અને તેના ઉપાય સ્વરુપ શાસ્ત્ર અને આગમોનો અભ્યાસ ઊંડાણથી થવો જોઈએ. તેની ચાવીરુપ સંસ્કૃત સિદ્ધ- હેમ (છ હજારી, બાર હજારી, અઢાર હજારી) વ્યાકરણ, સિદ્ધાંતચંદ્રિકા, સિધ્ધાંતકૌમુદી, ન્યાય કુસુમાંજલી વ્યુત્પત્તિવાદ, રઘુવંશ, માઘ-નૈષધ જેવા કાવ્યો, સાહિત્ય ગ્રંથો વગેરે અનેકવિધ ગ્રંથોનો અભ્યાસ માત્ર પાંચ વર્ષમાં કર્યો હતો. (જે બીજા સાધુઓ માટે કદાચ સારો ક્ષયોપશમ હોય તો પણ ૧૦ થી ૧૨ વર્ષ લાગે). આ માટે શરુઆતથી જ ધીરે ધીરે દસ, બાર, તેર,ચૌદ કલાક ભણવાનું નક્કી કરી ગોઠવતાં જતાં હતાં. બુદ્ધિ તેજસ્વી અને સૂક્ષ્મ હતી. ધારણા શક્તિ જબરી હતી. દિવસના લગભગ ૧૦૦ શ્લોક કંઠસ્થ કરતાં અને ઊંડી સમજણ શક્તિને લીધે ગમે તેવા કઠિન પદાર્થો અને પરિષ્કારોને પોતે સરળતાથી ધારી લેતાં અને એટલું જ નહીં તે ગ્રંથ પૂરો ન થાય ત્યાં સુધી ક્યારેક છ વિગયનો ત્યાગ અને દસ તિથીના ઉપવાસ કરતાં.

પ. પૂ.આચાર્ય શ્રીનંદનસૂરીશ્વરજી મહારાજા કહેતા હતાં કે ગુરુદેવ પોતે ભણવા માટે પ્રમાદ કે આળસ ન થઈ જાય તેના માટે માથાના વાળની ચોટલી બનાવી, બારીના એક છેડે દોરી બાંધે અને બીજે છેડે ચોટલીની સાથે બાંધી ભણતાં ગોખતાં હતાં. રાત્રે પ્રતિક્રમણ પછી થોડી થોડીક વાર ક્યાંય ઝોકું કે ઊંઘ આવી ન જાય તે માટે આંખમાં તમાકુ કે તપકીર આંજી ઊંઘ ઉડાડી સ્વાધ્યાય કરતાં, અને દિવસભરનો પાઠ કંઠસ્થ અને હૃદયસ્થ કરતાં હતાં. આળસ, પ્રમાદ કે ઉપેક્ષા જરા પણ નહીં.






''વ્હાલ તમારું, વેણ તમારા કદીય ન વિસરાય,
ભૂલ અમારી, દોષ અમારા માફ કરો ગુરુરાય.''
जे निच्चमप्पमत्ता विगह विरत्ता कसाय परिचत्ता।
धम्मोवएससत्ता ते आयरिए नमंसामि।।

## પ્રસંગ ચોથો...
## પ્રથમ ચોમાસું...

દીક્ષાના બે ત્રણ વર્ષમાં જ પ. પૂ. ગુરુદેવ શ્રી વિજય વૃદ્ધિચંદ્રજીમહારાજની અપૂર્વસેવા, ભક્તિ અને અભ્યાસ કરતાં જોઈ ગુરુ મહારાજનું મન પ્રસન્ન થઈ ગયું. અને સમય જતાં તેઓએ પૂજ્ય નેમવિજયને આજ્ઞાથી, પાલીતાણામાં તપાગચ્છાધિરાજ ગણિ શ્રી મૂલચંદજી મહારાજના શિષ્ય પંજાબી પૂ.દાનવિજય મહારાજની પાસે વધુ ન્યાયનો અભ્યાસ કરવા મોકલ્યાં. ત્રીજા વર્ષે અચાનક ટુંકી માંદગીમાં, વિ.સંવત્ ૧૯૪૮ વૈ.સુદ સાતમના ચતુર્વિધ શ્રીસંઘની ઉપસ્થિતિમાં 'અરિહંત સિદ્ધ સાહૂ' નું ઉચ્ચારણ અને પવિત્ર સ્મરણ કરતાં કરતાં પૂ.ગુરુદેવ કાળધર્મ પામ્યા. તેનું ઘણું દુઃખ અકથ્ય સ્થિતિમાં રહ્યું. પરંતુ આ નિમિત્ત પામી ગુરુદેવની ઈચ્છા અનુસાર હવે શાસનની વધુ સેવા કરી શ્રીસંઘોને ઉજમાળ કરવા માટે મનોમન સંકલ્પ કર્યો. વધુ એક વર્ષ પાલીતાણામાં જ રહી પોતાના જીવનમાં પાંચ વર્ષનો મજબૂત પાયો શાસ્ત્રો અને સાહિત્યોના અભ્યાસનો કર્યા પછી પાલીતાણાથી વિહાર કરી ગિરનાર તીર્થમંડન શ્રીનેમિનાથ દાદાની પહેલીવાર જાત્રા કરી. ખૂબ ભક્તિથી જાપ વગેરે કર્યા. ત્યાંથી વિહાર કરતાં કરતાં જામનગર પધાર્યા.

અહિં પૂજ્યશ્રીની સંવેગરસભરપૂર દેશના અને પ્રવચન શક્તિ સાંભળી શ્રીસંઘના આગેવાનો, વિદ્વાનો ઘણાં અભિભૂત થયાં. ઘણાં ઘણાં લોકો પૂજ્યશ્રી પ્રત્યે આકર્ષિત થયાં અને શ્રીસંઘે ચોમાસા માટેનો અતિ આગ્રહ કરતાં પોતાના જીવનનું સ્વતંત્ર ચોમાસું વિ.સં.૧૯૫૦ ની સાલમાં જામનગર ખાતે પહેલી વખત થયું.

આ ચોમાસામાં બે મોટા કામ થયાં.

ખૂબ કપરા સંજોગોમાં ડાહ્યાભાઈ કરીને શેરબજારના વેપારી, વૈરાગ્ય વાસિત થતાં જ તેઓએ દીક્ષા ગ્રહણ કરી અને પૂજ્યશ્રીના દ્વિતીય શિષ્ય મુનિ શ્રીસુમતિવિજય તરીકે પ્રસ્થાપિત થયાં. તથા ચોમાસું ઉતર્યા પછી શેઠ શ્રીસૌભાગ્યચંદ કપૂરચંદે પૂજ્યશ્રીના પરમ ભક્ત બની શ્રી ગિરનારજી તથા શ્રી સિદ્ધાચલજીનો છ' રી પાલિત સંઘ કાઢ્યો અને પવિત્ર તીર્થમાળા પહેરી... 'આ રીતે પૂજ્યશ્રીની શાસન પ્રભાવક્તાના પ્રથમ મંગલ સ્વરુપ મંડાણ થયાં,' જામનગરમાં. પૂજ્યશ્રીનું એકવીસ વર્ષની ઉંમરે સ્વતંત્ર પ્રથમ ચોમાસું, દીક્ષા અને બંને મહાતીર્થોનો છ' રી પાલિત સંઘ .....'બોલો જય શાસનસમ્રાટ.'

## પ્રસંગ પાંચમો...
## વ્યાખ્યાન શૈલી

પૂજ્યશ્રી વિ.સં. ૧૯૫૨ની સાલનું ચોમાસું પોતાની જન્મભૂમિ એવાં મહુવા ગામમાં સંસારી માતા-પિતાના અત્યંત આગ્રહને વિનંતીને કારણે પ્રથમવાર કરી રહ્યાં છે. શ્રીસંઘમાં અને સમસ્ત મહુવામાં, નાની ઉંમરમાં ભાગીને દીક્ષા લઈને મહારાજ હવે કેવા તૈયાર થયા છે ? તેની જિજ્ઞાસાને કારણે પણ લોકો પૂજ્યશ્રીને જોવા માટે પણ ટોળે વળીને ભેગાં થતાં હતાં.

ચોમાસાના નગરપ્રવેશ વખતે એમનું મુખારવિંદ જોઈ જોઈને લોકો એક જાતનો છૂપો આનંદ પામતાં હતાં. અને મહુવાના આ પનોતા પુત્રની વાણી સાંભળવા ઉપાશ્રયમાં લોકોની ભીડ એટલી જામેલી રહેતી કે જાણે માથા ઉપર કોઈ થાળી ફેરવે તો પણ નીચે ન પડે એટલી એકત્ર થઈ હતી. પોતાના ગામમાં શ્રીસુધર્મા સ્વામીની પાટ ઉપર મેઘગંભીર સમા પૂજ્યશ્રીએ દેશનાનો પ્રવાહ ચલાવ્યો.

અનંત ઉપકારી, અનંત કલ્યાણના કરનારા શ્રીમહાવીર સ્વામી ભગવાનનું શાસન પામીને, હે ભવ્યાત્માઓ ! સવારના ઉઠીને તમે સૌ પ્રથમ ચાર ભાવના હૃદયમાં ભાવજો. કારણ કે જિનશાસનમાં ભાવનાનું તત્ત્વ જ સર્વાધિક સાર્વત્રિક મહત્ત્વ ધરાવે છે.

સઘળી શુભ ભાવનામાં મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થ ભાવના જ જીવને આગળ અને ઉંચે ચડાવે છે.

સર્વ જીવો સુખી થાઓ. કોઈને પણ દુઃખ ન થાઓ. કોઈ જીવ પાપ ન કરો. 'એ મૈત્રી ભાવના છે'.

આ જગતમાં કોઈ જ્ઞાની હોય, ત્યાગી હોય, તપસ્વી હોય, ભાગ્યશાળી હોય, વિશિષ્ટ ગુણવાળા હોય તો તેઓને જોઈને મનમાં આનંદ થવો. ખુશ થવું પણ દુઃખી ન થવું કે ઈર્ષ્યા ન કરવી એ 'પ્રમોદભાવના છે.'

આ સંસારમાં સર્વ જીવો કર્મથી પરાધીન અને પરવશ છે તેથી કરી કોઈપણ કર્મના ઉદયથી જીવ દુઃખી દેખાય, તકલીફ કે મુશ્કેલીમાં હોય તો તેઓ પ્રત્યે હમદર્દી રાખી, દયા લાવીને તેના દુઃખો દૂર કરવાની ખરેખર ઈચ્છા રાખવી, તેને સહાયકારી થવું એ 'કરુણા ભાવના છે.'

આ સંસાર જાતજાતની વિચિત્રતાઓથી ઉભરાયેલો છે, તેમાં ગુણવાન અને અવગુણી આત્માઓ પણ જોવા મળશે, ધર્મના દ્વેષી અને સંસારના ખૂબ રાગી જોવા મળશે તો પણ તેમના પ્રત્યે દ્વેષબુદ્ધિ ન રાખતાં, તેઓનું પણ ભલું વિચારવું. તેઓ પણ પ્રભુના માર્ગે આવે, એવી ભાવના રાખવી તે 'મધ્યસ્થ ભાવના છે.'

આ ચાર ભાવનાઓ હંમેશા દિલમાં રાખજો, કારણ કે જે વીતરાગ ધર્મ આ જગતમાં મંગલ સ્વરુપે મળ્યો છે, તે દેવ દુર્લભ ગણાયો છે. તથા જીવનમાં જે કંઈ પણ દુઃખ, પાપ અને રોગ ઉભા થાય છે તે આ ભાવના નહીં વિચારવાથી થાય છે. અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ પણ ધર્મના પ્રભાવથી જ મળે છે. તેથી જીવનમાં સારા કાર્યો સારી ભાવનાથી કરજો અને ખોટા કાર્યોથી દૂર જ રહેજો. વગેરે વ્યાખ્યાનની શૈલી અને ભાષા એટલી બધી કર્ણ મધુર હતી કે એનો ધ્વનિ ક્યાંય સુધી લોકોના કાનમાં ગુંજતો રહેતો હતો. વ્યાખ્યાનમાં વારંવાર પ્રસિદ્ધ ધર્મગ્રંથો અને શાસ્ત્રોની પંક્તિઓનું અર્થઘટન કરવાની આગવી શૈલી સાંભળતાં, લોકો જીવનમાં મારા માટે જ જાણે વિશિષ્ટ પ્રેરણા કરે છે, એવું સમજીને લોકો ધર્મ કાર્યોમાં સ્વયં ઉલ્લસિત રહેતાં.

## પ્રસંગ છઠ્ઠો...
## આશીર્વચનનો પ્રભાવ

મનસુખ મામા નામે એક શ્રાવક અમદાવાદ ફતાસાની પોળમાં રહેતાં હતાં . એક દિવસ પાટણનો ગરીબ અને અનાથ એવો એક નાનો છોકરો પરિચયમાં આવ્યો. તેમની કોઈ દેખભાળ લેવાવાળું હતું નહીં. શેઠ જેસીંગભાઇના ઘરે તે ભણશે અને કામ કરશે તેમ કરીને મૂકવા જતાં હતાં.


રસ્તામાં પાંજરાપોળ આવી. પૂજ્યશ્રીને વંદન કરવાં ગયા. છોકરો સાથે હતો. મહારાજજી એ જોતાં જ પુછ્યું, આ છોકરો કોનો લઈ આવ્યો? સારો છે. મામાએ વિગતે વાત કરી. શેઠ જેસિંગભાઈને ત્યાં મુકવા જાઉં છું. છોકરાએ જ ના પડી, મને અહીં રહેવા દો ને?. મામાએ વ્યાખ્યાન સાંભળ્યું. પછી સમજાવીને લઈ જતાં હતાં, ત્યાં બે ત્રણ દિવસ રહેવા દો, નહીં ફાવે તો મૂકી જજો, પૂજ્યશ્રીએ જવાબ આપ્યો.

છોકરો ઉપાશ્રયમાં રહી ગયો અને દૂર બેઠાં ટગર, ટગર શાસનસમ્રાટશ્રીને જોયાં કરતો. મઝા આવી ગઈ. ઉપાશ્રયમાં કચરો કાઢવો, પૂજ્યશ્રી પ્રેરિત પાઠશાળાના એ મોટા છોકરાંઓને પાણી, કપડાં, પથારી વગેરે યથાયોગ્ય કામો કરતો હતો. નાની નાની લેવા દેવાની વસ્તુઓનું કામ કરતો.

એક દિવસ મહારાજજીએ તેને નવકાર મંત્ર આપ્યો. થોડું થોડું વાંચવાં, લખવા, ભણવાનું, શીખવા લાગ્યો. પરંતુ જલ્દી જ્ઞાન ચડે નહીં. એમ કરતાં કરતાં એક ઈરિયાવહીયા સૂત્ર કરતાં છ મહિનાથી વધુ સમય લાગી ગયો, પરંતુ પૂજ્યશ્રી સાથે એમને ખૂબ ગમી ગયું. એક દિવસ મનમાં દીક્ષા લેવાના ભાવ થઈ ગયાં. મને તમે દીક્ષા આપો ખરાં? મહારાજજીએ કહ્યું મોટો થાય પછી. પહેલા બરાબર ભણ. પરંતુ બાળકને ઘર જેવું લાગી ગયાં પછી નવા નવા પ્રશ્નો તે બહુ પૂછતો, અને હોંશે હોંશે નાના નાના કામો બહુ કરતો. અંદરથી ખૂબ તે ભોળો, રમૂજી અને પ્રામાણિક હતો. પાંજરાપોળનું ચોમાસું પૂરું થયું.

વિ.સં. ૧૯૫૭માં ત્રિભોવનદાસ નામે શ્રાવક પૂજ્યશ્રી પાસે દીક્ષા લેવા માટે આવ્યાં. તેમના વૈરાગ્યની કસોટી અને દીક્ષા માટેની પ્રબળ ભાવના જોઈ સંમતિ આપી. આ વાતની ખબર પેલા છોકરાને ખબર પડી એટલે દોડતો મહારાજજી પાસે આવ્યો ને કહ્યું કે મારી દીક્ષા જ પહેલી થવી જોઈએ. મેં પહેલા આપને વાત કરેલી છે. મારે લેવી જ છે. હઠ પકડી. એકનો બે ન જ થયો. ઘણું સમજાવ્યું. અંતે પૂજ્યશ્રીએ પોતાના જ્ઞાન ચક્ષુ વડે તેનામાં રહેલી પાત્રતા અને ભાવના જોઈ સંમતિ આપી, પરંતુ તે સમયે બાળ દીક્ષાની વાત સાંભળી લોકો ભડકી જતાં હતાં. ગમે તેમ બોલતાં હતાં. આથી સમયજ્ઞ પૂજ્યશ્રીએ ખાનગી દીક્ષા દેવા બાજુના કાશીન્દ્રા ગામે પૂજ્ય આનંદસાગરજી મહારાજ તથા મુનિ શ્રીસુમતિ વિ. મ.ને મોકલ્યાં. દીક્ષામાં નવ વર્ષના બાળકનું નામ, પૂજ્ય શાસનસમ્રાટ્શ્રીના શિષ્ય 'મુનિ શ્રીયશોવિજય મહારાજ' રાખવામાં આવ્યું. થોડો સમય આજુબાજુમાં પસાર કરાવીને પૂ.મહારાજની પાસે લાવ્યાં. તેઓ બાલમુનિ તરીકે સૌ પ્રથમ હતાં. તેમને ભણવા માટેની બરાબર

હિતશિક્ષા આપી અને ખૂબ ભણીશ તો તારો વિકાસ થશે એમ કહી આશીર્વચન આપ્યાં અને આનંદ-અનુમોદનાની વાત એ બની કે જે ઈરિયાવહીયા સૂત્ર કરતાં તેઓને પહેલાં છ મહિના લાગ્યાં હતાં, તે દીક્ષા પછી રોજની સો ગાથા કરતાં થયાં. અને સંસ્કૃત પ્રાકૃતમાં વિશારદ થયાં. વિદ્વાનો સાથે અસ્ખલિતપણે સંસ્કૃતમાં ગદ્ય-પદ્ય રીતે વાતો કરી શકતાં હતાં. કહેવાય છે કે જે જ્ઞાનાદિ ગુણો પોતાનામાં પરિણત અને સિદ્ધ થયા હોય તે યોગ્ય જીવોમાં જલ્દી સંક્રાંત કરી શકાતાં હોય છે.



## પ્રસંગ સાતમો...
## ઔચિત્યપાલનં ચૈવ...

વિક્રમ સંવત ૨૦૦૩ની સાલ છે. અમદાવાદ પાંજરાપોળમાં, શાસનસમ્રાટ્શ્રી બિરાજમાન છે.

અમે બધા વિહાર કરીને પૂજ્ય શ્રી વિજ્ઞાનસૂરિજી મહારાજની સાથે ગુરુદેવને વંદન કરવા આવ્યાં છીએ. જિંદગીમાં પહેલીવાર શાસનના અને સમુદાયના ગચ્છનાયકને પહેલીવાર જોવાની મનમાં હોંશ છે, અને વાંદવાની તલપ છે. નાના સાધુઓ સામે લેવાં આવ્યાં છે. હરખના આંસુ સાથે શાસનસમ્રાટ્શ્રીને વંદના, સુખશાતા કરી, મોટું ગુરુવંદન ભાવસભર કર્યું. તેમની પડછંદ કાયા, મોટું મોઢું, વિશાલ છાતી, પ્રતિભાવંત શરીર જાણે જોયાં જ કરીએ.

પૂજ્ય ગુરુજી કસ્તૂરવિજયજી સાહેબે મને વિનય વિવેકની વાતો સમજાવી હતી. વંદનાદિ વગેરે પૂર્ણ થયા બાદ શાસનસમ્રાટ્ મને જોઈને બોલ્યાં કે આ ગોરીઓ છોકરો ક્યાંથી ઉપાડી લાવ્યો? દેખાય છે તો સારો.. આપની કૃપા, આપના આશીર્વાદ. ઔપચારિક રીતે વિહાર અને સાધુઓના સમાચારો જાણી સહું યથાસ્થાને ગોઠવાઈ, આવશ્યક ક્રિયાઓ કરી લીધી.


બપોરે પૂજ્ય શાસનસમ્રાટ્શ્રી ગોચરીની માંડલીમાં પધાર્યા છે. આવશ્યક વાપરીને નીચે આવી ગયાં છે. થોડીવાર રહીને મારે બાજુના ઘરમાં તરપણી

લઈને થોડું વહોરવા જવાનું થયું. પાછો આવીને મહારાજજીને દેખાડ્યું. અને ડાબા હાથે રહેલા દાદર ચઢીને ઉપર જ્યાં જવાનું થયું ત્યાં જોરથી હાકોટો પાડીને બોલ્યાં.....ઉદય... એય ઉદય! અહિં આવ. વાપરવાનું પડતું મુકી તરત જ ઊભા થઈ જલ્દીથી નીચે પધાર્યા, બે હાથ જોડીને મસ્તક નમાવી ઉભા રહ્યાં, તને કંઈ ભાન-બાન છે કે નહીં? તને આટલી ખબર નથી પડતી કે આજે આપણે ત્યાં આપણા સાધુઓ પાહુડા(મહેમાન) થઈને આવ્યાં હોય ત્યારે તું તેને ગોચરી મોકલે છે? તને લેવા જતાં શું શરમ આવે છે? આટલી પણ ખબર પડતી નથી, વગેરે વગેરે ..... ચૂપચાપ બધો આક્રોશ, ઉદયસૂરિ દાદાએ સાંભળી લીધો. કોઈ જવાબ નહીં, કોઈ ખુલાસો નહીં. સારું ધ્યાન રાખીશ....

ઉપર આવીને ચંદ્રોદયવિજયની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. મારા કારણે આપને આટલું સાંભળવું પડ્યું ... ઉદયસૂરિ દાદા બોલ્યાં, ગુરુ નહીં કહે તો કોણ કહેશે ? તે આપણું ધ્યાન નહીં દોરે તો કોણ દોરશે? તું ચિંતા ના કર. જે થયું તે બરાબર જ છે.

હકીકતે મારા ગુરુજીની દવા લેવા માટે હું બાજુમાં ગયો હતો ઉદયસૂરિ દાદાને તો ખબર જ નહોતી, કે હું કશુંક લેવા ગયો હતો, છતાંય કારણ વગરનો ગુસ્સો સાંભળી લીધો અને કશો જ જવાબ ન આપ્યો. તે વાત મારા મનમાં ખૂબ ઊંડી છાપ છોડી ગઈ. બપોરની ગોચરી, પાણી, વડીલોનું પડિલેહણ વગેરે કામ પતાવી આસને બેસવા જતો હતો ત્યાં શાસનસમ્રાટ્શ્રીએ મને બોલાવી કહ્યું, એય ગોરીયા! અહિં આવ, શું ભણે છે? મેં કહ્યું.

સંસ્કૃત અભ્યાસ ચાલું છે... જા તારી ચોપડી લઈ આવ. મનમાં ગભરાટ અને તકલીફ ઘણી લાગી, પરંતુ બીજું કશું જ બોલાય તેવું ન હતું , પછી અત્યંત પ્રેમથી, વધુ બાજુમાં બેસાડી, અભ્યાસ અંગેની રીતરસમ દેખાડી, સમજાવી, આવશ્યક સૂચનાઓ આપી અને કહ્યું કે જો તારા ગુરુજીની ક્યારેય સેવા- ભક્તિ છોડતો નહીં અને ભણવામાં પ્રમાદ કરતો નહીં. બીજું ''ઔચિત્યપાલનં ચૈવ, સર્વત્રૈવા વિશેષતઃ'' આખી જિંદગી આ એક નિયમનું પાલન કરજે.નાના મોટાનું ઔચિત્ય પાલન કરવું તે સાધુ જીવનનો પહેલો ધર્મ છે. આવા આશીર્વાદ મને નાની ઉંમરમાં પૂજ્યશ્રીએ આપ્યાં, તે મારા સમગ્ર જીવનની મૂડી બની ગઈ. આખી જિંદગી મારા ગુરુજીથી મેં છુટાં પડીને ક્યારેય સ્વતંત્ર ચોમાસું કર્યું ન હતું.આ રીતે નજર સામે બનેલા પ્રસંગનું તાદૃશ વર્ણન મારા ગુરુજી શ્રીચંદ્રોદયસૂરિજીએ અમને બધાને ગોચરીની માંડલીમાં એક વાર કહેલું હતું.



## પ્રસંગ આઠમો...
## શાસનની સુરક્ષા...

શેઠ અંબાલાલ સારાભાઈ જૈન સંઘના અગ્રણી હતાં, અને આ.ક.પેઢીના પ્રમુખ વહીવટકર્તા હતાં. રાજકીય તથા સામાજિક ક્ષેત્રે જગપ્રસિદ્ધ હતાં, પણ મહારાજજીને તેઓ પોતાના ગુરુ તરીકે માનતા. તેમના આદેશને તેઓ હંમેશા પાળતાં.

એકવાર અમદાવાદમાં તેમના હાથે કૂતરા પ્રકરણ બનેલું. તે પ્રકરણને લઈને કેટલાક ચળવળિયા સાધુઓએ તેમના વિરોધમાં લેખો લખ્યાં, તથા વ્યાખ્યાનો વ. કર્યાં. લેખો તે તે સાધુ દ્વારા છપાતાં પોતાના મુખપત્રમાં છપાવ્યાં. લેખોમાં શેઠની ભૂલ બતાવવા પૂરતી વાત હોત તો કોઈ તકલીફ ન થાત, પરંતુ તેમણે શેઠની બદનક્ષી થાય તેવા લેખો છપાવ્યાં. આથી શેઠ નારાજ થયાં, અને તેમણે તે સાધુઓ તથા પત્રના તંત્રી વગેરે સામે કોર્ટમાં બદનક્ષીનો દાવો માંડી દીધો. કોર્ટમાં કેસ ચાલ્યો, અને કોર્ટને લાગ્યું કે ખરેખર અંબાલાલ શેઠની આ લેખોથી બદનક્ષી થઈ છે. પરિણામે તકસીરવાર સાધુઓને જેલની સજા થાય તેવા સંજોગો ઊભા થઈ ગયાં.

આથી વિષમ સંજોગો સર્જાયા. સંઘ આખો ચિંતાતુર થઈ ગયો. લખનાર સાધુઓ તે શ્રીપ્રેમવિજયજી, શ્રીરામવિજયજી અને પત્રના તંત્રી પ્રેમચંદ હઠીસીંગ વગેરેને કેદ થાય જ તેવી શક્યતા સર્જાઇ. આ સંજોગોમાં તે સૌને પૂ.નેમિસૂરિ મ. યાદ આવ્યાં, કે હવે મહારાજશ્રી જ આમાંથી ઉગારી શકે.

આ જ અરસામાં મહારાજજીને અમદાવાદ પધારવું થયું. તેઓના સામૈયામાં ઉપરોક્ત ઉપાધ્યાયાદિ સાધુગણ આવ્યો, પ્રવચન-શ્રવણ કર્યું, અને પછી અંગત મુલાકાતમાં આ કેસ વિષે રજૂઆત કરી.

મહારાજજીએ શું જવાબ આપ્યો તે તો ક્યાંથી જાણવાં મળે? પરંતુ *તેઓએ એક વડીલ મહાપુરુષ તરીકે 'આવાં લેખો ન લખવા જોઈએ' એવી ટકોર તો અવશ્ય કરી જ હોય, તેવું કલ્પી શકાય. તેઓ કહેવા જોગ હતાં અને સામાવાળા સાંભળવા જોગ હતાં.

પછી આ બાબત મહારાજજીએ હાથ પર લીધી. શેઠને સમજાવ્યાં, અને છેવટે આદેશ કર્યો. શેઠે તેમનો આદેશ શિરે ચઢાવ્યો અને કોર્ટમાં રજૂઆત કરીને તહોમતદારો પૈકી ઉપરોક્ત મુનિવરોનાં નામો કમી કરાવ્યાં. તે પછી કોર્ટે બે કે ત્રણ જે હશે તે ગૃહસ્થોને પ્રાયઃ ૪ વર્ષની કેદની સજા કરી, અને મુનિરાજો તેમાંથી બચી ગયાં.


આ વેળા એક તબક્કે જ્યારે અંબાલાલ શેઠે આ સાધુઓ સામેની ફરિયાદ પાછી ખેંચવાનો ઈન્કાર કર્યો ત્યારે મહારાજીએ કહેલું કે

''તો અંબાલાલ સાંભળી લે, હવે તારી સામે રામવિજય નથી પણ નેમિસૂરિ છે, એમ માનીને કેસ ચલાવજે. '' આ શબ્દોની સાથે જ શેઠે તે બંને સામેની ફરિયાદો પાછી ખેંચી લીધી.

એક ગચ્છપતિ શાસનની રક્ષા માટે શું કરી શકે તે તે પ્રસંગે સકળ સંઘે જોયું. શાસનની રક્ષાના મુદ્દે આવું ઉદાર, નિઃસ્વાર્થ અને ભેદભાવ કે પક્ષપાત વગરનું વલણ ૨૦મી સદીમાં કે તે પછી કોઈ અન્ય આચાર્યે દાખવ્યું હોય તેવો દાખલો જડે તેમ નથી. આવા શાસન સંરક્ષક મહાપુરુષ ન હોત તો જૈન શ્રીસંઘના ઈતિહાસનું એક કલંકિત પ્રકરણ અવશ્ય રચાયું હોત.


('શાસનસમ્રાટ' ગ્રંથના પાના નંબર ૨૫, ૨૬ ઉપરથી... લેખક- વિજયશીલચંદ્ર સૂરિ.)

न गुरोरधिकं तत्त्वं, न गुरोरधिकं तपः।
तत्त्वज्ञानात् परं नास्ति, तस्मै श्री गुरवे नमः।।



વનરાજ શી આંખે ભર્યા
શાસન ખુમારી ચાલમાં...

વ્યક્તિત્વ તેજે ઝળહળે
ગુરૂરાજ આવા નહિ મળે.



**ગુરૂ કરૂણારસ સાયર! નમો નમો તુબ્ભપાયાણં**

## પ્રસંગ નવમો...
## પૂજ્યશ્રીની પ્રભાવકતા

શાસનસમ્રાટના નાના-મોટા કોઈ પણ પ્રસંગો પ્રભાવક તો હોય જ છે પરંતુ પ્રચંડ પુણ્ય,પરાક્રમ અને સાહસથી ભરપૂર પણ હોય છે.

પોતાના જીવનમાં જે મોટા મોટાં કામો થયાં છે, તે બધામાં શિરમોર સમાન અમદાવાદથી ગિરનાર અને ત્યાંથી પાલીતાણાના છ' રીપાલિત સંઘનો પ્રસંગ ઐતિહાસિક બની ગયો છે. જે આજે ૮૮ વર્ષ પછી પણ તેની યાદ, અનુમોદનામાં સહજપણે ફેરવાઈ જાય અને મન-હૃદય રોમાંચિત થઈ જાય તેવો આ પ્રસંગ છે.

પૂ. ઉદયસૂરિદાદાએ આપેલા મંગલમુહૂર્તે વિ.સં. ૧૯૯૧ની સાલમાં માગશર વદ દશમ, ૩૧/૧૨/૧૯૩૪, સોમવારના દિવસે શેઠ માકુભાઈ, પિતા મનસુખભાઈ પરમ આગ્રહ ભરી વિનંતીથી અમદાવાદ (રાજનગર)થી ગીરનાર તથા શત્રુંજય મહાતીર્થના સંઘનું પ્રયાણ થયું હતું.

આ સંઘમાં પરમ પૂજ્ય શાસન સમ્રાટશ્રીની નિશ્રા મુખ્ય હતી. તેઓની સાથે પૂ.આ. આનંદસાગરજી મ., પૂ.આ. મોહનસૂરિજી, શ્રીમેઘસૂરિજી મ.વગેરે ૨૪૦ જેટલા સાધુઓ, ૪૦૦ ઉપરાંત સાધ્વીજી મહારાજ, લગભગ ૧૩૦૦૦ છ'રી પાળતાં યાત્રિકો, ૮૫૦ બળદગાડીઓ અને મોટરો ખટારા સહિત ૧૩૦૦ જેટલા વાહનો, ચાંદીનો મહેન્દ્રધ્વજ, સુવર્ણ ચાંદીનો પ્રભુજીનો રથ, ચાંદીનો મેરુપર્વત અને ચાંદીનું આખું (ફોલ્ડીંગ) જિનમંદિર તથા ચાંદીની મનોરમ્ય અંબાણી તથા બે મહાકાય ગજરાજો (હાથી) આ સંઘની જાહોજલાલી પૂરી પાડતાં હતાં. લોકમાનસમાં અદ્‌ભુત અદ્‌ભુત શબ્દો સરી પડે એવી આ સંઘપ્રયાણ યાત્રા ઐતિહાસિક બની હતી. ભાવનગર સ્ટેટના દિવાન પ્રભાશંકર પટ્ટણી, ખાસ જોવાં અમદાવાદ આવ્યાં હતાં.

પ્રયાણના દિવસે લગભગ ચાર લાખ માણસો રાજનગરના રાજમાર્ગો ઉપર જોવા ઉમટેલું હતું અને સરકારે ચાર છ કલાક માટે બધા માર્ગો બંધ કરી દીધા હતાં. અમદાવાદથી શરુ થયેલો આ સંઘ ત્રીજે દિવસે સરખેજ આવ્યો. ત્યાંથી બદરખા, ધોળકા,સરંઢી, મીઠાપુર થઈ લીંબડી આવ્યો.એક પછી એક મુકામ આગળ વધવા લાગ્યો.

આ છ'રી પાલિત સંઘ જ્યાં જ્યાં પડાવ નાખતાં હતાં, ત્યાં એ આખી જગ્યા 'મનસુખનગર'ના નામે ફેરવાઈ જતી હતી. એ નગરમાં જવા માટે ભવ્ય કમાનોથી સુશોભિત 'ત્રણ પ્રવેશદ્વારો', એના મધ્યમાં 'માણેકચોક' રચાતો હતો. એની બાજુમાં જિનાલય, પોલીસ થાણું, પછી ચારે તરફ યાત્રિકોના તંબુઓ, ૧૫૦૦ ઉપરાંત નાની મોટી રાવટીઓ, ૭૫ મોટા તંબુઓ અને 'પૂજ્યશ્રી માટેનો વિશાળ તંબુ અને બધાની નજરમાં આવે તેવો સંઘપતિનો સુવર્ણ કળશથી શોભતો વિશાળ રજવાડી ઠાઠયુક્ત તંબુ નખાતો હતો.' તે સિવાય વાહનો,પશુઓ અને પાર્ક કરવાની જગ્યા જુદી.

સંઘમાં દરેક દિવસે જુદા જુદા શ્રેષ્ઠીઓ તરફથી નવકારશી લખાતી હતી, અને દરરોજ લગભગ ૧૫, ૧૭ કે ૨૦,૦૦૦ લોકોની સાધર્મિક ભક્તિનો લાભ લેતાં હતાં. તે સિવાય ચીમનભાઈ લાલભાઈ, સારાભાઈ ડાહ્યાભાઈ વગેરે શ્રીમંતો અને સંબંધીઓના નાના-મોટા ૨૧ રસોડાઓ સ્વતંત્ર જુદાં, ચાલતાં હતાં. તેથી પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજને નિર્દોષ ગોચરી મળી રહેતી.

શ્રીસંઘના મુખ્ય રસોડામાં દરરોજના લગભગ ૩૦૦ મણ મીઠાઈઓ, ૪૦૦ મણ ફરસાણ, ૪૫ મણ ભાત, ૨૦ મણ દાળ, ૬૦ મણ જુદાં જુદાં શાકો અને ૮૦૦ મણ લાકડાના બળતણ વગેરે એક દિવસમાં વપરાતાં હતાં.

આ શ્રીસંઘ જ્યારે લીંબડીમાં આવ્યો ત્યારે ત્યાંના મહાજને તથા શ્રીદોલતસિંહજી મહારાજાએ સમગ્ર સ્ટેટ વતી મોટા સાજન

મહાજન સાથે શ્રીસંઘનું દબદબાભર્યું સામૈયું કર્યું હતું, અને આ સામૈયું જોવા સમગ્ર જનતા ઝાલાવાડમાંથી લીંબડીમાં ઠલવાયું હતું. વઢવાણથી તો એક સ્પેશિયલ ટ્રેન ભરી માણસો જોવા આવ્યાં હતાં. તે દિવસે લગભગ ૨૦૦૦૦ માણસોએ શ્રીસંઘ ભક્તિનો ભરપૂર લાભ લીધો હતો.

આ સઘળા માહોલમાં પૂજ્યશ્રીની સર્વતંત્ર સ્વતંત્ર પ્રતિભા અને સંઘવીજીની ઉદારતા સૌ કોઈના આકર્ષણનું કેન્દ્ર બિંદુ બન્યું હતું.

સંઘ જ્યારે લીંબડી વિંછીયા,જસદણ આટકોટથી ગોંડલ તરફ જવા રવાના થયો ત્યારે ખબર પડી કે ગોંડલના મહારાજા દરેક વ્યક્તિનો મુંડકાવેરો લેવા માંગે છે અને આ શીરસ્તો જો પડી જાય તો ભવિષ્યમાં દરેક સંઘો માટે જકાત ભરવાનો ચીલો ખુલ્લો થતો જાય, જે બિલકુલ યોગ્ય નહોતું. તેથી સંઘના આગેવાનોએ વિચાર કરી રસ્તો બદલાવી વડીયા ગામનો લીધો. ત્યાંના ઠાકોર ખુશ ખુશ થઈ ગયાં. બધી વ્યવસ્થા કરી આપી. ગોંડલના મહાજને ઘણી બધી તૈયારી કરી હતી અને ખબર પડી કે હવે ગોંડલ રસ્તે નથી આવવાનો. તરત જ મહારાજાને, મહાજન વિનંતી કરવા ગયું. ના પાડી. જકાત તો ભરવી જ પડશે. અંતે રાણીબાને સમજાવ્યાં કે આવા પવિત્ર મહાપુરુષો, અને હજારો ધાર્મિક લોકો જો ગોંડલ સ્ટેટમાં ન આવે તો મહારાજાનું ખૂબ ખરાબ દેખાશે, કે વડીયા(નાની ઠકુરાત)જેવું નાનું ગામ આવડાં મોટા સંઘની બધી વ્યવસ્થા કરી આપે છે, પણ ગોંડલ નથી કરી શકતું. આમ ગોંડલનું નાક કપાતું જોઈને હરખાશે. મહારાણી સાહેબા, તરત સમજી ગયાં. અને કહ્યું તમે જાવ, રાણીબાએ ભોજનના ટાણે રાજાજી આવ્યાં એટલે જાહેર કર્યું કે જ્યાં સુધી આ ધાર્મિક સંઘ ગોંડલમાં નહીં આવે, ત્યાં સુધી મારે અન્ન-જળનો ત્યાગ છે. રાણાજી આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયાં. ટુંકાણમાં બધું સમજી ગયાં. તરત જ મહાજનને બોલાવીને કહ્યું કે તમારા સંઘને ગોંડલ લાવવાનું નક્કી કરો ને સંઘની બધી જ સગવડ હવે રાજાજી કરશે.

તમે ગમે તે ઉપાયે નક્કી કરીને આવો. અંતે આખો ગોંડલનો સંઘ, મહાજન, રાજાના દીવાન અને ત્યાંના વોહરા, ખોજા જાતિના કરોડપતિ આગેવાનો, મહાજનની મોખરે હતાં. તેઓ સીધાં પૂજ્યશ્રી શાસનસમ્રાટ્‌ની પાસે ગયાં. કરોડોપતિઓએ માથા પરની ટોપીઓ ઉતારીને કહ્યું કે આપને ગોંડલ પધારવું જ પડશે, આપ અમારી આ નમ્ર વિનંતિ માન્ય કરો. પૂજ્યશ્રીએ તેમને સંઘવીજી પાસે જવા જણાવ્યું. એક થી બે દિવસમાં જ તંબુ ઘરાવટી વગેરેનો બંદોબસ્ત કરવાનો હતો અને સમગ્ર વ્યવસ્થા વહીવટનો ફેરફાર એક બે દિવસમાં શક્ય ન હતો, છતાં ઘણી મથામણને અંતે ગોંડલ જવાનું રાખ્યું.નામદાર મહારાજાએ રેડ કાર્પેટથી ભવ્ય સામૈયું-સ્વાગત કર્યું.પૂજ્યશ્રીના પ્રવચનમાં, ગોંડલના મહારાજા, આખા રાજ પરિવાર સાથે આવ્યાં. સંઘ બે દિવસ સુધી રોકાયો. સ્ટેટ તરફથી બધી જ તૈયારી, દૂધ-પાણી તથા સંરક્ષણનો બંદોબસ્ત કરાયો.

અંતે બે દિવસની મોંઘેરી મહેમાનગતિ માણીને શ્રીસંઘ વીરપુર, જેતપુર, ચોકી અને વડાલ થઈને જુનાગઢ આવ્યો.


गुरूगुणसुनिधानं, नौमि नेमिं सुभक्त्या।



નૈન તમારા નિરખી નિરખી, નમવું મારે હરખી હરખી.
અમ જીવોને પરખી પરખી, દોષ હરી લો ભરખી ભરખી..

પ્રવેશના દિવસે જુનાગઢ શ્રીસંઘ તરફથી બધા યાત્રિકોનું સામૈયું થયું. જુનાગઢ સ્ટેટના મુખ્ય દિવાન ''સર પેટ્રીક કેડલે'' મોટો મેળાવડો યોજ્યો. જૂનાગઢના મહાજનવતી શ્રીસંઘવીજીને માનપત્ર અર્પણ કરતા દિવાન સાહેબે કહ્યું કે આ ધર્મ કાર્ય

**સાહસ, શૌર્ય અને શાસન દાઝના સ્વામી! આપને સો-સો સલામ...**



કરતાં અને સ્વાગત કરતાં મને ખૂબ આનંદ થયો છે. આવડાં મોટા સંઘના કાર્યને પાર પાડવા માટે શેઠ શ્રીમાકુભાઈ મનસુખભાઈએ જે શુભ પ્રયાસ કર્યો છે તે ઘણી જ ખુશીની વાત છે. તે પછી માકુભાઈએ ઘણી નમ્રતાથી તેનો યોગ્ય જવાબ આપ્યો.અને ત્યાંની સંસ્થાઓમાં હજારો રુપિયાની ઉદાર સખાવતો જાહેર કરી.

જૂનાગઢમાં ચાર દિવસ સ્થિરતા કરી મહા સુદ ત્રીજના દિવસે યાત્રા કરી અને ત્યાં આગળ સંઘવી અને સંઘવણને નંદીની, તીર્થમાળારોપણની બધી વિધિ પૂજ્યશ્રીએ જાતે જ કરાવી. અને પૂજ્ય પંન્યાસ શ્રીગંભીરવિજયજી મહારાજના શિષ્ય મુનિ શ્રીઅવદાતવિજયજીને તથા પૂ. શ્રીમણી -વિજયજી દાદાના પ્રશિષ્ય મુનિ શ્રી નયવિજયજીને પંન્યાસ પદ પણ અપાયું. તે પછી ત્યાં એકત્ર થયેલા જનસમૂહે જે રીતે શ્રીનેમિનાથ દાદાનો જય જયકાર કર્યો, જાણે આખોયે ગિરનારતીર્થ જયનાદથી ગુંજી ઉઠ્યો.

ત્યારબાદ જૂનાગઢથી વડાલ, વાવડી, તોરી, કુંકાવાવ, આકડિયા થઈને શ્રીસંઘ અમરેલી આવ્યો. અમરેલીમાં ગાયકવાડી રાજ્ય હતું. તેઓએ સંઘને સુંદર બધી જ પ્રકારની સગવડતા કરી આપી હતી. ત્યાંના સુબા શ્રીપીલાજીરાવ ગાયકવાડે હાજરી આપી. મહાજનનું માનપત્ર પણ તેમના હાથે સંઘવીજીને અપાયું હતું.

અત્યારે વિચાર તો એ આવે કે એક

ત્રણ દિવસનો સંઘ કાઢવાનો હોય તો પણ કેટ કેટલી તૈયારી કરવી પડે છે ત્યારે સંપૂર્ણ દોઢ મહિના સુધી ચાલેલો આ સંઘ આટલા યાત્રાળુઓ અને આટલી તૈયારીઓ શાસનદેવની પ્રગટ સહાય વગર કેવી રીતે થઈ શકે?

અમરેલીથી સાવરકુંડલા થઈને ભાવ નગરની હદમાં પ્રવેશ્યો. ભાવનગરથી પાલીતાણાની હદમાં ગારીયાધાર પહોંચ્યાં. અહીં પણ ચો તરફથી માનવ મેદની ઉભરાતી હતી. છેલ્લે સોમલ, ઘેટી થઈને સંઘ પાલીતાણાના પાદરે પહોંચ્યો. ત્યારે દરેકના હૃદયમાં આજે જે ઉલ્લાસની છોળો ઉછળતી હતી તે ગિરિરાજના દર્શને પૂનમની ભરતીની જેમ વધતી ગઈ.

મહા વદ બીજનો દિવસ હતો. મંગલ પ્રવેશ શુભ ચોઘડીએ હોવાથી સંઘે ગામ બહાર વિસામો લીધો હતો. છેલ્લે છેલ્લે આજુબાજુના ગામોના લોકો શ્રીસંઘના દર્શન માટે આવેલા. લોકોની સંખ્યા ૪૦,૦૦૦ થી વધારે હતી. આવા શ્રીસંઘના દર્શન આપણને થાય હોય તો કેવું સારું લાગે? આ માટે મદ્રાસથી રાજસ્થાની ભાઈઓ સ્પેશિયલ ટ્રેન લઈને શ્રીસંઘના દર્શન કરવાં પાલીતાણામાં આવ્યાં હતાં.

પાલીતાણાના દિવાન સાહેબ શ્રી મૂળ રાજકુમાર સિંહજી અને નામદાર ઠાકોર સાહેબ, સામૈયામાં થોડી સુધી આવ્યા હતા, સામૈયું કલાકો સુધી ફરીને તળેટી જુહારીને મનસુખ નગરમાં ઉતર્યું. અને પછી પૂજ્યશ્રીએ બુલંદ અવાજે ધર્મોપદેશ આપ્યો હતો. મહા વદ પાંચમના દિવસે તીર્થમાળા ઉપર કરવામાં આવી. પેઢીએ લાખો રુપિયાના ખર્ચે તૈયાર કરાવેલા સાચા હીરા- માણેક અને રત્નોથી ભરપૂર મોટો મુગટ તિલક, હંસ, બાજુબંધ અને શ્રીફળ વગેરે આ દિવસે ઉછામણી બોલીને પહેરાવવામાં આવ્યાં. પછી દાદાના સુવિશાળ દરબાર (સ્નાત્રમંડપ)માં પૂજ્યશ્રીએ વિશાળ મેદની વચ્ચે સંઘવીજી માકુભાઈ, મનસુખભાઈ તથા સંઘવણ સૌભાગ્ય લક્ષ્મીબેન વગેરેને છ ’રી પાલિત તીર્થયાત્રાનો અપૂર્વ મહિમા સમજાવી વિધિપૂર્વક તીર્થમાળા પહેરાવી. ઉપસ્થિત રહેલા સર્વે લોકો પોતાને ધન્ય ધન્ય માનવા લાગ્યાં. પૂજ્યશ્રીની ભાવોત્પાદક ધર્મદેશના સાંભળ્યાં પછી સૌના મુખ ઉપર કંઈક જીવનમાં પામ્યાનો સંતોષ તરવરતો હતો.

અંતે છેલ્લે છેલ્લે પાલીતાણાથી શ્રીસંઘ ગીરીરાજની બાર ગાઉંની પ્રદક્ષિણા કરવા ગયો. તથા હસ્તગીરી, કદંબગીરીની યાત્રા કરીને પુનઃ પાલીતાણા આવ્યો. માગશર વદ દશમથી, મહા વદ પાંચમ (દોઢ મહિના)સુધી ચાલેલો આ યાત્રા સંઘ, જે જે રાજ્યમાં ગયો તે રાજ્યે કોઈક એક દિવસ, કોઈક એક મહિનો, કે કેટલાકે ઓછા વત્તા દિવસો અમારી (જીવદયા) પાળવાનું જાહેર કર્યું હતું.

આ છ’રી પાલિત શ્રીસંઘની નોંધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ સારી રીતે તેનું વર્ણન કરતા લીધી હતી અને છેલ્લા બે ત્રણ શતકમાં આવો શ્રીસંઘ પ્રાયઃ નીકળ્યો નથી. શ્રીવસ્તુપાલ તેજપાલ તથા કુમારપાળ મહારાજાના સંઘની સાથે સરખાવ્યો હતો. તથા સંઘવીજીની ઉદારતાને સુંદર શબ્દોમાં બિરદાવી હતી.



## પ્રસંગ દશમો...
## નમું શ્રી ગુરુ બાલ્યથી બ્રહ્મચારી...

પૂજ્યશ્રીને સંસારી (પોતાના સિવાય) બે ભાઈઓ અને ત્રણ બહેનો હતાં.

મોટાભાઈનું નામ પ્રભુદાસભાઈ તથા બીજા બાલચંદભાઈ.

જકલબેન, સંતોકબેન અને મણીબેન એ ત્રણ બહેનો હતી.

નેમચંદે જ્યારે દીક્ષા ભાગીને લીધી ત્યારે દરેક મનમાં ઊંડી ગ્લાની તો હતી કે ભાઈએ આવું કર્યું જ કેમ?

સમય જતાં સહુના સંસારી પ્રસંગો ગોઠવાઈ ગયાં અને પોતાના જીવનમાં પરોવાઈ ગયાં.

વર્ષો વીતતાં ક્યાં વાર લાગે છે.

સમય જતાં દરેકને મનમાં એક મોટા ગૌરવનો વિષય તો બની જ ગયો કે આપણો ભાઈ, જૈન ધર્મનો વિશિષ્ટ અભ્યાસ કરીને ગુરુમહારાજના આશીર્વાદથી આજે પંચપરમેષ્ઠીના ત્રીજા સ્થાને આચાર્ય પદવીને પામ્યો છે. શાસનના અનેકવિધ કાર્યો કરી રહ્યો છે. તેથી પોતાના જીવનને જ નહીં, આપણા આખા કુળને ઉજાળ્યું છે.

હમણાં જ પૂજ્યશ્રી અમદાવાદ પાંજરાપોળમાં વિહાર કરીને આવેલાં હતાં અને શાસનના કાર્યોમાં ઓતપ્રોત હતાં.

એક પ્રસંગે, ઘણા વર્ષોથી ભાઈને મળી નથી તો પોતાના ત્રીજા નંબરના મણીબેનને ઈચ્છા થઈ. ચાલો આજે ભાઈ મહારાજને મળી આવીએ. મોઢું જોવાંને શાતા (ખબર અંતર) પૂછવા ખાસ ઉનાથી અમદાવાદ આવેલાં હતાં. પાંજરાપોળ ઉપાશ્રયના નીચેના ઓટલા ઉપર દરવાજા પાસે બેઠાં. પૂજ્યશ્રીને સમાચાર પહોંચાડવામાં આવ્યાં. આપના સંસારી બહેન મણીબેન આપને ખાસ મળવા આવ્યાં છે. તેઓ ઉપર આવે? મહારાજજીએ કીધું, હમણાં નહીં.

અડધો કલાક પછી ફરીને પૂછવામાં આવ્યું, ફરી ના પાડી. કલાકો વીતી ગયાં મણીબેને પોતાના બીજા બેનના પુત્ર (ભાણેજ) સૌભાગચંદ ભાઈ કરીને ત્યાં નજીકમાં જ રહેતાં હતાં. તેઓને કહ્યું કે, ભાઈ હું છે'ક ઉનાથી આવી છું મહારાજને મળવા માટે, તો મને મળવાની, વંદન કરવાની પણ ના પાડે છે.

અહીં કલાકોથી બેસી રહી છું.

શું કરું? તરત જ ભાઈ ઉપાશ્રયે આવ્યાં. મહારાજજી પાસે ગયાં. વાત, વિનંતિ કરી ને સહેજ ઝઘડો પણ કર્યો. કહ્યું કે આટલે દૂરથી પહેલી વાર દર્શન કરવા માટે આવે છે તો તમે ના કેમ પાડો છો? ત્યારે પૂજ્યશ્રીએ માંડ હા પાડી, પણ કહ્યું કે દર્શન કરીને તરત ચાલ્યાં જવાની શરતે આવે. ટાઈમ થઈ ગયો હતો.

તે સમયમાં કશો વ્યવહાર કે સંબંધ જાળવવાની સાધુપણામાં વાત ન હતી. પૂજ્યશ્રીને પસંદ પણ ન હતું.

મણીબહેન ઉપાશ્રયમાં આવ્યાં. પોતાના (સંસારી ભાઈ) મહારાજને જોયાં. વંદન કર્યું. શાતા પૂછી. આંખો સહજ હરખનાં કારણે ભીની થઈ, પણ મહારાજજીએ તેમની સાથે વાત તો ન કરી, મોઢું પણ જોયું નહીં અને તરત જ ધર્મલાભ બોલી તેઓને નીચે મોકલી દીધાં.

આવો જ કંઈક એક બીજો પ્રસંગ બોટાદમાં બન્યો. પૂજ્યશ્રી ઉપાશ્રયમાં બિરાજમાન હતાં.

બપોર પછી અમદાવાદથી સમાચાર આવ્યાં કે માકુભાઈ શેઠના ધર્મપત્ની સૌભાગ્યકુંવર શેઠાણી આપશ્રીને મળવા-વંદન કરવાં આવે છે. એમને પાલીતાણા જાત્રા કરવા જવું છે, પરંતુ આપને વંદન કરીને પછી જવાના છે. કંઈ લાભ હોય કે કામ હોય તો જણાવશો, પરંતુ ખાસ ગુરુ મહારાજને કહેજો કે અમદાવાદથી ટ્રેન થોડીક લેઈટ પડેલી છે તો કદાચ સાંજે આવતાં મોડું થઈ જાય તો પ્રતિક્રમણમાં બેસી ન જાય, વંદનનો લાભ આપે.


વળતાં લાગલો જ જવાબ પૂજ્યશ્રીએ આપ્યો કે, સમય વીતી જતા વંદન કરવા માટે આવી નહીં શકાય, અને અમે તેમને વંદન કરવા આવવાનું નોતરું આપ્યું નથી, તેથી વધારે અપેક્ષા રાખે નહીં. જવાબ સાંભળનારો પણ તાજ્જુબ થઈ ગયો.

આ સંયમ ધર્મની ખુમારી હતી કે ઘરના સંબંધી હોય કે મોટા ભગતના ઘરનાં હોય, ત્યાં અમારા નિયમોમાં કે આચારમાં બાંધ છોડ કરી શકાય નહીં.

પૂજ્યશ્રીએ ક્યારેય સિદ્ધાંત કે આચાર મર્યાદાની બાબતે, સમય સંજોગ પ્રમાણે બાંધ છોડ કરી ન હતી....

'આ હતી બ્રહ્મચર્ય નિષ્ઠા'

'આનું નામ બ્રહ્મ નિષ્ઠા'



**જયતુ જયતુ નેમિસૂરિઃ લોકે સદૈવ।**

## તસ્મૈ શ્રી ગુરવે નમઃ।

સુરત, રાંદેર રોડ




# Mahuva

तुभ्यं नमश्चरणदर्शन-दृष्टिदाय, तुभ्यं नमश्चरणवंदन-धर्मदाय।
तुभ्यं नमश्चरणपूजन-पुण्यदाय, तुभ्यं नमश्चरणसेवन-मोक्षदाय।।

## ‘છો’ (૬૬)

### વિજય કુલચન્દ્રસૂરિ

પૂજ્ય શાસનસમ્રાટ્શ્રી,
આપ શરુઆતથી જ’
પૂર્વ ભવના આરાધક છો.
પ્રબલ પુણ્યશાળી છો.
ખૂબ હોંશીલા અને જોશીલા છો.
માતા-પિતાના લાડીલા છો.
વિનયી અને વિવેકી છો.
અભ્યાસુ અને ઉદ્યમી છો.
ચતુર અને દક્ષ છો.
સાહસિક અને પરાક્રમી છો.
સમય અને વ્યક્તિના પારખું છો.
ચિંતનશીલ અને મનનશીલ છો.
કૃતનિશ્ચયી અને દઢનિશ્ચયી છો.
ગુણવાન અને જ્ઞાનવાન છો.
સંયમી અને તપસ્વી છો.
મતિમંત અને ભક્તિવંત છો.
લક્ષ્ય શોધવાની વૃત્તિવાળા છો.
લક્ષ્ય સાધવાની આદતવાળા છો. ‘પ્રભુ કૃપાને પ્રાપ્ત કરેલા આપશ્રી’
પરમ જ્ઞાની છો.
પરમ ત્યાગી છો.
પરમ વૈરાગી છો.
પરમ બાલ બ્રહ્મચારી છો.
પરમ તેજસ્વી છો.
‘પ્રભુ શાસનને સમર્પિત થયેલા આપશ્રી’
જિનાજ્ઞાના ચાહક છો.
ગુર્વાજ્ઞાના પાલક છો.
સમકિત ગુણના પ્રાપક છો.
સમ્યગ્ ધર્મના કારક છો.
ચારિત્ર ધર્મના ધારક છો.
અભિનવ ગ્રંથોના લેખક છો.
પ્રાચીન ગ્રંથોના રક્ષક છો.
અધ્યાત્મના આરાધક છો.
મોક્ષમાર્ગના સાધક છો.
વીતરાગ માર્ગના ઉપાસક છો.
શાસનના સાચા પ્રભાવક છો.
પ્રાચીન તીર્થોના ઉદ્ધારક છો.
જ્ઞાનમાર્ગના સમુદ્ધારક છો.
ગુરુપટ્ટપરંપરાના વાહક છો.
શિષ્યોના સાચા અધ્યાપક છો.
આશ્રિતોના કડક અનુશાસક છો.
દીન દુઃખીઓના તારક છો.
પાપ-દોષોના નાશક છો.
વિષય-કષાયના મારક છો.
સંતપ્ત જીવોનાં ઠારક છો.
પ્રભુ ભક્તોના ચાલક છો.
શ્રીમંત ભક્તોના ધારક છો.
રાજાઓ માટે પૂજક છો.
વચન સિદ્ધિને વરેલા આપશ્રી
સામાન્ય જીવો માટે છાયાળું છો.
હિંસક જીવો માટે કરુણાળું છો.
ધર્મી જીવો માટે દયાળું છો.
અભ્યાસી સાધુઓ માટે કૃપાળું છો.
આશ્રિતો માટે માયાળું છો.
સાધુતાની શુદ્ધિને વરેલા આપશ્રી પંચાચારના પાલક છો.
સમિતિ ગુપ્તિના ધારક છો.
બાર ભાવનાઓના ભાવક છો.
ગુણ(ઠાણા)શ્રેણીના ચારક છો.
ઘાતી કર્મોના ઘાતક છો.
અને અનંત સિદ્ધિના ભાવક છો.
‘શ્રી સંઘોને સમર્પિત બનેલા આપશ્રી’
જીવન પ્રત્યે પારદર્શક છો.
સમાજહિતના પથદર્શક છો.
શ્રીસંઘના યોગ-ક્ષેમ જાળવવા દૂરદર્શક છો.
સર્વ કલ્યાણના નીતિદર્શક છો.
શાસન કાર્યોના માર્ગદર્શક છો.
‘આત્મતત્ત્વને વરેલા આપશ્રી’
સ્વભાવ દશાના સાધક છો.
અનુભૂતિ જ્ઞાનનાં સંવર્ધક છો.
તત્ત્વના ઊંડા ગવેષક છો.
પદાર્થોના સૂક્ષ્મ વિવેચક છો.
પરપરિણતિના વારક છો.
સહજ દશાના ઈચ્છુક છો.

66
‘છો’

सप्तविभक्ति - कृदन्तप्रयोगपूर्वकं च

# श्री नेमिसूरि श्लोकानि...

विजय कुलचन्द्रसूरिः

नेमिसूरिः सदा सेव्य : सर्वथा ब्रह्मपालकः । ज्ञानध्यानादिसंपन्नः संयमैकमहाव्रती ।।१।।

जिनशासनसम्राजं गुरुंश्री नेमिसूरिणं । गुरुगुणौघधामानं वन्दे नित्यं सुभावतः ।।२।।

ज्ञानोद्धारस्य सत्कार्यं, श्रुतसंरक्षणाभिधम् । प्रभुवचनरागेण, कारितं नेमिसूरिणा ।।३।।

नमो नित्यं नमो नित्यं, निर्विकारिमहात्मने । पवित्र–पुण्यपुञ्जाय, गुरवे नेमिसूरिणे ।।४।।

पूजनाञ्जनयोगादेः लुप्तप्रायो विधिः पुनः । प्रवृत्तः शासने सम्यग्, नेमिसूरि वरेण्यतः ।।५।।

गुणाः सत्त्वादिका मुख्या; मिथः स्पर्धावशादिव । परां वृद्धिं समापन्नाः; सन्ति श्री नेमिसूरिणः ।।६।।

पुण्यप्रभावसाम्राज्ये, श्री गुरोः अत्र राजिनि । शुभ–मंगल–पुण्यश्री; वर्धते न हि कस्यचित्?।।७।।

एकत्व–भावमापन्नः द्विधा धर्मप्ररूपकः। त्रिशल्यरहितो मुक्तो, विकथानां चतुष्टयैः।।८।।

पञ्चसमितिभिः सम्यग्, युक्तः षोढा तपःश्रितः। सप्तभयवर्जितो ह्यष्ट–कर्मनाशे सदोद्यमी।।९।।

नवतत्त्व सदाख्याने, प्रवणः शिष्यवत्सलः। विधि–निषेधविद् धर्मे, जीयाद् नेमिगुरूः सदा।।१०।।

कर्मपाशं समुच्छेत्तुं, लब्धुमात्मगुणानपि। रन्तुं च मुक्तिसाम्राज्ये, श्रीगुरूर्यतते भृशम्।।११।।

काशयन् श्रावकाम्भोजान्, मोदयन् साधुचातकान्। वाग्ज्योत्स्नायाः प्रदानेन, राजेव राजते गुरूः।।१२।।

विकाराऽवसरे प्राप्ते सत्यपि यस्य विद्यते। प्रसादेनाञ्चितं शान्तं, चित्तं तस्मै नमो नमः।।१३।।

स्मार्यमस्य गुरो र्वाक्यं, सेव्यं तच्चरणद्वयम्। ध्येयं स्वरूपमेतस्य, प्रभाते हितकाङ्क्षिभिः।।१४।।

भव्य! पूज्यमतो ध्यात्वा, स्तुत्वा नत्वा पुनः पुनः। मनो–वचन–कायानां सुयोगं सफली कुरू।।१५।।

गुरो! नेमे! कृपां कृत्वा, सन्तप्तं भवतापतः । करुणाजलधाराभिः, कुलचन्द्रं नु स्नापय ।।१६।।

# श्रीनेमिसूरिगुरुस्तुतिः

## पंन्यास सुयशचन्द्र विजय

जैनशासनसाम्राज्येऽखण्डचक्रित्वधारकम् । पालकं शुद्धब्रह्मस्य गुरुं नेमिं नमाम्यहम् ।।१।।

स्थैर्ये देवाद्रिसङ्काशं, गाम्भीर्ये सिन्धुसन्निभम् । निर्लेपं पद्मवत् शान्तं गुरुं नेमिं नमाम्यहम् ।।२।।

तेजसा जितसूर्यं तं, चन्द्रं भव्यविबोधने । द्वीपं भवोदधौ सूरिं गुरुं नेमिं नमाम्यहम् ।।३।।

भ्रान्तानां मोहगहने दीपवत् पथदर्शकम् । शरणं भवभीतानां, गुरुं नेमिं नमाम्यहम् ।।४।।

देशनाजलधाराभिः भव्यचातकमोदकम् । नोदकं पुण्यसम्पत्तेः गुरुं नेमिं नमाम्यहम् ।।५।।

वृक्षवत् तप्तभव्यानां मनःसन्तापहारकम् । मारकं दुष्टमारस्य गुरुं नेमिं नमाम्यहम् ।।६।।

ज्ञानादि सम्पदायुक्तं, नित्यं तथाऽप्यकिञ्चनम् । क्षमान्वितं मृदुस्वान्तं, गुरुं नेमिं नमाम्यहम् ।।७।।

दुर्वाह्यः शासनस्याऽस्य कार्यभारः निजांशयोः । उद्वोढः येन पूज्यं तं गुरुं नेमिं नमाम्यहम् ।।८।।

नव्यविज्ञानभावानां, ज्ञाने छात्रसमे पुनः । प्रदाने पण्डिताचारं गुरुं नेमिं नमाम्यहम् ।।९।।

ज्ञान–चारित्र प्रमुखै–रुत्कर्षं वहतां गुणैः । शिष्यानामधिपं दान्तं, गुरुं नेमिं नमाम्यहम् ।।१०।

कापरडादिमुख्यानां, तीर्थानां विगतौजसाम् । उद्धर्त्तारं स्वसत्त्वेन, गुरुं नेमिं नमाम्यहम् ।।११।।

स्वपुण्यजनिते कार्ये, निर्ममं निःस्पृहं सदा । तथा नम्रत्वमापन्नं गुरुं नेमिं नमाम्यहम् ।।१२।।

गुणानामाकरः सोऽयम्, नेमिसूरि समः गुरुः । दृश्यते प्राप्यते चैव, पूर्वपुण्यानुभावतः ।।१३।।

गुरुभक्तिर्भवाम्भोधे स्तारिका दुःखवारिका । पुण्यानुबन्धिनी तस्माद् गुरुभक्तिर्विधीयताम् ।।१४।।

निर्गुणोऽहं निराधारो, मोहान्धतमसाऽऽवृतः । यामि ते शरणं स्वामिन्, गुणभिक्षां प्रदेहि मे ।।१५।।

सार्धशताब्दिवर्षेऽस्मिन् जन्मनः नेमिसूरिणः । सुयशो विजयेन हि स्तुतिर्भावेन निर्मिता ।।१६।।

**આશિષ મળે તો અંતર જાગે,**
**કરુણા ભળે તો ભાવઠ ભાંગે.**



शुभोपदेशदातारो वयोवृद्धा बहुश्रुताः।
कुशला धर्मशास्त्रेषु पर्युपास्या मुहुर्मुहुः।।

શ્રી નેમિસૂરિ દાદાની જીવંત કરુણાનો સ્પર્શ પામેલા, ચતુર્વિધશ્રી સંઘના
સેંકડોમાંથી અલ્પભાવિકોની પ્રસ્તુતિ અહીં રજૂ કરી શકીએ છીએ.

## [કાવ્ય ઘટના પ્રસંગો વિભાગ]

# ગીત



## शासनसम्राट् पू. नेमिसूरिदादा

उपा.श्री पुंडरीक वि.म.सा.

तर्ज : सिध्धोकी श्रेणी में आनेवाला जिनका नाम है

सुरीवरोनी श्रेणीमां प्रथम जेमनुं नाम छे,
शाशन सम्राट नेमिसूरिजी ने वंदन वारंवार रे (२)
सोल वरसनी नानीवयमां जेओ थया अणगार रे
वृध्धि चंद्र दादानी छायामां करियो संयम शणगार रे
सुविहित परंपराप्रवर्तक ध प ध प ग रे ग रे सा...रे सा.
सुविहित परंपरापवर्तक बालब्रह्मचारीगुरु
शासन सम्राट् नेमिसूरीजीने वंदन वारंवार रे (२)
गुरु आज्ञाने मुज जीवन मंत्र एवी भावना भाव रे

एकचक्री शासन स्थापी सूरिजी पद शोभावे रे
पंथ भूलेला अज्ञानी ने आ आ आ आ
पंथ भूलेला अज्ञानी ने साची राह बतावे रे
शासन सम्राट नेमिसूरीजी ने वंदन वारंवार रे (२)
सिंह समान निर्भय सूरिजी तीर्थोद्धार करावे रे

वैर झेरथी न्यारा रहीने क्लेश सौ ना मिटावे रे
अपूर्व एवी वचन सिद्धि ध प ध प ग रे ग रे सा रे सा
अपूर्व एवी वचन सिद्धि संघने धर्म पमाडेरे
शासन सम्राट नेमिसूरीजी ने वंदन वारंवार रे (२)
हर हंमेश समता मां रेहवुं एवुं एक परिणार`
अद्‌भुत ज्ञानना धारी एवा शासन रक्षा करावे रे
दिवाळी ए दीधा दिवाळी ए लीधा आ आ आ आ आ
दिवाळी ए दीधा दिवाळी ए लीधां महुवाना ए नेम रे
शासनसम्राट नेमिसूरीजीने वंदन वारंवार रे (२)

## સમરંતા સુખ ઉપજે

પૂ. શ્રી શ્રમણચન્દ્રસૂરિ

સમુદાયનાં અનેક શ્રમણ-શ્રમણીઓનો અનુભવ છે, કે કોઈપણ આપત્તિની વેળા આવે ત્યારે 'નમો નમઃ શ્રીગુરુનેમિસૂરયે' નો મંત્ર બધી આપત્તિને ટાળે છે. અરે સૂતી વેળાએ આ મંત્ર ગણ્યા પછી કે સંથારા ઉપર મસ્તકનાં ભાગે આંગળી વડે કાલ્પનિક રીતે આ મંત્ર સાત વાર લખ્યા પછી રાત્રિએ કોઈ દુઃસ્વપ્નો નથી આવતા.

સશક્ત ચેતનાવાળા ગુરુનો આવો પ્રભાવ હોય છે. તેઓની નિર્મલ, યોગબલીષ્ઠ ચેતનાનો પ્રભાવ કોઈપણ સમયે સ્મરણ કરનાર કે સમર્પિત રહેનારને આપોઆપ સાચવી લે છે. આવા ગુરુ મળ્યા પછી પ્રમાદી રહીને આ સંયોગને નિષ્ફળ ન જવા દેવાય. આ ગુરુનાં બળે આત્મલક્ષ્યને સાધી લેવામાં મઝા છે. પૂજ્યપાદ અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબને તો શાસનસમ્રાટશ્રીના નામમાં એટલી શ્રદ્ધા હતી કે પોતાની નિશ્રામાં થતા કોઈપણ પ્રસંગે આયોજક કે કાર્યકર્તાને એક બેનર લગાડવાની ખાસ સૂચના આપતા. જેમાં લખ્યુ હોય 'શાસનસમ્રાટ પૂજ્ય આચાર્ય શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબનું પુણ્યવંતુ અખંડ સામ્રાજ્ય જયવંતુ વર્તો.'

આ શ્રદ્ધા દઢતર થઈ જાય એવા પ્રસંગો પણ બનેલા. મુલુંડમાં જીતુભાઈ તલકચંદ મહેતા (પાલિતાણા) સ્વદ્રવ્યથી જિનાલય બનાવતા હતા. પતરાનાં એક સામાન્ય શેડમાં જિનાલયનાં પાષાણ આદિ રહેતા. થોડું કોતરકામ વિગેરે ત્યાં ચાલતા રહેતું.

એમાં એક દિવસ વાવાઝોડુ આવ્યું. અનેક સ્થાનો પર એ વાવાઝોડાનો પ્રભાવ પડ્યો. પણ પતરાંનો એ શેડ કે જેની નીચે જિનાલયનાં પાષાણો હતા. એ શેડ પર એક બેનર હતું 'શાસનસમ્રાટ પૂજ્ય આચાર્ય શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજસાહેબનું પુણ્યવંતુ અખંડ સામ્રાજ્ય જયવંતુ વર્તો.' એ શેડને નુકસાન ન થયું. લાભાર્થી પરિવારના મનમાં પણ આ ઘટના પછી નેમિસૂરિદાદા અંગેની શ્રદ્ધા દઢ થઈ ગઈ.

* * *

શાસનસમ્રાટના વતન મહુવામાં એકવાર સેંદરડાવાળા પરિવારની દીકરીની દીક્ષા હતી. દીક્ષા તો અન્ય સમુદાયમાં હતી. સરસ રીતે વિધિ ચાલતી હતી. અચાનક પવન વરસાદ એવા ચાલુ થયા કે બાકી રહેલી થોડી વિધિ પૂરી



Khambhat

કરવી પણ અઘરું થઈ પડ્યું.

એવામાં દાદા પ્રત્યે પૂર્ણ શ્રદ્ધાવંત એવા પરિવારના એક મોભીને દાદા યાદ આવ્યા. તુરંત સૂચના કરી કે નેમિસૂરિજી દાદાનો ફોટો લાવો. તાબડતોબ શાસનસમ્રાટની છબી બિરાજમાન કરી અને આશ્ચર્ય સર્જાયું, પવન-વરસાદ બધું જ શાંત થયું. નિર્વિઘ્નપણે દીક્ષા સંપન્ન થઈ.

બળવાન ગુરુચેતનાવાળી વ્યક્તિ વિઘ્નોપશમન કરે છે. અભ્યુદય આપે છે અને આપણા આત્માને બધાથી મુક્ત રાખી નિર્જરાનાં માર્ગની રૂચિ પણ આપે છે.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે ગાયેલું

'માહરે તો ગુરુચરણ પસાયે, અનુભવ દિલમાંહી પેઠો રે,

ઋદ્ધિ-વૃદ્ધિ પ્રગટી ઘટમાંહી, આતમરતિ હુઈ બેઠો રે.'

(શ્રીપાલ રાસ-ઢાળ ૪૧)

શાસનસમ્રાટ જેવા સશક્ત ગુરુ પામીને આપણે પણ આ જ અનુભૂતિ કરવાની છે.

ગુરુનાં બળે આપણી એવી પાત્રતા વધો.

प्रार्थना : तुब्भण्हं तवतेयसिरीए इमाओ चाउरंत संसार कंताराओ साहट्टु नित्थरिस्सामि त्ति कट्टु सिरसा मणसा मत्थएण वंदामि। (पाक्षिक खामणा)

હે ક્ષમાશ્રમણ! આપના તપ-તેજશ્રીનાં પ્રભાવે આ યાતુરંત સંસારવનમાંથી સંક્ષેપાઈને હું ભવનિસ્તાર પામું. તે માટે મારાં મન-મસ્તકથી આપને વાંદુ છું.

-વિજય શ્રમણચંદ્રસૂરિ

## નામ લઈએને કામ થાય

**ગણિ દિવ્યયશ વિજય**

વર્ષો પહેલા અમદાવાદ ખાતે શ્રી નવકાર સંઘ ધર્મરસિકવાટિકામાં અમારું ચોમાસું હતું.

પૂ. ગુરુભગવંત શ્રી વિ. પ્રદ્યુમ્ન સૂરીશ્વરજી મ.સા.ની પંચપ્રસ્થાન ની (૩-૪) પીઠિકા ખુબ સરસ વાતાવરણમાં ચાલી રહી હતી. પૂજ્યશ્રીને મૌલિક અને સાત્ત્વિક જપ-ધ્યાન વધારનારા એવાં પ્રભુ વીરના આલંબનરૂપે મોટા ચિત્રપટ્ટો ગોઠવવામાં આવ્યાં હતાં. વાતાવરણની પવિત્રતાના અહેસાસ માટે ભૂમિ ઉપર છાણ માટીનું સુંદર આંકણીવાળું લિંપણ હતું. સુગંધી વાતાવરણથી દિન પ્રતિદિન ભક્તિ,જપ, ધ્યાનની ઉતરોત્તર વૃદ્ધિ ચાલુ હતી. લોકો પણ આવી પીઠિકાના પવિત્ર વાતાવરણની વાત સાંભળીને વધુને વધુ લોકો દર્શન માટે આવતા હતાં. રોજેરોજના નવા તાજા પુષ્પો, સુશોભની વસ્તુઓ, સુગંધી ધૂપ, પવિત્ર શાંત વાતાવરણ બધાના મનને આકર્ષિત કરતું હતું. બહારના પરિસરમાં અને જાપ રૂમમાં પ્રવેશ કરો ત્યારથી જ એક અલગ જ વાતાવરણનો અનુભવ થતો હતો.


લોકો પણ મને પૂછતાં, આ કોણે કર્યું? આ બધી વસ્તુ ક્યાંથી લાવ્યાં? ચિત્રપટો જે અમૂલ્ય કક્ષાના કહેવાય તેવાં હતાં. એક દિવસ ચૌદશની સંધ્યાએ ચાલુ પ્રતિક્રમણમાં અજીત શાંતિનું સ્તવન ચાલુ હતું, ત્યારે મંદ ઠંડો પવન ચાલુ થયો, બધાને ઠંડકનો અનુભવ તો ગમે જ. પરંતુ ધીરે ધીરે જલ્દીથી પવનનું જોર વધતું ગયું,

થોડી ઘણી વર્ષા ચાલુ થઈ ગઈ. મને ચિંતા થઈ કે બહારના પરિસરમાં રહેલાં આ ચિત્રપટ્ટોને અંદર લઈ લીધાં હોય તો સારું. બહાર તો પાણી પડશે તો બધું બગડી જશે. અહીં પ્લાસ્ટિક વગેરેની વ્યવસ્થા કરાવી લઈએ તો લિંપણ વિગેરેને પણ નુકસાન ન થાય, વર્ષા વધી તેમ મારી ચિંતા પણ વધી. પૂજ્યશ્રી ગુરુદેવને મેં વાત કરી, કોઈ પણ ગમે તેવી કટોકટી પરિસ્થિતિમાં પણ તેઓ ક્યારેય અસ્વસ્થ થતાં નથી. એમને મને એટલું જ કીધું, તું ચિંતા ન કર. પૂજ્ય શાસન સમ્રાટશ્રીને યાદ કર. બધું સારું થઈ જશે પણ સ્તવનમાં ધ્યાન રાખ. ખરેખર મનોમન શાસનસમ્રાટશ્રીને મેં પ્રાર્થના કરી. જપ અને ધ્યાનમાં ક્યાંય મારા ગુરુ ભગવાનને વિકલ્પો ન ઊઠે તે રીતે આપ અમારું ધ્યાન રાખશો. અહો યોગને ક્ષેમના આપનારા...પ્રતિક્રમણને અંતે સ્તુતિ બોલ્યાં. સંથારા પોરસી વગેરે પૂર્ણ કર્યું. અને બહાર જોયું તો થોડાક દૂરના અંતરે ધોધમાર વરસાદ હતો. પરંતુ અમારા પરિસરની આજુબાજુમાં માત્ર ઝીણી ફરફર હતી. એ પણ થોડા સમય માટે જ. આખા પરિસરમાં એક પણ ચિત્રો, લિંપણો કે આલંબનોને કોઈ જ નુકસાન ન થયું. અને થોડેક દૂર પાણીના ખાબોચીયા ભરાઈ ગયાં. આટલા વર્ષો પછી પણ તે ઘટનાનું સ્મરણ કરું છું અને થાય કે પોતાની સ્વયંની હાજરીમાં જેવો પ્રભાવ એમનો કુદરત ઉપર રહેતો હતો, એવો જ પ્રભાવ આજે પણ શ્રદ્ધા અને ભાવથી તેમના નામ સ્મરણ કરતાં અનુભવવા મળે છે.

આવી તો અનેકાનેક ઘટનાઓ છે, જે કટોકટીમાં તેઓના આલંબને જ અઘરા કામ સહેલાં થયાં છે, પછી તે મારા શિષ્ય મુનિ વીરયશ વિ. ની દીક્ષા વિગેરેની વાત હોય કે કોઈ મૂંઝવણની વાતો હોય... પરંતુ નામ લઈએને કામ થાય તે તો આ શાસન સમ્રાટ્ પરમ ગુરુદેવમાં જ અનુભવવા મળ્યું છે.

આજે પણ આ સમુદાયમાં દીક્ષિત થવાના સૌભાગ્યના કારણે નિરંતર ધન્યતાનો અનુભવ થાય છે.

**MAHUVA**





DEM



KHAMBHAT



KHADOL



TAGADI

# નવલુ નજરાણું

*રાગ : હેલે ચડયા હો, હૈયા હેલે ચડયા હો હૈયા હેલે ચડયા...*

સા. સન્મતિશ્રીજી મ.

૧૯૨૯ ની સાલ સોહામણી
દીવાળી દીનની રાત્રી રળીયામણી,
મધુપુરીમાં બાળ-શિશુ પધરામણી, શિશુ પધરામણી હો હૈયા હેલે...

દીવાળી માતાની કુક્ષી શોભાવી
લક્ષ્મીચંદભાઈનું કુળ દિપાવી,
નેમચંદભાઈ નામ ધરાવી, નામ ધરાવી...હો હૈયા હેલે...



બાલ મુમુક્ષુ બન્યા ૧૯૪૫ સાલે
વૃધ્ધિચંદ્ર ગુરુ ચરણે સમર્પિત થાયે,
નેમિવિજયજી નામ ધરાવે...નામ ધરાવે...હો હૈયા હેલે...

શાસન સમ્રાટનું સાંનિધ્ય પામ્યાં,
પૂર્વ ભવના પુણ્ય પ્રબલ જાગ્યા,
ભાવ ભકિતથી અમે ગુરૂ ગુણ ગાયા... ગુરૂ ગુણ ગાયા... હો હૈયા હેલે...

૨૦૭૯ જન્મ સાર્ધ શતાબ્દિ,
ઊજવી રહ્યાં અમે ખુબ ઉલ્લાસથી,
ભક્તિ કરીએ અમે સાચા અંતરથી...સાચા અંતરથી...હો હૈયા હેલે...

નવલુ નજરાણુંદઈએ-આરાધના-સાધના
સ્વીકારજો સૂરી તમે ચરણ કમળમાં
કીર્તિ શીશુ માંગે સન્મતિ મળજો જીવનમાં...મળજો જીવનમાં...હો હૈયા હેલે...

# ગીત શ્રી નેમિસૂરિ મ.સા.

(રાગઃ મારાં રૂપાળાં ભગવાન)

મારા નિર્ભય ગુરુ મહારાજ, શું કહું નેમિસૂરિ મહારાજ,
મારા પ્યારા ગુરુ મહારાજ, ગુણ ગાઉં નેમિસૂરિ મહારાજ,

તમારું સમકિતરૂપી પુષ્પ પરિમલ એની માણવી છે,
તમારો જ્ઞાનનો દરિયો વિશાલ મારું અજ્ઞાન ભાંગવું છે,
તમારા ચારિત્રનું શુભ ફલ, શું કહું નેમિસૂરિ મહારાજ ।।૧।।

શરણું તમારું ગુરુજી મેં તો સ્વીકારી લીધું છે,
ચરણો તમારા ગુરુજી મેં તો પકડી લીધાં છે,
મારું પાપ ગયું પાતાલ, શું કહું નેમિસૂરિ મહારાજ ।।૨।।

તમારા વાત્સલ્યવારિમાં મને કલ્પવૃક્ષ દેખાતું,
તમારી કરૂણાકાયામાં કરૂણાસાગર છલકાતો,
કૃપા કરો જાવું મુક્તિમોઝાર, શું કહું નેમિસૂરિ મહારાજ ।।૩।।

સા. ઋજુમતિશ્રીજી મ.

## શ્રી નેમિસૂરિ મ.સા. સ્તુતિ

જેના ગુણોની અસીમ ગરિમા ગાઈને રાજી થતો,
તેમાંથી એક ગુણ વર્ણવુ, જે તે કરી ચિત્તસ્વસ્થતા,
સંઘો અને ભક્તો બધા ભેગાં મળી જે ખળભળે,
ચિત્ત સ્વાસ્થ્ય રાખી તે સમયે, નેમિસૂરિ ઝળહળે,
પ્યારા નેમિસૂરિ, વ્હાલા નેમિસૂરિ મનમંદિરમાં પધારજો હો...

સા. ઋજુમતિશ્રીજી મ.

## નમો નમઃ શ્રી ગુરૂ નેમિસૂરયે

પૂ. હર્ષરિખાશ્રીજી

વીસમા સૈકાના જૈન શાસનના શાસન સમ્રાટ... સૌરાષ્ટ્રના કાશ્મીરનું બિરુદ ધરાવતી પુણ્યવંતી ધરતી, નિત્ય વહેતી માલણ નદી, સૌરાષ્ટ્રની ધરતીના તિલક સમુ મહુવા બંદર જે શાસન સમ્રાટ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ.સા.ની જન્મભૂમિ છે. સાચા સદ્‌ગુરુના સમાગમથી આપ જીવનની દિશા અને દશા બદલાઈ જાય. ગુરુની કૃપા પ્રગતિનો રાહ બની રહે છે. પરમ સૌભાગ્ય ખીલે તેને સદ્‌ગુરુ મળે.

શાસન સમ્રાટની આંખો વાત્સલ્યનું મંદિર હતું.
શાસન સમ્રાટના ચરણ ચારિત્રનું ચંદન હતું.
શાસન સમ્રાટનુ લલાટ પુણ્યનું પ્રતિક હતું.
શાસન સમ્રાટનુ હૃદય કરુણાનું ઝરણું હતું.

''નમો નમઃ શ્રી ગુરુ નેમિ સૂરયે'' એ વચન અમારા જીવનનો મંત્ર બની ગયો છે, પૂ.સા. રાજેન્દ્રપ્રભાશ્રીજી મ.સા. આજ જીવનને મઢી દીધું છે. તેમના પરિચયમાં આવનાર દરેક મંત્રથી



ગુરુભક્ત અથવા નવાયુવાભક્તને ખાસ આ જ જાપ કરવાનું કહે અને તેમનુ કાર્ય સફળ થાય.

CA મુંબઈના એક ભણતા વિદ્યાર્થીને એટલુ જ કહ્યુ કે આ મંત્ર સાત વાર બોલીને પેપર લખજે. અને તે વિદ્યાર્થી પહેલી વારમાં જ પાસ થઈ ગયો. આ વાતને પંદર વર્ષ થયા હજુ પણ તે યાદ કરે છે. બીજા અમદાવાદના યુવાન તથા બીજી અનેક વ્યક્તિઓને પણ આજ જાપ બતાવે અને કાર્ય સફળ થાય અને ગુરુ મહારાજના આશીર્વાદ ફળ્યા, એવુ બોલ્યા વિના ન રહે.

પૂ. ગુરુ મહારાજ પણ નાદુરસ્ત અવસ્થામાં ફક્ત નવકાર મંત્રનો જાપ અને શાસન સમ્રાટનો મંત્ર આ બે નું જ રટણ કરે તેના કારણે તેઓ સ્વસ્થ છે. શાસન સમ્રાટ તેમના રગે રગમાં વ્યાપી ગયા છે. દેવગુરુની કૃપા અનહદ વરસી રહે છે અને અમને સહાય કરે છે.

## દાદાની પ્રભાવકતાના અવનવા પ્રસંગો

સાધ્વી શ્રીજયપૂર્ણાશ્રીજી (શશી-શિશુ)

(૧)

વિ.સં. ૨૦૪૬ નું ચોમાસું અમદાવાદમાં હતું ૧૧ થાણા સાથે હતાં. ચોમાસુ પૂર્ણ થાય એટલે ''સાધુ તો ચલતા ભલા'' પરંતુ કંઈ બાજુ જવું? અંતે રાજસ્થાન તરફ વિચાર્યું પરંતુ રાત્રે કોઈ અદ્રશ્ય સંકેત આવ્યો કે પાલીતાણા ૨૦૪૭ ના જે શત્રુંજય મહાતીર્થના અભિષેક છે ત્યાં જવું અને પછી દાદાની યાત્રા કરી આગળ જવું. આજ સમાચાર

મહુવાથી વડીલ ગુરુદેવના પણ આવ્યાં અને પાલીતાણા પ્રસંગ નિહાળી માણી, રાજસ્થાનની યાત્રા તરફ વિહાર કર્યો. મહા મહિનામાં થોડી ઠંડી હોય વિહાર સુખપૂર્વક થવા લાગ્યો. ગુજરાત વટાવી બ્રાહ્મણવાડા પહોંચ્યાં અને ત્યાંથી નજીક છ કિલોમીટરે રામસિંગ આવે છે એટલે સાંજના વિહાર કરવાનું વિચાર્યું. લગભગ સાડા ત્રણ વાગે નીકળીએ તો સમયસર અંધારું થાય તે પહેલાં પહોંચી જઈએ. વાતાવરણ અનુકૂળ હતું એટલે અમે સમયસર નીકળી ગયા. અઢી ત્રણ કિલોમીટર ચાલ્યાં હોઈશું, ત્યાં અચાનક ધૂળની ડમરીઓનો જોરદાર પવન ફૂંકાવા લાગ્યો. આકાશમાં ગડગડાટ વધવા લાગ્યો. પવનના સુસવાટા સામેથી આવતા હોવાને કારણે અમે ચાલી પણ શકતાં ન હતાં. ચારેબાજુ અંધારું પણ દેખાવા લાગ્યું. અમે બંને જણા બે બે જણા હાથ ઝાલીને એકબીજાને મજબૂત પકડીને ધીરે ધીરે ચાલતાં હતાં, છતાં એક જોરદાર પવનની ઝાપટ વાગતાં અમે પડી ગયાં. થોડા ગભરાઈ પણ ગયાં.

દાંડા, પાતરા, વગેરે હાથમાં રાખીએ તો પણ ન ટકે. બધાએ વિચાર્યું હવે જ્યાં ઊભાં છીએ ત્યાં જ બેસી જઈએ. નવકાર મંત્ર અને દાદાનો જાપ શરૂ કરી દઈએ. જે થવાનું હશે તે જ થશે. નીચે બેસી આહાર, શરીર, ઉપધિ વોસીરાવી, દાદાનો એકાગ્ર મને જાપ ચાલું કર્યો, **'નમો નમઃ શ્રીગુરૂનેમિસૂરયે'** અડધો કલાક થયો અને પવન અને ધૂળની ડમરી બેસી ગઈ. થોડી જ મિનિટોમાં વાતાવરણમાં જાણે કશું ન હતું તે રીતે એકદમ શાંત થઈ ગયું. પરંતુ અંધારું ખાસું વધી ગયું હતું.

તેવામાં એક ભાઈ આવીને ઊભા રહ્યાં. અમને પૂછ્યું કે તમારે ક્યાં જવું છે? એટલે રામસિંગ કીધું તો તેઓ એકદમ ટૂંકા રસ્તાથી, ગામના પાદરે મૂકીને એ ભાઈ ક્યાં રવાના થઈ ગયાં, પાછળ જોયું તો પણ ખબર ન પડી. અને અમે હેમખેમ પહોંચી ગયાં. માત્ર દાદાનાં જાપના પ્રભાવે.

આવો જ બીજો પ્રસંગ કાપરડાજી તીર્થ તરફ વિહાર કરતાં રસ્તામાં એક સાધ્વીજી મહારાજ ઉતાવળે ચાલતા ચાલતા આગળ નીકળી ગયાં અને કોઈ બીજા રસ્તે ચડી ગયાં, પાછળ આગળ, કોઈ દેખાયું નહીં રસ્તો અને અંધારું થવા લાગ્યું સહેજ આગળ ચાલ્યાં ત્યાં કાપરડાજી ૧૫ કિલોમીટરનું બોર્ડ આવ્યું હવે શું કરવું? અંતે દાદા જ તરણ તારણહાર છે તેમ સમજીને અશરણ ભાવે મનથી જાપ કર્યો. તેવામાં એકગાડી નીકળી અને એ સફેદ કપડાં પહેરેલા ભાઈ નીચે ઉતરીને જાણે મને જોઈને જ નીચે ઉતરી ગયા ન હોય? તે રીતે પાસે આવીને કહ્યું મહારાજ સાહેબ, ગભરાતાં નહીં, હું અહીંયા ઊભો છું. આ નાનકડી કેડી ઉપર શાંતિથી ચાલ્યાં જાઓ. તમને તીર્થ મળી જશે અને આશ્ચર્ય થાય કે ૧૫ કિ.મી.ના બોર્ડ પાસેથી પોણો કલાકમાં કાપરડા તીર્થમાં અમે કેવી રીતે પહોંચી ગયાં? ખરેખર બધાને મળ્યાં પછી જીવમાં જીવ આવ્યો અને જાણે કે આજે પણ યોગ અને ક્ષેમને કરનારા દાદા હાજર જ છે.

જીવનમાં જ્યારે વિપત્તિઓના વાદળા ઘેરાયા હોય, મગજ કામ ન કરતું હોય, કોઈ સુઝ ન પડતી હોય ત્યારે દાદાનું સ્મરણ કરીએ છીએ અને તરત નજર સમક્ષ એ સિંહગર્જનાની છબી, જાણે સાક્ષાત્ આવીને સહાય કરવા ઉભી જ રહે છે. આ કરૂણાના સ્વામીને અનંત વંદન.

## મનીઓર્ડર મળી ગયું

**સા. અક્ષતયશાશ્રીજી**

વિ.સં. ૨૦૩૬ની સાલમાં રાજસ્થાન તરફનો વિહાર કરતાં પાડીવ પહોંચ્યાં. ત્યાં પ્રતિક્રમણ બાદ ગુરુસ્તુતિ બોલ્યા અને એક શ્રાવિકાબેને આવીને પ્રશ્ન કર્યો? આપ શાસનસમ્રાટ સમુદાયના છો? અમારા ગુરૂદેવ પણ તે જ છે. અમારે ઘરે રિવાજ છે કે રોજ રાત્રે સૂતા પહેલાં પૂજ્યશ્રીની મૂર્તિ સામે આરતીમાં દરેક સભ્યે હાજરી આપવાની. સંસારમાં ચઢાણ-ઉતરાણ તો આવ્યા કરે. તેવું જ કંઈક અમારા જીવનમાં આવ્યું. નાના બાળકોને દૂધ આપવાની પણ સગવડ નહીં. શ્રાવકજી સવારથી સાંજ પુરૂષાર્થ કરે પણ કશું મળે નહીં. મારેને શ્રાવકને આ નિમિત્તે ઝઘડો પણ થાય, બાળકો રડે. શું આપવું? ધર્મ ઉપરની શ્રદ્ધા ડગી જવા લાગી. જીવન ટુંકાવી દેવું એવો પણ વિચાર આવ્યો અંતે ગુરૂ મ.સા.ની (મૂર્તિ સામે) અંતરવેદના વ્યક્ત કરીને કહ્યું. દાદા-કંઈક સહાય કરો. અને પુરા આશ્ચર્ય સાથે રાહત કરો. ચારેક દિવસમાં અચાનક મનીઓર્ડર આવ્યું. મોકલનારનું નામ પણ નહીં. પછી તો વળતા દિવસો થયા. હાલ ખાધે-પીધે સુખી છીએ. આ છે શાસનસમ્રાટશ્રીનો પ્રગટ પ્રભાવ નાના મોટા પ્રસંગોમાં પરમગુરૂ સહાયકતત્ત્વરૂપે અદૃશ્યપણે બધાને સહાય કરે જ છે. આ અમારો ચોક્કસ અનુભવ છે.

## જય શાસન સમ્રાટ્

**લે. સા. મયણયશાશ્રીજી**

શાસનસમ્રાટ શ્રીનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના પુણ્ય પ્રભાવની વાતો આજે પણ જીવંત અને હાજરાહજૂર છે, તેને કેમ ભૂલી શકાય?

પૂજ્ય સાધ્વીજી શ્રીમયણયશાશ્રીજી મહારાજ સાહેબના શિષ્યા ચિંતનયશાશ્રીજી મહારાજ સાહેબની વાત છે

વિ.સં. ૨૦૦૪ નો પ્રસંગ છે...

એક દિવસ પેટમાં ધીરે ધીરે દુઃખાવો વધતો ગયો, સહન ન જ થયું. ત્યારે ડોક્ટરને દેખાડ્યું . રિપોર્ટ કઢાવ્યા અને ડોક્ટરે કહ્યું કે આ તમે મોડા કેમ આવ્યા? પેટમાં બહુ મોટી ફેટ્સ કેમ નામની ગાંઠ થયેલી છે અને અહીંયા કોઈ તેનું ઓપરેશન કરી શકશે નહીં, ફરજિયાત મુંબઈ જવું પડશે. સાધ્વીજી અને પરિવારના ખૂબ ગભરાઈ ગયા. બીજા બે-ત્રણ ડોક્ટરની સલાહ લીધી. રિપોર્ટો જોયાં. ઓપરેશન સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો અને જો સમયસર આ નહીં કરાવવામાં આવે તો બહુ મોટું પરિણામ ભોગવવું પડે તેવું હતું, અંતે ઘણાં વિચારોના અંતે ઓપરેશન કરી લેવું એવું નક્કી કર્યું. શ્રાવકો પ્લેનની ટિકિટ લઈને આવ્યાં, તમે ચિંતા ન કરો એમ કહીને ચાલ્યા ગયા. મનમાં ખૂબ વિરાધનાનો અને ઓપરેશનનો ડર હતો.

ખૂબ મૂંઝાયેલા હતાં, ત્યાં અચાનક દાદાગુરુ નેમિસૂરિ દાદાનો પ્રભાવ સ્મૃતિમાં આવ્યો. બધા જ લોકો જાપ કરવા બેસી ગયા.

નમો નમઃ શ્રી ગુરુ નેમિ સૂરયે.....
નમો નમઃ શ્રી ગુરુ નેમિ સૂરયે.....

બહેનોને સામુદાયિક સામાયિક કરાવવામાં આવી. બધાએ સામુદાયિક દાદાનો જાપ ચાલું કર્યો. સાધ્વીજીએ દાદાનું અનન્ય શરણું લીધું. ત્રીજે દિવસે ફરી લેબોરેટરીમાં બધા રિપોર્ટ કઢાવવામાં આવ્યાં અને ખરેખર આશ્ચર્ય થયું કે દોઢ કે બે દિવસમાં આટલો મોટો ફેરફાર કેમ? ઓપરેશન કેન્સલ થયું. દવાઓ ધીરે ધીરે બંધ થઈ ગઈ. વાહનનો ઉપયોગ અને વિરાધના ન કરવી પડી તેનો ખૂબ આત્મસંતોષ થયો તથા ઓપરેશનની ઘાત ટળી ગઈ. આજે પણ તે પ્રસંગને યાદ કરીએ છીએ ત્યારે દાદાનો પ્રભાવ અનુભવીઓ લોકોના મોઢે લોકોનો સાંભળ્યો હતો, પરંતુ આ તો મારી ખુદની વાત બની, મારા માટે દાદા ભગવાનથી ઓછા નથી.

બીજા એક સરસ પ્રસંગની વાત છે.

જે આજે પણ દાદાની પ્રત્યક્ષ હાજરીનો બોલતો પુરાવો અમારા માટે બની ગયો. અમદાવાદના પાલડી વિસ્તારમાં શેષકાળમાં અમે રહ્યાં હતાં ''પ્રભુસ્મિત ઉપાશ્રયની'' અંદર આરાધનમાં સારા દિવસો પસાર થઈ રહ્યાં હતાં. અમારા સાધ્વીજી સુજ્ઞયશાશ્રીજી મહારાજ સાહેબે ૧૮ દિવસનું મૌન લીધું અને દાદાના નામનો એક ચોક્કસ મોટી સંખ્યામાં જાપ ચાલુ કરી દીધો. દાદા! આપના આશિષની અનુભૂતિ તો કરાવો. અમારાથી કોઈ આશાતના કે વિરાધના થઈ હોય તો ક્ષમા કરો. મનની મહેચ્છાઓ કે મૂંઝવણો મૌનમાં આબાદ પ્રગટતી હોય છે, અને તેનો આધાર જ્યારે ઉપકારી ગુરુતત્ત્વ સાથે જોડાય છે ત્યારે તેનો જવાબ કે રસ્તો અવશ્ય મળે છે. જાપના થોડા દિવસ બાકી હતાં ત્યારે સ્થાપનાચાર્ય પડિલેહણ કરવા બપોરે ચાલું કર્યું ત્યારે ભગવાનની દરેક મુહપત્તિ ઉપર કેસરના છાંટણા થયેલા જોયાં અને ચંદનની સુવાસ ચારે બાજુ પથરાયેલી, બધાને અનુભૂતિ થઈ અને પરિવારમાં ખુશી ખુશી થઈ ગઈ.

પ્રસંગ ત્રીજો

આજથી લગભગ ૧૫ વર્ષ પહેલાની વાત છે. અમદાવાદની બાજુમાં આવેલા માતર તીર્થમાં વિહાર કરીને અમે ગયા હતાં. ઉપાશ્રયમાં ઉતર્યા પછી દાદાની ભક્તિ કરીને સ્થાનમાં પહોંચ્યા છીએ. ત્યારે એક અજૈન ભાઈ અમને મળવા આવ્યાં. અત્યંત વ્યથિત હ્રદયે પોતાના મનની વાત કરી, મહારાજ આજ સવારની જ વાત છે કે મારો છ લાખ રૂપિયાનો ચેક હું બેંકમાં ભરાવા ગયો પણ ક્યાંક રસ્તામાં ખોવાઈ ગયો. પડી ગયો. બધે તપાસ કરી, પણ કાંઈ મળ્યો નથી, બધાને પૂછ્યું, બધાની આગળ વારંવાર વાત કરી, પરંતુ કોઈ કરતાં કોઈ અણસાર મળતો નથી કે ચેક ક્યાં ગયો?

સાહેબ કંઈક કરો. મારા જીવનની અત્યાર સુધીમાં બચાવેલી મૂડી તરીકે છ લાખ રુપિયા જ છે. હું બહુ નાનો માણસ છું અને મને હવે કશું સૂઝતું નથી. ચેક નહીં મળે તો હું શું કરીશ? અમે તેમને નેમિસૂરિ દાદાનું નામ લેવાનું અને જાપ કરવાનું કહ્યું તથા દાદાના નામની રુમાલ ઉપર ગાંઠ મારવાની કહી. બિચારો ડૂબતો માણસ તરણું પકડે. તેમ કર્યું, ત્યાં જ અડધો કલાકમાં એક ભાઈ સામે ચડીને શોધતાં શોધતાં આવ્યાં. અને કહ્યું કે તમે અમારા ઘરે આવ્યાં ત્યારે આ એક ચેક ભૂલી ગયાં લાગો છો. અમે તમારો ચેક સમજીને તમને આપવા આવ્યા છીએ. પેલા ભાઈ એ જોતા જ રહી ગયાં, અને શ્વાસ હેઠો બેઠો, પરંતુ દાદાના નામમાં તો વિશ્વાસ બેસી ગયો.

* જય શાસનસમ્રાટ્ *

## રસ્તો મળી ગયો

સા. સન્મતિશ્રીજી

પ્રત્યક્ષ અનુભવ લગભગ ૪૨-૪૩ વર્ષ પહેલાનો છે- પાલીતાણાથી વિહાર કરેલ, સાંજે હણોલ જવા નીકળ્યાં, માગશર મહીનો હતો. સાંજે લગભગ ૫-૫।। વાગે વાગે નીકળ્યાં હતા, થોડુ ચાલ્યાં ત્યાં અંધારૂ થઈ ગયુ. નાના-નાના, અમે ત્રણ ઠાણા હતાં અંધારૂ વધતું ગયું-રસ્તો મળે નહી. લાઈટ પણ ખુબ દૂર દૂર દેખાતી હતી. બે-ત્રણ વખત બેસીને નવકાર મંત્ર અને નેમિસૂરિ મ.સા.નો જાપ કર્યા છેલ્લે ખૂબ જ બીક લાગવા માંડી. નાના ત્રણ, જંગલમાં એકલા હતાં. પછી થયું શાંતિથી બેસીને મન સ્થિર કરી બધાએ દાદાની નવકાર વાળી ગણી. અને એટલમાં જ ગાડાનો અવાજ આવ્યો. હાકલ કરી – ગાડાવાળા ભાઈ અમારે હણોલ જવુ છે. રસ્તો બતાવશો? ગાડાવાળા ભાઈએ કહયું, આ પાળો ઉતરી જાવ. હણોલ આવી જ ગયું છે. પાળ પાસે આવીને પાછળ જોયું તો ગાડું કે ભાઈ કોઈ જ મળે નહી. અમે ભયમુક્ત થયાં. ખરેખર દાદાએ સહાય કરી.

બાકી વસ્તુ ખોવાયેલ પાછી મળી જતી હોય એવાં ગૃહસ્થોના ઘણા અનુભવ પ્રત્યક્ષ જોયાં છે.

## ધૂળની ડમરી શાંત થઈ

સા. હર્ષપૂર્ણાશ્રીજી મ.સા.

વિ.સં. ૨૦૪૮ના રાજસ્થાનના મહામહિને અમે વિહાર કરી રહ્યાં હતાં. પ.પૂજ્ય આચાર્ય શ્રી વિજય સુશીલસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સમદડી, પચપદરા, કાનાના વિ.-ગામોમાં એમ જિનાલયનો અંજન પ્રતિષ્ઠા મહોત્સવ હતો. તે માટે ગયા હતાં. વિહાર કરી આગળ વધી રહ્યાં હતાં.

સવારનો સમય હતો. લગભગ સવારે સાતેક વાગ્યા હતાં. સૂર્યદેવ પૃથ્વી પર પ્રકાશ પાથરવાની તૈયારીમાં હતાં, તેવામાં અચાનક વાતાવરણ બદલાયું. પવન ફૂંકાવા લાગ્યો, થોડીવારમાં જ વાવાઝોડું શરૂ થયું. સુસવાટા બોલાવે તેવી પવનની ઝડીઓ શરૂ થઈ ગઈ. અમે છ ઠાણા સાથે, થોડાક આગળ પાછળ ચાલતાં હતાં. ઝડપથી ભેગા થઈ ગયાં. અમે હજુ બીજું કંઈ પણ વિચારીએ તે પહેલા તો વરસાદ શરૂ થઈ ગયો પણ તે પાણીનો વરસાદ ન હતો, માટીનો વરસાદ હતો. સખત પવન અને ધૂળની ડમરીનો વરસાદ હતો. હાથમાં પકડેલી તરપણી અને ઘડો તો જાણે હમણાં જ હાથમાંથી ઉડી જશે તેવો અહેસાસ થતો હતો, ત્યાં જ નજર સામે આગળની ઝાડની ડાળીઓ ટપોટપ તૂટવા લાગી. હવે શું કરવું? હવે ક્યાં

**BOTAD**





જવું? અંતે બધા સાથે મળીને રોડની એક બાજુ, એકબીજાના હાથ પકડીને બેસી ગયાં. દેવ અને ગુરુના નામ મંત્રનું સ્મરણ કર્યું આંખો પણ બંધ કરી દેવી પડી, ક્યા શું હશે? અને શું થશે? તેની કલ્પના કરી શકતા ન હતા. બે-ચાર મિનિટ નવકાર મંત્ર અને ચાર શરણાં સ્વીકારી લીધાં. ત્યાં ગુરુ ભગવંતે કહ્યું કે એક કામ કરો સાથે સાથે **નમો નમઃ શ્રી ગુરુ નેમિ સૂરયે નામ મંત્રનો** જાપ કરો. બધાએ સાથે ગણવાનું ચાલું કર્યું, હજુ ૧૦૮ વાર પણ પૂરો મંત્ર ગણાયો ન હતો ત્યાં જ બધું ધીરે ધીરે વાતાવરણ શાંત થવા લાગ્યું. અને હેમખેમ અમે બધા વિહાર કરીને સામે ગામના સ્થાનમાં પહોંચી ગયાં. આજે પણ એ ધુલની ડમરીઓ યાદ કરીએ છીએ તો એમ થાય કે દાદા ગુરુએ અમને બચાવી લીધાં, બાકી એકાદને હોસ્પિટલ ભેગા કરવા પડ્યાં હોત.....

## દાદાને યાદ કરીએને બધી મુંઝવણ મીટી જાય

**સા. વિશ્વપ્રજ્ઞાશ્રીજી મ.**

(૧)

વર્ષો પહેલાંની વાત છે. પાલીતાણા સમોવસરણની અંજન પ્રતિષ્ઠા પ્રસંગ પૂર્ણ કર્યા પછી અમદાવાદ જઈ રહ્યાં હતાં. ત્રણ ઠાણા સાથે હતાં. તે સમયે પોટલું ઉપાડવા માટે એક બેનને રાખ્યાં હતાં.

ધંધુકા પહોંચી ગયાં, પછી અમારે ખડોલ થઈને આગળ જવાનું હતું. શિયાળાના દિવસો હતાં. અમને પેઢીમાંથી જણાવવામાં આવ્યું કે રોડ ઉપરથી તમે ખડોલ જશો તો ૧૦ થી ૧૨ કિલોમીટર થશે. કાચા રસ્તે જશો તો છ કિલોમીટર થશે. આમ પણ ટુંકો રસ્તો પહેલાં પસંદ કરતા હોઈએ છીએ. ઓછું હોવાથી જલ્દી પહોંચાશે તેમ સમજી સાંજના વિહાર કર્યો. કાચો રસ્તો હતો. શિયાળાના દિવસોમા ચાલતાં ચાલતાં જાણે જલ્દી અંધારું થઈ ગયું. પહેલી વખત કાચા રસ્તે ચાલતાં હોવાથી આગળ જતા કોઈ રસ્તો દેખાયો નહીં. કોઈ માણસ દેખાય નહીં. કેડી ભૂલી ગયાં. ચારેબાજુ કાંટાની વાડ જ દેખાય. એમ કરતા કરતા સાત, સાડા સાત, આઠ વાગી ગયાં ગોળ ગોળ ફરવા લાગ્યાં. કંઈ રસ્તો સૂઝે નહીં. દૂર સુધી કોઈ માણસનો અવાજ પહોંચે નહીં. અંતે થાકી કંટાળીને દાદાનું સ્મરણ કર્યું જાપ કર્યો. એકાગ્ર ચિત્તે દાદાનુ શરણું સ્વીકાર્યું. ત્યાં અચાનક એક ભાઈ, પોતાનું ગાડું લઈને આવ્યાં અને તેમને સામેથી કીધું કે તમારે ખડોલ જવું છે ને? ચિંતા ન કરશો. મારા ગાડાની પાછળ પાછળ ચાલ્યાં આવો, અને પાંચ મિનિટમાં એમની પાછળ ચાલતાં ચાલતાં રસ્તે ચડી ગયાં. ગામ આવ્યું તો પૂછ્યું તો કે આ તો રાયકા ગામ છે. અમે રાત્રે અહીં રહી શકીએ? તો કહે કે નહીં, હજુ ૧.૫ કિ.મી. દૂર ખડોલ આવશે ત્યાં તમારે જવાનું છે. મનમાં મૂંઝવણ વધી ગઈ ના છૂટકે, સારું કહીને આગળ ચાલ્યાં. દાદાનું સ્મરણ હતું જ પરંતુ જ્યાં નીચે ઉતરવાનો રસ્તો આવ્યો ત્યાં ફરી પાછાં ભૂલા પડ્યાં. અંતે રોડ ઉપરથી એક અચાનક ગાડી આવીને ઊભી રહી. એક સફેદ કફની લેંઘા પહેરેલા પડછંદ કાયાવાળા એક ભાઈ અમારી તરફ આવ્યાં. તેમણે સામેથી

પૂછ્યું મહાસતીજી ખડોલ જવું છે ને? મારી બેટરીના પ્રકાશમાં તમે પાછળ પાછળ ચાલ્યાં આવો, અને ખરેખર એ ભાઈ ઉપાશ્રય સુધી મૂકી ગયાં અને ત્યાં ઉપાશ્રય સંભાળનાર મનુભાઈને બૂમ પાડીને કહ્યું કે આ મહાસતીઓ ભૂલા પડ્યાં છે તેમને સંભાળી લેજો. આટલું કહીને ચાલ્યાં ગયાં. મનુભાઈને પૂછવામાં આવ્યું કે આ ભાઈ કોણ હતા? બહુ સારા નીકળ્યાં, તો કહે કે એવું કોઈ અહીં રહેતું જ નથી. અમને એમ કે તમારી સાથે તમારો કોઈ માણસ હશે જે તમને મૂકીને ચાલ્યો. ગયો. મનની અતિ મૂંઝવણ વચ્ચે એકવખત ગાડાવાળા ભાઈના રૂપે અને બીજીવાર બેટરીવાળા ભાઈના રૂપે જે ભાઈઓ ચડાવી ગયાં તે દાદાના જ પ્રભાવે થયું.

રસ્તોભૂલીગયાં તો રસ્તોબતાવીગયાં. પંથભૂલી જઈએ તો દાદા મોક્ષમાર્ગે ચડાવી દેશો.

ખરેખર દાદાને યાદ કરીએ અને બધી મુંઝવણ મટી જાય.

(૨)

પ્રાયઃ ૨૦૪૨ની સાલમાં અમે ખંભાત તરફ વિહાર કરતાં હતાં. ગલીયાણા થી ગોલાણા પાંચ કિલોમીટર દૂર થાય, સાથે એક સાયકલવાળા ભાઈ સાથે હતાં. રોડ ઉપર ચાર કિલોમીટર ચાલ્યાં હોઈશું ત્યાં સામેથી ગામ વાળા ઘણા ભેગા થયેલા માણસો કહે કે મહારાજ! આ ગામમાં જશો નહીં અમે ન સાંભળ્યું કર્યું એટલે ફરી વખત મોટેથી બોલ્યાં, મહારાજ! આ ગામની અંદર જશો નહીં ત્યાં આગળ આઠ દસ લાશો પડી છે કોમી તોફાન થયું છે અને પોલીસવાળા બધા ગોઠવાઈ ગયા છે અને તોફાન કરવાવાળા હલકા વર્ણના છે એટલે તમે જશો નહીં, નહિતર ફસાઈ જશો. હવે માત્ર એક જ કિલોમીટર બાકી હતું પાછા ફરીને જવાય તેવું હતું નહીં, શું કરવુ? શું કરવું? તેમ વિચારીને દાદાનો જાપ કરવા લાગ્યાં. રોડની એક બાજુ બેસી ગયાં અને અંધારું થઈ જવાં આવ્યું હતું. ત્યાંદૂરથી બે ઘોડેસવાર પોલીસ વાળા આવ્યાં અને અમને પૂછ્યું કે અહીંયા કેમ બેઠા છો? તો અમે કહ્યું કે અમારે ગોલાણા ગામના ઉપાશ્રયમાં જવું છે પણ ત્યાં તોફાન છે એટલે જવાની ના પાડે છે તો શું કરવું? ઘોડેસવારોએ કહ્યું કે તમે ચિંતા ન કરો અમે તમને મૂકી જઈએ છીએ. તેમાં એક આગળ પોલીસ રહ્યો અને એક પાછળ. દસમિનિટમાં તો

પાછલા રસ્તેથી અમને ગામમાં પહોંચાડી દીધાં. ત્યાં ચોકમાં જે પોલીસો બેઠેલા હતાં તેમને ભલામણ કરી કે આ સાધ્વીજીઓને ઉપાશ્રયમાં પહોંચાડી દેજો અને રાત્રે પણ ધ્યાન રાખજો અમને ઘણી જ હાશ થઈ અને પોલીસવાળાનો આભાર માનવા માટે એમ પાછળ જોયું તો બંને ઘોડે સવાર ગાયબ હતાં. ત્યાંના પોલીસને પૂછ્યું કે તામારા આ બંને ઘોડેસવારો સ્ટાફના હતાં? તો કહે કે અમારા કોઈ પોલીસ ઘોડેસવાર થીને આવ્યાં જ નથી. અમે વિચારતા જ રહ્યાં વિચારતાં જ રહ્યાં. ખરેખર આવી કટોકટીમાં દાદા સિવાય કોણ સહાય કરે? ખંતે દાદાનો જાપ કરતા સંથારી ગયાં. બીજે દિવસે સામે ગામ પહોંચી પણ ગયાં. ખરેખર દાદાની કરૂણા અપરંપાર છે. તેમના ગુણો અને ઉપકારો કોઈ ટાળે ભૂલી શકાય તેમ નથી.

**જો સામાન્ય વ્યક્તિ આપણને કશુંક નવું શીખવાડી જાય, સમજાવી જાય તેને પણ વ્યવહારિક ગુરુ કહી શકાય તો પછી જે આપણને અંદરથી જગાડી જાય, ધર્મનો રાગ લગાડી જાય, પાપોથી ભગાડી જાય અને આત્મા પરમાત્માનો ભાવ ઉગાડી જાય તે આપણા ભાવ ગુરુ જ ગણાય ને.....**

## ગુરૂની ઉર્જા જબ્બર કામ કરે તો નામ શું ન કરી શકે?

સા. દીપ્રયશાશ્રીજી

(૧)

આપણા શાસન સમ્રાટ પુણ્ય અને પવિત્રતામાં શ્રી જાદુગરોના જાદુગર હતા. તેની આપણે આછેરી ઝલકો જોઈએ.

વિ.સં. ૨૦૬૦ સા. દીપ્રયશાશ્રીજી આદિ એ રાજકોટ માંડવીચોકમાં ચાતુર્માસ કર્યુ. એક પ્રસંગ બની ગયો. દિવાનપરામાં રહેતા જસાણી માલતીબેન રમણીકભાઈનો.

રમણીકભાઈ અને તેના દિકરા પૂજા કરવા આવ્યાં. પછી તરત જ બોમ્બે જવાનું હતું. અને ટ્રેનમાં બપોરે બેઠા અડધે પહોંચ્યા અને ખીસ્સામાં હાથ નાંખ્યો, અને કહે હિરાનું પેકેટ તો નથી. એકદમ અધીરા થઈ ઘરે શ્રાવિકાને ફોન કર્યો. હિરાનું પેકેટ ત્યાં રહી ગયું છે, તમે ઘરે તપાસ કરો. અને શ્રાવિકાએ સાંજના

૭ વાગ્યા સુધી આખું ઘર ખોળી કાઢયું, પણ કંઈ ન મળ્યું. ગમગીન ચહેરે પ્રતિક્રમણ કરવા આવ્યાં. પ્રતિક્રમણ બાદ અમને વાત કરે છે. સાહેબજી આજે આવું થયું, અને કંઈ ચેન નથી પડતું. પ્રતિક્રમણ બાદ દેરાસર માંગલિક થઈ ગયુ હતું, છતાં પૂજારીને કહે દેરાસર ખોલ. અને કચરા ફુલ ટોપલીમાં જોયું પણ કંઈ ન મળ્યું, ઘરે આટલું ગોત્યું, અહીંયા પણ નથી. ક્યાં પડી ગયું? ભગવાન જાણે, અમારા ગુરુજીએ કહ્યુ. માલતીબેન ચિંતા નહી કરો. અમારા પૂ. નેમિસૂરિ મ.સા.નું નામ લ્યો. અને મનમાં સંકલ્પ કરો. દાદા મારી અનુકુળતાએ તમારા પગલે દર્શન કરવા આવીશ. આવો સંકલ્પ કરીને ઘરે ગયા, જે જગ્યા પર એને ઓછામાં ઓછું ૩૦ વાર જોયું હશે, સામે જ ટેબલ પડ્યું હતું, તેના ઉપર હિરાનું પેકેટ પડ્યું હતું. ઘરેથી રાત્રે પાછા તરત જ કહેવા આવ્યા. સાહેબજી! દાદાનો તો અદભૂત ચમત્કાર. માત્ર નામ લેવાથી હિરાનું પેકેટ સામે આવે? બપોરથી લઈને સાંજના નવ વાગ્યા સુધી ગોતવાની મહેનત? માત્ર દાદાનું ૯ વાર નામ લેવાથી તેનું કામ થયું, માલતીબેનના મુખ ઉપર જે આનંદ હતો. તેની કોઈ સીમા નહોતી. અને કહે સાહેબજી! દાદા આટલા બધા હાજરા હજુર છે! એમને દાદા પ્રત્યે ઘણો બધો અહોભાવ-અને સદ્ભાવ વધી ગયો.

(૨)

દીપ્રયશાશ્રીજી આદિ ઠાણા ૮ રાજસ્થાનમાં ગયાં, ત્યાં રામદેવરા ગામ છે. અમો રામદેવરા પહોંચ્યા ૨૦ કિ.મી. વિહાર કરીને આવ્યા. ત્યારે ત્યાં દેરાસર નહોતું. એટલે અમોએ ગામમાં પૂછ્યું. ૫/૬ કિ.મી. દેરાસર આવે છે. ત્યારે કોઈએ કહ્યું પોકરણ કરીને એક ગામ છે. ત્યાં દેરાસર છે પણ જૈનના ઘર નથી. પણ ગોચરી-પાણીની વ્યવસ્થા ત્યાં થઈ જાય છે. આપણે દર્શન કરીને વાપરશું. દીપ્રયશામ.સા. ત્યારે ચાલતા હતા. એટલે કહે ૨૦ કિ.મી. આવ્યા હવે મારી શક્તિ નથી. નવકારશી કરીને જઈશું અને તેમ છતાં જેને જવું હોય તે જાય. અમો સાંજે આવીશું. અમો ૬ જણા પોકરણ જવા નીકળ્યા. ત્યાંના લોકો કહે તમે રોડ ઉપરથી જાવ તો ૧૦/૧૨ કિ.મી. થાય. રિલાયન્સના ટાવર બતાય છે તે પોકરણ ગામ છે. તમે ટાવરની લાઈને ચાલજો. અમે તો ચાલવાનું શરૂ કર્યું ૮.૩૦ વાગે અમારીપોકરણ પહોંચવવાની ગણતરી ૧૦.૩૦ થશે પહોંચી જઈશું. બે-ત્રણ કિ.મી. ચાલ્યા ત્યાં અંદર જંગલ અને સુમસામ લેંકાર માર્ગ. બહાર નીકળવાનો રસ્તો ન દેખાય. ત્યાં કાંટાની વાડ આવી. અમો એ હાથથી તોડી જવાય એટલી જગ્યા કરી ત્યાંથી આગળ આવ્યા. ૮ કિ.મી. ચાલ્યા. ત્યાં વાળાની વાડ આવી. ક્યાંથી નીકળવું? સતત દાદાનો જાપ વાળાની વાડ ઉપર બે જણા ઉપર ચડ્યાં, વાળા પહોળા થયા, એમાંથી બહાર આવ્યા. અને ગામ દેખાણું અને પૂછ્યું. આ ગામનું નામ શું છે. આતો ફલાણું ગામ છે. અમે પૂછ્યું પોકરણ ગામ કેટલું દૂર છે? હજુ તો ૩ થી ૪ કિ.મી. દૂર છે. ત્યાં રસ્તામાં મીલેટ્રી વાળાનો રસ્તો આવ્યો. અહીયાથી તમને ન જવાં દઉં દાદાનો જાપ મનમાં શરૂ હતો. અને અમે મીલેટ્રીવાળા

## યંત્ર : શાસન સમ્રાટ્ તપાગચ્છાધિપતિ આચાર્ય શ્રીવિજયનેમિસૂરિભ્યો નમઃ |



ભાઈને કહ્યુ. અમો સવારના નીકળેલા છીએ આટલા ૨૮ કિ.મી. ચાલતા આવ્યાં છે. બધાને પાણીની તરસ લાગી હતી. મનમાં સતત દાદાનું સ્મરણ ચાલું અને ત્યાંજ મીલેટ્રીવાળા કહી દે. અહિથી કોઈને ચાલવા નથી દેતા. પણ ચાલો હું તમને મૂકી જાઉં.અમો પોકરણ ગામ પહોંચ્યા. ત્યારે ૧૨.30 વાગ્યા હતા. આવા ઘનઘોર જંગલ માંથી અમને દાદાએજ બહાર કાઢ્યા. નહિતર અમને કોઈ અહિંયા મારી નાંખે તો એક વસ્તુ ન મળે, કંઈ ખબર પણ ન પડે એવું વિકરાળ જંગલ હતું. પણ હેમખેમ પહોંચી ગયાં. દાદા તમારા ગુણ ગાઈએ એટલા ઓછાં છે.

(૩)

૨૦૬૦ માં રાજકોટમાં શ્રમજીવી સોસાયટીમાં ચૈત્ર માસની શાશ્વતી ઓળી કરાવી, ત્યારબાદ એક સુશ્રાવિકા બીનાબેનને વર્ષીતપના પારણા આવતા હતા. એટલે કહે સાહેબજી રોકાઈ જાવ ને પાછું અમારું ચાતુર્માસ પણ રાજકોટમાં નકકી થયું હતું. અમોએ ત્યાં સ્થિરતા કરી. બીનાબેન ની દીકરી બહારગામથી પારણું કરાવવા આવી. એમાં તે સોનાનો હાર લઈને આવ્યા હતી, પ્રસંગોપાત તેમને પહેર્યો અને પ્રસંગ પત્યાં બાદ હાર કાઢીને મૂકી પણ દીધો. અને દિકરીને સાસરે જવાનો દિવસ

આવ્યો. મમ્મી મારો હાર અહિંયા મૂક્યો હતો, પણ છે નહિ. બધી જ જગ્યાએ તપાસ કરી પણ ક્યાંયથી મળ્યો નહી. તેની મમ્મીએ કહ્યું તું જા પછી તને નવો હાર કરાવી. દઈશ. પણ તારા ઘરનાને કહેજે હું એકલી આવતી હતી. એટલે મારા મમ્મીને ત્યાં હાર મૂકીને આવી છું તે આવશે ત્યારે લઈ આવશે. તેવું તેની મમ્મીએ કહ્યું. અને પછી બીનાબેન અમારી પાસે આવ્યા. અને કહે મ.સા. બધુજ સારું થયું પણ દિકરી સાસરેથી હાર લઈને આવી હતી. તે ખોવાઇ ગયો. અમે કહ્યું કે તમે પૂ. નેમિસૂરી દાદાનું નામ લ્યો. અને કહેજો કે હું તમારા પગલે દર્શન કરવાં આવીશ. આવો નાનકડો વગર પૈસાનો મનમાં સંકલ્પ કરીને બહેન નીકળી ગયા. કબાટમાં જોવાઈ ગયું હતું. શોકેસમાં તો ૧૦ વાર માંઈ લીધુ હતું. છતાં ત્યાંથી ન નીકળ્યું અને માત્ર ને માત્ર સંકલ્પ કરીને જોયું અને તરતજ ત્યાંથી જ મળી ગયું.

વર્ષીતપવાળા બહેન દોડતા-દોડતા આવ્યાં મ.સા. કમાલ કરી કમાલ. દાદા ખરેખર હાજરા હજૂર છે.

(૪)

૨૦૬૩ માં રાજસ્થાનમાં યાત્રા કરવા માટે ગયા હતાં. અને અમોએ સાંજનો વિહાર કર્યો. થોડું ચાલ્યાં. અને રેતીવાળો રસ્તો આવ્યો, ૩ કિ.મી. જેટલો હતો. અમારી સાથે સાઈકલવાળા ભાઈ અમારી સાયકલ રેતીમાં ન ચાલે. અને સાંજ પડવા આવી હતી. રેતીવાળા રસ્તે કોઈ જ ન મળે ધક્કા કોણ મરાવે? અમે તો દાદાને યાદ કર્યા દાદા આટલામાં કોઈજ નથી. કે તેને મદદ કરે. અને મનમાં આવું વિચાર્યુ. ત્યાંજ એક સફેદ કપડામાં દાદા આવ્યાં. હાલ હું તને ધક્કા મરાવું અને તે દાદાએ રેતીવાળો રસ્તો આખો પસાર કરાવી દીધો. અને અમે પાછળ ફરીને જોઈએ તો દાદા ગાયબ થઈ ગયા. દાદાને સંકટ સમયમાં માત્ર મનમાં સ્મરણ કરીએ તો પણ આપણું કામ થાય છે. આતો અમારો પ્રત્યક્ષ અનુભવ. બીજા પણ અનેકાનેક અનુભવો અલગ-અલગ થયાં છે. તે માટે દાદાની પ્રત્યક્ષ કરૂણા જ જણાય છે.

## આધ્યાત્મિક આરોગ્યની પ્રાપ્તિ

સાધ્વીજી ધૃતિયશાશ્રીજી

વિ.સં. ૨૦૬૪ની સાલનું ચોમાસું સુરત ગોપીપુરા શ્રીનેમિસૂરી આરાધનાભવનમાં હતું.


દરેક સાધ્વીજીને યથાયોગ્ય અભ્યાસ ચાલતો હતો તેથી શેષ કાળમાં ત્યાં જ રહેવાનું થયું. અમારા સાધ્વીજી પરાગયશાશ્રીજીને વર્ધમાન તપની ૭૩ મી ઓળી ચાલું હતી. બાર આયંબિલ થયાં હતાં.

એક દિવસ સવારના બાથરૂમની અંદર પાણી ઢોળાયેલું હતું તે ખ્યાલ ન રહેતાં પગ લપસી ગયો અને જોરથી પડી ગયાં. બૂમ પાડી. બધા

ભેગા થયાં. હાથ પકડીને ઊંચકીને બહાર લાવ્યાં. ડોક્ટરે કહ્યું કે જમણા પગની ઢાંકણીના ત્રણ ચાર ટુકડા થઈ ગયા છે. ઓપરેશન કરવું પડશે અને ઓપરેશન કર્યા પછી ૧૫ થી ૨૦ ટાંકા ઢાંકણી પર આવ્યાં. દોઢ મહિનો કસરત કરાવી. વિહારનો સમય થયો, ડોક્ટરને પૂછવામાં આવ્યું કે હવે સારું છે તો ચાલીને વિહાર થશે? હકીકતે જોઈએ તેટલું સારું ન હતું, ડોક્ટરે ના પાડી. મહારાજ તમારે વીલચેરમાં જ વિહાર કરવો પડશે અને પાટ ઉપર જ તમારે બેસવું પડશે. ઢાંકણી ઉપર ક્યાંય વજન ન આવે તે ધ્યાન રાખવું પડશે. ઉંમર નાની હતી અને આ બધી છૂટ લેવા મન માનતું ન હતું. સંજોગવશ એકવાર વિલચેરમાં વિહાર કરીને ભાવનગર તો આવી ગયાં, પછી ત્યાંથી નાના વિહાર કરીને પાલીતાણા સુધી પહોંચ્યાં. આ સમય દરમ્યાન એકપણ ખમાસમણું ઊભાં થઈને ન દેવાય અને ઉભડક પગે ન બેસાય. દાદાને મનોમન ખૂબ પ્રાર્થના કરી. આપશ્રી કૃપાળું છો...વગેરે અને ચમત્કાર થયો અને ઘણું સારું થઈ ગયું. પછી તો પાલીતાણા દાદાની ૨૨૫ યાત્રા થઈ, ચાતુર્માસ પછી જૂનાગઢની ૯૯ યાત્રા થઈ. છઠ્ઠ કરીને ૧૨ યાત્રા થઈ. દાદાનો ખુબ આભાર માન્યો છતાંય એક કસર રહી ગઈ. પગ વળતો ન હતો. ત્યાંથી પાછા ફરતાં કદંબગીરી તીર્થના પ્રતિષ્ઠા પ્રસંગ પછી દાદાગુરુની જન્મભૂમિ મહુવામાં ગયાં, ત્યાં સામુદાયિક અઠ્ઠમ કરવાના હતાં અને ત્યારે દાદાના નામે ઓળીમાં અઠ્ઠમ કર્યો. મનમાં એક જ ભાવ હતો દાદા મારું શારીરિક આરોગ્ય જો સુધરે તો કોઈ છૂટછાટ લેવી ન પડે.

ત્રણ દિવસમાં સવા લાખનો દાદાના મંત્રનો જાપ કર્યો. ન માલુમ પારણાના દિવસે પૂજ્ય, ગુરુ ભગવંતને સામુદાયિક મોટું વંદન કર્યું અને તે વખતે દાદાની કૃપાથી ઉભડક બેસીને પગ વાળીને વંદન કર્યું, જે દોઢ/બે વર્ષમાં ક્યારેય ન થયું હતું અને ધીરે ધીરે પછી બધું નોર્મલ થઈ ગયું ખરેખર દાદાને કરેલો ભાવથી નમસ્કાર, ચમત્કાર બતાવ્યા વગર રહેતો નથી. વિલચેર પણ છૂટી ગઈ અને પગની પીડાવગેરે તકલીફ પણ કાયમ માટે મટી ગઈ.

આ બધું દાદાગુરુના પ્રતાપે જ થયું, એમાં કોઈ શંકાને સ્થાન નથી. મહુવાથી નીકળતી વખતે દાદાને એક જ પ્રાર્થના કરી આપના પ્રભાવે જ શારીરિક આરોગ્યની પ્રાપ્તિ થઈ છે. હવે આધ્યાત્મિક આરોગ્યની પ્રાપ્તિ જલ્દીથી કરાવો.



અમદાવાદ,
પાંજરાપોળ

# અમે કેવા ભાગ્યશાળી

**સા. તરંગલેખાશ્રીજી**

રત્નત્રયીનું કેન્દ્રબિંદુ છે ગુરુતત્ત્વ.

અડખે પડખે રહેલા દેવતત્ત્વ અને ધર્મતત્ત્વને ઓળખાવનાર છે ગુરુતત્ત્વ. આ ગુરુતત્ત્વ શાશ્વત છે અને પરમ ઉપાસ્ય છે. પણ તત્ત્વ તો નિરાકાર છે. તેની ઉપાસના શી રીતે કરવી?

જેમ વીજળીનો પ્રવાહ અદૃશ્ય છે. પણ જ્યારે બલ્બ કે ટ્યુબલાઈટમાં પકડાય છે ત્યારે અજવાળું પાથરે છે તેમ...

નિરાકાર ગુરુતત્ત્વ માનવદેહમાં આતમ-જ્યોત રૂપે પ્રગટે છે ત્યારે સાકાર ગુરુ તરીકે ઉપાસ્ય બને છે.

તે તે કાળે તે તે ગુરુ ભગવંતોએ અજ્ઞાન અને મોહના તિમિર ટાળ્યા છે, ધર્મપંથ ચલાવ્યો છે... ભવ્યજીવોને ઉન્માર્ગથી બચાવ્યા છે અને મોક્ષમાર્ગ વહેતો રાખ્યો છે.

અમે કેવા ભાગ્યશાળી છીએ કે... આવું પરમોપાસ્ય ગુરુતત્ત્વ અમને સાકાર રૂપે મળ્યું, પરમગુરુ શાસનસમ્રાટ નેમિસૂરિદાદા સ્વરૂપે.

તેઓ હતા શાસનસમ્રાટ્

શાસન એટલે શાસનસમ્રાટ્ અને શાસનસમ્રાટ્ એટલે શાસન!

જિનશાસનનો અભેદ પર્યાય બની સર્વાંગીણ શાસનપ્રભાવના કરનાર એટલે પરમપ્રભાવક નેમિસૂરીશ્વરજી મહારાજા...

૩૦૦ વર્ષના યતિકાળમાં જૈનશાસનના ધર્મસિદ્ધાંતોની વિસરાયેલી પરંપરાઓને પુનર્જીવિત કરી, ફરી અસ્ખલિતપણે વહેતી કરનાર સૂરીશ્વર એટલે શાસનસમ્રાટ્ નેમિસૂરિજી મહારાજા...

૧૫૦ વર્ષ પહેલાં મહુવાની ધરતી પર પ્રગટેલી, દેહાતીત થયાં છતાં આજે પણ પ્રગટ સ્વરૂપે અનુભવાતી ઝળહળતી જ્યોત એટલે સુવિશુદ્ધ સંયમધના નેમિસૂરિજી મહારાજા

રાજા-રજવાડા અને અંગ્રેજોના શાસનકાળ દરમ્યાન પ્રાચીન તીર્થોના જીર્ણોદ્ધાર તથા તીર્થરક્ષાના કપરા કાર્યો કરી સ્વયં તીર્થસ્વરૂપ બની જનાર જંગમતીર્થ એટલે સત્ત્વમૂર્તિ નેમિસૂરિજી મહારાજા...

દેવલોકના દરવાજેથી માનવલોકની મૂંઝવણો, મુસીબતો અને પ્રશસ્ત મનોકામનાઓમાં સહાયક બને સિદ્ધિ દ્વારા લોકોમાં ધર્મશ્રદ્ધા કરાવનાર વિરલવિભૂતિ એટલે અકારણવત્સલ નેમિસૂરિજી મહારાજા...

શુદ્ધિ એટલે નિર્મળતા અને સિદ્ધિ એટલે સફળતા

ઉત્તમ ક્રિયાકલાપ અને ચારિત્રનિષ્ઠાથી જેમની કાયશુદ્ધિ હતી.

નૈષ્ઠિક બ્રહ્મચર્યથી જેમની મનઃશુદ્ધિ હતી.



મહુવા

સત્ય અને શાસ્ત્રસંગત ભાષાપ્રયોગ જેમની વચનશુદ્ધિ હતી.

ચિંતવેલુ બધું સાકાર થતું હતું એ જેમની મનઃસિદ્ધિ હતી.

બોલેલું બધુ સફળ થતું હતું એ જેમની વચનસિદ્ધિ હતી.

આદરેલું બધું પૂર્ણ થતું હતું એ જેમની કાયસિદ્ધિ હતી.

આ શુદ્ધિ અને સિદ્ધિના બળે પ્રસિદ્ધિ જેમના ચરણો ચૂમતી હતી, છેક પ્રશાસન સુધી પહોંચી હતી.

તેઓશ્રીની આ આત્મિક સમૃદ્ધિના પરિણામે સર્વકાર્ય સિદ્ધ થતા હતા અને આજે પણ એમના નામ સ્મરણથી, સ્મરણ કરનારના સર્વકાર્ય સિદ્ધ થાય છે. એવા સ્વ-પર કલ્યાણસાધક પૂજ્યપાદ નેમિસૂરીશ્વરજી મહારાજાને કોટિશઃ વંદના.

અમે કેવા ભાગ્યશાળી કે

આવા ગૌરવવંતા ગુરુવરના સમુદાયમાં અમે દીક્ષિત થયા એનું અમે ગૌરવ અનુભવીએ છીએ, અને મોક્ષ ન મળે ત્યાં સુધી ભવોભવ આવા ગુરુવર અમને મળે એવું પ્રાર્થીએ છીએ.

## દાદાનું નામ રાખે આપણું ધ્યાન

વિનીતશીશુ સા. ત્રિપદીયશા

વિ.સં. ૨૦૪૦ ની વાત છે. મુંબઈથી વિહાર કરીને અમદાવાદ તરફ આવતાં ઝઘડિયા તીર્થ આવ્યું. નાના ચાર-પાંચ જણાએ જીવનમાં જોયું ન હતુ વડીલોએ કહ્યું તમો આગળ અમે ભેગા થઈ જજો. કોસંબાથી સાંજે પાનોલી અને સવારના અંકલેશ્વર ગયા, ત્યારે રસ્તા ખેતરના-ઘણી કેડીઓ આવે ચારેબાજુ જંગલ કોઈ જ ફરકે નહિ, પાંચે જણા ગભરાઈ ગયાં, પહેલીવાર વડીલોથી અલગ હતા દાદાનો જાપ શરૂ કરી દીધો. દસેક મિનિટમાં દૂર દૂરથી એક ખેડૂત જેવા ભાઈએ બૂમ પાડી કહ્યુ-પાછા વળો પાછાવળો આગળથી સીધી કેડીએ જવાનું છે પાછા વળી અને સીધો રસ્તો મળી ગયો જીવમાં જીવ આવ્યો પણ અંકલેશ્વર પહોંચતા સવારના ૧૦ વાગી ગયા, વૈ. વદ ના દિવસો હતા. સાંજે માંડવા જવુ પડે તેમ

હતું પહોચ્યાં તો ખરા પણ રવિવારનો દિવસ હતો સાવ ગામડું એટલે છેવટનો ઉપાશ્રય શ્રાવકના ઘર બે-ત્રણ તે ઉપાશ્રયથી દૂર શ્રાવકોએ કહ્યું ઉપાશ્રયની જાળીને તાળુ દઈ દેજો, અહી લગભગ દારૂડિયા વધારે ફરશે બધા જ નાના, શું કરવું-સવાર-સાંજના વિહાર ગરમીથી રહેવાય નહિ, નક્કી કર્યુ. એક જણ બેસી દાદાનો જાપ કરે પણ બારણાં તો ખુલ્લા જ રાખીશું. બધાની થોડી થોડી તો ઉંઘ થાય. બસ દાદાના જાપનો પ્રભાવ એક પણ દારૂડિયા ત્યાં ફરક્યાં જ નહિ, દાદા પ્રત્યે અત્યંત શ્રદ્ધા છે આપણે તેમનું નામ લઈએ તો ચોક્કસ એ આપણું ધ્યાન રાખે જ છે ડગલે-પગલે ઘણા અનુભવો છે, વધારે શું કહેવું? દાદાના જપના પ્રભાવથી - સંયમ જીવનમાં ઘણા સ્વસ્થ છીએ.

## ॥ નમો ગુરૂ નેમિ ॥

**સા. ધન્યયશાશ્રીજી**

''રામ નામે પથ્થર તરે'' - અજૈન
રામાયણની લોકોકિત વત્
અમારા જીવનની એક અનુભૂતિ
''ગુરુ નેમિ નામે વિપદ ટળે''

ગુરુવર્યા પૂ. વિનીતયશાશ્રીજી મ.સા.ના પરિવારમાં ત્રણ મહાત્માને ૧૦૦ મી ઓળીની આરાધના ચાલી રહેલ...કોરોનાનો જોખમી સમય...વાતાવરણ ખૂબ ગંભીર... થોડા સમય પહેલા જ પૂ. ધર્મયશાશ્રીજી મ.સા.નો પ્રસંગ બની ગયેલ... દરેકના મન વિષાદ અને ચિંતિત રહેતા... ત્યારે અચાનક એક દિવસ દોઢ વર્ષના સંયમી નવા + નાના સા. હેતયશાશ્રીજીને CORONA આવ્યો.. થોડા ઠાણા લક્ષ્મીવર્ધક ઉપાશ્રયમાં ઓળી (ચૈત્રી) માટે રોકાયેલા... ૨ દિવસ થયા ૪-૪ ॥ ડિગ્રી થી તાવ નીચે ઉતરતો ન હતો, ૩ જા દિવસે અચાનક યાદ આવ્યું. પ્રાયઃ સવારે ૧૧ ક. શાસનસમ્રાટનો ફોટો મૂકી પ્રાર્થના અને સંકલ્પપૂર્વક જાપ શરૂ કર્યો એક જ બેઠકમાં ૧૨૫ નવકારવાળી ગુરુમંત્રની પૂર્ણ થઈ. તાવ ૨ ડિગ્રી થયો સાંજ પડતા ૧ ડિગ્રી...

ખરેખર! ત્યારે ''હાશ કારો'' અનુભવ્યો તે અવર્ણનીય!!!

બસ, તે દિવસથી શાસન સમ્રાટ પ્રતિની શ્રદ્ધા-વિશ્વાસનો વેગ વધ્યો...

દાદા અનુગ્રહનો એક અહેસાસ થયો...

મનમાં એક ભાવના થઈ મહુવા જઈ દાદાને Thank You કહેવું છે. અને સાચે જ થોડા સમયમાં મહુવા જવાના અનુકૂળ-સંયોગો પ્રાપ્ત થયા. ત્યાં ૩૩ દિવસ દાદાના સાનિધ્યમાં-ઊર્જામાં રહેવાનું સૌભાગ્ય પામ્યા...

પ્રાન્તે, દાદાને મન મન ભરી માણ્યા... જાણ્યા... અનુભવ્યા...

દાદા બસ દાદા જ છે. દાદાને પામીને અમે ધન્ય-ધન્ય થયાં છીએ.

## નમો નમઃ શ્રી ગુરૂ નેમિસૂરયે

**સા. દીપયશાશ્રીજી**

મારી દીક્ષાના દઠ્ઠા વર્ષે પર્યુષણ દરમ્યાન ૪૫ ઉપવાસ ની તપસ્યા ચાલુ હતી. પ.પૂ. આચાર્યદેવેશ શ્રીચંદ્રોદયસૂરિ મ.સા. ની નિશ્રામાં ૪૫ ઉપવાસના તપ નું પારણું નિર્વિઘ્ને પૂર્ણ થયું. પરંતુ પારણા પછીના ૪ થા દિવસે સાંજે શરીરમાંથી પાણી એકાએક ઘટવા લાગ્યું. આખા શરીરની ચામડી ચીમડાવા લાગી અને બોલવામાં પણ લોચા વળવા લાગ્યા. ઉપચારો ઘણા કર્યા પણ ફરક ન પડ્યો. વડીલો ટેન્શનમાં આવી ગયા કે હવે શું થશે? કા.કે. મારે હોસ્પિટલમાં એડમીટ નહોતું થવું. બાટલા ચડાવવાની પણ મારી ઈચ્છા ન હતી અને અણહારી દવા પણ નહોતી લેવી. પરંતુ મેં વડીલોને કહ્યું કે આજની એક રાત પસાર થવા દો ''નેમિસૂરિ દાદા બેઠા છે બધું જ સારું થઈ જશે. ચિંતા ન કરો.'' અડધી રાત થઈ એટલે કે લગભગ રાત્રે ૧.૩૦ થી ૨.૦૦ વાગ્યા આસપાસ પૂ. નેમિસૂરિદાદાએ તથા પ્રવીણાશ્રીજી મ.સા. મને સાક્ષાત્ દર્શન આપ્યા બન્ને એ કીધું કે'' તને સાવ સારું થઈ જશે, તું બિલકુલ ચિંતા ન કર. શાંતિથી સંથારી જા.'' અને ચમત્કાર થયો બીજા દિવસે સવારે સાવ સારું થઈ ગયું એકપણ દવા લેવી ન પડી. આખી રાત નેમિસૂરિ દાદાના જાપ કર્યા આ બધો પ્રભાવ પૂ. નેમિસૂરિદાદાનો છે.

## પૂ.શાસનસમ્રાટ્ શ્રી નો અજોડ- અદ્વિતીય પ્રભાવ સં. ૨૦૬૦

**સા. શીલરક્ષિતાશ્રીજી**

પૂ. પાદ્ શાસનસમ્રાટનાં અજોડ-અનોખા-અદ્વિતીય પ્રભાવ-ચમત્કારનાં તો અનેક પ્રસંગો થયાં, તેમાંનો આ એક પ્રસંગ જૂનાગઢની પંચતીર્થીમાં ચોરવાડથી આદરી દર્શનાર્થે જવાનું હતું. રોડ પરથી ૧૫-૧૫ કી.મી. થાય અને દરીયાના ટૂંકા રસ્તે ૮-૯ કી.મી. થાય શોર્ટકટ સાયકલ ચાલી શકે તેવો રસ્તો હતો. અમે ઠાણાં



નીકળેલા અમને કહેલ કે દરિયાની પટ્ટી પર સીધે સીધા જ ચાલજો. હજી તો થોડું એટલે કે ૨-૩ કી.મી. ચાલ્યા હશું તો આગળ રસ્તો કંઈ દેખાય નહિ. રસ્તામાં કોઈ મળ્યું પણ નહિં કે રસ્તો પૂછીએ છતાં અમે થોડું આગળ ચાલ્યા. ત્યાં માછીમાર જાળ લઈને ઉભેલો તેમને પૂછ્યું કે આ રસ્તો આગળ જાય છે. તે કંઈ સમજતો ન હતો. હા-હા કર્યુ અને અમે ચાલ્યાં પણ કેડી માર્ગ ક્યાંય ન દેખાય. દાદાનો જાપ ''નમો નમઃ શ્રી ગુરુ નેમિ સૂરયે'' સતત ચાલું. છતાં આગળ ગીરનું જંગલ આવ્યું. ઉપર બાવળીયા-નીચે કાંટા. બધા ઈરિયાસમિતિ પૂર્વક ચાલીએ પણ જંગલ જ હોય ત્યાં કાંટા-બાવળીયા-વાગે અને પગમાં લોહીની ધાર થાય.સાથે સાયકલ વાળાને પણ રેતી-કાંટા-કાંકરાને કારણે પંચર પડી ગયું. સાયક્લ પણ ચાલે નહિં.-ઢસડીને ચલાવે-પાણીનાં ઘડા-થેલી વિ. હાથમાં-વજન-ઉપાડયું- પછી કોઈ રસ્તો ન આવે તેથી જંગલમાંથી જ આગળ આગળ નીકળતા ગયા. સૂર્યાસ્ત થવા આવ્યું. ૨ વાગે નીકળેલા. શિયાળાના દિવસો તેથી અંધારું પણ જલ્દી થવા લાગ્યું. ચોવિહાર કરી આગળ ચાલ્યા. બધાનાં એક જ જાપ ચાલે ત્યાં આગળ જતાં ખેતરમાં રેંટનો અવાજ આવ્યો. એટલે અમે પાંચે જણાં એમ સાથે બૂમો પાડીએ. થોડું ખેતર પણ દૂર હતું અને પાછળનો ભાગ તેથી કોઈ સાંભળે પણ નહિં. ત્યાંથી જ જવાબ મળ્યો. તે ભાઈ પાછા આવ્યા અને બોલ્યા હે જોગા માયા માતાજીઓ તમે આ રસ્તે ક્યાંથી આવ્યાં? હમણાં સિંહ-વાઘ-વરૂને પાણી પીવા આવવાનો ટાઈમ થઈ ગયો છે. જલ્દી આ બાજુ આવો. પાછળ કાંટાની વાડ ખસેડી લીધી અને અમે ત્યાં ફટાફટ પહોંચીને બધી વાત કરી. જાનવરોના અવાજ ચાલું ત્યાંથી થઈ ગયાં. આગળ તેમને આદરી જવાનો રસ્તો બતાવ્યો. અને અમે ત્યાંથી ૫ કી.મી. ચાલ્યા અને હેમખેમ આદરી પહોંચ્યા. આ છે શાસનસમ્રાટ્શ્રીની કરૂણાભીની સહાય.

## સંવત ૨૦૫૨ ની વાત

(૨)

અમે કાવીની પંચતીર્થી કરવાનીકળ્યાં હતાં. પ્રાયઃ પો.સુ. ૧૪ રોજ-ટંકારીયાથી કાવી પહોંચવાના હતા. પ્રાયઃ ૧૮ કી.મી. નો વિહાર-શિયાળા દિવસો-એટલે ૫ વાગે નીકળ્યા. માણસને કીધેલું કે આગળ રસ્તો જોઈ લેજે. પણ તે ગામની બહાર આગળ જોવા નહિં ગયો.અને હા-હા કરીને પાછો આવ્યો. સવારે ત્યાંથી વિહાર કર્યો. અને ૨ કી.મી. બહાર નીકળ્યા ત્યાં તો આગળ કંઈ રસ્તો જ ન દેખાય. નહેર આવી ગઈ. ખેતરો થોડા દૂર દેખાતા હતાં. બધાએ બૂમો પાડી ત્યાંથી તેઓ બોલ્યાં ઉગમણે જાવ પણ અંધારામાં ઉગમણું કે આથમણું ખબર ન પડી અને અમે ચાલ્યા તે આથમણું હતું. અને ૫-૬ કી.મી. ચાલ્યા અને આગલે દિવસે આવેલા તે ગામ નોંધણા બાજુ ચાલ્યાં

દાદાના નામના જાપ ચાલું કર્યા અને એક દુધવાળા ભાઈ મળ્યાં અને પૂછયું. કાવીનો રસ્તો બરોબર છે? તો કહે તમે ક્યાંથી આવ્યા? ઉંધા આવ્યાં. અંતે આવ્યા એટલું પાછા ગયા. અને પછી ૧૮ કી.મી. બીજું ૩૦-૩૨ કી.મી. થઈ જાય. બપોરે ૧ વાગે કાવી પહોંચ્યા.. કસોટીમાં પણ દાદાએ કાવી પહોંચાડ્યાં. દાદાના દર્શનથી થાક ઉતરી ગયો.

આવા તો કેટલાય પ્રસંગો બન્યા હોય. પણ દાદા હાજરાહજૂર છે. કંઈ વસ્તુ ન મળે તો પણ દાદાને યાદ કરો તો હાજર. અને કંઈ પણ કામમાં અટકતા હોઈએ તો પણ દાદાના જાપથી સફળ થઈ જાય. શ્રધ્ધા-વિશ્વાસ તેમના પ્રત્યે પૂરે પૂરા રહે. ''શ્રધ્ધા અને વિશ્વાસ મારા તુજ સમીપે દઢ રહો.''


અમદાવાદ પાંજરાપોળ

# જો યાદ કરે આ બાળ, દાદા હરપળ લે સંભાળ

સા. હંસલેખાશ્રીજી મ.સા.

વિ.સં. ૨૦૫૫ ના પોષ વદ - ૧૦ નો એ દિવસ. કિમથી કોસંબાનો વિહાર હતો. નદીના રસ્તે પાણી ન હોય તો જવાનું સરળ રહે. કિ.મી. પણ આઠ જ થાય. બીજો રસ્તો રેલ્વે ટ્રેકનો જે જાણકાર હોય તે જ એ રસ્તે જઈ શકે. ત્રીજો રસ્તો હાઈવેનો ત્યાંથી જતાં કિ.મી. બમણા થઈ જાય. એટલે બીજા ગ્રુપના સાધ્વીજી મ.સા.ના કહેવાથી અમે પણ નદીના રસ્તે જવા ખેંચાયા. નદીમાં જ્યાં પાણીનું વહેણ ખૂબ છીછરૂં હોય ત્યાં મોટા પાઈપ મૂકી રસ્તો બનાવેલો. અમે એ માર્ગે વળ્યાં. પૂ. આચાર્ય ભગવંતો તથા વ્હીલચેરવાળા અને અન્ય સાધ્વીજી ભગવંતો હાઈવેના રસ્તે વળ્યા. અમે ૨ કિ.મી. ચાલી નદી પાસે આવ્યા. પણ પાણી પાઈપો પરથી વહેતું હતું તેથી અમને માર્ગ ન મળ્યો. આગળ જવાય એવું ન હતું તેથી અમે પાછા ફર્યા. થોડેક જ દૂર એક આહીરની ઝૂંપડી દેખાઈ. એને ઉઠાડી પૂછ્યું તો ખબર પડી કે નદીમાં પાણી છોડ્યાં હતા તેથી જવાય એવું ન હતું. અને એ ભાઈ અવાર નવાર સાધુ ભગવંતોની સાથે રહી તેઓને રેલ્વે ટ્રેક પસાર કરાવે છે. ટ્રેનોના સમયની એમને જાણ હતી. અમે પૂછ્યું.: અમને મૂકવા આવશો?' તેમણે હા પાડી તેથી ખુશી થઈ, ચાલો, લાંબુ ચાલવું નહી પડે. અમે બે ગ્રુપના પાંચ ઠાણા સાધ્વીજી ભગવંતો અને ૧ મુમુક્ષુ દિકરી પાટા પર ચડ્યા. બધાએ ઝડપથી રેલ્વે પુલ પસાર કરવાનું નક્કી કર્યું. આહીરે જે ટ્રેક પર ટ્રેન ન'તી આવવાની તે ટ્રેક પર અમને ચલાવ્યા. પણ એ ટ્રેક પર આડા પાટીયા પર લોખંડની પટ્ટીઓ નાંખેલી હતી. પોષ વદના દિવસો હતા. સવારમાં ઝાકળ પડવાથી એ પટ્ટીઓ ભીની થયેલી હતી. બીજા ગ્રુપના એક સાધ્વીજી ભગવંતનું શરીર થોડું વ્યવસ્થિત હોવાથી તેઓ ધીરે ચાલતા હતા અને તેઓશ્રીના પગ લપસતાં હતા. ગુરુજીએ મને એમની સાથે રહેવા જણાવ્યું અને બાકીના બધા ઝડપથી આગળ નીકળી ગયા. એવામાં કોઈનું ધ્યાન ગયું કે બાજુના ટ્રેક પર લોખંડી પટ્ટીઓ જડી નથી. તેથી અમને એ ટ્રેક પર ચાલવા કહ્યું જેથી ઝડપથી ચલાય. અમે ટ્રેક બદલ્યો. બાજુના ટ્રેક પર ચાલવા માંડયા. અડધે આવ્યા ત્યાં પાછળ થી ટ્રેનનો હોર્ન સંભળાયો. અમે આહીરને પૂછ્યું: 'આ ટ્રેક પર જ ટ્રેન આવે છે? આવતી લાગે છે 'હા' કહી ઝડપથી એ આહીર નદીમાં ઉભા કરેલા પુલના પીલર પર ઉતરી ગયો. અમે દોડતાં દોડતાં વિચારતાં હતાં કે હવે શું કરવું? નીચે નદીનું વહેણ છે, કૂદકો મારીએ તો ૨૫ ફૂટ ઉપરથી નીચે પાણીમાં પડાય. નદીના પટ પર હોવાથી બાજુના ટ્રેક પર જવાય એવું પણ નહોતું. તો અમને પેલા આહીરની જેમ પાટા પકડી. લટકીને ૫/૬ ફૂટ નીચા પીલર પર ઉતરતા ન તું આવડતું. એવો

સમય ન' તો કે છેક પાર નીકળી જવાય. છતાં અમે દોડવા લાગ્યા ને પૂ. નેમિસૂરિદાદાનું નામ લઈ નવકાર ને દાદાનો મંત્ર બોલવા લાગ્યાં. અમને તો દોડવા સિવાય બીજો કોઈ માર્ગ દેખાતો ન' તો. ત્યાં અચાનક મારી નજર પુલની બાજુમાં રહેલી કેબીન પર પડી. વિલંબ કર્યા વગર અમે દોડતાં દોડતાં એ કેબીનમાં ઘૂસ્યા. જેવો પગ અંદર મૂક્યો હજુ બીજા સાધ્વીજી મ.નો બીજો પગ કેબિનની બહાર હતો. ત્યાં હોર્ન પર હોર્ન મારતી દહેરાહૂન Exp. ટ્રેન સનસનાટ કરતી બાજુમાંથી પસાર થઈ ગઈ. સામે પાર પહોંચી ગયેલા પૂ. ગુરુથી તથા અન્ય સાધ્વીજી ભગવંતો અને મુમુક્ષુ દિકરી હેબતાઈ ગયા આ અકસ્માત જીરવી શકાય તેવી તેમની સ્થિતિ ન'તી. તેમને ખબર ન'તી કે છેલ્લી ક્ષણે અમને કેબીન મળી ગઈ છે. અમે બૂમો મારી કહ્યું: શાંત થાઓ. ચિંતા ન કરો. અમે સલામત છીએ. પણ તેઓના માનવામાં આવતું ન' તું. આ અશક્યને શક્ય કરનાર હતા મારા દાદા પરમગુરુ નેમિસૂરિજી મહારાજ એમનું નામ લીધું., હૃદયથી યાદ કર્યા ને તરત જ બચવાનો માર્ગ મળી ગયો. ધડકન વધી નહિ, ગભરાટ મુંઝારો થયો નહિ ને ચિત્ત સ્વસ્થ રહ્યું તો કેબીન દેખાઈ (નહીં તર ગભરાટમાં સામે પહેલું ય દેખાય કે સૂઝે નહી) દાદાએ દિવ્યકૃપા વરસાવી, વહારે આવ્યા તો ગણતીરીની સેકંડોમાં અમે કેબીનમાં પહોંચી શક્યા ને આબાદ બચી ગયા. પૂ. નેમિસૂરિદાદાની કૃપાથી જ મારા ગુરુજી પૂ. તરંગલેખાશ્રીજી મ.સા.ના જન્મદિવસે મને નવો જન્મ મળ્યો.


આવા પૂ. નેમિસૂરિદાદા ડગલેને પગલે મારી અમારી સાથે રહીને સહાય કરે છે. એમના અનેક પરચા અમે અનુભવ્યા છે.

દાદા તો દાદા જ છે. ભવોભવ એમના સમુદાયનાં એમના નેતૃત્વ હેઠળ સંયમ મળે અને તેઓ જ ગુરુ તરીકે મળે એવા ભવોભવના બંધન મનથી એમની સાથે બાંધ્યા છે ને બાંધીએ છીએ.

જય નેમિસૂરિ મહારાય.





ગુરુજી તમારા ચરણ કમલમાં સાદર શીષ ઝુકાવું છું.

ध्यानमूलं गुरोर्मूर्तिः पूजामूलं गुरोःपदम्।

## મંગલસૂત્ર ખોવાઈ ગયું

**પ્રવિણાબેન ભાવનગર**

થોડા વર્ષો પહેલાંની મારી વાત છે. પ્રવિણાબેન મારું નામ છે. નિયમિત રીતે સવારના દેવ ગુરુની ભક્તિમાં સમય જાય છે. એક દિવસ દેરાસરે જતાં ગળામાં પહેરેલું સોનાનું મંગળસૂત્ર ખોવાઈ ગયું. ક્યાં પડી ગયું? કેવી રીતે ચાલ્યું ગયું? કશું યાદ જ ન આવે અને લગભગ સાડા ત્રણ લાખની કિંમતનું આ મંગળસૂત્ર શોધવામાં બે-ચાર દિવસ ગોતવામાં જ નીકળી ગયાં. ઘરમાં કહીએ તો મોટી ધમાલ થાય. તેથી કોઈને કહ્યું નહીં. એક દિવસ રેણુકાબેન રસ્તામાં મળ્યાં. તેમને દાદા પ્રત્યે ખૂબ શ્રદ્ધા હતી અને અમસ્તા જ પૂછ્યું કેમ આજે તમે ઉદાસ છો...તબિયત સારી નથી કે શું થયું? તેવામાં પ્રવિણાબેનની આંખમાંથી આંસુ પડી ગયાં, કહ્યું કે સોનાનું મંગલસૂત્ર ખોવાઈ ગયું છે અને કઈ ચેન પડતું નથી. ઘરમાં ખબર પડશે એટલે સંભળાવવાની બાબતે બધું જ ઉથલપાથલ થશે. શું કરું? કંઈ ખબર પડતી નથી. એટલે તરત જ રેણુકા બેને કહ્યું કોઈ ચિંતા ન કરો એને સાંત્વન આપ્યું અને કહ્યું કે તમે ખૂબ શ્રદ્ધાથી નેમિ સૂરીશ્વરજી દાદાની સાત વાર રૂમાલમાં ગાંઠ મારો. અને ઘરે બેસીને જાપ કરો તથા થાય તેટલી દાદાની ભક્તિ કરજો. ડૂબતો માણસ તરણુ પકડે તેમ ગાંઠ મારી જાપ કર્યો અને દાદાને પ્રાર્થના કરી, મારી લાજ બચાવજો. અને બીજે દિવસે, જે કબાટના ખાને ખાના જોયાં હતાં, તે ખાનામાંથી જ મંગલસૂત્ર મળી ગયું. જાણે સાક્ષાત્ દાદાએ લાવીને મૂકી ન દીધું હોય? ઘરમાં કોઈને ખબર ન પડે તે રીતે બધું જ સરસ થઈ ગયું. અંતરમાં ખૂબ હાશ થઈ. દાદા માટે અપાર શ્રદ્ધાને વિશ્વાસ બંધાયો કે ખરેખર દાદા હાજર જ છે. રોજ તેની માળા કરું છું.

## ગુરુઓના ગુરુ નેમિસૂરીદાદા

**નિશીત વોરા**

મારા જીવનનો સૌથી મોટો કોઈ ટર્નિંગ પોઈન્ટ આવ્યો હોય તો નેમિસૂરિદાદા છે. લગભગ ૨૪ વર્ષ પહેલાં જ્યારે બોરીવલીમાં પૂજ્ય (ગુરુજી) શ્રી, મુનિ કુલચંદ્રવિજય મ.સા., સહુ પ્રથમ મને મળ્યાં, ત્યારે દાદા ગુરુજીનો મેળાપ કરાવનારા નેમિસૂરિદાદા જ હતાં.

વાત એમ હતી કે રવિવારના એક પ્રોગ્રામમાં અર્ધશતાબ્દી નિમિત્તે નેમિસૂરિદાદાના ફોટા લેમિનેશન કરીને અરજન્ટ આપવાના હતાં અને બહુ થોડા સમયમાં મળી જાય એવું શક્ય ન હતું. ત્યારે સાહેબે જ મને કીધું કે આ રવિવારે જ દાદાના ફોટા બધાના ઘરે ઘરે આપવાના છે તો તમે ટ્રાય કરો. મેં જોયું કે દિવસ ઓછા છે ને લેમિનેશન કરીને મળવાં મુશ્કેલ છે, છતાંય

દાદાનું નામ લઈને કામની શરૂઆત કરી. તો બધા જ કામના માણસો તુરંત સરસ મળી ગયાં, અને બહુ થોડા ૨-૩ દિવસમાં બધાં ફોટા મળી ગયાં. અને લોકો પ્રેમથી લઈ ગયા અને સમયસર તેનો ઉપયોગ થયો તે આજે પણ યાદ કરતા કંઈક તો પ્રભાવ છે તેવું મનમાં લાગ્યું. જે આમ જોઈએ તો કામ અશક્ય જ હતું છતાં શક્ય થયું. એકવાર મને એવું સાંભળવામાં આવ્યું કે (એમ કહેવાય છે) કે નેમિસૂરીદાદાની મૂર્તિ, ફોટો કે નામનું સ્ટીકર પણ આપણા ઘરમાં કે ઓફિસમાં કે કોઈપણ જગ્યામાં નજર પડે તે રીતે રાખવામાં આવે તો ઘરમાં કશી ચોરી થતી નથી અને કંઈ અનિષ્ટ બનતું નથી. આ વાત આજે મારા અનુભવથી સાચી લાગી છે.

એક વખત એવું બન્યું કે મુંબઈથી ટ્રેન પકડીને મલાડ આવવા માટે જ્યારે ચાલીને સ્ટેશન તરફ આવી રહ્યો હતો, ત્યારે કોઈક ભાઈ પાછળથી આવી મારા હાથમાં રહેલી બેગ ખેંચી આંચકીને લઈને ભાગી ગયો. હજુ કંઈ પણ વિચાર કરું ત્યાં તો તે ભાઈ ગાયબ થઈ ગયો. જેમાં ખૂબ જ મહત્વના ડોક્યુમેન્ટ અને હિસાબના કાગળો હતાં અને રૂપિયા પણ. બૂમાબુમ કરી, અડધો પોણો કલાક દોડધામ કરી. પણ મને મારી બેગ પાછી મળી નહીં વિચારમાને વિચારમાં હવે શું થશે? શું જવાબ આપવો? વિચારતાં આંખમાં પાણી આવી ગયાં. અંતે નિરાશા હતાશાથી સ્ટેશન તરફ જતો હતો, અને નેમિસૂરિદાદાના નામનો મંત્ર સ્મરણમાં આવ્યો. મનોમન દાદાને ખૂબ ભાવથી પ્રાર્થના કરી. એટલામાં સ્ટેશનના દાદરા ધીમે ધીમે ચડતો હતો, ત્યાં મારી સામે એક વ્યક્તિ આવીને એમ કહે છે કે આ તમારી થેલી છે? જ્યારે મેં કીધું કે હા મારી જ છે અને મારા વિસ્મયનો પાર ન રહ્યો, પેલા ભાઈ બેગ આપીને તરત જ દાદરા ઉતરી ગયાં. સેકન્ડમાં તો ગાયબ પણ થઈ ગયાં. પછી બેગ ખોલી જોયું તો તો કાગળો અને રૂપિયા બધું જ બરાબર હતું. પરંતુ તેને બધું આડુ અવળું કરી દીધેલું હતું તેને રૂપિયા પણ લઈને પાછા મૂકી દીધાં હતાં. કોણ જાણે કેમ ચોરનું મગજ ફેરવી નાખ્યું હોય તેમ. મારા નેમિસૂરિજી દાદાએ મને મારી થેલી પાછી અપાવી. મારી જાનમાં જાન આવી. કારણ એટલું જ સમજવા મળ્યું કે આ કેમ પાછું આવ્યું? તેમાં હું કાયમ માટે દાદાનો ફોટો, બેગમાં સાથે જ રાખતો હતો. આ દાદાના પ્રત્યક્ષ પ્રભાવ પછી મારી શ્રદ્ધા કાયમ માટે સ્થિર થઈ ગઈ.

લાઈફમાં ક્યારેક કોઈક બીજાના જવાબદારીના લીધેલાં કામમાં, પણ કામ પૂર્ણ ન થાય ત્યારે ટેન્શન ખૂબ રહેતું હતું અને રાતોની રાતો સુધી ઊંઘ નહોતી આવતી. પરંતુ જેવો દાદાની પ્રતિમાજીને સ્પર્શ કરું અને હાથમાં રાખું તો ૧૦ મિનિટમાં ટેન્શન ગાયબ થઈ જાય નિશ્ચિંત થઈ જાઉં અને ઉંઘ આવી જાય. આવા તો અનેક વખત મારી સાથે આ દાદાના પ્રભાવનો પ્રત્યક્ષ અનુભવ થયો છે.

એ પણ મે ંજોયું છે કે કોઈપણ પ્રકારની તકલીફ, મુશ્કેલી કે માર્ગ મળતો ન હોય અને હું ફક્ત ૧૧ વખત **નમો નમઃ શ્રીગુરુનેમિસૂરયે** મંત્ર

બોલું અને મારું ગમેતે રીતે પણ કાર્ય પૂર્ણ થઈ જાય છે. ધર્મમાં વધારે કંઈ પણ શીખ્યો કે આવડતું નથી પરંતુ મારા દાદાના પ્રભાવે મને જીવનમાં ઘણી બધી શ્રદ્ધા વધી છે. અને પરોપકારના કામ કરવામાં ખૂબ આનંદ આવે છે. માત્ર ગુરુઓના ગુરુ જ કરુણાના સ્પર્શને કારણે.

## ફાઈલ મળી ગઈ

**સૂર્યાબેન (પાર્લા વે.)**

વિ.સં. ૨૦૭૫ માં પાર્લા (વેસ્ટ) ઘેલાભાઈ સેનેટોરિયમ માં સા. હર્ષપૂર્ણાશ્રીજી મ.સા.નું ચાતુર્માસ હતું.

ત્યાંના આગળ પડતા એક શ્રાવિકા સુર્યાબેન ઉપાશ્રય-દેરાસર-પેઢીનો બધો વહીવટ પોતે સંભાળતા હતાં. એકવાર તેમની પેઢીની એક મહત્વની ફાઈલ ખોવાઈ ગઈ. તપાસ કરી, બહેન ત્યાંના મુનીમજીને કહે તમે જ ક્યાંક મૂકી દીધી છે, મુનિમજી કહે મને તમે પાછી નથી આપી, તમે સાથે જ લઈ ગયા છો. બંને વચ્ચે વિવાદ, આક્ષેપો ચાલુ થઈ ગયાં. અંતે સૂર્યાબેન શ્રાવિકા પૂજ્ય ગુરુ મહારાજની પાસે આવ્યાં. મહારાજ સાહેબ કંઈક કરો મહત્વની ફાઈલ કબાટમાંથી કે ઘરમાંથી ખોવાઈ ગઈ છે અને તે અત્યારે બહુ જ જરૂરી છે બધી જ જગ્યાએ ગોત્યું. બધું જ ગોત્યું. કઈ મળતી નથી અને જીવ બીજે ક્યાંય ચોટતો નથી. પૂજ્ય ગણીશ્રીસંઘચંદ્ર વિજયમહારાજ સાહેબ પાસે ગયા કહે કે એક કામ કરો કે પૂજ્ય નેમિસૂરિદાદાની ઘણી



વાતો કરી છે તો તેઓને વિનંતી સાથે કહો કે અમારી અત્યારે મહત્ત્વની ફાઈલ જ્યાં હોય ત્યાંથી મેળવી આપો અને તમે શ્રદ્ધા વિશ્વાસથી તેમના નામ મંત્રનું સ્મરણ કરો તો તમારું કામ થઈ જશે. હકીકતમાં જે વસ્તુની બહુ જ જરૂર હોય અને તે ના મળે ત્યારે આપણે અસ્વસ્થ થઈ જતાં હોઈએ છીએ. અંતે ઘરે જઈને શ્રદ્ધા સાથે કહેલાં મંત્રનો જાપ શરૂ કર્યો. એક દિવસ થયો, બીજો દિવસ થયો, બધી જ તપાસ કરી, આખું ઘર-કબાટ હોલ બધું જ ઉથલ-પાથલ કરી દીધું, પણ ક્યાંય ફાઈલ દેખાઈ નહીં, ત્રીજા દિવસે ફરી દાદાનો જાપ કર્યો. દેરાસર આવ્યાં અને દાદાના સ્પર્શન વંદન કરી ઉપાશ્રયમાં આવીને કહે કે મહારાજ! તમારાનેમિસૂરિદાદા અમને ફળ્યાં નહીં. તમારા દાદા તમારા સમુદાયને જ સહાય કરતાં હશે?....એટલે ગુરુ મહારાજે કહ્યું. પૂજ્યશ્રી તો નિર્મોહી છે એમને ક્યારેય મારા, આ તમારા એવો ભેદ રહેતો જ નથી, તમે શ્રદ્ધા ચાલું રાખો. બહેન ભારે હૈયે વંદન કરીને, ઘરે ગયાં અને અચાનક જે કબાટ બે ત્રણ ચાર વાર જોયો હતો, તેમાંથી કબાટ ખોલતાં જ ઉપરના ખાનામાંથી ફાઈલ હાથમાં આવી ગઈ. ઘડીભર સાચું જ ન લાગ્યું. અહીં આવે કેવી રીતે? અંતે આશ્ચર્ય અને વિસ્મય સાથે ફાઈલ મળ્યાની ખૂબ હાશ થઈ. શ્વાસ હેઠો બેઠો અને વિશ્વાસ ઉપર બેઠો. મનથી નાચી ઉઠ્યાં અને પોતાના અવિશ્વાસથી નેમિસૂરિ દાદાની આશાતના કરી હોય તેની ક્ષમા માંગી. અને જય નેમિ સૂરી... જય નેમિ સૂરી... મનોમન બોલવાં લાગી. તે દિવસથી દરરોજ દાદાનું નામ મંત્ર સ્મરણ કરું છું...

## હાજરા હજૂર છે દાદા

**ભાવેશભાઈ**

ભાવનગર કૃષ્ણનગરમાં રહેતા તંત્રી શ્રી તારક ભાઈ (સૌરાષ્ટ્ર સમાચારવાળા) તેમના લગ્નનાં ૨૫ વર્ષ પૂર્ણ થતા હતાં અને એક બહુ મોટી હોટલમાં પાર્ટી રાખેલ હતી. શહેરના નામાંકિત વ્યક્તિઓ સામેલ હતાં અને તારક-ભાઈના મિત્ર ભાવેશભાઈ તેમના ફેમિલી સાથે આવેલાં હતાં. સૌ પોતપોતાની રીતે ઉજવણીના આનંદમાં મશગુલ હતાં. સંસારી રીતરિવાજ પ્રમાણે કાગળના ફટાકડાઓ ઘણા બધાં ફોડ્યા હતાં. તેમાં ઓચિંતા ભાવેશભાઈની દીકરીનું ધ્યાન હાથ ઉપર ગયું વીંટી ઢીલી પડી ગઈ હતી અને બહુ ગમતી અને કિંમતી વીટીમાંથી

રીયલ ડાયમંડનો નંગ નીકળી ગયો હતો. ચારે બાજુ નજર નાખી. હમણાં સુધી હતું ને ક્યાં ગયું? મમ્મી પપ્પાને વાત કરી. હજારો કાગળોના ઢગલાં વચ્ચે ડાયમંડનું નંગ કેવી રીતે મળે? છતાંય છેલ્લે બધું સાફ કર્યું. ક્યાંય ન મળે. તેમને રેણુકાબેનને વાત કરી. રિયલ ડાયમંડનું નંગ કેવી રીતે મળશે? તમને શ્રદ્ધા હોય તો વાત કરું. નેમિસૂરિ દાદાનું સાત વાર નામ લઈને, રુમાલને ગાંઠ મારો, અને શક્તિ પ્રમાણે ભંડાર ભરશો. ભાવેશે સારું કહીને દાદાને વિનંતી કરી. બધા ચિંતા અને ટેન્શનમાં તો હતાં જ. કારણ કે વીટી ઘણી મોંઘી હતી. બધી તપાસ પૂરી કરી, છેલ્લે ભારે હૈયે ઘરે ગયાં. એક જ વાત દેખાયા કરે નંગ ક્યાં ગયું? ને કેમ ન મળ્યું? અને બીજે દિવસે સવારમાં જ સમાચાર આવ્યાં કે હોટલના સ્ટાફવાળા એક ભાઈને પોતાના કચરામાંથી નંગ મળી ગયું છે તમે આવીને લઈ જાઓ. હજુ માનવામાં નહોતું આવતું કે તે પાછું મળે. ખરેખર દાદાના પ્રભાવે નંગ તો પાછું મળી ગયું પણ દાદા અમે પ્રાર્થના કરીએ છીએ. સહુની ચિંતા ચૂરનારા અમારા આત્માનું નંગ અમને પાછું અપાવો જે હજુ મળ્યું જ નથી. ખરેખર દાદા હાજરાહજૂર છે.

## લેન્સ મળી ગયા

**પારુલબેન વિજયભાઈ**

એક સામાન્ય ઘરના બહેન, આંખનું ઓપરેશન કરાવ્યાં પછી આંખની તકલીફ કાયમ માટે ઓછી થાય એના માટે એમને લેન્સ કરાવ્યાં. લેન્સ થોડા વધારે મોંઘા હતાં પણ પરિસ્થિતિ એટલી સારી ન હતી. એક દિવસ કામમા ને કામમાં લેન્સ ક્યાં આગળ મુકાઈ ગયાં? ખબર જ ન રહી. ખોવાઈ ગયાં. બધે શોધ કરી પણ ન મળ્યાં. હજુ હમણાં જ થોડા ટાઈમ પહેલા ખરીદ્યાં હતાં એટલે મોંઘા ભાવના લેન્સ ખોવાયા એનું મનમાં સતત દુઃખ રહેલું હતું. આખા ઘરમાં શોધી લીધાં પછી પણ ન મળ્યાં એટલે સાધ્વીજી મહારાજ પાસે ગઈ. અને વાત કરતા કરતા રડી પડાયું. ઘણી તકલીફો વચ્ચે મહત્વના લેન્સ ખોવાયેલા હોવાથી જીવ ક્યાંય ચોંટતો ન હતો. સાધ્વીજી ભગવંતે કહ્યું કે ચિંતા ન કરો, મૂંઝાશો નહીં. પૂ. નેમિસૂરી દાદાનો જાપ સંકલ્પ પૂર્વક કરો. દાદા કરુણાવંત છે. અત્યંત એકાગ્ર ભાવથી મેં જાપ કર્યો અને મળી જાય તો સારું એમ વિચાર કરી જેવો ઘરમાં પગ મુક્યો અને બંને લેન્સ બાજુમાંથી જ મળી ગયાં. માનવામાં જ ન આવ્યું કે આખું ઘર શોધ્યાં પછી સાવ બાજુમાં કેવી રીતે આવી ગયાં? ખરેખર અંદરથી ખૂબ ખુશી અને રાજી થઈને દાદા ઉપર ઓવારી ગઈ અને દાદાનું સ્મરણ, ભક્તિ નિરંતર કરવા લાગી છું.

## સોનાના કડાં

ભાવનગરમાં એકવાર એક બેનના હાથમાં પહેરવાના સોનાના કડાં પહેરીને પર્યુષણમાં પ્રતિક્રમણ કરવાં આવ્યાં. રાત્રે ભાવનામાં મોટા દેરાસરે ગઈ. ભક્તિ ભાવમાં મોડું થવાથી કડા રૂમાલમાં બાંધી સાચવીને બાજુમાં મૂકી રાખ્યાં ભક્તિભાવના પૂરી થઈ અને હું ચપ્પલ પહેરીને ચાલવા માંડી.

છેક ઘરે પહોંચ્યાં પછી કપડાં બદલાવતા યાદ આવ્યું કે મારા કડાં ક્યાં ગયાં? સાસુમાનો સ્વભાવ કડક હતો. કીધા વગર ડરના માર્યા સાધ્વીજી પાસે ગઈ. અને દાદાનો જાપ કરવાનું જણાવ્યું. ફરી જાપ કરી દેરાસરમાં જોવાં ગયાં, તો જે જાહેર જગ્યા ઉપર રૂમાલમાં બાંધીને મૂક્યાં હતાં. ત્યાંથી જ મળી ગયાં.

પાછા મળી જાય તેવી ૧૦૦% શક્યતા હતી જ નહીં. બેનના આનંદનો પાર ન રહ્યો. ફરી મોડી રાતે ઘરે ગયાં. દાદાના અચિન્ત્ય પ્રભાવ ઉપર દ્રઢ શ્રદ્ધા બેસી ગઈ.

## I.T. વાળાની રેડ પડી

**રાજનભાઈ, મુંબઈ**


મુલુંડની અંદર વસતા દિલના દિલાવર એવા માણસ નામે રાજનભાઈ. દાદાને ડગલેને પગલે ખૂબ જ યાદ કરે અને તેઓને આંધળી શ્રદ્ધા કે દાદા બધું સારું જ કરે છે. પૈસા ટકે ખૂબ જ સુખી અને દિવાળી હંમેશા મહુવામાં જ હોય. એક વાર એવું બન્યું કે ઘરે તેમના ધર્મપત્ની સાથે શાંતિથી બેસીને વાતો કરતાં હતાં. દાદાના પ્રભાવને વિચારતા હતાં. તેવામાં બપોરે લગભગ એક વાગે ઘર ઉપર બેલ વાગ્યું અને અત્યારે કોણે માર્યો હશે? રાજનભાઈ ઊભા થઈ ગયાં.

ઘરના કેમેરામાંથી જોયું તો એક સાથે ઘણા બધા માણસો ઉભાં હતાં અને ઈન્કમટેક્સ વાળા આવ્યાં છે, રેડ પડી છે એમ સમજીને જ્યાં બેઠા હતાં, ત્યાં જ નેમિસૂરી દાદાના જાપનાં બેસી ગયાં. થોડીવાર રહીને પત્નીએ દરવાજો ખોલ્યો તે બધા લોકો અંદર ઘસી આવ્યાં. રાજનભાઈ ક્યાં છે? અંદરની રૂમમાં બેઠેલા બધુ જ જોઈને ફરીને આવ્યાં, છતાં પણ દાદામાં તલ્લીન બનેલા રાજનભાઈ કોઈની નજરમાં ન આવ્યાં અને તેઓ તપાસ કરતાં કરતાં એટલું જ પૂછતાં હતા કે રાજનભાઈ ક્યાં છે? ક્યાં મળશે? આજે પણ અમને અપાર આશ્ચર્ય થાય છે કે આઈટી વાળાએ લગ્નનો આલ્બમ મંગાવ્યો તેમાં પણ રાજનભાઈનો ફોટો ન દેખાય. વરરાજા તેમની નજરમાં જ ન આવે. પત્ની પણ વિચારમાં પડી ગઈ એમને પૂછ્યું કે આમાં રાજનભાઈ કોણ છે? ન દેખાયાં.

અંતે ઘણીબધી પૂછપરછના અંતે તેમની પત્નીને કહ્યું કે રાજન આવે એટલે અમારી ઓફિસે મોકલશો. તેમ કહીને તે લોકો બીજી કશી જ તપાસ કર્યા વગર નીકળી ગયાં અને બાલ બાલ બચી ગયાં તેનો એહસાસ આજે પણ દાદાના જ જાપના પ્રભાવે થયો. તે વાત ભૂલી નથી શકાતી.

# દાદાનું નામ લીધું ને...

જલ્પાબેન વોરા



પૂજ્ય શાસન સમ્રાટશ્રીને સંપૂર્ણ પણે વરેલા એવા ઘોઘારી પરિવારમાં મારો જન્મ થયો. મારા પુત્ર-પુત્રી અને તમામ ઘરના સભ્યોને ઘરની બહાર નીકળતી વખતે નવકાર મંત્ર આદેશ્વર પ્રભુ અને નેમિસૂરી મહારાજને યાદ કરીને જ નીકળવાની એક ટેવ. પેપર દેવા જાય ત્યારે પણ પેન ઉપાડતા પહેલાં નેમિસૂરિ દાદાને યાદ કરવાની સૂચના બા આપે જ. પરીક્ષા દેવા જાય ત્યારે વાસક્ષેપ (મ.સા. આપેલ જાપનો વાસક્ષેપ) કરવાનો જ. વર્ષ ૨૦૨૩ જાન્યુવારી માં Inter C.A.ના રીઝલ્ટમાં મારા દિકરાનું પરિણામ આવ્યું. તે પણ પાસ થઈ ગયો. બધા ખૂબ જ રાજી હતાં. હવે તેને Articleship માટે જવાનું હતું. જાન્યુઆરીની ૪ તારીખે રીઝલ્ટ આવી ગયું હતું. પણ નિર્ણય લેવામાં જાન્યુઆરી-ફેબ્રુઆરી નીકળી ગયો. ત્યારબાદ એક નાની કંપનીમાં Articleship કરવા તે AGREE થયો. પહેલે દિવસે ગયો. બેંકમાંથી તેનો ફોન આવ્યો મને કહે મમ્મી મને અહિં નથી ફાવતું. નથી ગમતું. મારું મન મને ના પાડે છે. મેં તેને કારણ પૂછ્યું પણ કોઈ ઠોસ કારણ ન હતું. પણ મનથી તે ઢીલો પડી ગયો. એક સમયે તો તે ફોનમાં રડવા લાગ્યો. મેં અને તેના પપ્પા બંને એ ઘણો સમજાવ્યો કે હજુ સવારે તું ગયો અને એવું તે શું બની ગયું કે તું કાલે જવાની ના પાડે છે. તને કોઈએ કાંઈ કીધું? તને કોઈ ખીજાણું? ઘણું બધું પૂછ્યું પણ એક જ જવાબ કે મને ત્યાં મન માનતું નથી, તેવા સમયે સંકટ સમયની સાંકળ કહેવાય તેવા નેમિસૂરીદાદાનું મનમાં સ્મરણ કર્યું. અને દાદાને વિનંતિ કરી કે દાદા તારું બાળ મુશ્કેલીમાં છે. એને સહાય કરો. દાદા બીજે દિવસે સવારે ઓફિસે જવાના સમયે તેને કહ્યું બેટા નેમિસૂરીદાદાને યાદ કરજે. નવકારમંત્રનું સ્મરણ કરજે અને ઓફિસે જા અને આજનો તારોં અનુભવ મને કહેજે પછી આપણે કંઈ વિચારીશું બસ દાદાનું નામ લીધું અને દાદા હાજરાહજૂર. દીકરો ઓફિસે ગયો. બેંકમાં ફોન કર્યો પૂછ્યું કે ભાઈ કેમ ચાલે છે? તો કહે મમ્મી બધું સરસ છે. સાંજે ઓફિસેથી રજા પડી ત્યારે ફોન કર્યો તે કહે છે મમ્મી મને એવું લાગે છે કે મને ફાવી જશે. બસ પછી તો દિવસો જતા ગયાં અને રોજ પૂછું કે ભાઈ શું ચાલે છે? તો જવાબ આપે કે મમ્મી રોજ નવું શીખવા મળે છે ઘરના બધા સભ્યોને શાંતિ થઈ ગઈ. દાદાના સ્મરણથી મઘદરિયે ફસાયેલા મુસાફરનો જીવ બચે તેમ મારા દિકરાનું મન સ્થિર થયું હોંશભેર અને જોશભેર પોતાના કામમાં ચિત્ત ચોંટાડીને પરોવાઈ ગયો. અને ધર્મના તથા બાના સંસ્કાર આજે પણ મુશ્કેલીમાં મદદરૂપ સાબિત થયા છે. કારણ એકજ નેમિસૂરિદાદા.

# શાસનસમ્રાટ શ્રી નેમિસૂરીગુરૂ આરતી

સા. અતુલયશાશ્રીજી

જય જય જય ગુરુદેવા (૨)
આરતી ઉતારૂ ભાવે માંગુ મુક્તિ મેવા (૨) જય નેમિ સૂરિ ગુરુરાજ... ||૧||

કારતક સુદિ એકમે જન્મ્યા, પિતા લક્ષ્મીચંદ કુલે (૨)
દીવાળી માતાના જાયા (૨) દીવાળીએ ગયા સ્વર્ગે જય નેમિ સૂરિ ગુરુરાજ... ||૨||

સોળ વરસમાં દીક્ષા લીધી વૃધ્ધિચંદ્ર ગુરુ પાસે (૨)
જ્ઞાનાભ્યાસ કરીને (૨) ભવ્યજીવો પ્રતિબોધે જય નેમિ સૂરિ ગુરુરાજ... ||૩||

તીર્થોદ્ધાર કીધા આપે, જાનના જોખમ ખેડી (૨)
કદંબગિરી સેરિસા (૨) ડેમ કાપરડાની જોડી જય નેમિ સૂરિ ગુરુરાજ... ||૪||

અખંડ બાલ બ્રહ્મચારી ગુરુવર, સૂરીચક્ર ચક્રવર્તિ (૨)
તપોગચ્છ નભોમણિ (૨) શાસનસમ્રાટ ઉપમાધારી જય નેમિ સૂરિ ગુરુરાજ... ||૫||

દર્શન ઉદય નંદન ને વિજ્ઞાન, પદ્મ અમૃતસૂરિ સોહે (૨)
લાવણ્ય કસ્તૂર અષ્ટ કમલદલે (૨) વિચ નેમિસૂરિ ચમકે જય નેમિ સૂરિ ગુરુરાજ... ||૬||

મહુવા બંદરે આપ બિરાજો, શ્રી નેમિસૂરિરાજ (૨)
સાંનિધ્ય કરજો અમને (૨) ભવજળ તરવા જહાજ જય નેમિ સૂરિ ગુરુરાજ... ||૭||

આસો વદિ અમાવાસ્યાને ગુરુજી ગયા સ્વર્ગે (૨)
''અતુલ'' આશિષ દેજો (૨) વંદન કરીએ ચરણે જય નેમિ સૂરિ ગુરુરાજ... ||૮||

# ગુરુ પ્રદક્ષિણાના દુહા

રચના સા. હંસલેખાશ્રીજી મ.

૧) સંસારે ભમતાં થકાં, જેહ પરમ આધાર; ગુણ પુરંદર ગુરુ નમું, ઉતારે ભવપાર
૨) અજ્ઞાન ને મોહના, ટાળે ગુરુ અંધકાર; સંસારભાવ સીમિત કરે, વંદુ વાર હજાર.
૩) નેમિગુરુ નમતાં થકાં, પાતક દૂર પલાય; આપદ ટળે, સંપદ મળે, જગમાં જશ ફેલાય.
૪) ચિંતામણીને કલ્પવૃક્ષ, મનવાંછિત દીજે; નેમિગુરુને સમરતાં, સઘળાં કારજ સીઝે.
૫) સત્ત્વ બ્રહ્મને શાસનપ્રેમ, જસ ગુણો રાજે; શાસનસમ્રાટ નેમિગુરુ, મુજ હૈયે વિરાજે.
૬) ગુરુ દીવો ગુરુ દેવતા, ઓળખાવે જે દેવ; ધર્મમાં જોડી હિત કરે, ભવોભવ મળજો સેવ.
૭) ગુરુ નમતાં ગુણ ઉપજે, વાધે સંયમ પ્રેમ; કર્મ ને કષાયો દૂર ટળે, પામે સમકિત જેમ.
૮) નામ મંત્ર ગુરુનો જપતાં, ઉગારે ધરી હાથ; પરમગુરુ નેમિગુરુ, શે ગાઉં ગુણગાથ.
૯) શાસન સમ્રાટ્ નેમિગુરુ, બહુ પુણ્યે મળીયા; તુમ ચરણ શરણ મળ્યું, ભાગ્ય અમારા ફળીયા.

# આરતિ

જય નેમિસૂરિ ગુરુરાય, જય જય નેમિસૂરિ રાય,
પાપ અમારા હરજો (૨), દૂર કરજો અંતરાય... જય... ॥૧॥
મહુવા ગામે જન્મ લઈને, પવિત્ર કર્યું શુભ ઠામ,
દિવાળી દિને જન્મ્યા, દીવાળી માત નામ... જય...॥૨॥
લક્ષ્મીનંદને સંયમ લીધું, આતમ લક્ષ્મી કાજ,
વૃદ્ધિ ચંદ્ર ગુરુવર, બનાવે શાસન તાજ...જય...॥૩॥
300 વર્ષના યતિકાળમાં, સંવેગી ગુરુરાય;
પ્રથમ આચાર્ય થાયે, શાસન સમ્રાટ્ કહાય... જય...॥૪॥
જિનશાસનની કાયા પલટવા, કર્યા વિવિધ ઉદ્ધાર,
બ્રહ્મનિષ્ઠાએ સતના, અજવાળા પથરાય...જય...॥૫॥
શાસન કાજે જીવ્યા ગુરુવર, દિવાળી દિને વિદાય,
ઝળહળતી એ જ્યોતિ, દેવલોક સોહાય...જય...॥૬॥
દિવ્યલોકથી આશિષ દેજો, લેજો અમ સંભાળ,
અપરાધ અમારા ખમજો, અમે તમારા બાળ...જય...॥૭॥
ગુરુતત્ત્વની આરતિ કરતાં, આરા રતિ દૂર થાય,
ચઢતે ભક્તિ તરંગે, મોહ અંધારૂ હરાય... જય...॥૮॥

# શાસન સમ્રાટશ્રી આછેરી ઝલક

## સંસારી પરિચય

| | | |
|---|---|---|
| જન્મ | : | ભારત-ગુજરાત (સૌરાષ્ટ્ર) મધુમતી-મહુવા બંદરે |
| દિવસ | : | વિ.સં.૧૯૨૯, કારતક સુદ-૧, તા.૨-૧૧-૧૮૭૨, સ્થાનિક સમય-બપોરે ૨-૫૬ મિનિટ. કુંભલગ્ન. |
| માતા | : | શ્રી દીવાળીબેન લક્ષ્મીચંદ |
| પિતા | : | શ્રી લક્ષ્મીચંદ દેવચંદ |
| નામ | : | નેમચંદ |
| ભાઈઓ | : | પ્રભુદાસભાઈ, બાલચંદભાઈ |
| બહેનો | : | મણીબેન, સંતોકબેન, જકલબેન. |
| પરિવાર પેઢી | : | લક્ષ્મીચંદ, દેવચંદ, ખીમચંદ, કડવા, નાગજી, ધના, કડવા, અભેરાજ, જેવંત, રતનશી, સોમચંદ, અભેચંદ |
| અભ્યાસ | : | ગુજરાતી ૭ ચોપડી, અંગ્રેજી ૩ ચોપડી. |
| વિદ્યાભ્યાસ ગુરુ | : | શ્રીમયાચંદ લીંબોળી, શ્રી હરિશંકરભાઈ, શ્રી પિતામ્બરભાઈ |
| દીક્ષાગુરુ | : | પ.પૂ. વૃદ્ધિચંદ્રજી મ.સા.ના શિષ્ય : મુનિશ્રીનેમવિજયજી મ.સા. |
| દીક્ષા | : | વિ.સં. ૧૯૪૫ - જેઠ સુદ-૭, ભાવનગર. (ભાગીને સ્વયં વેશ ધારણ કર્યો.) |
| વડી દીક્ષા | : | વિ.સં. ૧૯૪૭ - વૈશાખ સુદ-૭, અમદાવાદ (પૂ.પં. શ્રી પ્રતાપવિજયજી મ.સા. આપી. |
| ગણિ પદવી | : | વિ.સં. ૧૯૬૦ કારતક વદ-૭, વલભીપુર. |
| પન્યાસ પદવી | : | વિ.સં. ૧૯૬૦ માગશર સુદ-૩, વલભીપુર. |
| આચાર્ય પદવી | : | વિ.સં. ૧૯૬૪ જેઠ સુદ-૫, ભાવનગર |
| પદવી પ્રદાતા | : | પંન્યાસપ્રવર શ્રીગંભીરવિજયજી મ.સા. |
| શાસ્ત્રાભ્યાસ ગુરુ | : | પંજાબી મુનિશ્રી દાનવિજયજી મ.સા. (પાલીતાણા) |
| અભ્યાસ | : | ધર્મગ્રન્થો, ન્યાયના ઉચ્ચકોટિના ગ્રન્થો, વ્યાકરણ (સિધ્ધાંત કૌમુદી સિદ્ધહેમબૃહદ્ વૃત્તિ, વ્યુત્પત્તિવાદ (દસ તિથિના ઉપવાસ, અવસરે છ વિગઈના ત્યાગ સાથે) |
| સંયમ ઘડતર | : | પૂ.વૃદ્ધિચંદ્રજી મ.સા. તથા પોતાના પ્રશિષ્ય મુનિ શ્રી ચારિત્ર વિ. મ.સા., પૂ.પં. શ્રીપ્રતાપવિજયજી... |

# વિશિષ્ટ કક્ષાના સદ્‌ગુણો

વિનયી, વિવેકી, ગુરુનિષ્ઠ, તીવ્ર અભ્યાસનીલગની, યુસ્તચારિત્રનિષ્ઠા, અમોઘ દેશનાશક્તિ, નજરપારખું, ભાવાચાર્યના સઘળાગુણો, નીડર, પરાક્રમી, સંયમરત દીર્ઘદષ્ટિસંપન્ન, (શાસનૈક હિતલક્ષી યોગસેવી) ગુણસંપન્ન, શક્તિ-પુણ્ય-ભાવ સંપન્ન, પરમ જીવદયા-માનવતા-અનુકંપા-સાધર્મિક કાર્યોના પ્રેરક, પ્રાચીન તીર્થોદ્ધારક, જ્ઞાનોદ્ધારક, શુદ્ધવિધિ-વિધાન પ્રવર્તક, સુવિહિત પરંપરાના પાલક, આબાલબ્રહ્મચારી, અખંડપવિત્રતાના પાલક, પ્રવચનપ્રભાવક, સૂરિચક્રચક્રવર્તી, અત્યંતપ્રભાવી, જિનાજ્ઞાસેવી, ધ્યેયનિષ્ઠ, વિદ્યાભ્યાસ કરણ-કરાવણમાં એક્કા.

## પ્રથમ શિષ્ય

મુનિશ્રી દેવેંદ્ર વિ. વગેરે ૩૩ શિષ્યો - તથા પ્રશિષ્યો સાથેનો કુલ સાધુ પરિવાર ૨૩૮. તેમાં ૨૭ આચાર્ય, ઉપાધ્યાય, ૨, પંન્યાસ ૧૭ અને પ્રવર્તક બનેલા. ૩, ગુરુ ભગવંતો. (વિ.સં.૨૦૩૩-૩૫)ની સાલ સુધીની ગણત્રીના છે.

## પ્રથમ સ્વતંત્ર ચાતુર્માસ - વિ.સં. ૧૯૫૦, જામનગર.

## પ્રથમ શાસન પ્રભાવના

જામનગરથી ગિરનાર અને પાલીતાણાનો છ'રીપાલિત સંઘ, દીક્ષા, ઉ.વર્ષ-૨૧

## શાસન પ્રભાવક કાર્યો

શેરીસા, કાપરડા, મહુવા, તળાજા, કદંબગીરી, ડેમ, રોહીશાળા, વામજ વગેરે-૧૩, તીર્થોના ઉદ્ધાર, અનેકાનેક જિનાલયોની અંજનશલાકા, પ્રતિષ્ઠા મહોત્સવો, ઉજમણા, ઉદ્યાપન, ઉપધાન, છ'રીપાલિત સંઘ, (અમદાવાદથી ગિરનાર થઈ પાલીતાણાનો ૩૩ દિવસનો શેઠ માકુભાઈ મનસુખભાઈનો. (તે સમયના ૮ લાખ રૂ. આજના ૧૦૦ કરોડથી વધુ ગણાય.) જેમાં ૧૩ હજાર યાત્રિકો અને રોજના ૨૦-૨૫-૩૦ હજાર માણસો ગામે ગામ જમણવારમાં થતાં હતાં.) વિ.સં.૧૯૯૦માં સર્વ પ્રથમવાર મુનિ સંમેલન (પોતાની નિશ્રામાં, સફળતાને વર્યું.) દીક્ષા, પદવી.

## તપશ્ચર્યા

દસ તિથિના ઉપવાસ, આભિગ્રહીક છ'વિગઈનો ત્યાગ, નિત્યપોરસી પચ્ચ. આજીવન ફ્રુટનો ત્યાગ, ઈત્યાદિ.

વિહાર ભૂમિ : ગુજરાત, રાજસ્થાન, મેવાડ.

## પ્રથમ પ્રતિષ્ઠા

ખંભાત ૧૯ નાના-મોટા દેરાસરો ૧ (એક કર્યાં). સં.૧૯૫૬ની સાલે સ્થંભનજી પાર્શ્વનાથ દાદાની પ્રથમ પ્રતિષ્ઠા.

વિશિષ્ટ વ્યક્તિત્વ

પરાઘાતનામકર્મનો પ્રબળઉદય, તીર્થોદ્ધાર, જિર્ણોદ્ધાર, જ્ઞાનોદ્ધાર, શિષ્યોદ્ધાર, મેવાડોદ્ધાર,ક્રિયોદ્ધાર, સમાજ ઉદ્ધારક, સદૈવ જૈનશાસન અને શ્રીસંઘને સમર્પિત, અજોડવક્તૃત્વશક્તિ, સકલ હિતચિંતક, પડછંદકાયા, પહાડી અવાજ, સૂક્ષ્મ તત્ત્વવેતા, સર્વતોમુખીપ્રતિભા, પદ-પર્યાય.

કુલ ૬૦ વર્ષ સાધુ પદ -૧૪ વર્ષ, (૧૯૪૫-૨૦૦૫) ગણિ/પંન્યાસપદ-૫ વર્ષ, આચાર્યપદ-૪૧ વર્ષ.

## ચાતુર્માસ - દાદાની ૬૦ ચાતુર્માસની નોંધ (વિ.સં ૧૯૪૫- ૨૦૦૫)

અમદાબાદ - ૧૮, ભાવનગર - ૯, ખંભાત - ૭, મહુવા - ૬, બોટાદ - ૩, જાવાલ - ૨, જામનગર -૨, પાલિતાણા - ૨, વલભીપુર, સાદડી, ફલોદી, પાલી, ઉદયપુર, કપડવંજ, વઢવાણ શહેર, વઢવાણ કેંપ, સાબરમતી, પાટણ, ચાણસ્મા

## છેલ્લે અંતિમ ચાતુર્માસ : જન્મભૂમિ મહુવામાં, વિ.સં. ૨૦૦૫, આસો વદ-અમાસ, શનિવાર.

## વિશિષ્ટ નોંધ

મહુવામાં જન્મ, મહુવામાં જ વિદાય. (જે સ્થાને જન્મ- ત્યાંથી ૫૦ ડગલા દૂર જ કાળધર્મ) બેસતા વર્ષે જન્મ, બેસતા વર્ષે પૂર્ણ વિલય (0)) અમાસનો સમય પૂરો થયોને એકમ ચાલુ થઈ.) શનિવારે જન્મ - શનિવારે જ કાળધર્મ. ૨૦ ઘડી-૧૫ પળે જન્મ અને તે સમયે પ્રાણ છૂટ્યાં. ૭૫ વર્ષથી ચરણપાદુકા ઉપર નિત્ય અમીઝરણાં, (કેસર-ફૂલ સુકાતાં નથી.) અખંડ દીવો, કેસરવરણી જ્યોત સાથે, ૭૫ વર્ષે પણ ચાલું છે. ધર્મભાવ તથા મનોકામના, શ્રદ્ધા-સંકલ્પ સાથે કરનારની આજેય પૂરી થાય છે.

# પૂજ્યશ્રીની નિશ્રામાં અંજનશલાકાદિ..

| ક્રમ | સંવત | તિથિ | ગામ | અંજનાદિ | કરાવનાર | વિશેષ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૫૪ | | ખંભાત | પુનઃ પ્રતિષ્ઠા | પોપટભાઈ અમરચંદ | ૧૯ દેરા.નું ૧ દેરા. |
| ૨. | ૧૯૫૬ | | ખંભાત | પ્રતિષ્ઠા | ખંભાત જૈન દેરાસર | |
| ૩. | ૧૯૫૭ | | ખંભાત | પ્રતિષ્ઠા | શેઠ મનસુખલાલ | વાઘણ પોળ ચિંતામણી |
| | ૧૯૬૦ | | વલ્લભીપુર | પ્રતિષ્ઠા | શ્રી સંઘ | પાર્શ્વનાથ, સંભવનાથની ખડકી |
| ૪. | ૧૯૬૨ | | અમદાવાદ | અંજન શલાકા, પ્રતિષ્ઠા | જેસિંગભાઈ | |
| ૫. | ૧૯૬૪ | મહા સુદ-૫ | કલોલ | અંજન, પ્રતિષ્ઠા | મનસુખભાઈ, જમનાદાસ | |
| ૬. | ૧૯૬૭ | | અમદાવાદ | પ્રતિષ્ઠા | અંબાલાલ | |
| ૭. | ૧૯૭૫ | મહા સુદ-૫ | કાપરડાજી | પ્રતિષ્ઠા | ગુલાબચંદ પાલીવાળા | |
| ૮. | ૧૯૭૮ | વૈશાખ | શક્કરપુરા-ખંભાત | પ્રતિષ્ઠા | શ્રી સંઘ | |
| ૯. | ૧૯૮૨ | | ચાણસ્મા | અંજન, પ્રતિષ્ઠા | અમીચંદ ગુલાબચંદ પાલડીવાળા | |
| ૧૦. | ૧૯૮૩ | મહા વદ-૫ | માતર | પ્રતિષ્ઠા | જમનાદાસ ભગુભાઈ | |
| ૧૧. | ૧૯૮૪ | | ખંભાત | અંજન, પ્રતિષ્ઠા જિર્ણોદ્ધાર | શ્રી સંઘ | |
| ૧૨. | ૧૯૮૫ | | ભંડારીયા | પ્રતિષ્ઠા | શ્રી સંઘ | |
| ૧૩. | ૧૯૮૬ | | અમદાવાદ | પ્રતિષ્ઠા | શ્રી સંઘ | |
| ૧૪. | ૧૯૮૭ | મહા સુદ-૧૦ | શેરીસા | પ્રતિષ્ઠા | શ્રી સંઘ | |
| ૧૫. | ૧૯૮૭ | | અમદાવાદ | પ્રતિષ્ઠા | ચંદુલાલ ચુનિલાલ (દેવસાપાડા) | |
| ૧૬. | ૧૯૯૦ | બીજા વૈ.સુ.-૩ | જાવાલ | પ્રતિષ્ઠા | શ્રી સંઘ | |
| ૧૭. | ૧૯૯૩ | વૈ.સુ.૧૦ | કદમ્બગિરિ | અંજન, પ્રતિષ્ઠા ૫૦૦ નુતનબીંબ | શ્રી શેઠ માણેકચંદ જેચંદ ગીરનારાવતારપ્રસાદ શ્રી નેમિનાથ સ્વામી સાં. કુમાર બુલાખીદાસ નાનચંદ તારાચંદ મોતિચંદ જામવંથલી | |
| ૧૮. | ૧૯૯૭ | ફા.સુ.-૫ | રાજપરા | પ્રતિષ્ઠા | શ્રી સંઘ | |
| ૧૯. | ૧૯૯૯ | ફા.સુ.૨,૩ | રોહીશાળા | અંજન, પ્રતિષ્ઠા | ચિમનલાલ, જેસીંગભાઈ ભગુભાઈ, ફતેચંદભાઈ આદિ | |
| ૨૦. | ૨૦૦૧ | માગ.સુ.૧૦ | ખંભાત | પ્રતિષ્ઠા | શેઠ સોમચંદ પોપટચંદ | |
| ૨૧. | ૨૦૦૧ | | ખંભાત | જીર્ણોદ્ધાર | પોરવાડ શ્રી સંઘ દંતારવાળા | પુણ્યશાળીની ખડકી શાંતિનાથ દેરાસર |
| ૨૨. | ૨૦૦૧ | | અમદાવાદ | પ્રતિષ્ઠા | ભાવિકો (લહેરીયાપોળ) | પંચકલ્યાણક પર પાદુકા |
| ૨૩. | ૨૦૦૩ | વૈ.વ.૬ | વઢવાણ | અંજન, પ્રતિષ્ઠા | શેઠ જીવણ અબજીના પુત્ર શાંતિલાલ | સ્ફટીક, પાષાણની ધાતુની મળીને ૪૦૦ પ્રતિમા |
| ૨૪. | ૨૦૦૩ | વૈ.વ.૬ | વઢવાણ | પ્રતિષ્ઠા | ફુલચંદ લાલચંદ | |
| ૨૫. | ૨૦૦૪ | મહા સુ.૬ | બોટાદ | અંજન, પ્રતિષ્ઠા | દેસાઈ લક્ષ્મીચંદ ભવાનચંદ | |



## પૂજ્યશ્રીની નિશ્રામાં નીકળેલા છ'રીપાલિત સંઘો

| ક્રમ | સંવત | તિથિ | ક્યાંથી | ક્યાં | કઢાવનાર |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૫૦ | | જામનગર | શત્રુંજય-ગિરનાર | સૌભાગ્યચંદ કપુરચંદ |
| ૨. | ૧૯૫૮ | | અમદાવાદ | શત્રુંજય | છોટાલાલ લલ્લુભાઈ |
| ૩. | ૧૯૬૦ | | અમદાવાદ | શત્રુંજય | વાડીલાલ જેઠાલાલ |
| ૪. | ૧૯૬૯ | | અમદાવાદ | થલતેજ | જૈન તત્વ વિવેચક સભા |
| ૫. | ૧૯૭૨ | | સાદડી | જેસલમેર | શા. અમીચંદ ગુલાબચંદ |
| ૬. | ૧૯૭૪ | | પાલી | કાપરડાજી | કિશનલાલ સંપતલાલ લુણાવત |
| ૭. | ૧૯૭૫ | પો.વ.૧૧ | અમદાવાદ | કેસરીયાજી | સારાભાઈ ડાહ્યાભાઈ |
| ૮. | ૧૯૭૬ | | ઉદયપુર | રાણકપુર | ઉર્જનલાલ ફતેલાલ લુણાવત |
| ૯. | ૧૯૭૬ | | જાવાલ | પાલીતાણા | મનરૂપમલજી ગુલાબચંદજી, મુલચંદજી વનાજી |
| ૧૦. | ૧૯૭૯ | | અમદાવાદ | પાલીતાણા | ઝવેરી મોહનલાલ ગોકળદાસ |
| ૧૧. | ૧૯૮૦ | | અમદાવાદ | શેરીસા | જમનાદાસ હિરાચંદ ઘેબરીયા |
| ૧૨. | ૧૯૮૩ | માગ.વ.૧૩ | પાટણ | કચ્છ-ગિરનાર | નગીનભાઈ (પાટણવાળા) |
| ૧૩. | ૧૯૮૪ | | ખંભાત | શત્રુંજય | તારાચંદભાઈ |
| ૧૪. | ૧૯૮૫ | | મહુવા | શત્રુંજય | કસલચંદભાઈ |
| ૧૫. | ૧૯૮૮ | | ધોલેરા | પાલીતાણા | હરિચંદભાઈ, દલીચંદભાઈ |
| ૧૬. | ૧૯૮૯ | | ઘોઘા | શત્રુંજય | રાયભાઈ, લલ્લુભાઈ |
| ૧૭. | ૧૯૯૦ | માગ.વ.૧૦ | અમદાવાદ ખાનપુર | સિદ્ધાચલ ગિરનાર | માણેકલાલ મનસુખલાલ |
| ૧૮. | ૧૯૯૨ | | અમદાવાદ | રોહીશાળા | ચિમનલાલ ગોકળદાસ |
| ૧૯. | ૧૯૯૩ | માગ.સુ.૫ | જામનગર | ગીરનાર-શેત્રુંજય | પોપટલાલ ઠાકરશી, ચુનીલાલ |
| ૨૦. | ૧૯૯૪ | | ઘોઘા | પાલીતાણા | કાંતિ વિઠ્ઠલદાસ |
| ૨૧. | ૧૯૯૫ | | પાલીતાણા | કદમગિરી | લક્ષ્મીભાભુ અમદાવાદ |
| ૨૨. | ૨૦૦૩ | | સાબરમતી | શેરીસા | ફુલચંદ છગનલાલ |

## શાસન સમ્રાટ શ્રી નેમિસૂરિજી મ.સા.નો જીવનપ્રકાશ પાથરનારા ગ્રન્થોની યાદી

| ક્રમ | ગ્રન્થ નામ | લેખક | પ્રકાશક | વિ.સંવત |
|---|---|---|---|---|
| ૧. | શાસન સમ્રાટ | મુનિ શીલચંદ્રવિજય | તપા.શેઠશ્રી જિનદાસ ધર્મદાસ પેઢી | ૨૦૨૯ |
| ૨. | શ્રી નેમિસૌરભ ભા.૧-૨-૩ | મુનિશ્રી નિરંજન વિ.મ.સા. | શ્રી મોતીલાલ માનાજી શાહ | ૨૦૪૨ |
| ૩. | જીવન વૈભવ | પૂ.આ.શ્રી નંદનસૂરીશ્વરજી મ.સા. | નંદન સાહિત્ય પ્રકાશકસમિતિ | ૨૦૫૪ |
| ૪. | શાસન સમ્રાટપ્રવચનમાળા | પૂ.આ.શ્રી વિ.પ્રદ્યુમ્નસૂરિ મ.સા. | શ્રી શ્રુતજ્ઞાન પ્રસારકસભા | ૨૦૫૫ |
| ૫. | શ્રી વિજય નેમિસૂરિ... | રમણલાલ ચી. શાહ | શ્રી મહુવા વીશા શ્રીમાળી જૈન સંઘ | ૨૦૫૫ |
| ૬. | શાસનસમ્રાટપ્રસંગ ગીતમાલા | કવિ માધવ રામાનુજ | શ્રી શ્રુતજ્ઞાન પ્રસારકસભા | |
| ૭. | નમુ ગુરુનેમિસૂરિ સંસારમાં | વિ. શીલચંદ્રસૂરિ | શ્રી મહુવા તપ. જૈન સંઘ | ઈ.સં. ૧૯૯૯ |
| ૮. | સૂરિ સ્તવ શતકમ્ | પૂ.આ. હેમચંદ્રસૂરિજી મ.સા. | શ્રી શ્રુતજ્ઞાન પ્રસારકસભા | વિ.સં. ૨૦૨૬ |
| ૯. | શાસન સમ્રાટના તેજકિરણો | પૂ.આ.વિ.પ્રદ્યુમ્નસૂરિ મ.સા. | શ્રી શ્રુતજ્ઞાન પ્રસારકસભા | વિ.સં ૨૦૫૫ |
| ૧૦. | નેમિગુરુબાલ્યથી બ્રહ્મચારી (સ્મૃતિ ગ્રંથ) | પૂ.આ.વિ. ઇન્દ્રસેનસૂરિ મ.સા. | અમીયાપુર, અમદાવાદ | |
| ૧૧. | પૂ.શાસન સમ્રાટશ્રીની શાસ્ત્રોક્ત સામાચારી | શ્રી ભાવનગર શ્વે. મૂર્તિ તપા. સંઘ | | |
| ૧૨. | શાસનસમ્રાટ અને તેમના શિષ્યોની સાહિત્યપ્રસાદી | આ.શ્રી વિ.શીલચંદ્રસૂરિ | શ્રી ભદ્રંકરોદય શિક્ષણનિધિ ટ્રસ્ટ | ૨૦૭૧ |
| ૧૩. | ચિત્રમય વિજય નેમિસૂરિ | મુનિશ્રી રત્નકીર્તિ વિ.મ.સા. | ભદ્રંકરોદય શિક્ષણનિધિ ટ્રસ્ટ | |
| ૧૪. | આદર્શ ગચ્છનાયક | વિ.શીલચંદ્રસૂરિજી મ.સા. | ભદ્રંકરોદય શિક્ષણનિધિ ટ્રસ્ટ | |
| ૧૫. | નેમિઅર્ચના (સ્તોત્રસંચય) | પૂ.પં. ધર્મકીર્તિ વિ.મ.સા. | ભદ્રંકરોદય શિક્ષણનિધિ ટ્રસ્ટ | |
| ૧૬. | શાસન સમ્રાટના ચમકારા | પૂ.મુનિશ્રી જયપ્રભ વિ.મા. | ભદ્રંકરોદય શિક્ષણનિધિ ટ્રસ્ટ | ૨૦૫૫ |
| ૧૭. | અલંકાર નેમિ | વિ.શીલચંદ્રસૂરિ | ભદ્રંકરોદય શિક્ષણનિધિ ટ્રસ્ટ | |
| ૧૮. | ગુરુગુણ કીર્તન | પં.શ્રી કલ્યાણકીર્તિ વિ. | અભ્યુદય શિક્ષણનિધિ ટ્રસ્ટ | |
| ૧૯. | પરમ સદ્ગુરુ | પૂ.આ.વિ. કુલચંદ્ર સૂરિ | મા સરસ્વતી શાસનસમ્રાટ ચેરી. ટ્રસ્ટ | ૨૦૭૯ |

# નેમિ સૂરિ દાદાના મુક્તકો

વિજય ફુલચંદ્ર સૂરી...

જેને જોતાં ધરવ ન થાય, ગુણલા ગાતાં હરખ ન માય.
સમરંતા નિત આવી મળો, નેમિસૂરી દાદા દિલમાં ફળો..... ||૧||

શાસનના તાજ તમે, સાજ તમે, રાજ તમે.
સંઘ, ધર્મ, તીર્થના નેમિસૂરિ ગુરુરાજ તમે.||૨||

બિંદુમાં સિંધુ તું, સિંધુમાં બિંદુ હું,
વંદુ હું આનંદે તું,ભાવે ભજું નંદુ હું ||૩||

નૈન તમારા નિરખી નિરખી, નમવું મારે હરખી હરખી.
અમ જીવોને પરખી પરખી, દોષ હરી લો ભરખી ભરખી...||૪||

જ્યારથી આપને જોયાં છે, પાપ અમારા ધોયાં છે.
તુજ કરુણામાં જે ન્હાયા છે કર્મના બંધન તોડ્યાં છે.....||૫||

ભવ મેળામાં ભૂલા પડ્યાં, ત્યાં ભેટ્યાં ગુરુ -ભગવાન.
ચરણ તમારું શરણ અમારું સ્વીકારી લો, નેમિ ગુરુરાજ. ||૬||

કરુણા કીધી ત્યાં આટલી, હરખ તણો  નહીં પાર.
આશિષ દેશો એટલા તો સિદ્ધ પદને શી વાર ? ||૭||

મુજ શક્તિના સંચાર સાચા, જીવનના આધાર છો .....
તુજ ચરણમાં ચૈતન્ય ઝળકે મુખ કમલ પર તું ઝળહળે... ||૮||

અતિશાયી છો પ્રભુ શાસનના, સાધન સિદ્ધિ મળશે અહીં.
અધિકારી છો આપ અમારા શ્રદ્ધા કદી ચળશે નહીં.....||૯||

દ્રષ્ટિ પડે તો દરિશન લાગે, યાદ કરો તો આનંદ જાગે.
આશિષ મળે તો અંતર રાગે કરુણા ભળે તો ભાવઠ ભાંગે.....||૧૦||

ઓ મારા નેમિ સૂરી દાદા આપ મળો તો ઉત્સવ લાગે,
સામું જુઓ તો મહોત્સવ લાગે થોડું હસો તો પ્યારાં લાગો,
સાથે રહો તો ભગવાન લાગો....||૧૧||

વહાલ તમારું વેણ તમારા, કદીયે ન વિસરાય.
ભૂલ અમારી દોષ અમારા માફ કરો ને ગુરુરાય...||૧૨||

રોમે રોમે રાજીપો ને શ્વાસમાંહી વિશ્વાસ,
ગુરૂવર આવા નહીં મળે, જય શાસન સમ્રાટ્ .....।।૧૩।।

પગલે પગલે પુણ્ય નિધાન, કણકણમાં છે કરુણાવિધાન,
સંઘ શાસનના કરતાં નિદાન, શાસન સમ્રાટ છે અભિધાન ।।૧૪।।

જીવંત છો મારા હૃદયમાં, ઓ ગુરૂ... સાચ્ચે કહું.
દાદા તમે, મારા તમે રગરગ વસો મનથી રહું.
જયવંત છો, ભગવંત છો, ગુણવંત છો, દિલથી ચહું,
આ સંબંધ છૂટો ના પડે એ ફરજ ઉભયની લહું ...।।૧૫।।

મુખકમલ પર શાસન ખુમારી, જોઈને આફરીન થયાં.
બુંદ બુંદમાં વહેતી ફકીરી, જાણીને વળગી રહ્યાં...
છે કોઈ જાદુ નામમાં તો સાધના સઘળી ફળી,
વહેતું રહો વાત્સલ્યનું ઝરણું નિરંતર ફરી ફરી...।।૧૬।।

વનરાજસિંહ ચાલે રહ્યાં, શાસન ખુમારી આંખમાં
વ્યક્તિત્વ તેજે ઝગમગે, ગુરુરાજ આવા નહીં મળે।।૧૭।।

સદ્ગુણ સઘળાં આપને, વરવા ઘણાં દોટે ચડે,
સાહસ,પરાક્રમ,શૌર્ય તેજે, જ્ઞાન અનુભવ હોઠે પડે.
શ્રી સંઘ શાસન ધર્મ માર્ગે, શક્તિ સઘળી સંચરે,
દાદા દયાળું છો જ મારા-તારા ભેદ ન આચરે.....।।૧૮।।

જન્મો જનમની સાધનાને સિદ્ધિઓ તુજ નામમાં,
જનજન હૃદયની ભીડ ભાંગો વાતમાં ગુણગાનમાં.
ભક્તો બધા ટોળે વળે ને ભક્તિ થતી તુજ ગામમાં,
કારજ બધા પુરા થતાં, કુદરત હસે તુજ કામમાં...।।૧૯।।

આત્માતણો આનંદ અનુભવ આપને સહેજે થતો,
બ્રહ્મચર્યના પાલન થકી જિન ભક્તિમાં મોજે હતો,
દુઃખ દોષ સહુનાં દૂર કરવાં જીવ ! પ્રભુ કાજે હતો,
નિજ ભાનમાં જિન ભાવમાં મશગુલ બની રહેતો હતો...।।૨૦।।

નમો નમઃ
શ્રી ગુરુ નેમિસૂરયે



તસ્મૈ
શ્રી ગુરવે નમઃ

साधिता वर सिद्धिः सर्वश्रीकरी, येनात्मसंपादिनी,
लोकानां दुःख-दोष-पापहरणी, संताप निष्कासिनी।
भव्यानां सुख-बोध-लाभकरणी, ज्ञानं सदा दायिनी,
यावच्चन्द्रदिवाकरौ स जयतात्, श्री नेमिसूरि गुरूः॥

## नमो नमः श्रीगुरुनेमिसूरये। सिद्धबाराक्षरी मंत्र यंत्र



અટપટી રીતે ૧૮૦૦ થી વધુવાર મંત્ર વાંચી શકાય છે.

વિજય કુલચંદ્રસૂરિ